રાજકોટ સીટી માટે
**સ્ટાફ જોઈએ છે (F)**
ડીઝીટલ માર્કેટીંગ માટે
ઈન્ડીયામાર્ટનું નોલેજ હોવું જોઈએ • ફુલ ટાઇમ
Send Your CV on : info@shivamsignal.com
WHATSAPP ONLY : 98250 51657



**રોકાણ લાયક**
રાજકોટ ના કાલાવડ રોડ ઉપર
કેશ પેમેન્ટથી પ્લોટ જોઈએ છે
મુંજકા, મોટામવા, કણકોટ,
હરીપર, વિરડાવાજડી, વડવાજડી, મેટોડા,
ઈશ્વરીયા તેમજ આસપાસના વિસ્તારમાં
98243 91011



સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

તા. ૧૮-૫-૨૦૨૪ – શનિવાર ૨૦૮૦
વૈશાખ સુદ-૧૦ વર્ષ : ૩૮ અંકઃ ૨૨૯
પાના ૧૮ કિંમત રૂા. ૪.૦૦ (સીટી)

સ્થાપકઃ- બાબુભાઈ શાહ
WWW.SANJSAMACHAR.CO.IN

R.N.I. REGN. No. 46322/86
EMAIL:SANJSAMACHAR@GMAIL.COM
SANJ SAMACHAR-RAJKOT

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્કયુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેકસઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫

















**અબ કી બાર..૪૪ કે પાર : રાજકોટ ભઠ્ઠીમાં ફેરવાયું**

૧૮


કબુતર જાળી
**રાજ નંદની**
BIRD NET & SPIKE FITTING
ફલેટ, ઘર, બંગલો, ફેકટરી, કોમ્પલેક્ષને કબુતરથી બચાવો
રૈયા રોડ, બાપા સીતારામ ચોક પાસે,
વિકીભાઈ 91573 28725



**શાપરમાં શેડ ભાડે આપવાનો છે**
ગોડાઉન-ફેકટરી લાયક જગ્યા, હાઈવેથી ૧૨૫ મીટર, ૨૩ ફુટ હાઈટ ૧૦૫૦૦ ફુટ બાંધકામ, લોંગ લીઝથી
મો. ૭૮૮૦૦ ૦૯૯૯૭, ૯૯૨૪૬ ૩૩૯૩૯













**2 BHK ફલેટ વેચવાનો છે**
ફુલ્લી ફર્નિશ્ડ, Rworld સિનેમા સામે, કાશી વિશ્વનાથ પ્લોટ, મોહનભાઈ હોલ પાછળ, રાજકોટ
M. 97235 91915
88499 84019



**સેલ્સમેન જોઈએ છે**
ગોડાઉનમાં કામ કરી શકે તેવા માણસ તથા સેલ્સમેન જોઈએ છે
Mo. 90333 46676



પ્રાઈમ લોકેશનમાં ૨૦૦ વાર કસમાં
4BHK
બંગલો વેચવાનો છે
ગીતાંજલી પાર્કમાં
9426621010



**ભાડે આપવાની છે**
કોમર્શીયલ ૨૪૦૦ ફુટ જગ્યા ફર્સ્ટ ફલોર • હોસ્પીટલ, બેંક, પ્રા.લી. કંપની, રેસ્ટોરન્ટ લાયક
તેમજ ફલેટ ૩ બીએચકે ફર્નિચર સાથે બીજા માળે
ભક્તિનગર સર્કલ, ધારેશ્વર મંદિર પાસે
બ્રોકર : મુકેશભાઈ કંસારા
Mo. 99781 57299



ટેસ્ટફુલ...ગરમ તથા કાચી
**દરરોજ પેટીસ**
રાજકોટ ના પ્રખ્યાત
રસિકભાઈ ચેવડાવાળા
લીમડા ચોક
કોટેચા ચોક
જ્યુબેલી બાગ
નાના મવા રોડ
એરપોર્ટ રોડ



**હરસ-મસા** કાપકુપ વગર ઠંડા કરીને કાયો સર્જરી દ્વારા સારવાર
દર બુધવારે જરૂરીયાતમંદ ગરીબ દર્દીઓને ફ્રી તપાસ તથા રાહત દરે ઓપરેશન કરી આપવામાં આવશે
**શાંતિ હોસ્પિટલ**
ડો.પી.એસ.શેઠ (સર્જન)
યુરોલોજીસ્ટ એન્ડ ક્રાયોથેરાપીસ્ટ (યુ.કે.) લંડન
ક્રિએટીવ ચેમ્બર, બસ સ્ટેન્ડ પાછળ, રાજકોટ
વધુ વિગત માટે નામ સાથે નીચેના નંબર ઉપર વોટસએપ કરવો.
M. 94290 98114
shashi










# ગુજરાતના તમામ મદ્રેસા અને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સર્વે કરાશે

## રાજયના શિક્ષણ વિભાગ દ્વારા નોટીફીકેશન જારી : તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓ અને પ્રાથમિક શિક્ષણના અધિકારીઓને તાત્કાલીક કામગીરી કરીને રીપોર્ટ મોકલવાની સૂચના : મદ્રેસા-વિદ્યાર્થીઓની સંખ્યાથી માંડીને શિક્ષકોના પગાર, આવકના સ્ત્રોત સહિતની તમામ માહિતી મંગાઇ


અમદાવાદ, તા. ૧૮

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પૂર્ણ થતાની સાથે જ રાજય સરકાર દ્વારા હવે નવી કામગીરી શરૂ કરવામાં આવી છે અને તેના ભાગરૂપે રાજયના તમામ મદ્રેસા અને તેમા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સર્વે કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજયના શિક્ષણ વિભાગ દ્વારા નોટીફીકિશન ઇસ્યુ કરવામાં આવ્યું છે અને રાજયના સ્કુલ કમિશ્નર તથા પ્રાથમિક શિક્ષણના ડાયરેકટરને મદ્રેસા તથા વિદ્યાર્થીઓનો સર્વે હાથ ધરવા સૂચના આપવામાં આવી છે. રાજયની મદ્રેસાઓની સંખ્યા તથા તેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા સહિતની માહિતી શિક્ષણ વિભાગને આપવાની રહેશે.

કેન્દ્રના બાળ અધિકાર સુરક્ષા પંચ દ્વારા તમામ રાજયો પાસેથી મદ્રેસામાં અભ્યાસ કરતા બિનહિન્દુ બાળકો અને અનરજીસ્ટર્ડ મદ્રેસાઓની માહિતી માંગવામાં આવી હતી. તેના આધારે રાજયના શિક્ષણ વિભાગ દ્વારા આ નોટીફીકિશન ઇસ્યુ કરવામાં આવ્યું છે.

રાજય સરકારના સુત્રોએ જણાવ્યું હતું કે બાળ અધિકાર સુરક્ષા પંચના સરકર્યુલરમાં ગુજરાતમાં ૧૧૩૦ મદ્રેસા હોવાનું સૂચવાયું છે. રાજય સરકારને અન્ય કાર્યરત મદ્રેસાઓની માહિતી આપવા પણ કહેવામાં આવ્યું છે. રાજયની ૧૧૩૦ મદ્રેસામાંથી સૌથી વધુ ૧૮૦ મદ્રેસા પાટણમાં છે. જયારે અમદાવાદ શહેરમાં ૧૭૫ તથા અમદાવાદ જિલ્લામાં ૩૦ મદ્રેસાઓ નોંધાયેલી છે.

રાષ્ટ્રીય બાળ અધિકાર સુરક્ષા પંચ દ્વારા મદ્રેસા તથા તેમાં અભ્યાસ કરતા બાળકોની સંખ્યા ઉપરાંત મદ્રેસા કઇ સંસ્થા દ્વારા ચલાવવામાં આવે છે, સરકારમાં રજીસ્ટર્ડ છે, બીયુ સર્ટીફીકિટ મેળવેલું છે અને ફાયર બ્રિગેડ વિભાગનું એનઓસી ધરાવે છે કે કેમ સહિતની



અન્ય અન્ય વિગતો માંગવામાં આવી છે. રાજયના શિક્ષણ વિભાગે દરેક મદ્રેસામાં અભ્યાસ કરતા બાળકોની સંખ્યા પણ પંચને આપવાની રહે છે. આ સિવાય મદ્રેસામાં અભ્યાસના કલાકો અને શિક્ષણનો સમય, શિક્ષકોને અપાતા પગાર અને તેના આવકના સ્ત્રોત સહિતની વિગતો પણ એકત્રીત કરવાની રહેશે. મદ્રેસા દ્વારા મેળવાતા દાનની માહિતી પણ પંચ દ્વારા માંગવામાં આવી છે. વિદ્યાર્થીઓ પાસેથી ફી વસુલવામાં આવે છે કે કેમ ઉપરાંત છથી ૧૪ વર્ષની વયના બાળકોની માહિતી પણ પંચને આપવાની રહે છે.

રાષ્ટ્રીય પંચે એવી પણ માહિતી માંગી છે કે મદ્રેસાની સાથોસાથ અન્ય સ્કુલોમાં અભ્યાસ કરતા બાળકોની પણ ચકાસણી કરવામાં આવે.

રાજયના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓ તથા પ્રાથમિક શિક્ષણ વિભાગના અધિકારીઓને તાત્કાલીક અને પ્રાથમિકતાના ધોરણે આ સર્વે કામગીરી હાથ ધરીને રીપોર્ટ સરકારને મોકલવાની સૂચના આપવામાં આવી છે. પ્રાથમિક શિક્ષણના ડિરેકટર એમ.આઇ.જોશીએ જણાવ્યું હતું કે શિક્ષણ અધિકાર કાયદા હેઠળ ૬ થી ૧૪ વર્ષના તમામ વિદ્યાર્થીઓ માટે શિક્ષણ મેળવવાનું ફરજીયાત છે. તમામ બાળકો શિક્ષણના પ્રવાહમાં સામેલ થાય છે કે કેમ તે ચકાસવાનો આ સર્વે પાછળનો ઉદ્દેશ છે. રાજય સરકાર મદ્રેસાઓની કામગીરીને નિયંત્રણમાં લેવાનો ઇરાદો રાખતી નથી. રાષ્ટ્રીય બાળ અધિકાર સુરક્ષા પંચ દ્વારા જ આ તમામ વિગતો માંગવામાં આવી છે તેના આધારે તમામ મદ્રેસાઓની માહિતી એકત્રીત કરીને મોકલવામાં આવશે.

# હરિયાણામાં મોડી રાત્રે એક બસ ભડભડ સળગી ઉઠીઃ ૮ યાત્રાળુઓ જીવતા ભડથુ

નુંહ (હરિયાણા) તા.૧૮

હરિયાણાના નૂંહમાં ગઈકાલે શુક્રવારે રાત્રે મોડી રાત્રે પર્યટક બસમાં આગ લાગવાથી આઠ લોકોના જીવતા ભડથુ થઈ જવાથી કમકમાટીભર્યા મોત થયા હતા. આ કરુણાંતિકામાં લગભગ ૨૪ લોકો ઘાયલ થયા હતા. આ દુર્ઘટના મોડીરાત્રે દોઢ વાગ્યે બની હતી.

બસમાં લગભગ ૬૦ લોકો સવાર હતા. વિડીયો ફુટેજમાં બસ આગની જવાળાઓમાં લપેટાયેલી જોવા મળી રહી હતી અને તે કોઈ ફલાયઓવર કે પુલ જેવી જગ્યાએ ઉભેલી જોવા મળી રહી હતી. બસમાં આગ લાગવાનું કારણ બહાર આવ્યું નથી.

બસમાં લગભગ ૬૦ લોકો સવાર હતા. વિડીયો ફુટેજમાં બસ આગની જવાળાઓમાં લપેટાયેલી જોવા મળી રહી હતી અને તે કોઈ ફલાયઓવર કે પુલ જેવી જગ્યાએ ઉભેલી જોવા મળી રહી હતી. બસમાં આગ લાગવાનું કારણ બહાર આવ્યું નથી.



## ૨૪ જેટલા મુસાફરો ઘાયલઃ બસમાં આગ લાગવાનું કારણ અકબંધઃ બસમાંથી કુદીને બચી ગયેલી એક વૃદ્ધાએ આપવીતી વર્ણવી

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ બસમાં સવાર પંજાબ અને ચંદીગઢના શ્રદ્ધાળુઓ મથુરા-વૃંદાવનથી પાછા ફરી રહ્યા હતા. કેએમપી એકસપ્રેસ વે પર નુંહના તાવડુ પાસે આ દુર્ઘટના સર્જાઈ હતી. જાણ થતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને બચાવ કાર્ય હાથ ધર્યુ હતું. ઘાયલોને હોસ્પિટલે ખસેડાયા હતા.

દુર્ઘટનાને નજરે જોનાર વૃદ્ધાએ જણાવ્યું હતું કે આગ લાગ્યાની ખબર પડતા બસની બહાર કૂદી ગઈ હતી અને ખુદને બચાવી હતી. વૃદ્ધાએ જણાવ્યું હતું કે એક બાઈક સવાર વ્યક્તિએ બસમાં લાગેલી આગ જોઈ અને તેનાથી ડ્રાઈવરને સચેત કરવા ઓવરટેક પણ કરેલું.



'બજરંગી ભાઇજાન'ની મુન્ની....

# હર્ષાલીએ ધો.૧૦ની બોર્ડની પરીક્ષામાં ૮૩ ટકા મેળવી ટિકાકારોને ચૂપ કરી દીધા!

## મેં રિલ વર્ડ અને રિયલ વર્લ્ડનું બરાબર બેલેન્સ જાળવ્યું છેઃ હર્ષાલી



મુંબઇ, તા.૧૮

સલમાન ખાનની ફિલ્મ 'બજરંગી ભાઇજાન'માં ક્યુટ બાળકી મુન્નીનો રોલ ભજવી સૌના દિલમાં વસી ગયેલી તત્કાલીન બાળ કલાકાર હર્ષાલી મલ્હોત્રા હવે તો મોટી થઇ ગઇ છે.

કેટલાક લોકો હર્ષાલીને સોશ્યલ મીડિયાને બદલે ભણતરમાં ધ્યાને દેવાની સલાહ આપતા હતા. હવે હર્ષાલીએ આવા 'ટોલીયા' ઓને ચૂપ કરી દીધા છે. હર્ષાલીનું ધો.૧૦નું રીઝલ્ટ જાહેર થયું છે. તેણે ૮૩ ટકા ગુણ મેળવ્યા છે હર્ષાલીએ તેનો વીડિયો સોશિયલ મીડિયામાં શેર કર્યો છે. જેમાં તેણે કેટલીક કલીપ શેર કરી છે, જેમાં નેટીઝન્સ તેને ભણવામાં ધ્યાને કેન્દ્રીત કરવાની સલાહ આપે છે. વીડિયોમાં હર્ષાલી કેક કાપીને બોર્ડની પરીક્ષામાં મેળવેલી સફળતાને ઉજવે છે. આટલું જ નહીં તેણે ટિકા કરનારાઓનો પણ આભાર માન્યો છે. હર્ષાલીએ કેપ્શનમાં લખ્યું છે મેં કથ્થક કલાસ, શૂટીંગ અને સ્ટડી વચ્ચે પરફેકટ બેલેન્સ જાળવ્યું છે અને પરિણામ? પ્રભાવક ૮૩ ટકા સ્કોર! કોણ કહે છે કે હું રિલ વર્લ્ડ અને રિયલ વર્લ્ડ વચ્ચે સમતુલા નહીં જાળવી શકું! મને સમર્થન આપનારાઓનો હું દિલથી આભારી છું.

# મર્ડર ઇન માહિમ : રોચક સસ્પેન્સ થ્રીલર સીરિઝ




**કેમ જોવી?:** સસ્પેન્સ થ્રીલર ફિલ્મોના શોખીન હોવ તો!

**કેમ ન જોવી?:** મર્ડર મિસ્ટ્રી અને મારકાપ વાળી ફિલ્મો જોવી પસંદ ન હોય તો!

જાણીતા ભારતીય લેખક જેરી પિન્ટોની નવલકથા 'મર્ડર ઇન માહિમ' પરથી એક જબરદસ્ત વેબસીરિઝ બનાવવામાં આવી છે. હાલ 'મર્ડર ઇન માહિમ' સીરિઝ જીઓ સિનેમા પર સ્ટ્રીમ થઈ રહી છે. આ એક એવી સીરિઝ છે કે જે છેલ્લા એપિસોડ સુધી દર્શકોને પોતાની સાથે જકડી રાખે છે. આ સિરીઝમાં એક જબરદસ્ત સસ્પેન્સ થ્રિલરમાં હોય તેવા તમામ ઘટકો છે.

સસ્પેન્સફુલ સ્ક્રિપ્ટ ઉપરાંત, 'મર્ડર ઇન માહિમ' સીરિઝ LGBTQ સમુદાય દ્વારા સામનો કરવામાં આવતા પડકારો વિશે પણ વાત કરે છે.

'મર્ડર ઇન માહિમ' LGBTQ કૌટુંબિક સંબંધોની જટિલતાઓને પણ સંબોધિત કરે છે. તેમાં પણ ખાસ કરીને પિતા અને પુત્ર વચ્ચેના સંબંધો પર કે જયાં એક નિવૃત્ત પત્રકાર તેના પુત્રની જાતિયતા પર શંકા કરે છે. સિરીઝના મોટાભાગના એપિસોડ લગભગ ૪૦ મિનિટના છે અને સારી વાત એ છે કે વાર્તાની ગતિ ક્યાંય પણ ધીમી પડતી નથી. સીરિઝમાં એવી ઘણી ક્ષણો છે કે જ્યારે દર્શકો રોમાંચનો એક અલગ જ અનુભવ કરે છે.

સિને'માઁ' — પરખ ભટ્ટ — શુધ્ધ કાઠિયાવાડી સ્ટાઇલ ફિલ્મ રિવ્યુ

સીરિઝની મૂળ વાર્તા એક મર્ડર મિસ્ટ્રી છે અને એક પછી એક અનેક રહસ્યો બહાર આવે છે. એક મધ્યમ વર્ગીય પરિવારના પિતા-પુત્રના સંબંધોને વિજય રાજ અને શિવાજી સાટમના પાત્રોના રૂપમાં દર્શાવવામાં આવ્યા છે. બંનેએ તેમાં પ્રાણ ફૂંક્યા છે. આશુતોષ રાણાનું પાત્ર પણ પિતા-પુત્રના સંબંધોને નવો આયામ આપે છે. આ ચારેય પાત્રો એવી રીતે બનાવવામાં આવ્યા છે કે આપણે તેને આપણા જેવા જ અનુભવીએ.

'મર્ડર ઇન માહિમ'ની અસલી તાકાત તેના કલાકારો છે. દરેક વ્યકિતએ પોતપોતાની ભૂમિકાઓ ખૂબ પ્રામાણિકતાથી ભજવી છે. વિજય રાઝ અને આશુતોષ રાણા પોતાની ભૂમિકામાં એક અલાયદી છાપ છોડી છે. શિવાની રઘુવંશી ફિરદૌસ રબ્બાની તરીકે યોગ્ય છે. આ સિવાય રાજેશ ખટ્ટર લેસ્લી સિકવેરાના પાત્રમાં અસાધારણ કામ કર્યું છે. આ સીરિઝ આપણને જણાવે છે કે ભલે કલમ ૩૭૭ કાગળ પર રદ્દ કરવામાં આવી હોય. પરંતુ આપણે અને આપણો સમાજ LGBTQ સમુદાય વિશે હજુ પણ કમ્ફર્ટેબલી વાતચીત કે ચર્ચાઓ નથી કરી શકતા કે તેમણે અપનાવી નથી શકતા.

**THIS WEEK ON OTT**
1. નેટફ્લિક્સ : મેડમ વેબ
2. એમેઝોન પ્રાઇમ વિડીયો : આઉટર રેન્જ - સિઝન ૨
3. જીઓ સિનેમા : જરા હટકે જરા બચકે
4. ડિઝની +હોટસ્ટાર : બાહુબલી - ક્રાઉન ઓફ બ્લડ

**સાંજ સ્ટાર**

૪ ચોકલેટ

bhattparakh@yahoo.com

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦ : વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
વૈશાખ સુદ-૧૧, તા.૧૯/૫/૨૪, રવિવાર

સૂર્યોદય : ૬-૦૭, સૂર્યાસ્ત : ૭-૧૯, જૈન નવકારશી : ૬.૫૫
રાશિ : કન્યા (પ.ઠ.ણ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-વૃષભ, મંગળ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મેષ, ગુરૂ-વૃષભ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મેષ, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-કન્યા

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** સામાજિક સ્તરે છવાયેલા રહેશો, નોકરીમાં લાભ, બદલીની ઈચ્છા ફળે, અચાનક કોઈ સારો લાભ.

**વૃષભ :** ભાગ્યોદયની તક માટે ઉતમ સમય રહેવાનો, નવી યોજનામાં સફળતા મળવાની, સ્વાસ્થ્ય બાબત જાળવવું.

**મિથુન :** મહેનતનું ફળ મળવાનું, સામાજિક પ્રતિષ્ઠા વધવાની, રહેણાકના મકાનમાં લકઝરી ફેરફારોની ઈચ્છા ફળવાની.

**કર્ક :** આધ્યાત્મિક શકિત વધવાની, નાની વ્યકિતથી પ્રેરણા મળે, આવક વધારવાના પ્રયત્નો ફળવાના, વિદેશના પ્રવાસનો યોગ બને.

**સિંહ :** અંગત વ્યકિતઓને સમજવાની કોશિષ કરવી, મિલ્કતથી લાભ મળવાનો, લગ્ન જીવનમાં એડજેસ્ટમેન્ટ કરવાની સલાહ છે.

**કન્યા :** આત્મવિશ્વાસ જાળવી રાખવો, વધુ પડતી લાલચથી પણ દુર રહેજો, ઉધારી ધંધાથી દુર રહેજો, કાનુની પ્રશ્નોથી દુર રહેવું.

**તુલા :** સ્વતંત્ર બિઝનેસની ઈચ્છા ફળવાની, વિચારોમાં ધીરજ કેળવવામાં સફળતા રહે, વિદેશથી સારો લાભ રહેવાનો.

**વૃશ્ચિક :** પ્રલોભનોથી દુર રહેજો, પરિવારના સભ્યોનો સહકાર મેળવવો જરૂરી રહે, મિલ્કતના પ્રશ્નોથી જાળવવું.

**ધન :** કલાક્ષેત્રે આજનો દિવસ અનુકુળતાવાળો રહેશે, નોકરીમાં લાભ મળવાનો, રાજકીય લાભ મેળવશો.

**મકર :** જરૂરીયાતો ઘટાડવાની જરૂરત ઉપર ધ્યાન દેજો, નોકરી વ્યવસાયમાં અનુકુળતા રહે, મિલ્કતથી લાભ.

**કુંભ :** ગુસ્સાને લઈને સ્વાસ્થ્ય ન બગડે તેનું ધ્યાન રાખવું, નોકરીમાં સફળતા, પ્રવાસમાં અનુકુળતા.

**મીન :** આર્થિક સધ્ધરતા માટેના પ્રયત્નો ફળવાના, સગાઈના કાર્યમાં સફળતા રહે, કાનુની પ્રશ્નોથી જાળવવું.

## સુવિચાર

'બધાને જરૂર હતી ત્યારે અમે ઉઘાડા પગે ગયા હતા અને આજે મારે જરૂર છે તો બધાને તડકો લાગે છે'



## આજનું ચિંતન

### સાધના : ભૂતકાળમાં કરેલા પાપોનું પ્રાયશ્ચિત

કાદવથી ખરડાયેલ પગ પાણીથી ધોઇ નાખીએ એમાં જો આપણે અહમ ન જ કરીએ, દેવું કરી બેઠેલ વેપારી દેવું ચુકવતા અહંકાર જો ન જ કરે જેલની સજા ભોગવીને બહાર નીકળતો કેદી જેલમાંથી છૂટવા બદલ અહંકાર જો ન જ કરે તો ગત જન્મોમાં રાચી-માચીને બાંધેલા કર્મોનો સફાયો કરી શકતી આરાધનાઓ કરતા રહીને આપણે ય અહંકાર શે કરી શકીએ ?

યાદ રાખજો.

પ્રત્યેક સાધના એ આમ જોવા જઇએ તો ભૂતકાળમાં કરેલા પાપોનું પ્રાયશ્ચિત જ છે.

## ઉંચી મંઝિલ

મને એ ભૂલકણા લોકો ગમે જે મારી ભૂલને તુરંત ભૂલી જાય છે. આ શબ્દોને અનુભવીએ. જ્યારે મારે થયેલી ભૂલને હું ભૂલી જાવ છું, તો અન્ય પણ મારી ભૂલોને યાદ નહી રાખે. તો પછી, મને અન્યની ભૂલો માટે વિચારવાનો સમય જ ન હોવો જોઈએ. અન્યના અવગુણના દર્શન ન કરવા એ છે સફળતાની ઉંચી મંઝિલ.

ખુશી માટે ધૈર્યતા, પ્રેમ, ઉદારતા, સમજ, હાસ્ય, દયા અને વિશ્વાસ જોઈશે. આ બધા ગુણો છેઆત્માના. જે આપણને ગુણવતાભર્યુ સકારાત્મક વર્તન, વાણી અને ચિંતન કરાવે છે. તે બધાને મેળવીને કોઈએ ખુશીનુ એક સૂત્ર તૈયાર કરી આપ્યુ છે તે ફરી જોઈએ કે- આપણે ૨ આખા ભરેલા ગ્લાસ જેટલી ધૈર્યતા, એલ પ્રેમથી ભરપૂર દિલ, ચહેરા પર હાસ્યની એક લહેર, દયાનો થોડો છંટકાવ, ભરપૂર માત્રામાં વિશ્વાસ લઈને બધું ભેળવી એક મિશ્રણ તૈયાર કરો. અને પછી આજીવન તે, સર્વમાં વહેચતા રહો. તો જીવનમાંથી ખુશી કદી જશે જ નહી.


**મૂલ્યોની મહેક**
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

વર્તમાન સમયે વિશ્વને સૌથી વધુ ખુશીની આવશ્યકતા છે. અને પરમાત્મા ખુશીઓના સાગર છે. જે પરમાત્માની પાલના લઈ તેમની આજ્ઞાનું સંપૂર્ણ પાલન કરી રહ્યા છે તેઓ સ્વયં ખુશીમાં રહી બીજાને ખુશ કેમ રહેવું તેના સાધન/વિધી બતાવવા જોઈએ. જેનાથી સર્વ આત્માઓ આપને ખુશીના દેવતા/દાતા માનશે. આ માટે સ્વયંને એક સ્વમાનમાં સ્થિત કરો- હું ખુશીનો દેવતા છું કે દેવી છું. અને ખુશીના તરંગો સ્વયંના નૈનથી, મુખથી, મસ્તકથી, ચહેરા અને ચલનથી ફેલાવો. એ જ સાચો સેવાભાવ છે.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત

**જમ્બો પઝલ**

■ માધવી નરેશ શાહ



**આડી ચાવી**

૧. મુલાયમસિંહ યાદવના પુત્ર (૭)
૬. રાજકોટમાં નવું ડિઝાઇન થયેલું સરોવર (૭)
૧૧. દાળ-હિન્દી (૨)
૧૨. અંદાજો, અનુમાન (૩)
૧૩. કાકીના સસરા (૨)
૧૪. વાસના (૩)
૧૫. ટીનએજમાં ચહેરા પર થાય (૨)
૧૭. મુદલ-નફા સાથેનું કલેકશન (૩)
૧૯. ગંધ મારે પણ ગુણકારી (૩)
૨૦. રાજકોટનું એક તળાવ (૪)
૨૧. એક ધાતુ (૩)
૨૩. ભળી જવું (૪)
૨૫. પર્સેન્ટેજ (૨)
૨૬. એક કાળું પક્ષી (૩)
૨૭. અમિતાભના ત્રિપલ રોલવાળી ફિલ્મ (૩)
૩૦. હુંફ આપતી ચાદર (૩)
૩૨. ઇન્વેસ્ટર (૫)
૩૩. મસ્તી ... હસ્તી ... (૩)
૩૪. કેન્સલ (૨)
૩૫. તેનો સંભારો વધુ થાય (૩)
૩૬. જીવ વગરનો નિશ્ચિંતન (૩)
૩૭. ...તો હોગા ભલા (૨, ૨)
૪૦. એક વત્તા એક (૧)
૪૧. ફયુલ (૪)
૪૨. પટેલની એક અટક (૫)
૪૫. ખોટુ કરવામાં જોડીદાર (૫)
૪૭. યાદવોની દુશ્મની લડાઇ ખેંચતાણ (૫)
૪૮. એક કોમ્યુનિટી (૩)
૪૯. યુઝ (૪)
૫૧. કામવૃતિ (૩)
૫૨. શેઇમ છાપ છોડતી વસ્તુ (૫)
૫૪. સાધુ બાવાની 'ચલમ' (૩)
૫૮. શકિતવર્ધક ઘરઘરાઉ ગરમ પીણુ (૨)
૬૦. આઉટ થયા વગર દાવ છોડી દેવો (૪)
૬૨. ફાધર (૨)
૬૩. માતૃભૂમિ (૩)
૬૫. સોહામણુ નગર (૩)
૬૬. રશિયાથી છુટો પડેલો દેશ (૫)
૬૭. ચાનો 'ગલ્લો' (૩)

**ઉભી ચાવી**

૧. સ્ટાઇલ-હિન્દી (૨)
૨. હાસ્યનો એક પ્રકાર (૫)
૩. ડાઉટ (૨)
૪. વિદેશથી આવતા પક્ષી (૪)
૫. દશક-ખોટી રીતે લખો (૩બ)
૬. કોર્ટ (૪)
૭. ઉભી ચાવી નં. ૧૯ મુજબ (૩)
૮. ભારતનું એક શહેર (૪)
૯. વસીમ વનીતાનું સંક્ષિપ્ત (૨)
૧૦. દમ વગરનું (૪)
૧૬. આહવાન (૪)
૧૮. ડેઇલી-ગુજરાતી (૫)
૨૨. ગર્વનમેન્ટ (૪)
૨૩. જે.કે.એલ.એમ. ...ઓ.પી.કયુ... (૨)
૨૪. ઇસ્લામનો પવિત્ર મહિનો (૪)
૨૭. ઇમારત (૩)
૨૮. જીતનું વિરોધી (૨)
૨૯. કૌશલ્ય (૪)
૩૧. ઉજાગરાનું ધાર્મિક સ્વરૂપ (૪)
૩૩. હેસિયત (૩)
૩૫. વેવલી જેવો શબ્દ (૪)
૩૭. કાગળ કાપડના લીરા (૪)
૩૮. મામુલી, નજીવા (૪)
૩૯. એક અટક (૩)
૪૨. સગાઇ (૪)
૪૩. ભૂલી ન શકાય તેવું (૪)
૪૪. હટોકટો, તંદુરસ્ત (૨)
૪૫. મારી વાતમાં ... હોય જ નહીં (૪)
૪૬. જન્મારો (૨)
૪૮. દિવસે ઉંધુ લટકતું પક્ષી (૫)
૫૦. ફલેવર્ડ ઠંડુ પાણી (૪)
૫૩. નોટબુક, પેન્સીલ, સંચો વગેરે શું છે ? (૫)
૫૫. ભાગ્ય-અંગ્રેજી (૨)
૫૬. એક અટક (૩)
૫૭. નવું 'સાહસ' (૩)
૫૮. એક અટક (૩)
૫૯. અમીર-નું વિરોધી (૩)
૬૧. છુટ્ટી (૨)
૬૨. ઇટાલિયન વાનગી (૨)
૬૪. અભિનેતા (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સ | લ | મા | આ | ગા | | પા | | ફા | ચ |
| કક | | | જી | મ | ટ્રે | ન | ર | | ર |
| ર | | ભા | વ | | પ | | ટ | | ક |
| પા | | વ | ન | વે | | ક | ણ | કો | ટ |
| રા | વ | ન | | જ | લે | બી | | લ્ડ | |
| | ર | ગ | ડો | | પ | ર | સે | વો | |
| | સ | ર | લ | | ટો | | વ | ર | |
| | ગાં | | ર | ગા | પ | | મ | | કો |
| અ | ઠ | મ | | ગ | | કા | મ | દા | ર |
| ત્ર | | જા | ગ | ર | ણ | | રા | વ | લ |

# લેસ્ટરના મેયર બનતા મૂળ ગુજરાતી ભૂપેન દવે : રાજકોટ સાથે ટ્વીન સિટી કરાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી



## ભૂપેન દવે લેસ્ટરમાં ૨૦૦૩ બાદ વધુ એક ગુજરાતી મેયર બન્યા : મે ૨૦૨૫ સુધી મેયર રહેશે; ઋષિ મેડ વોર્ડમાંથી કોર્પોરેટર બન્યા હતા

લેસ્ટર, યુકે : ઇંગ્લેન્ડમાં મીની ગુજરાત જેમ ગણાતું હોય તે લંડનનું વેમ્બલી વિસ્તાર અને લેસ્ટર સિટી છે. લેસ્ટરમાં તો દરેક ભારતીય તહેવારો ધાર્મિક પ્રસંગો ધામધૂમ થી ઉજવણી થાય છે. આ ઉપરાંત ગુજરાતી વસ્તી પણ ખૂબ જ છે. પોરબંદરના મહેર સમાજ, લોહાણા સમાજ, જૈન, બ્રાહ્મણ, પાટીદાર, સહિત અનેક સમાજના લોકો વર્ષોથી અહી વસી રહ્યા છે. અહીંના ગુજરાતી લોકો ઉદ્યોગ, રાજકારણ, મીડિયા સહિત અનેક ક્ષેત્રે પ્રભુત્વ ધરાવે છે. ત્યારે ગઈકાલે લેસ્ટર સિટીના મેયર તરીકે મૂળ ગુજરાતી એવા ભૂપેન દવે ચૂંટાયા બાદ પદ સંભાળ્યો હતો.

કાઉન્સિલર ભૂપેન દવેનો જન્મ યુગાન્ડામાં થયો હતો અને ૧૯૭૨માં તેમના માતા-પિતા સાથે યુકે આવ્યા, તેમણે બ્રિસ્ટોલ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો અને અર્થશાસ્ત્રમાં બીએસસી મેળવ્યું અને પછી યુનિવર્સિટી ઓફ સાઉથમ્પ્ટન ખાતે તેમના અનુસ્નાતક અભ્યાસ ચાલુ રાખ્યા. તેઓ સામાજિક કાર્યકર તરીકે લેસ્ટરશાયર કાઉન્ટી કાઉન્સિલમાં જોડાયા અને બાદમાં લેસ્ટર સિટી કાઉન્સિલમાં જોડાયા, જ્યાંથી તેઓ કોમ્યુનિટી કેરના ડિરેક્ટર તરીકે નિવૃત્ત થયા. દવેની રાજકારણમાં લાંબી કારકિર્દી છે અને તેમણે ૧૯૮૩ થી ૧૯૯૫ સુધી સિટી કાઉન્સિલર તરીકે સેવા આપી હતી જ્યારે તેમણે હાઇફિલ્ડ્સ અને બાદમાં બેલગ્રેવ વોર્ડ્સનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેઓ ઘણા વર્ષો સુધી સિટી કાઉન્સિલના ડેપ્યુટી લીડર હતા અને કાઉન્સિલની લગભગ તમામ સમિતિઓની અધ્યક્ષતા અને ઉપાધ્યક્ષતા કરી છે જેણે તેમને કાઉન્સિલની ઘણી સેવાઓનું વિશાળ જ્ઞાન આપ્યું છે. તેમણે ૨૦૧૨ થી ૨૦૧૯ સુધી ઓડબી અને વિગસ્ટન બરો કાઉન્સિલ માટે સ્થાનિક કાઉન્સિલર તરીકે પણ સેવા આપી છે. તેઓ મે ૨૦૨૩ માં સિટી કાઉન્સિલ માટે ફરીથી ચૂંટાયા હતા અને હવે તેઓ રુશે મીડ વોર્ડનું પ્રતિનિધિત્વ કરે છે.

તે લોકોના વ્યક્તિ છે અને તેણે ઘણા વર્ષોથી શહેરમાં ઘણા સમુદાય અને વ્યવસાયિક પ્રોજેક્ટ્સ શરૂ કર્યા છે.

ભૂપેન દવે લેસ્ટર અને રાજકોટ શહેર વચ્ચે ટ્વીનિંગ સિટી લિંક્સ સ્થાપિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી, જે આજે પણ અસ્તિત્વમાં છે. તે સમયે વિજયભાઈ રૂપાણી, ધનસુખ ભંડેરી, નીતિન ભારદ્વાજ પણ રાજકોટ મહાનગરપાલિકામાં સક્રિય રહ્યા હતા. ગઈકાલે તેઓ લોર્ડ મેયર તરીકે પદભાર સંભાળ્યો હતો. ફરી રાજકોટ સાથે સંબંધો સ્થાપવા અને વિકાસની બ્લુ પ્રિન્ટ કરવા માટે તેઓ તત્પર છે. ઉપરોક્ત તસવીરમાં લોર્ડ મેયર ભૂપેન દવે, ફર્સ્ટ લેડી ઉષા દવે અને જાણીતા અગ્રણી વિનોદ પોપટ નજરે પડે છે.





भारतीय शिक्षक प्रशिक्षण संस्थान, गुजरात
Indian Institute of Teacher Education
(A State Public University established by Government of Gujarat)
Near Mahatma Mandir, Kh-Road, Sector-15, Gandhinagar (Gujarat)-382016.

ADMISSION 2024
Teacher Education Programmes at IITE Campus only

| Programme | Course | Subject Method offered | Duration |
|---|---|---|---|
| Under Graduate (After 12th) | B.Sc. - B.Ed. (Integrated) | Maths, Physics, Chemistry, Botany | 4 Year |
| | B.A. - B.Ed. (Integrated) | English, Gujarati, Sanskrit | 4 Year |

Apply online for UG Admission, Candidate is to Register oneself on GCAS Portal on https://gcas.gujgov.edu.in on before 28-5-2024.

After, Registering on GCAS portal, Candidate has to registered for i3T Entrance Exam on www.iite.ac.in before 6th June, 2024
(Please Visit University Website for more details)

For any Query Email : admission2024@iite.ac.in

Date : 16-05-2024 Registrar, IITE






# કુવાડવા રોડ પર શાલિગ્રામ એપાર્ટમેન્ટમાં પાણીની ટાંકીમાં નવ માસનો બાળક ગરકાવ થયોઃ મોત

## ચોકીદારી કરતો નેપાળી પરીવાર કામમાં વ્યસ્ત હતો અને નવ માસનો માસૂમ રમતાં રમતાં સંદિપ પાણી ભરેલ ટાંકીમાં પડ્યોઃ સારવાર મળે તે પહેલાં જ બાળકે દમ તોડ્યોઃ પરીવારમાં અરેરાટી

રાજકોટ. તા.૧૮

રાજકોટમાં કુવાડવા રોડ પર આવેલ શાલિગ્રામ એપાર્ટમેન્ટમાં રમતાં રમતાં નવ માસનો માસૂમ બાળક પાણીની ટાંકીમાં પડ્યા બાદ પાણીમાં ગરકાવ થતાં તેનું કરૂણ મોત નીપજ્યું હતું. બનાવથી નેપાળી પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ, કુવાડવા રોડ પર મારૂતિનગર મેઈન રોડ પર આવેલ શાલિગ્રામ શિલ્પ એપાર્ટમેન્ટમાં નીચે આવેલ ઓરડીમાં રહી ચોકીદારી કામ કરતાં કમલભાઈ બુઢાનો નવ માસનો પુત્ર સંદિપ ઘર પાસે રમતો હતો ત્યારે ત્યાં નજીકમાં જ આવેલ પાણીની ટાંકીમાં પડ્યો હતો. માસૂમ બાળક પાણીમાં ગરકાવ થતાં બેભાન થઈ ગયો હતો. બાદમાં પરિવારજનોએ બાળકની શોધખોળ હાથ ધરતાં બાળક ટાંકીમાંથી બેભાન મળી આવતાં તેને સારવારમાં જનાના હોસ્પિટલે ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના તબીબોએ તપાસી મૃત જાહેર કર્યો હતો.

બનાવ અંગે જાણ થતાં બી. ડિવિઝન પોલીસ મથકના એએસઆઈ અમીતા બકુત્રા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી હતી. વધુમાં મૃતક બાળકનો પરીવાર મૂળ નેપાળનો વતની છે. ગઈકાલે બાળકના માતા પિતા કામમાં વ્યસ્ત હતાં ત્યારે રમી રહેલ બાળક અચાનક ટાંકીમાં ભરેલ પાણીમાં ગરકાવ થયા બાદ મોતને ભેંટતા આક્રંદ સાથે શોક છવાયો હતો

# મારી પાસે પૈસા છે, હું ગમે તે પોલીસવાળાના મોઢા બંધ કરી દઈશ કહીં મહિલાને ધમકી

## શાપરના પારડી ગામનો લલિત પરમાર કારમાં ઘસી જઈ મોટા છરા સાથે સમીનાબેનને જાનથી મારી નાંખવાની ધમકી આપીઃ પોલીસે ગુનો નોંધ્યો

રાજકોટ. તા.૧૮

શાપરના પારડી ગામમાં મારી પાસે પૈસા છે, હું ગમે તે પોલીસ વાળાના મોઢા બંધ કરી દઈશ કહીં મહિલાને લલિત પરમાર નામના શખ્સે કારમાં ઘસી જઈ મોટો છરો બતાવી જાનથી મારી નાંખવાની ધમકી આપતાં શાપર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે શાપર નજીક પારડીમાં શીતળા માતાજીના મંદિર પાસે રિદ્ધિ સિદ્ધિ સોસાયટીમાં રહેતાં સમીનાબેન ઇરફાનભાઇ વિસળ (ઉ.વ.૨૭) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે લલિત પરમાર (રહે. પારડી) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ઘરકામ કરે છે અને તેના લગ્નને ૯ વર્ષ થયેલ છે. તેણીને સંતાનમાં એક દિકરો એક દિકરી છે. ગઈ રાત્રીના દશેક વાગ્યે તેણી તેના સાસુ-સસરા અને નણંદ સાથે ઘરે હાજર હતા. ત્યારે લલીતભાઇ પરમાર તેણીના ઘર સામે કાર લઇ આવેલ અને કારમાંથી એક મોટા છરા સાથે બહાર નીકળેલ અને જોર જોરથી ગાળો બોલી કહેતો હતો કે, તમે અને તમારુ પોલીસખતું મારુ શુ કરી લેશો, મારી પાસે પૈસા છે, હું ગમે તે પોલીસ વાળાના મોઢા બંધ કરી દઈશ, મારુ કોઇ કાંઇ નહી કરે જેથી તેણીએ તેના પતિને જાણ કરતાં તેઓ દોડી આવતાં આરોપીએ આજે તો તમને જવા દવ છું કહીં કારમાં નાસી છૂટ્યો હતો.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગઈ તા. ૧૩/૦૫/૨૦૨૪ ના આરોપી સાથે બોલાચાલી થયેલ હતી. જે મામલે તેના વિરૂદ્ધ શાપર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા તેનો ખાર રાખી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવ અંગે શાપર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નિવૃત કુલસચિવ જયંતભાઈ ઉદાણી અરિહંતશરણ પામ્યાઃ સોમવારે બેસણું

રાજકોટ તા.૧૮

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નિવૃત કુલસચિવ, જયંતભાઈ મણિલાલભાઈ ઉદાણી (ઉ.૯૦) આજે વહેલી પરોઢે અરિહંત શરણ પામ્યા છે. તેઓ ઉમદા સ્વભાવના હતા. તેમણે પ્રથમ એસ.ટી.માં સેવા બજાવી હતી. ત્યારબાદ તેઓ સૌરાષ્ટ્ર યુનિ.માં રજીસ્ટાર તરીકે ત્યારબાદ પરીક્ષા નિયામક તરીકેની ફરજ બજાવી હતી.



સદગતની સ્મશાનયાત્રા આજે બપોરે ૧૧ વાગે તેમના નિવાસસ્થાન વ્રજરજ એપાર્ટમેન્ટ, ૫-કોલેજવાડી, કાઠીયાવાડ જીમખાના ગેટ-૨ પાસેથી નીકળી હતી અને સગા-સ્નેહીઓ તથા શિક્ષણ જગતના લોકો જોડાયા હતા. તેમના અંતિમ સંસ્કાર રામનાથપરા મુકિતધામ ખાતે કરવામાં આવેલ હતા.

બેસણું


જયંતભાઈ મણીલાલભાઈ ઉદાણી, નિવૃત કુલસચિવ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી (ઉ.વર્ષ ૯૦) તે સ્વ. સુરજબેન અને સ્વ. મણીલાલભાઈના દિકરા, સ્વ. અરૂણભાઈ, સ્વ. સતીષભાઈ, સ્વ. નિર્મળાબેન, સ્વ. મીનાબેન અને નીલાબેનના ભાઈ, પરેશભાઈ, કેતનભાઈ (એડવોકેટ), પારસભાઈનાં કાકા, જયદીપ (જયભાઈ) ઉદાણી (ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, રાજકોટ)ના પિતાશ્રી, પીનાના સસરા, આશીના દાદાનું બેસણું તા.૨૦મીના સોમવારે સાંજે ૫-૩૦થી ૬-૩૦ રાષ્ટ્રીયશાળાના મધ્યસ્થ ખંડમાં રાખેલ છે.

# અદિતિ મંડળીના કેસમાં પૂર્વ મંત્રી, સભાસદ, કોમ્પ્યુટર ઓપરેટરના આગોતરા જામીન રદ

## આ ઓર્ગેનાઈઝડ ઈકોનોમીક ઓફેન્સ જે ખૂન તથા કેન્સર કરતા પણ ગંભીર અને દેશની કરોડરજજુને અસર કરતો ગુનો છે : ફરિયાદી પક્ષની દલીલ

રાજકોટ તા.૧૮

રૂ.૩૦ કરોડ બેંકમાં જમા ન કરાવી તેમાંથી રૂ.૧૩ કરોડની ઉચાપત કરી ફોર્જરી આચરાવાના ગુન્હામાં અદિતિ મંડળીના પૂર્વ મંત્રી, સભાસદ, કોમ્પ્યુટર ઓપરેટર સહીત ત્રણ આરોપીના આગોતરા જામીન રાજકોટ સેશન્સ કોર્ટે રદ કર્યા છે. ફરિયાદીના વકીલ સુરેશ ફળદુએ કોર્ટમાં દલીલ કરેલી કે, આ ઓર્ગેનાઈઝડ ઈકોનોમીક ઓફેન્સ જે ખૂન તથા કેન્સર કરતા પણ ગંભીર અને દેશની કરોડરજજુને અસર કરતો ગુનો છે.



સુરેશ ફળદુ એડવોકેટ

કેસની વિગત મુજબ, સમગ્ર સૌરાષ્ટ્રમાં ચકચાર જગાવનાર રાજકોટની શ્રી અદિતિ ક્રેડિટ કો.ઓપ. સોસાયટી લી.ના પ્રમુખ જગદિશસિંહ જાડેજા સહીતના ૧૪ તથા તપાસમાં ખુલવા પામે તે તમામ વિરુદ્ધ આર.ડી.સી. બેંકમાંથી લીધેલ લોનની રકમ રૂ.૨૯,૫૯,૫૦,૦૭૦ તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ચડત વ્યાજ સાથે બેંકમાં જમા ન કરાવી તેમાથી રકમ રૂ.૧૨,૭૭,૮૪,૭૩૨ પોતાના તથા સગા, પરીવારના અંગત આર્થિક લાભમાં ઉપયોગ કરી ખોટા હિસાબો બનાવી બનાવટી દસ્તાવેજો બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી આર્થિક લાભ મેળવી ગુન્હો આચરવા બદલ ગાંધીગ્રામ પોલીસ મથકમાં ગુનો દાખલ થયો હતો.

એફ.આઈ.આર.માં જણાવેલ આરોપીઓ પૈકી અદિતિ મંડળીના પ્રમુખ જગદીશસિંહ જાડેજાના ભાઈ અને મંડળીના પૂર્વ મંત્રી ઉપેન્દ્રસિંહ સજુભા જાડેજાએ અલગથી તથા અન્ય ભાઈ અને વ્યવસ્થાપક કમિટીના સભ્ય અરૂણસિંહ સજુભા જાડેજા તથા કોમ્પ્યુટર ઓપરેટર બ્રિજરાજસિંહ અરૂણસિંહ જાડેજા દ્વારા અલગથી એ રીતે બે આગોતરા જામીન અરજીઓ રાજકોટની સેશન્સ કોર્ટમાં દાખલ કરેલ. જેમાં સરકાર તરફે તથા બેંકના એડવોકેટ દરજ્જે એડવોકેટ સુરેશ ફળદુએ દલીલ કરી કે, રૂપિયા સગા, પરિવારના ખાતાઓમાં જમા લઈ પબ્લીકના નાણાનો દુરવ્યય કરી પ્લાનીંગ પુર્વક ઈકોનોમીક ઓફેન્સ આચરેલ છે. સુપ્રીમ કોર્ટના ચુકાદામાં ઈકોનોમીક ઓફેન્સને કેન્સર તથા ખૂન કરતા પણ ગંભીર ગણાવેલ છે. કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન વગર ગુનાના મુળ સુધી પહોંચવું શક્ય નથી. દલીલો ધ્યાને લઈ ત્રણેય આરોપીની આગોતરા જામીન અરજીઓ નામંજુર કરવા કોર્ટે હુકમ કર્યો હતો. આ કેસમાં ફરીયાદી આર.ડી.સી. બેંક વતી રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, રીપલ ગેવરીયા, પાર્થ સંઘાણી, મંથન વીરડીયા, કિશન માંડલીયા, ભાવીક ફેફર, જય પીઠવા, તથા મદદમાં યુવરાજ વેકરીયા, નીરવ દોંગા, પ્રિન્સ રામાણી, આર્યન કોરાટ, ભાવિન ખુંટ, જસ્મીન દુધાગરા, અભય સભાયા તથા સરકાર તરફે અતુલભાઈ જોષી રોકાયેલ હતા.

# કેવડાવાડીમાં આઈડી પર કપાત કરાવી ક્રિકેટ સટ્ટો રમાડતો જીતેન્દ્ર નિમાવત ઝડપાયો

## ફંટર ગ્રાહકો પાસેથી સેશનના સોદા લઈ કપાત કરાવતો હતોઃ ભક્તિનગર પોલીસે મોબાઈલ નંબરના આધારે બુકીની શોધખોળ હાથ ધરી

રાજકોટ. તા.૧૮

કેવડાવાડીમાં આઈડી પર કપાત કરાવી ક્રિકેટ સટ્ટો રમાડતો જીતેન્દ્ર નિમાવતને ભક્તિનગર પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.દરોડાની વિગત મુજબ, ભકિતનગર પોલીસ મથકના પીઆઈ એમ.એમ.સરવૈયાની રાહબરીમાં પીએસઆઈ એમ.એન.વસાવા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના કોન્સ્ટેબલ નિખીલ પીરોજીયા અને યુવરાજસિંહ રાણાને કેવડાવાડી શેરી નં.૦૬ રવિ ટી ડેપોની બાજુમાં રહેતો જીતેન્દ્રભાઇ નિમાવત પોતાના મકાનમાં આઈ.પી.એલ. ક્રીકેટ મેચમાં ફોનમાં ઓનલાઈન એપમાં આઈ.ડી મારફતે ઓનલાઇન ગ્રાહકો સાથે વાતચીત કરી સેશન ફેરના સોદાઓ લઇ હારજીતનો જુગાર રમે છે તેવી બાતમીના આધારે દરોડો પાડી ત્યાં હાજર જીતેન્દ્ર ગોરધન નિમાવત (ઉ.વ.૬૪) ની અટક કરી તેના મોબાઈલમાં તપાસ કરતાં ગુગલ ક્રોમમાં જેકપોટ એકસચેન્જ ૯૯.કલબ નામની આઈડીમાં આઈપીએલની મેચમાં તેમજ પાકિસ્તાન અને આયરલેન્ડની ક્રિકેટ મેચમાં સટ્ટો રમતો હોવાનું ખુલતાં તેની ધરપકડ કરી હતી.

તેમજ તેમની પાસે રહેલ અન્ય મોબાઈલમાં તપાસ કરતાં તેમાં મો.નં.૭૫૭૫૦ ૫૩૫૫૦ પર વાતચીત કરી કપાત કરાવી જુગાર રમતો હોવાનું ખુલ્યું હતું. પોલીસે મોબાઈલ નંબરના આધારે બુકીની તપાસ હાથ ધરી હતી.

# કોઠારીયા ગામનો રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં સમાવેશ કરવામાં આવતા તેના છુટા કરાયેલ ૨૩ કર્મચારીઓને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સળંગ નોકરીમાં લેવા હુકમ

રાજકોટ તા.૧૮

ગુજરાત સરકારના જાહેરનામાથી કોઠારીયા ગ્રામ પંચાયતનો રાજકોટ મ્યુ. કોર્પોરેશનની હદમાં સમાવેશ કરવામાં આવેલ હતો. જયારે કોઠારીયા ગ્રામ પંચાયતના કર્મચારીઓને રાજકોટ મ્યુ. કોર્પોરેશને તેનામાં કાયમી સમાવેશ કરવા જોઈએ પરંતુ રાજકોટ મ્યુ. કોર્પોરેશન દ્વારા ભગવાનજીભાઈ સિંધવ, વિશાલભાઈ જોશી, પ્રતિક ડાંગર, રાજેન્દ્ર રાણા, પુષ્પાબેન, બાબુભાઈ ટાંક, જયેશગીરી ગોસ્વામી, ઈન્દ્રવિજયસિંહ ઝાલા, નિલેષભાઈ સિંધવ, વાઘાભાઈ મીર, પ્રધ્યુમનસિંહ ઝાલા, કનકસિંહ મહીડા, સાગર સિંધવ, વિનુભાઈ ગોહીલ, ભોપાભાઈ જોગરાણા, વિરમદેવસિંહ ઝાલા, લતીફ ટાંક, લક્ષ્મણ ઉર્ફે દિનેશ જાદવ, કનુબેન ગોલતર, બાબુભાઈ ટાંક, કવાભાઈ મીર, કિર્તીવિજય સિંધવ, રામજીભાઈ સિંધવ આ કર્મચારીઓને મ્યુ. કોર્પોરેશનમાં સમાવેશ કરીને તેમની નોકરીના વર્ષો મુજબ નોટીસ પગાર, બેકારી વળતર, ગ્રેજ્યુટી વગેરેની રકમ આપી છુટા કરાયા હતા. જેથી આ કર્મચારીઓએ રાજકોટના સિનીયર એડવોકેટ જી.આર. ઠાકરનો સંપર્ક કરતા આ કર્મચારીઓનો તેમને સળંગ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા અંગેના કેસો દાખલ કરેલ હતા. જે કેસોમાં રાજકોટ મ્યુ. કોર્પોરેશન દ્વારા એવો બચાવ લેવામાં આવેલ કે, માલીકી ટ્રાન્સફરના સંજોગોમાં છુટા કરેલ કામદારોને નોકરીમાં પુનઃસ્થાપિત કરી શકાય નહીં તેમજ આ કેસમાં કામદારો તરફે રજુ કરાયેલ તથા મૌખિક પુરાવાઓને તથા જુબાનીઓને ધ્યાને લઈ કામદારો તરફેના એડવોકેટ જી.આર. ઠાકરની કાનુની દલીલોને તથા રજુ કરવામાં આવેલ વિવિધ હાઈકોર્ટના ચુકાદાઓને ધ્યાને લઈ મજુર અદાલત, રાજકોટનાએ કામદારોને સળંગ નોકરીમાં પડેલા રોજના જુદા જુદા ટકાઓ ચુકવી પુનઃસ્થાપિત કરવાનો તથા ચાલુ કેસ દરમ્યાન વય મર્યાદા વટાવી ચુકેલ કર્મચારીઓને નિવૃતીના લાભો તથા ચાલુ કેસ દરમ્યાન અવસાન પામેલ કામદારના વારસદારોને અવસાનની તારીખ સુધીના આનુષાંગીક લાભો આપવા મહત્વનો ચુકાદો આપેલ છ. આ કામમાં કામદારો વતી રાજકોટના સિનીયર એડવોકેટ જી.આર. ઠાકર, ગાર્ગીબેન જી. ઠાકર, મિલનભાઈ દુધાત્રા તથા કૃપાલ ઠાકર રોકાયેલ હતા.

# શાપરમાં ૨૧ વર્ષીય શ્રમિકનો આપઘાત

રાજકોટ,તા.૧૮

રાજકોટ નજીક આવેલા ઔદ્યોગિક વિસ્તાર શાપરમાં ૨૧ વર્ષીય શ્રમિકે ગળાફાંસો ખાઈ જીંદગી ટુંકાવી લેતા પોલીસ દોડી ગઈ હતી. આપઘાતનું કારણ જાણવા ન મળતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.મળતી વિગત મુજબ મૃતકનું નામ અશોક મોહનભાઈ ભુરીયા (ઉ.વ.૨૧) હતું. તે શાપરના પેરાગોન કારખાનામાં મજુરી કામ કરતો હતો.અહી પેરાગોન કંપનીની ઓરડીમાં જ રહેતો હતો. ગઈકાલે તેણે પોતાની ઓરડીમાં ગળાફાંસો લગાવી લીધો હતો.જેની જાણ થતા ૧૦૮માં ફોન કરતા એબ્યુલન્સ સાથે આવેલ તબીબે સ્થળ પર અશોકને મૃતજાહેર કરી શાપર પોલીસને જાણ કરી, શાપર પોલીસના સ્ટાફે મૃતદેહ પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો.આપઘાતના કારણ અંગે કોઈ માહિતી ન મળતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### રાજકોટમાં આકરા તાપમાં વધુ એક યુવા હૃદયે દગો દીધો

# ૧૧ મહિના પહેલાં પરણેલો ૩૮ વર્ષીય યુવાન ઘરે જ બેભાન થઈ ઢળી પડ્યોઃ હાર્ટએટેકથી મોત

## કુવાડવા રોડ પર પટેલ પાર્કમાં રહેતાં દિવ્યેશ ડોડીયાને સારવાર મળે તે પહેલાં જ દમ તોડ્યોઃ ત્રણ બહેને એકનો એક ભાઈ ગુમાવતાં અરેરાટી

રાજકોટ. તા.૧૮

રાજકોટ ગઈકાલે અગનભઠ્ઠી બન્યું હતું. ત્યારે હાર્ટએટેકના બનાવો પણ અવિરત રહ્યા હોય તેમ ૩૮ વર્ષીય યુવાન દિવ્યેશ ડોડીયા પોતાના ઘરે જ બેભાન થઈ ગયાં બાદ પ્રાણપંખેરૂ ઉડી જતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. મૃતક યુવાનના ૧૧ મહિના પહેલાં જ લગ્ન થયાં હતાં અને ત્રણ બહેનોએ એક નો એક ભાઈ ગુમાવતાં પરિવારમાં આક્રંદ મચી ગયો હતો. પોલીસ સૂત્રોએ યુવાનનું મોત હાર્ટએટેકથી થયાનું પ્રાથમિક તારણ આપ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ, કુવાડવા રોડ પર પટેલ પાર્કમાં રહેતાં દિવ્યેશભાઈ નારણભાઇ ડોડીયા (ઉ.વ.૩૮) ગઈકાલે પોતાના ઘરે હતાં ત્યારે અચાનક બેભાન થઈ ઢળી પડ્યા હતાં. જેમને તાત્કાલિક સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. પરંતુ સારવાર મળે તે પહેલાં જ તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે બી. ડિવિઝન પોલીસને જાણ કરતાં એએસઆઈ અમીતા બકુત્રા સહિતનો સ્ટાફ હોસ્પિટલે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી હતી.

વધુમાં મૃતક મજૂરી કામ કરતો હતો અને તેના ૧૧ માસ પહેલાં જ લગ્ન થયાં હતાં. તે ત્રણ બહેનોનો એક નો એક ભાઈ અને પરિવારનો આધારસ્તંભ હતો. વધુમાં પોલીસે જણાવ્યા મુજબ યુવક કોઈ બીમારીથી પણ પીડીત ન હતો પરંતુ તેને આવેલો હાર્ટએટેક જીવલેણ નીકળ્યો હતો. ત્રણ બહેનોએ એક નો એક ભાઈ ગુમાવતાં પરીવારમાં આક્રંદ સાથે ગમગીની વ્યાપી ગઈ હતી.


### ત્રીજી વાર્ષિક પૂણ્યતિથીએ
## શ્રદ્ધાંજલી



**ગૌ.વા. ચનાભાઈ જેરામભાઈ સાવલીયા**

ગો.વા. તા.૧૯-૦૫-૨૦૨૧, બુધવાર - ઉ.વ. ૮૩, ધોરાજી

જીવનમાં હરપળ હસતા રહ્યા, સ્નેહથી સૌના હૈયામાં વસતા રહ્યા,
આપની વિરાટ ભકિતભાવની છબી અમારા હૃદયમાં અકબંધ રહેશે,
સમય તો સતત વિતતો રહેશે પણ આપની મીઠી યાદ અમારી સાથે રહેશે.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

લી.

મનસુખભાઈ ચનાભાઈ સાવલીયા
દિવ્યેશભાઈ મનસુખભાઈ સાવલીયા
પિયુષભાઈ મનસુખભાઈ સાવલીયા
હરેશભાઈ ચનાભાઈ સાવલીયા
નિખીલભાઈ હરેશભાઈ સાવલીયા
ખીલનભાઈ હરેશભાઈ સાવલીયા
સાવલીયા પરિવારના જયશ્રી કૃષ્ણ

onix RENEWABLE LIMITED

સાગર સોલંકી - મો. નં. ૯૦૩૩૪ ૫૩૩૦૪


# રાજકોટની ભાગોળે હાઈ-વે પર અકસ્માતોની વણજારઃ બે બનાવમાં એક તરૂણી સહિત પાંચને ઈજા

## બામણબોર પાસે સ્કોર્પીયોનું ટાયર ફાટતા સામેથી આવતા બાઈક સાથે અથડાઇઃ ગાટીડા ગામની ૧૩ વર્ષની તરૂણી સહિત ત્રણ ઘવાયા

## બેટી રામપરા પાસે ડમ્પરની હડફેટે બાઇકમાં સવાર દંપતિ ફંગોળાયુંઃ ઇજાગ્રસ્તોને સારવારમાં સીવીલે ખસેડાયાઃ એરપોર્ટ પોલીસે કાર્યવાહી આદરી

રાજકોટ, તા.૧૮

રાજકોટની ભાગોળે અમદાવાદ હાઇ-વે પર અકસ્માતોની વણજાર થઇ હતી. બે બનાવમાં એક તરુણી સહિત પાંચને ઇજા પહોંચી હતી. બામણબોર પાસે સ્કોપીયોનું ટાયર ફાટતાં સામેથી આવતા બાઇક સાથે અથડાતા બાઇકમાં સવાર આટીડાની એત કરુણી સહિત ત્રણ ઘવાયા હતા. જ્યારે બેડી રામપરા પાસે ડમ્પરની હડફેટે બાઇકમાં સવાર દંપતિ ફંગોળાતા દંપતિને સારવારમાં સીવીલ હોસ્પીટલે ખસેડાયા હતા. બનાવ અંગે એરપોર્ટ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.



પ્રાપ્ત વિગત મુજબ ગાટીડા ગામે રહેતા ભરતભાઇ દુધાભાઇ (ઉ.વ. ૨૯) નજીકમાં આવેલ પેપ્સીના કારખાનામાં કામે ગયા હતા ત્યારે ગાટીડામાં જ રહેતા સોનલબેન વિજયભાઇ (ઉ.વ. ૨૭) અને જલ્પાબેન વજુભાઇ (ઉ.વ. ૧૩) બંને નજીકમાં આવેલ એક કુલરના કારખાનામાં કામે ગયા હતા ત્યાંથી ત્રણેય એક બાઇકમાં પરત આવતા હતા ત્યારે બામણબોર પાસે હાઇવે પર સામેથી આવતી સ્કોપીયો કારનું ટાયર ફાટતા કાર બાઇક સાથે અથડાઇ હતી. બાઇકમાં સવાર તરુણી સહિત ત્રણેય રોડ પર પટકાતા ગંભીર ઇજા પહોંચી હતી. ત્રણેય ઇજાગ્રસ્તોને સારવારમાં સીવીલ હોસ્પીટલે ખસેડાયા હતા. બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે જાણ કરતાં એરપોર્ટ પોલીસ દોડી આવી હતી અને કાર્યવાહી હાથ ધરી હતી. બીજા બનાવમાં બેટી રામપરા ગામે રહેતા બાધુભાઇ વિરજીભાઇ ગઇકાલે બપોરના સમયે પત્ની કંકુબેન સાથે ઘરેથી બાઇકમાં હાઇ-વે પર જવાના રસ્તે જતા હતા ત્યારે પાછળથી પૂરપાટ ઝડપી ધસી આવેલ ડમ્પર નં. જીજે-૧૬-એક્સ-૬૪૮૨ના ચાલકે હડફેટે લીધા હતા દંપતિ ડમ્પર સાથે અથડાતા દંપતિને ઇજાગ્રસ્ત હાલતમાં સારવારમાં સીવીલ હોસ્પીટલે ખસેડાયા હતાં. બનાવ અંગે એરપોર્ટ પોલીસે અજાણ્યા ડમ્પર ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# અવસાન નોંધ

**વેરાવળઃ** વેરાવળ બોયઝ હાઈસ્કૂલના નિવૃત શિક્ષક દિલીપભાઈ જે. દતાણીના ધર્મપત્ની નીતાબેન (ઉ.વ.૬૧) (જીએચસીએલ નિવૃત કર્મચારી) તે ડો. ડોલી (એમડીએસ)ના માતુશ્રી, જેઠાલાલ પરસોતમ દતાણી (પોરબંદર)ના પુત્રવધુ, રાજેન્દ્રભાઈ (બરોડ), અજયભાઈ (પોરબંદર), રક્ષાબેન કિરીટકુમાર દેવાણી (પોરબંદર)ના ભાભી તેમજ સ્વ. ગોકળદાસ જીવનભાઈ ચેતા (મોરબી)ની પુત્રી, પ્રફુલભાઈના બહેનનું તા.૧૭ના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તથા પીયરપક્ષની સાદડી તા.૧૮ને શનિવારે સાંજે ૫થી ૬ કલાકે કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર, પોસ્ટ ઓફિસ રોડ, વેરાવળ ખાતે રાખેલ છે.


**ગોંડલઃ** રાયજાદા રાજકુવરબા કિરીટસિંહ (ઉ.વ.૭૮) રૂપાવટી ગોંડલ તે જયેન્દ્રસિંહ તથા નરેન્દ્રસિંહ (જેટકો ગોંડલ) તથા રામદેવસિંહ (પી.જી.વી.સી.એલ. વિરપુર)ના માતુશ્રીનું તા.૧૬ના રોજ અવસાન થયેલ છે.

**રાજકોટ :** ગુજરાતી શ્રીગૌડ માળવીય બ્રાહ્મણ પ્રફુલ્લભાઈ બાબુલાલ ભટ્ટ (ઉ.વ. ૬૯) તે સ્વ.બાબુલાલ ત્રિભોવન ભટ્ટના પુત્ર, સ્વ.પ્રભુલાલભાઇ, કિશોરભાઈ, શિરીષભાઈ, ચંદ્રકાંતભાઈ, રેખાબહેન અને નયનાબહેન રાજેશભાઈ દવેના ભાઇ, કંદર્પ (આઇસીઆઇસીઆઇ બેન્ક), આરતીબેન અમરકુમાર દવેના પિતા, સ્વ.હર્ષદરાય વિશ્વનાથ જોષી (કોટડાસાંગાણી)ના જમાઇનું તા.૧૭ના અવસાન થયું છે. બંને પક્ષનું ઉઠમણું અને બેસણું તા. ૨૦ને સોમવારે સાંજે ૪થી ૫ વાગ્યા દરમિયાન ઇન્દ્રેશ્વર મહાદેવ મંદિર, માસ્તર સોસાયટી રાજકોટ ખાતે રાખેલ છે.

**જસદણઃ** વિંછીયાઃ દાઉદી વ્હોરા શેખ હસનઅલી યુસુફઅલી મસાલાવાળા (ઉ.વ.૮૫) તે મ. શરફભાઈ, મ. સાદીકભાઈ, મ.સૈફુદીનભાઈ (કોલંબો) મ. અબ્બાસભાઈ, મ.મનસુરભાઈ હુશેનાબેન (જસદણ) ના ભાઈ જુજરભાઈ, હમીદાબેન, રૂબાબબેન (રાજકોટ) રશીદાબેન (સાવરકુંડલા) ફાતેમાબેન (અમરેલી) ના પિતા તા.૧૮ ને શનિવારના રોજ વીંછિયા મુકામે વફાત પામેલ છે મર્હુમની જીયારત (કુરાનખ્વાની) તથા ચેહલુમના ફાતેહા તા.૨૦ ને સોમવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે દાઉદી વ્હોરા મસ્જિદ વીંછિયા ખાતે રાખવામાં આવેલ છે.



**રાજકોટઃ** સમીર રાજેન્દ્રભાઈ પંડયા (ઉ.વ.૩૬) (આઈસી આઈસી આઈ બેંક રાજકોટ) તે મૂળ જામકંડોરણા નિવાસી હાલ રાજકોટ નિવાસી ગુજરાતી શ્રીગોડ માળવીય બ્રાહ્મણ સ્વ. દામોદરભાઈ છગનલાલ પંડયાના પૌત્ર, રોહીણીબેન અને રાજેન્દ્રભાઈ ડી. પંડયા (કાપડ મીલ રાજકોટ)ના પુત્ર, રીંકુબેનના પતિ, તથા ઉપેન્દ્રભાઈ (જનસત્તા પ્રેસ), મધુસુદનભાઈ (અમેરિકા), જનાર્દનભાઈ (આરસીસી બેંક-ભારત સેવક સમાજ), સ્વ. મુકુંદભાઈ (આરએમસી), કમલેશભાઈ (જનતા ક્રેડીટ સોસાયટી)ના ભત્રીજા, હર્ષલ, હિરેન, અભનિવ, કવિતા તથા શ્રધ્ધા મયંકભાઈ પંડયા (વડોદરા)ના ભાઈ અને વિનોદભાઈ ગીરધરલાલ પંડયા (અરડોઈ)ના જમાઈ, જયદીપભાઈ પંડયાના બનેવી તેમજ મયંકકુમાર પંડયા (વડોદરા)ના સાળાનું તા.૧૭ના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું/બેસણું (બંને પક્ષનું) તા.૨૦ને સોમવારના સાંજે ૫-૩૦થી ૬-૩૦ કલાકે ધારેશ્વર મંદિર ભકિતનગર સર્કલ ખાતે રાખવામાં આવેલ છે.




### દુઃખદ અવસાન / બેસણું



**શ્રી જયંતભાઈ મણીલાલ ભાઈ ઉદાણી**

૦૨-૦૬-૧૯૩૪ - ૧૮-૦૫-૨૦૨૪

શ્રી જયંતભાઈ મણીલાલભાઈ ઉદાણી, નિવૃત્ત કુલસચિવશ્રી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી (ઉ. વર્ષ ૯૦), તે સ્વ. હંસાબેન જયંતભાઈ ઉદાણીના પતિ, સ્વ. સુરજબેન અને સ્વ. મણીલાલભાઈના દિકરા, સ્વ. અરૂણભાઇ, સ્વ. સતીષભાઇ, સ્વ. નિર્મળાબેન, સ્વ. મીનાબેન અને નીલાબેનના ભાઈ, પરેશભાઇ, કેતનભાઇ (એડવોકેટ), પારસભાઈના કાકા, જયદીપ (જયભાઈ) ઉદાણી (ટાઈમ્સ ઓફ ઇન્ડિયા, રાજકોટ) ના પિતા, પીના ના સસરા, આશી ના દાદા, તા.૧૮-૦૫-૨૦૨૪, શનિવારે વહેલી પરોઢીએ અરિહંત શરણ પામેલ છે. સદ્દગતની દિવ્ય આત્માને શાંતિ મળે એ માટે સૌને પ્રાર્થનાં કરવાં વિનંતિ.

પ્રાર્થના સભા/બેસણુંઃ તા. ૨૦-૦૫-૨૦૨૪ સોમવાર, સાંજે ૫.૩૦ થી ૬.૩૦, સ્થળઃ રાષ્ટ્રીય શાળા રાજકોટ ખાતે રાખેલ છે.

ઓમ શાંતિ

જય ઉદાણી - 98985 90009

તથા ઉદાણી પરિવારના જય જિનેન્દ્ર



સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

૧૦૦ વર્ષની સેવામાં નવા સોપાનનો આધુનિક ઉમેરો

# આવતીકાલે ગોડા એન્ડ કંપનીની નવી ઓફિસનું ઉદ્‌ઘાટન

**રાષ્ટ્ર સંત ગુરૂદેવશ્રી પૂ.નમ્રમુનિ મહારાજ સાહેબના આર્શીવાદથી સિનિયર એડવોકેટ વિરેશ પી. ગોડા અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હરેન પી.ગોડા પ્રગતિના નવા સોપાન સર કરશે.**

**'સાંજ સમાચાર'કોર્પોરેટ હાઉસની મુલાકાતે આવેલા ગોડા પરિવારના સભ્યોએ 'સાંજ સમાચાર'ના યુવા એક્ઝિક્યુટિવશ્રી કરણભાઈ શાહને સપ્રેમ આમંત્રણ પાઠવ્યું હતું.**




વી.પી.ગોડા એન્ડ કંપની તથા એચ.પી.ગોડા એન્ડ કંપનીના સભ્યો આજે 'સાંજ સમાચાર'ના યુવા એક્ઝિક્યુટિવશ્રી કરણભાઈ શાહની મુલાકાતે પધાર્યા હતા અને પોતાના દ્વારા અપાતી સેવા અંગે માહિતગાર કર્યાં હતાં. (તસ્વીર: પંકજ શીશાંગીયા)

(પંકજ શીશાંગીયા ) રાજકોટ,તા.૧૮

સીનીયર એડવોકેટ વિરેશ પી. ગોડા તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હરેન પી. ગોડા ની નવી ઓફીસનો આવતીકાલથી પ્રારંભ થવાનો છે.આશરે ૯૦ વર્ષ વકીલાતના વ્યવસાય ક્ષેત્રે કારકિર્દીનો પ્રારંભ પી.જે.ગોડા એન્ડ કંપની એડવોકેટસ તેમજ છેલ્લા ૩૫ વર્ષથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સર્વિસ ક્ષેત્રે કાર્યરત એચ.પી. ગોડા એન્ડ કંપની (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ) ની નવી અદ્યતન ટેક્નોલોજી, સુવિધા સાથેની ઓફીસનો આવતીકાલે તા.૧૯/૦૫/૨૦૨૪ ના રોજ સવારે ૯-૩૦ વાગ્યોના શુભ મુહૂર્તે જૈન સમાજના રાષ્ટ્રસંત ગુરૂદેવ નમ્રમુનિ મહારાજના આશીર્વાદ સાથે ઓફીસ નં. ૮૦૧, ૮૦૨ અને ૮૦૩, સ્પેસ ઓડીસી-૮ મો માળ, ૧૫૦ ફુટ રીંગ રોડ, કે.કે.વી. હોલ બાજુમાં, રાજકોટ ખાતે શુભારંભ થશે.

સીનીયર એડવોકેટ વિરેશ પી.ગોડાની કારકિર્દી રાજકોટના નામાંકીત એડવોકેટ મુગટલાલ ઓ. વોરા-બેરીસ્ટર સાથે જુનીયર તરીકે ચાલુ કરેલ. પ્રથમ તેઓ ગોંડલ મુકામે પ્રેકટીસ કરતા હતા અને વર્ષ-૧૯૯૦ થી રાજકોટ મુકામે સ્થાઈ થઈ સીવીલ, ક્રિમીનલ, રેવન્યુ તેમજ કોર્પોરેટ વિગેરે પ્રેકટીસ કરે છે. તેમજ ઘણી બધી બેંકોમાં, કોર્પોરેટ બોડીમાં પોતાની આગવી સૂઝથી સેવા આપી રહેલ છે. અને એડવોકેટ તરીકે સારી એવી નામના મેળવેલ છે. તેમજ તેમની સાથે તેમના પુત્રો મીં સાગર વિરેશ ગોડા, ભવ્ય ચંદ્રેશ ગોડા પણ આ પ્રોફેશનમાં જોઈન્ટ થઈ ગયેલ છે. અને તેમના ઉપર ગુરૂદેવની અસીમ કૃપાથી અદ્યતન ઓફીસ બનાવવાનું સ્વપન પૂર્ણ થયેલ હોઈ તેમના મો. ૯૯૨૪૩૧૮૧૮૦, તથા ૯૮૨૫૪૬૪૯૪૯ ઉપર શુભેચ્છાઓ વરસી રહી છે.

સીનીયર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હરેન પી.ગોડાની કારકિર્દીની શરૂઆત મુંબઈ મુકામે કરેલ અને ત્યારબાદ તેઓ રાજકોટના નામાંકીત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ફર્મ-અરવિંદભાઈ મણીયાર એન્ડ કું. સાથે જુનીયર તરીકે ચાલુ કરેલ. પ્રથમ તેઓ ગોંડલ મુકામે પ્રેકટીસ કરતા હતા અને વર્ષ-૧૯૯૦ થી રાજકોટ મુકામે સ્થાઈ થઈ ઈન્કમટેક્સ, ઓડીટ, સબસીડી, લોન પ્રોજેકટ વિગેરે પ્રેકટીસ કરે છે. તેમજ ઘણી બધી બેંકોમાં, કોર્પોરેટ બોડીમાં પોતાની આગવી સૂઝથી સેવા આપી રહેલ છે. અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે સારી એવી નામના મેળવેલ છે. તેમજ તેમની સાથે તેમના પુત્ર મી આકાશ હરેનભાઈ ગોડા, તથા તેમના પુત્રવધુ એડવોકેટ હેત્વી આકાશ ગોડા આ પ્રોફેશનમાં જોઈન્ટ થઈ ગયેલ છે. અને તેમના ઉપર ગુરૂદેવની અસીમ કૃપાથી અદ્યતન ઓફીસ બનાવવાનું સ્વપન પૂર્ણ થયેલ હોઈ તેમના મો.૯૯૯૮૫૮૩૩૩૬ ઉપર શુભેચ્છાઓ વરસી રહી છે.)

તથા પી.જે.ગોડા એન્ડ કંપની એડવોકેટસ અને એચ.પી. ગોડા એન્ડ કંપની (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ)ની બ્રાંચ ઓફીસ અમદાવાદ અને ગોંડલ મુકામે કાર્યરત છે.

અમારી નવી ઓફીસના શુભ ઉદઘાટન પ્રસંગે સ્નેહીજનો, એડવોકેટ મિત્રોને પધારવા એડવોકેટ વિરેશ પી. ગોડા (મો.૯૮૨૫૦૭૪૯૪૯) તથા હરેનભાઈ પી. ગોડા (મો. ૯૮૨૫૨૧૫૩૩૦)એ હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે એડવોકેટસ વિભાગમાંમ વિરેશ ગોડા, સાગર ગોડા, ભવ્ય ગોડા સેવા આપે છે. જયારે ચાર્ટર્ડ એકાઉન્ટ વિભાગ હરેન ગોડા,આકાશ ગોડા, હેતવી ગોડા સેવા આપે છે.

**સીનીયર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હરેન પી. ગોડા**

સીનીયર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હરેન પી.ગોડાની કારકિર્દીની શરૂઆત મુંબઈ મુકામે કરેલ અને ત્યારબાદ તેઓ રાજકોટના નામાંકીત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ફર્મ-અરવિંદભાઈ મણીયાર એન્ડ ફાં. સાથે જુનીયર તરીકે ચાલુ કરેલ. પ્રથમ તેઓ ગોંડલ મુકામે પ્રેકટીસ કરતા હતા અને વર્ષ-૧૯૯૦ થી રાજકોટ મુકામે સ્થાઈ થઈ ઈન્કમટેકસ, ઓડીટ, સબસીડી, લોન પ્રોજેકટ વિગેરે પ્રેકટીસ કરે છે. તેમજ ઘણી બધી બેંકોમાં, કોર્પોરેટ બોડીમાં પોતાની આગવી સૂઝથી સેવા આપી રહેલ છે. અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે સારી એવી નામના મેળવેલ છે. તેમજ તેમની સાથે તેમના પુત્ર આકાશ હરેનભાઈ ગોડા, તથા તેમના પુત્રવધુ એડવોકેટ હેત્વી આકાશ ગોડા આ પ્રોફેશનમાં જોઈન્ટ થઈ ગયેલ છે. અને તેમના ઉપર ગુરૂદેવની અસીમ કૃપાથી અદ્યતન ઓફીસ બનાવવાનું સ્વપન પૂર્ણ થયેલ છે.

**સીનીયર એડવોકેટ વિરેશ પી. ગોડા**

સીનીયર એડવોકેટ વિરેશ પી.ગોડાની કારકિર્દી રાજકોટના નામાંકિત એડવોકેટ શ્રી મુગટલાલ ઓ. વોરા-બેરીસ્ટર સાથે જુનીયર તરીકે ચાલુ કરેલ. પ્રથમ તેઓ ગોડલ મુકામે પ્રેકટીસ કરતા હતા અને વર્ષ-૧૯૯૦ થી રાજકોટ મુકામે સ્થાઈ થઈ સીવીલ, ક્રિમીનલ, રેવન્યુ તેમજ કોર્પોરેટ વિગેરે પ્રેકટીસ કરે છે.

તેમજ ઘણી બધી બેંકોમાં, કોર્પોરેટ બોડીમાં પોતાની આગવી સૂઝથી સેવા આપી રહેલ છે. અને એડવોકેટ તરીકે સારી એવી નામના મેળવેલ છે. તેમજ તેમની સાથે તેમના પુત્રો સાગર વિરેશ ગોડા, ભવ્ય ચંદ્રેશ ગોડા પણ આ પ્રોફેશનમાં જોઈન્ટ થઈ ગયેલ છે. અને તેમના ઉપર ગુરૂદેવની અસીમ કૃપાથી અદ્યતન ઓફીસ બનાવવાનું સ્વપન પૂર્ણ થયેલ છે.તથા પી.જે.ગોડા એન્ડ કંપની એડવોકેટસની બ્રાંચ ઓફીસ અમદાવાદ અને ગોંડલ મુકામે કાર્યરત

અમારી નવી ઓફીસના શુભ ઉદઘાટન પ્રસંગે સ્નેહીજનો, એડવોકેટ મિત્રોને પધારવા એડવોકેટ વિરેશ પી. ગોડા (મો.૯૮૨૫૦૭૪૯૪૯) એ હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે.

## ૯૨ વર્ષીય માતૃશ્રી લિલમબેન ગોડાના હસ્તે ઓફિસનું ઉદઘાટન

**આજના જમાનામાં પણ ૧૫ સભ્યોનો પરિવાર પાંચમી પેઢીના લોકો એક જ છત નીચે રહી, એક રસોડે સંયુક્ત કુટુંબમાં રહે છે**

રાજકોટ તા.૧૮

હાલના યુગમાં બે પુત્રો હોય તો પણ અલગ-અલગ થઈ રહે છે. ભારતીય પરંપરામાં સંયુક્ત કુટુંબનું અનેરુ મહત્વ છે. પરંપરા જાળવી રાખનાર પરિવારો આજે પણ એક મત નીચે રહી કુટુંબની પ્રગતિનો આધાર બનતા હોય છે. ગોડા પરિવારના ૧૦૦ વર્ષના ઈતિહાસમાં આજે પણ પાંચમી પેઢીના ૧૫ લોકો એક જ છત નીચે રહે છે અને એક જ રસોડે બધા જમે છે. આવતીકાલે ગોડા પરિવારના એડવોકેટસ અને સીએની નવી ઓફિસનું ઉદઘાટન થવા જઈ રહ્યું છે. ધર્મસંસ્કાર થકી પરંપરાનું જતન કરતા પરિવારજનો ઘરના વડીલ એવા માતુશ્રી લિલમબેન નગીનદાસ ગોડાના હસ્તે નવી ઓફિસનું ઉદઘાટન કરશે.

## સંભવતઃ એક માત્ર ઓફિસ જયાં બધી સેવા એક જ સ્થળે મળે છે

ગોડા એન્ડ કંપનીની ઓફિસ સંભવતઃ એક માત્ર એવી ઓફિસ છે જયાં તમામ સેવા એક જ સ્થળેથી મળે છે. અહીં ક્રિમીનલ, રેવન્યુ, સિવિલ, કોર્પોરેટ, બેંકીંગ, આઈટી, લોંગ પ્રોજેકટ સર્વિસ, એરકન્ડીશન મર્જર એકાઉન્ટીંગ સહિત તમામ કાયદાકીય સેવા અત્રે અસીલોને એક જ ઓફીસ હેઠળ મળી રહે છે.

## પાંચ શહેરોમાં ઓફિસ

પી.જે.ગોડા એન્ડ કંપની તથા એચ.પી.ગોડા એન્ડ કંપનીની પાંચ શહેરોમાં ઓફીસ છે. જેમાં પ્રથમ ગોંડલ બાદ રાજકોટમાં અગાઉ ધનરજની કોમ્પ્લેક્ષમાં ઓફીસ હતી. જે હવે નવી ઓફિસનું આવતીકાલે રાજકોટમાં ઉદઘાટન છે. ઉપરાંત મોરબી, ભુજ અને અમદાવાદ ખાતે પણ ઓફીસ છે. આમ મોટો અસીલ વર્ગ ૧૦૦ વર્ષથી આ પેઢીમાં વિશ્વાસ ધરાવે છે.

# રૂા.૮ હજારમાં ટેસ્ટ વિના ડ્રાઈવીંગ લાયસન્સની સોશ્યલ મીડિયામાં જાહેરાત !!

**રાજકોટ આરટીઓ અધિકારી ચોંકયા : તાકીદે જાહેરાત મુકનાર રાજદીપસિંહ ડાભી સામે એફઆઈઆર કરવા બી ડીવીઝન પોલીસને અરજી અપાતા તપાસ શરૂ**

રાજકોટ, તા. ૧૮

રાજકોટનાં રાજદીપસિંહ ડાભી નામના એક વ્યકિત દ્વારા સોશ્યલ મીડિયામાં વગર ડ્રાઈવીંગ ટેસ્ટ એ ડ્રાઈવીંગ લાયસન્સ મેળવવા અંગે ભ્રામક જાહેરાત મુકતા અને આ બાબત રાજકોટ જિલ્લા આરટીઓ અધિકારી કે.એમ.ખપેડના: ધ્યાને આવતા તેઓએ આ પ્રશ્ને એફઆઈઆર દાખલ કરવા બી ડીવીઝન પોલીસ સ્ટેશનને લેખિત અરજી કરી છે અને આ અરજીનાં પગલે બી ડીવીઝન પોલીસે તપાસ પણ શરૂ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટ જિલ્લા આરટીઓ અધિકારીએ બી ડીવીઝન પોલીસને કરેલી અરજીમાં જણાવેલ છે કે સોશ્યલ મીડિયા એપ્લીકેશન ઈન્સ્ટાગ્રામ પર વાહન વ્યવહાર કમિશનરની કચેરી, ગાંધીનગરના ધ્યાને આવેલ છે કે







રાજદીપસિંહ ડાભી નામના વ્યકિત દ્વારા પોતાના ઈન્સ્ટાગ્રામ આઈડીની સ્ટોરમાં ૨ વ્હીલ અને ૪ વ્હીલ લાયસન્સ ટ્રાયલ વગર માત્ર ૮૦૦૦ રૂપિયા નામની ભ્રામક જાહેરાત કરવામાં આવેલ.

આથી વાહન વ્યવહાર કમિશનરના આદેશ મુજબ પોલીસ સાથે સંકલનમાં રહી કાર્યવાહી કરવા અધિકૃત કરવામાં આવેલ હોય આ બાબતે યોગ્ય તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવા આથી લેખિતમાં અરજી કરવામાં આવી છે તેમજ કરેલ કાર્યવાહનો અહેવાલ સત્વરે અત્રેની કચેરીને મોકલી આપવા પણ જણાવાયું છે.

તથા વધુમાં અત્રેની આરટીઓ કચેરીમાં જાહેર જનતાને લગતી લાયસન્સ અને વાહન સંબંધીત કામગીરી કરવામાં આવે છે. આથી અત્રેની કચેરી આસપાસ તથા નજીકના સ્થળે જાહેર જનતા પાસેથી છેતરપીંડી આચરી પૈસા પડાવી અથવા ગેરકાયદેસરની પ્રવૃતિઓ કરી ઉલ્ટી સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ ઠગાઈ જેવી પ્રવૃતિઓ કરી રહેલ ઈસમો કે ઈસમોની ટોળી નજરે પડે તો તેઓની સામે પગલાઓ લેવા પોલીસ કમિશ્નર રાજકોટ શહેરનાં જાહેરનામા અનુસાર કાર્યવાહી કરવા જણાવાયું છે.

## હું રાજકોટ આરટીઓનું કામ કરતો નથી, સોશીયલ મીડિયાની ટીમથી ભુલ થઇ છે: રાજદિપસિંહ ડાભીનો બચાવ

રાજકોટ, તા.૧૮

સોશીયલ મીડિયામાં રૂા.૮ હજારમાં ટ્રાયલ વગર લાયસન્સ કાઢી આપવાની ભ્રામક જાહેરાત વાયરલ થયા બાદ ઈન્સ્ટાગ્રામ આઈડી ધારક રાજદિપસિંહ ડાભીએ બચાવમાં જણાવ્યું હતું કે તે પોતે એસ.ટી. બસપોર્ટમાં આર.આર. ઈવેન્ટ મેનેજમેન્ટની ઓફિસ ધરાવે છે. તેમજ પોતે ઘણા સમય પહેલા રાજકોટ આરટીઓનું ક્યામ સંભાળતા હતા પરંતુ હાલ તે જામનગર આરટીઓનું કામ કરે છે તેમજ તે છેલ્લા ૧૦ દિવસથી રાજકોટ બહાર છે. તેમની સોશીયલ મીડિયા ટીમ ઈવેન્ટ મેનેજમેન્ટ સહિત આરટીઓને લગતી પ્લેટ બનાવતા હોય છે અને તે વાયરલ કરતાં હોય છે. જેથી મને પણ આજે સવારે આ બાબત ધ્યાને આવે છે જે બાબતે સોશીયલ મીડિયાની ટીમ દ્વારા શબ્દોની ભૂલ થઈ છે. ઉપરાંત જણાવ્યું હતુંકે, રાજ્ય સરકાર અને પોલીસ તંત્રની કામગીરી જ એટલી કડક છે કે સેટીંગની શકયતા નહિવત છે.

# જંગલેશ્વરમાં વીજ શોક લાગતા મહિલાનું ઘટના સ્થળે જ કરૂણ મોત

**સોનલબેન વડગામા પાણી ભરવા ઈલે. મોટર ચાલુ કરવા જતા કરંટ લાગ્યો'તો : બે સંતાનો માતા વિહોણા થતા પરિવારમાં કલ્પાંત**

રાજકોટ, તા. ૧૮

જંગલેશ્વરમાં આવેલ શીયાણીનગરમાં પાણી ભરવા ઈલે.મોટર ચાલુ કરવા જતા ૪૫ વર્ષીય મહિલાને વીજ શોક લાગતા ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજતા અરેરાટી વ્યાપી ગઇ હતી.

પ્રાપ્ત વિગત મુજબ જંગલેશ્વરમાં ભવાની ચોક પાસે શીયાણીનગરમાં રહેતા સોનલબેન મોહનભાઇ વડગામા (ઉ.વ.૪૫) ગઇકાલે સાંજે પોતાની ઘરે હતા ત્યારે પાણી ભરવા માટે ઈલે.મોટર ચાલુ કરતી વેળાએ અચાનક જ વીજ શોક લાગતા ત્યાં જ બેભાન થઇ ઢળી પડયા હતા. બાદમાં પરિવારજનોએ તાત્કાલીક ૧૦૮ને જાણ કરતા ૧૦૮ની ટીમે મહિલાને તપાસી મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે જાણ થતા ભકિતનગર પોલીસ મથકના એએસઆઇ ધર્મેશ ડાંગર સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને સીવીલ હોસ્પિટલે પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. વધુમાં મળેલ વિગત મુજબ મૃતક મહિલાના પતિ મજુરી કામ કરે છે અને સંતાનમાં બે પુત્રો છે. જે મા વિહોણા થતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

# સ્લમ ક્વાર્ટરમાં વૃધ્ધાના મકાનમાં તોડફોડ કરી ચોરી કરવાના ગુનામાં ફરાર ત્રણ શખ્સો ઝડપાયા

**સમીર જુણેજા, રમીઝ જુણેજા અને આબીદ જુણેજાને પ્ર.નગર પોલિસની ટીમે દબોચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી: અન્ય ફરાર આરોપીની શોધખોળ**

રાજકોટ. તા.૧૮

જામનગર રોડ પર સલ્મ કવાર્ટરમાં વૃધ્ધાના મકાનમાં તોડફોડ કરી ચોરી કરવાના ગુનામાં ફરાર સમીર જુણેજા, રમીઝ જુણેજા અને આબીદ જુણેજાને પ્ર.નગર પોલિસની ટીમે દબોચી અન્ય ફરાર શખ્સોની શોધખોળ હાથ ધરી હતી.

જામનગર રોડ પર સ્લમ કવાર્ટરમાં રહેતા વૃદ્ધાના ઘર પર સોડા બોટલના છુટા ઘા કરી ઘરમાં તોડફોડ કરી મકાનમાંથી રોકડ રકમ અને સોનાનો ચેન સહિત રૂ. ૩૭ હજારની મત્તા ચોરી જવા અંગે પ્ર.નગર પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. આ ગુનામાં પોલીસે ત્રણ આરોપીઓને ઝડપી લીધા છે. જ્યારે અન્ય આરોપીઓને ઝડપી લેવા તપાસનો દોર યથાવત રાખ્યો છે.

જામનગર રોડ પર સ્લમ ક્વાર્ટર શેરી નંબર-૧ માં રહેતા મેરૂબેન ઓસમાણભાઈ કઇડા(ઉ.વ.૬૦) નામના વૃદ્ધાએ ગત તા. ૨૩/૪/૨૦૨૪ ના પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં સમીર મુનાફ જુણેજા, મોહસીન મુનાફ જુણેજા, રમીઝ વસીમભાઈ જુણેજા, આબીદ જુણેજા અને શાહરૂખ જુણેજા તથા આઠ અજાણ્યા શખસો સામે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવ્યું હતું કે, આરોપીઓએ રાત્રિના ઘર પાસે ધસી આવી સોડા બોટલોના છૂટા ઘા કરી બાદમાં ઘરમાં પ્રવેશ કરી તોડફોડ કરી હતી. ઉપરાંત ફરિયાદીના પુત્ર આરીફના મકાનમાં રહેલા લોખંડના કબાટમાંથી રોકડ રૂપિયા ૧૭ હજાર અને સોનાનો ચેન સહિત રૂ.૩૭ હજારની વસ્તુઓ ચોરી કરી ગયા હતા. જે અંગે પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાતા પોલીસે આરોપીઓ સામે ચોરી અને રાયોટીંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

આ બનાવને લઈ પ્ર.નગર પોલીસ મથકના પીઆઈ બી.એમ.ઝણકાટ, પી.આર.ડોબરીયાની રાહબરી હેઠળ એ.એસ.આઈ સી.જે.ઝાલા, કોન્સ્ટેબલ મનસુરશાહ, મેહુલ પંડ્યા સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી આરોપીઓ પૈકી સમીર મુનાફ જુણેજા, રમીઝ વસીમભાઈ જુણેજા અને આબીદ જુણેજાને ઝડપી લીધા હતા જ્યારે અન્ય આરોપીઓને પકડી પાડવા તપાસ યથાવત રાખી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જૂની અદાવતમાં આ મામલે સામાપક્ષે પણ હુમલો કરાયો હતો. જે અંગે જે તે સમયે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી અને થોડાં સમય પહેલાં જ કુખ્યાત આરીફ કચડાની ધરપકડ પણ કરવામાં આવી હતી. ઉપરાંત જે તે સમયે જયૂબેલી ચોક પાસે આવેલ જલારામ દાબેલી વાળાને પણ આરોપીઓએ મારમારી તોડફોડ કરી હતી. જે મામલે એ. ડિવિઝન પોલીસ મથકમાં પણ ફરીયાદ નોંધાઈ હતી.

## ચાંદી

(છેલ્લા પાનાનું ચાલું)

બેંક પાસે સોનાનો સ્ટોક ૪૦ ટકા વધ્યો છે. તેના આધારે જ સેન્ટ્રલ બેંકો દ્વારા થતી સોનાની ખરીદીનો અંદાજ નીકળી જાય છે. નિષ્ણાંતોના કહેવા પ્રમાણે ચાંદીનો ભાવ હવે ટુંકાગાળામાં ૧,૦૦,૦૦૦ની સપાટીએ આંબી જવાની શકયતા છે. આ જ રીતે સોનાનો ભાવ પણ રૂા.૮૦,૦૦૦ને પાર થઇ શકે છે. વિશ્વસ્તરે ભૌગોલિક ટેન્શન ઉપરાંત અર્થતંત્રમાં થઇ રહેલા મોટા બદલાવ જેવા કારણો બંને કિંમતી ચીજોમાં તેજી આગળ ધપાવી શકે છે. સોનાના ધરખમ ઉંચા ભાવને કારણે રીટેલ માર્કેટમાં કેટલાક વખતથી ખરીદીને મોટો ફટકો પડયો જ છે. ભાવ વધારાનો દૌર ચાલુ રહેવાના સંજોગોમાં આવતા સમયમાં ડિમાન્ડને વધુ ઝટકો લાગી શકે છે.

ઝવેરીના કહેવા પ્રમાણે તાજેતરમાં અક્ષય તૃતિયાના પવિત્ર દિવસની સોનાની ખરીદીમાં અસર માલુમ પડી જ હતી. ગત વર્ષની સરખામણીએ સોનામાં માત્ર ત્રીજા ભાગની ખરીદી થઇ હતી. જે પાછળનું કારણ ઉંચા ભાવનું જ હતું. હજુ ભાવો વધી જ રહ્યા છે અને આવતા દિવસોમાં વધુ તેજી થવાની ગણતરી રાખવામાં આવતી હોવાથી ખરીદીને વધુ બ્રેક લાગી શકે છે. જોકે હવે ટુંકાગાળામાં કોઇ મોટો લગ્નગાળો કે તહેવારોની સિઝન આવવાની નથી. સામાન્ય વર્ષોમાં પણ ચોમાસા વખતે ઝવેરી માર્કેટમાં ડલ સિઝન ગણાતી હોય છે. હવે શ્રાવણ અને નવરાત્રી, દિવાળીના દિવસોમાં જ મોટી ઘરાકી રહે છે અને ત્યાં સુધીમાં ભાવ સપાટી કેવી રહે છે તેના પર ભવિષ્યની ખરીદીનો આધાર રહેશે.

## અવસાન નોંધ



**રાજકોટ:** રાજકોટ નિવાસી કુસુમબેન ભદ્રેશભાઈ શેઠ(ઉં.વ.૬૮) તે સ્વ.પ્રભુલાલ ધારશી શેઠના પુત્રવધુ, ભદ્રેશ પ્રભુલાલ શેઠના પત્ની, તન્વીબેન શેઠ(એડવોકેટ)ના માતા તેમજ કેવલભાઈ પુરોહિત(એડવોકેટ)ના સાસુનું તા.૧૮ના રોજ અવસાન થયેલ છે. ઉઠમણુ તા.૨૦ને સોમવારે સાંજે ૫ વાગ્યે, રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ (સી.એમ.શેઠ.પૌષધશાળા), રોયલ પાર્ક, કાલાવડ રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ. ભરતકુમાર તે સ્વ. નટવરલાલ ગગુભાઈ દોશી તથા સ્વ. નિર્મળાબેન નટવરલાલ દોશીના પુત્ર તથા સ્વ. પ્રફુલાબેનના પતિ, શિતલભાઈ, તેજસભાઈ તથા પુનમબેન પંકજભાઈ કોઠારીના પિતાશ્રી તથા સ્વ. નરેન્દ્રભાઈ, નયનભાઈ, રાજુભાઈ, અનુપમાબેન વિજયભાઈ દોશી, મીરાબેન મહેન્દ્રભાઈ કોઠારી, મીનાબેન શશીકાંત ચોતલીયાના મોટાભાઈનું તા.૧૮ને શનિવારના રોજ અવસાન થયેલ છે. ઉઠમણું તા.૨૦ને સોમવારે સાંજે ૫-૩૦ કલાકે પંચનાથ મહાદેવ મંદિર, લીમડા ચોક, પાસે રાજકોટ ખાતે રાખેલ છે.

## રાજકોટ

(છેલ્લા પાનાનું ચાલું)

સ્થાનિક હવામાન કચેરી અનુસાર આજે બપોરે ૨.૩૦ કલાકે તાપમાન ૪૪ ડિગ્રી અને હવામાં ભેજ ૧૭ ટકા રહ્યો હતો તો સાથોસાથ પવનની ઝડપ પણ ૨૪ કિ.મી. પ્રતિ કલાક રહેતા આગ ઝરતી લુ એ પણ અકળાવ્યા હતા.

દરમ્યાન આજરોજ સવારે ૮.૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૩૧ ડિગ્રી રહ્યું હતું તેમજ લઘુતમ તાપમાન ૨૫.૯ ડિગ્રી નોંધાયુ હતું અને સવારે હવામાં ભેજ ૬૩ ટકા, નોંધાયો હતો તથા પવનની સરેરાશ ઝડપ ૮ કિ.મી. રહેવા પામી હતી.

વધુમાં આજે હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ હજુ આવતા પાંચ દિવસ હિટવેવ યથાવત રહેશે અને અમદાવાદ, ગાંધીનગર, ભુજ, રાજકોટ, ભાવનગર, સુરેન્દ્રનગર, જુનાગઢ, પોરબંદર તથા વલસાડમાં ૪૩ થી ૪૪ ડિગ્રી વચ્ચે તાપમાન નોંધાઇ શકે છે.

# જામનગરમાં વધુ એક યુવાનનું હૃદય ધબકારા ચુકયું

જામનગર તા.૧૮:

જામનગરમાં શંકરટેકરી વિસ્તારમાં રહેતાં એક યુવાનને છાતીમાં દુઃખાવો ઉપડ્યા બાદ હાર્ટએટેકના કારણે તેનું મૃત્યુ થયું છે. જેને લઈને મૃત્તકના પરિવારજનોમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

સિટી સી ડિવિઝન પોલીસ મથકેથી આ બનાવની વિગત મુજબ જામનગરમાં શંકરટેકરી નરેરૂનગર શેરી નં.૯માં રહેતાં અને ડ્રાઈવીંગનો ધંધો કરતાં તુલસીભાઈ રમેશભાઈ ચૌહાણ (ઉ.વ.૩૦) નામના યુવાનને છેલ્લા ચાર પાંચ દિવસથી છાતીમાં દુઃખાવો રહેતો હતો. દરમિયાન તેણે જી.જી.હોસ્પિટલમાં સારવાર પણ મેળવી હતી. ત્યારબારદ ગઈકાલે ફરીથી તેની તબિયત લથતાં તેને હોસ્પિટલમાં લઈ જવાયો હતો જ્યાં ફરજ પરના ડોક્ટરને તેને તપાસી હૃદય બંધ પડી જવાના કારણે યુવાનનું મૃત્યું થયાનું જાહેર કર્યું હતું.

આ બનાવ અંગે મૃત્તકની પત્ની પ્રિયાબેન તુલસીભાઈ ચૌહાણએ પોલીને જાણ કરતાં સિટી સી ડિવિઝનના એએસઆઈ ડી.જે.જોષી સહિતનો પોલીસ સ્ટાફ જી.જી.હોસ્પિટલ દોડી ગયો હતો અને તુલસીભાઈના મૃત્તદેહનો કબજો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આગળની તપાસ હાથ ધરી હતી.

## અકસ્માતમાં ઘવાયેલ નાથીબેન સુનરેજાએ સારવારમાં દમ તોડયો

**કુતિયાણા બાયપાસ પાસે કાર અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો: અકસ્માતમાં રિક્ષામાં બેઠેલ વૃદ્ધા ઘવાયાં હતાં**

રાજકોટ તા.૧૮

અકસ્માતમાં ઘવાયેલ નાથીબેન સુનરેજાએ સારવારમાં દમ તોડયો હતો. કુતિયાણા બાયપાસ પાસે કાર અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં રિક્ષામાં બેઠેલ વૃદ્ધા ઘવાયાં હતાં. અને સારવારમાં મોત નિપજ્યું હતું

બનાવની વિગત મુજબ પોરબંદરના કુતિયાણામાં રહેતા નાથીબેન ગોગભાઈ સુનરેજા (ઉ.વ.૭૭) નામનાં વૃદ્ધા ગત તા.૯/૫/૨૦૨૪ ના રોજ સાંજનાં ચારેક વાગ્યાની આસપાસ રિક્ષામાં જતા હતા દરમીયાન કુતિયાણા બાયપાસ પાસે કાર ચાલકે રિક્ષાને અડફેટે લેતાં વૃદ્ધાને ઈજાઓ પહોંચી હતી. બાદ વૃદ્ધાને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં વૃદ્ધાએ દમ તોડી દિધો હતો.


## ઓર્થોપેડિક ડોકટરોની રાહતદરે સેવા

રાજકોટ,તા.૧૮

શ્રી લોહાણા સેવામંડળ ટ્રસ્ટ કનકરોડ, એસ.ટી.સ્ટેશનની પાછળ શ્રી કૃષ્ણ ચિકિત્સાલય ખાતે ઓર્થોપેડીક નિષ્ણાંત ડો.એમ.પી.રાજા દર સોમ,બુધ, ગુરૂ, શનિવારે તેમજ ડો.હિરેનભાઈ કોઠારી દર મંગળ તથા શુક્રવારે સવારે ૯ થી ૧૦ રાહતદરે સેવા આપશે.

## હત્યા કેસમાં આરોપી જામીનમુક્ત

રાજકોટ, તા.૧૮



પરેશ ગળધરીયા એડવોકેટ


આટકોટ દડવા રોડ પર હોટેલ પાસે થયેલ હત્યાના ગુનામાં આરોપીને રેગ્યુલર જામીન પર છોડવાનો હુકમ રાજકોટ સેસન્સ કોર્ટ દ્વારા કરવામાં આવેલ છે.

અત્રેના બનાવની ટૂંકી વિગત એવી છે કે આટકોટ દડવા રોડ પર હત્યાનો બનાવ બનેલ હતો આ બનાવની જાણ થતા આટકોટ પોલીસ દ્વારા બનાવ સ્થળ પર પહોંચી તપાસ કરવામાં આવેલ અને ગુનામાં સંડોવાયેલા અલગ-અલગ તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવેલ. જેમાં આરોપી દિવ્યેશ અજાણી (રહે.મૂળ-રાણાવાવ જિ.પોરબંદર)ની ધરપકડ કરી જેલ હવાલે કરવામાં આવેલ. આરોપીઓ વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ દાખલ થયેલ. જે પછી આરોપી દિવ્યેશ અજાણીએ પોતાના વકીલ મારફતે રેગ્યુલર જામીન અરજી કરતા, વકીલ દ્વારા ધારદાર દલીલ અને રજૂઆત કરવામાં આવેલ તેમજ વડી અદાલત ના ચુકાદાઓ રજુ રાખેલ હતા. સુનાવણીના અંતે તમામ પુરાવાઓ અને દલીલને ધ્યાને લઈ સેસન્સ કોર્ટ દ્વારા આરોપી દિવ્યેશ અજાણીને રેગ્યુલર જામીન પર છોડવાનો હુકમ ફરમાવવામાં આવેલ હતો. આ કેસમાં આરોપી વતી રાજકોટ ના યુવા ધારાશાસ્ત્રી પરેશ વિ.ગળધરીયા, સંજય એમ.ડાંગર, વિજય જે. ધમ્મર, સાગર એન.મેતા, મહેશ એલ.સોનારા રોકાયેલા હતા.

## એસટી બસના વ્હિલ નીચે પેસેન્જર વિદ્યાર્થીનો પગ કચડી નાખ્યાના ગુનામાં ચાલકને ૬ માસની કેદની સજા

**હલેન્ડા ગામથી બીસીએ વિદ્યાર્થી તેજસભાઈ બરવાળીયા રાજકોટ ખાતે કોલેજ આવવા બસમાં ચડે તે પહેલાં જ ચાલકે બસ હંકારી મુકતા અકસ્માત સર્જાયો હતો**

રાજકોટ, તા.૧૮



સરકારી વકીલ પૂજાબેન જોશી

એસટી બસ ચાલકે બેદરકારી દાખવી પેસેન્જર વિદ્યાર્થીનો પગ કચડી નાખ્યાના ગુનામાં બસ ચાલક ઝાલાભાઈ તેજાભાઈ બાંભવા (રહે. જસદણ)ને રાજકોટની કોર્ટે ૬ માસની સજા ફટકારી છે.

કેસની વિગત મુજબ, ફરીયાદી હલેન્ડાના તેજસભાઈ તુલસીભાઈ બરવાળીયાએ જણાવ્યું હતું કે, તેઓ રાજકોટમાં બીસીએનો અભ્યાસ કરતા હોય, ગઈ તા.૯/૯/૨૧ ના રોજ કોલેજ જવા હલેન્ડાના બસ સ્ટોપ ખાતે જસદણ - રાજકોટ લોકલ એસ.ટી.બસમાં ચડતા હતા ત્યારે એસ.ટી.બસના ચાલકે બસ ચાલુ કરી દીધેલી. જેથી તેઓનો ડાબો પગ આ બસના ટાયર હેઠળ કચડાઈ ગયેલ. તેઓને સારવાર માટે જી.ટી.શેઠ હોસ્પિટલમાં લઈ ગયેલા. વધુ સારવાર માટે દોશી હોસ્પિટલ ત્યાંથી, મંગલમ હોસ્પિટલમાં ઓપરેશન કરવામાં આવેલ. આજીડેમ પોલીસે ફરીયાદ નોંધી કાર્યવાહી કરી હતી. કેસ ચાલતા સરકાર પક્ષે થયેલી દલીલો અને રજૂ રાખેલ વિવિધ ચુકાદા ધ્યાને લઇ બીજા એડી. જયુડી. મેજી. ફ.ક.એ આરોપી ઝાલાભાઈ બાંભવાને તકસીરવાન ઠેરવી, ૬ માસની સાદી કેદની સજા અને રૂ.૧૦૦૦નો દંડ ફટકાર્યો છે. આ કેસમાં સરકાર પક્ષે મદદનીશ સરકારી વકીલ પૂજાબેન જોશી રોકાયેલા હતા.

# યુપીમાં મોદીની સુરક્ષામાં મોટી ચૂકઃ શંકાસ્પદ યુવક પીએમની કોટેજમાં ઘુસી ગયો

## યુવક પાસેથી ગૃહ મંત્રાલયનું બોગસ કાર્ડ મળ્યુંઃ યુવાન ભાજપના નેતાનો જ ભાઈ હોવાનો ખુલાસો



ફતેહપુર (ઉત્તર પ્રદેશ), તા.૧૮

અત્રે વડાપ્રધાન મોદીની સુરક્ષામાં મોટી ચૂક બહાર આવતા હડકંપ મચી ગયો હતો. પીએમ મોદી માટે બનાવેલી એક કોટેજમાં સુરક્ષાનો ઘેરા તોડીને એક યુવક પહોંચી ગયો હતો જેને એસપીજીએ ઝડપી પાડયો હતો અને યુવક પાસેથી ગૃહ મંત્રાલયનું બોગસ કાર્ડ મળી આવ્યું હતું.


આ અંગે વધુમાં જાણવા મળતી વિગત ફતેહપુર લોકસભા સીટ પર પાંચમા ચરણનું વોટીંગ ૨૦મી મેએ થનાર છે. શુક્રવારે વડાપ્રધાન મોદી અહીં આયોજિત જનસભામાં પહોંચ્યા હતા.

શુક્રવારે બપોરે વડાપ્રધાન મોદી ફતેહપુરમાં આયોજિત એક જનસભામાં પહોંચ્યા હતા. જ્યાં પીએમ મોદી માટે બનાવવામાં આવેક એક કોટેજમાં એક યુવક સુરક્ષાનો ઘેરો તોડીને અનઅધિકૃત રીતે ઘુસતા અફડાતફડી મચી ગઇ હતી. જો કે વડાપ્રધાનની સુરક્ષામાં તૈનાત કમાન્ડોની નજરથી યુવક બચી નહોતો શકયો અને યુવકને એસપીજી કમાન્ડોએ પકડી પોલીસને સોંપ્યો હતો.

પોલીસે યુવકની તલાશી લેતા તેની પાસેથી ગૃહ મંત્રાલયનું બોગસ કાર્ડ પણ મળ્યું હતું. એવું પણ બહાર આવ્યું છે કે આ સંદિગ્ધ યુવક ભાજપના જ કોઇ નેતાનો ભાઇ છે. આ પહેલા પણ આ યુવક ભાજપના કાર્યક્રમોમાં અધિકારીઓ પર રોફ જમાવી ચૂક્યો છે. જો કે કોઇ શંકાસ્પદ મામલો બહાર ન આવતા ચેતવણી આપી યુવકને છોડી મુકાયો હતો.

# નોર્થ કોરિયાએ વધુ એક બેલેસ્ટિક મિસાઈલનું સફળ પરિક્ષણ કર્યુ

## આ પરિક્ષણથી પડોશી દેશોની સુરક્ષાને અસર નહીં, દેશની સુરક્ષા મજબૂત કરવાનું અભિયાનઃ નોર્થ કોરિયા



પ્યોંગયાંગ (ઉત્તર કોરિયા) તા.૧૮

રાષ્ટ્રપતિ કિમ ઉન જોંગે ફરી એકવાર દેશની પરમાણુ શક્તિને વધુ મજબૂત કરવા બેલેસ્ટિડ મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. એક નવી ઓટોનોમસ નેવિગેશન સિસ્ટમના ચોકકસ હોવા અને વિશ્વસનીયતાનું આકલન કરવાના મિશન પર પુર્વી સાગર એટલે કે જાપાન સાગરમાં તેનું સફળ પરિક્ષણ કરવામાં આવ્યું હતું જેને લઈને રાષ્ટ્રપતિ કિમ ઉન જોંગે ખુશી દર્શાવી હતી. દક્ષિણ કોરિયાની સરકારે શુક્રવારે મિસાઈલ પ્રક્ષેપણની જાણકારી હતી તેનું કહેવું હતું કે ઉત્તર કોરિયાએ ઓછા અંતરની અનેક શંકાસ્પદ બેલેસ્ટીક મિસાઈલો છોડી છે. ઉત્તર કોરિયાએ એ પણ જાહેરાત કરી હતી કે આ પરીક્ષણથી કોઈપણ પડોશી દેશોની સુરક્ષાને અસર નથી થઈ અને તેનું ક્ષેત્રીય સ્થિતિ સાથે કંઈ લેવા-દેવા નથી. આ અમારા દેશની સુરક્ષા મજબૂત કરવાનું અભિયાન છે.

# વડોદરામાં જબરો વિરોધ થતાં સ્માર્ટ મીટરની કામગીરી બંધ

## સ્માર્ટ મીટરમાં વધુબીલ આવતા ગ્રાહકોનાં દેખાવો શરૂઃ એમજીવીએલ તંત્રએ ૨૭ ગ્રાહકો ત્યાં મીટર લગાવવાનું માંડી વાળ્યું



વડોદરા,તા.૧૮

સમગ્ર ગુજરાત-સૌરાષ્ટ્રમાં પીજીવીસીએલ અને એમજીવીસીએલ દ્વારા વીજ ગ્રાહકોનાં રનીંગ મીટર ઉતારી સ્માર્ટ મીટર ફીટ કરવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે સ્માર્ટ મીટરમાં વધુ રીડીંગ અને વધુ નાણાંની ફરિયાદો ઉઠી છે.તેવા સમયે વડોદરામાં એક સોસાયટી સ્થળે જબરો વિરોધ થતાં એમજીવીસીએલ દ્વારા સ્માર્ટ મીટર નહીં લગાડવાનો નિર્ણય લીધો છે.વડોદરામાં સ્માર્ટ મીટર ફીટ કરવાની કામગીરી સામે ઠેર-ઠેર વિરોધ ઉઠતા એમજીવીસીએલ દ્વારા સ્માર્ટ મીટર લગાવવાની કામગીરીને થંભાવી દેવામાં આવી છે.સ્માર્ટ મીટરમાં આડે ધડ નાણા કપાતા હોવાની બુમ ઉઠતા સમગ્ર વડોદરા શહેરના વીજ ગ્રાહકોમાં આક્રોશ ફેલાયો છે.એમજીવીસીએલ દ્વારા આજે ૨૭ જેટલા ગ્રાહકોને ત્યાં સ્માર્ટ મીટર લગાવવાનું મોડી સ્માર્ટ મીટર લગાવવાની કામગીરીને બ્રેક કરી દીધી છે.જે ગ્રાહકોની ફરિયાદ હશે ત્યાં તેનું નિરાકરણ કરવામાં આવશે હાલ સ્માર્ટ મીટર પ્રોજેકટને થંભાવી સામેથી માંગણી કરનારને ત્યાં સ્માર્ટ મીટર લગાડવા નિર્ણય લીધો છે. સ્માર્ટ મીટર સામેનો જબરા વિરોધ કરનાર વડોદરા શહેરનાં ગ્રાહકોને હાલ રાહત મળી છે.

# ચૂંટણી બાદ રાજયમાં ઈન્કમટેકસ ત્રાટકયુંઃ અમદાવાદ-વડોદરામાં ૨૭ સ્થળે દરોડા

## કન્સ્ટ્રકશન અને કોન્ટ્રાકટર ખુરાના ગ્રુપ પર તવાઈઃ લાંબા સમયે ફરી આવકવેરાની કાર્યવાહીથી ફફડાટ




રાજકોટ તા.૧૮

રાજયમાં આજે લાંબા સમય બાદ આવકવેરા વિભાગે દરોડોનો દૌર શરૂ કર્યો છે. વડોદરામાં સરકારી કોન્ટ્રાકટર અને અમદાવાદના કન્સ્ટ્રકશન ગ્રુપ પર દરોડામાં મોટી રકમના બેનંબરી વ્યવહારો બહાર આવે એવી શકયતા છે.

ચુંટણી પુરી થતા આવકવેરા વિભાગે ધીમી ગતિએ કરચોરી પકડવા કાર્યવાહી શરૂ કરી છે. વડોદરાના સરકારી કોન્ટ્રાકટર ગ્રુપના અશોક ખુરાના અને કંપનીના ભાગીદારોને ત્યાં આજે સવારે દરોડા શરૂ કરવામાં આવ્યા છે તો અમદાવાદમાં માધવ કન્સ્ટ્રકશન ગ્રુપને ત્યાં દરોડાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

માધવ કંપનીના સુધીર ખુરાના, વિક્રમ ખુરાના અને આશિષ ખુરાનાને ત્યાં ઈન્કમટેકસ વિભાગની તપાસ ચાલુ છે. અમદાવાદ અને વડોદરા શહેરમાં એક સાથે ૨૭ સ્થળે દરોડાની કાર્યવાહી ચાલુ છે જે તપાસમાં મોટા પાયે બેનામી વ્યવહારો બહાર આવે એવી સંભાવના છે.

# કિર્ગીઝસ્તાનમાં ત્રણ પાકિસ્તાની છાત્રોનું મોબ લીંચીંગઃ ભારતીય છાત્રોને બહાર ન નીકળવા વિદેશમંત્રીની સૂચના

## રાજધાની બિશ્કેકમાં સ્થાનિક અને વિદેશી છાત્રો વચ્ચે અથડામણ દરમિયાન હત્યાની ઘટના બનીઃ પાક. છાત્રોના મોત પર પાકિસ્તાનના પીએમે ચિંતા વ્યક્ત કરી



નવી દિલ્હી તા.૧૮

કિર્ગીઝસ્તાનની રાજધાની બિશ્કેકમાં સ્થાનિક અને વિદેશી છાત્રો વચ્ચે અથડામણ થતા આ હિંસામાં ત્રણ પાકિસ્તાનીઓના મોત થતા આ મામલે ભારતના વિદેશમંત્રી એસ.જયશંકરે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે આ મામલે ભારત એલર્ટ છે અને તેમણે જણાવ્યું હતું કે આ બનાવના અનુસંધાને બિશ્કોકમાં ભારતીય છાત્રો પર નજર રખાઈ રહી છે. જો કે પરીસ્થિતિ હાલ શાંત છે. છાત્રોને ભારતીય દૂતાવાસ સાથે સંપર્કમાં રહેવાનું અને તેમને તેમના નિવાસે જ રહેવાનું અને બહાર ન નીકળવાની સલાહ અપાઈ છે. કોઈપણ સમસ્યા હોય તો ભારતીય છાત્રોને દૂતાવાસનો સંપર્ક કરવા સૂચના અપાઈ છે.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ ૧૩ મે ના રોજ કિર્ગીઝ છાત્રો અને મિસ્રના મેડીકલ છાત્રો વચ્ચે મારામારી થઈ હતી. આ હિંસામાં પાકિસ્તાનના ત્રણ છાત્રોના મોત નિપજયા હતા.

પાકિસ્તાનના ત્રણ છાત્રોની હત્યા થતા આ મામલે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે ચિંતા વ્યક્ત કરી છે તેમણે જણાવ્યું હતું કે મેં પાકિસ્તાની રાજદૂતને જરૂરી મદદ અને સહાયતા પ્રદાન કરવાના નિર્દેશ આપી દીધા છે. મારું કાર્યાલય પણ દૂતાવાસના સંપર્કમાં છે અને સ્થિતિ પર નજર રાખી રહ્યું છે.

# વિજ ફોલ્ટ સર્જાયો છે? વિજતંત્રે ફરિયાદ માટે તમામ ડીવીઝનના નંબર જાહેર કર્યા

રાજકોટ, તા.૧૮

ઉનાળામાં આંધી સાથે માવઠા વરસી રહ્યા છે ઉપરાંત ચોમાસુ પણ નજીક છે. વરસાદી માહોલમાં વિજ સપ્લાય ખોરવાના કિસ્સા બનતા હોય છે. વિજ તંત્રને લગતી ફરિયાદો માટે પીજીવીસીએલ દ્વારા કસ્ટમર કેર સહિત ડીવીઝનોના પણ નંબર જાહેર કરવામાં આવ્યા છે.

| | |
|---|---|
| કસ્ટમર કેર સેન્ટર નં. | ૧૮૦૦૨૩૩ ૧૫૫૩૩૩ / ૧૯૧૨૨ |
| વોટસએપ નં. | ૯૫૧૨૦ ૧૯૧૨૨ |
| પ્રહલાદપ્લોટ સબ ડીવીઝન | ૯૬૮૭૬૩૩૬૯૨ |
| મીલપરા સબ ડીવીઝન | ૯૬૮૭૬૩૩૭૧૩ |
| કોઠારીયારોડ સબ ડીવીઝન | ૯૬૮૭૬૩૩૭૧૫ |
| સોરઠીયાવાડી સબ ડીવીઝન | ૯૬૮૭૬૩૩૭૧૮ |
| આજી-૧ સબ ડીવીઝન | ૯૯૨૫૨૦૯૭૬૮ |
| રણછોડનગર સબ ડીવીઝન | ૯૬૮૭૬૩૩૭૧૭ |
| આજી-ઈન્ડ. સબ ડીવીઝન | ૯૬૮૭૬૩૩૭૧૪ |
| મોરબી રોડ સબ ડીવીઝન | ૬૩૫૭૩૨૭૩૪૮ |
| બેડીનાકા સબ ડીવીઝન | ૯૯૨૫૨૦૯૭૭૭ |
| લક્ષ્મીનગર સબ ડીવીઝન | ૯૯૨૫૨૦૯૭૮૬ |
| મહિલા કોલેજ સબ ડીવીઝન | ૯૯૨૫૨૦૯૭૮૦ |
| પ્રધુમનનગર સબ ડીવીઝન | ૯૯૨૫૨૦૯૭૮૨ |
| ઉદ્યોગનગર સબ ડીવીઝન | ૯૯૨૫૨૦૯૭૭૯ |
| માધાપર સબ ડીવીઝન | ૯૯૨૫૨૦૯૭૬૧ |
| રૈયારોડ સબ ડીવીઝન | ૯૦૯૯૯૦૪૭૭૦ |
| કાલાવડ રોડ સબ ડીવીઝન | ૯૯૨૫૨૦૯૭૮૧ |
| મવડી રોડ સબ ડીવીઝન | ૯૯૨૫૨૦૯૭૭૩ |
| વાવડી સબ ડીવીઝન | ૯૯૨૫૨૦૯૭૬૫ |
| નાનામવા સબ ડીવીઝન | ૯૯૨૫૨૦૯૭૮૩ |
| ખોખડદળ સબ ડીવીઝન | ૬૩૫૭૦૮૪૮૬૮ |
| મોટામવા સબ ડીવીઝન | ૬૩૫૭૩૭૩૪૧૬ |

# આ ઉનાળામાં એ.સી.ની ભયંકર માંગને કારણે કંપનીઓ પાસે માલ ખલાસ!!

## વિક્રમી વેચાણ, પુરવઠા કરતા વધુ માંગને કારણે સમસ્યા ઘણી વધીઃ કેટલાક મોડેલ માટે કંઈપણ કિંમત આપવા ગ્રાહકો તૈયાર



દેશમાં ગરમી આકરી બની રહી છે. આવી સ્થિતિમાં એર કંડીશન કંપનીઓ માંગને જોતા મહેનત કરી રહી છે. કારણ કે ઉત્પાદન કરતાં માંગ ઘણી વધારે છે. ઘણી કંપનીઓ કેટલાક મોડલમાં અછતનો સામનો કરી રહી છે. વોલ્ટાસ, ડાઈકિન અને બ્લુ સ્ટાર જેવી એર કંડીશનર ઉત્પાદકોનું કહેવું છે કે છેલ્લા દોઢ મહિનાથી ચાલી રહેલી ગરમીના મોજાને કારણે માંગમાં ભારે વધારો થયો છે. આ કારણે બજારોમાં ઉત્પાદનોમાં ચોકક મોડલની અછત છે. સમગ્ર દેશમાં વેચાણ વધી રહ્યું છે. જેના કારણે ઉત્પાદનની અછત વધુ વધવાની સંભાવના છે. કંપનીઓનું કહેવું છે કે તેને કારણે ઉદ્યોગને વેચાણમાં લગભગ ૪-૫ લાખ યુનીટનું નુકસાન થઈ શકે છે અથવા ૧૨૦૦-૧૫૦૦ કરોડ રૂપિયાનું સંભવિત બિઝનેસ નુકશાન થઈ શકે છે.

હકીકતમાં, માર્ચના અંતથી, દક્ષિણ અને પુર્વમાં લાંબા સમય સુધી ગરમીનું મોજું અને પશ્ચિમમાં સરેરાશ કરતાં વધુ તાપમાને એસીના વેચાણને આ વર્ષે રેકોર્ડ સ્તરે ધકેલી દીધું. નવા ઉત્પાદન અંગે કંપનીઓનું કહેવું છે કે સ્પેરપાર્ટ સપ્લાય કરવામાં લગભગ બે મહિનાનો સમય લાગે છે. એસી અને કેટલાક સ્પેરપાર્ટસની આયાત પર પ્રતિબંધ છે. આવી સ્થિતિમાં કંપનીઓનું કહેવું છે કે સપ્લાય વધારવો શકય નથી.

ડાઈકિન ઈન્ડિયાના એમડી કહે છે કે હાલમાં ભયંકર માંગની સ્થિતિ છે. ઉનાળા માટે ઉદ્યોગ દ્વારા કરવામાં આવેલા આયોજન કરતાં બજારની માંગ ઘણી વધારે છે. કેટલીક કંપનીઓ કેટલાક મોડલમાં અછતનો સામનો કરી રહી છે. વોલ્ટાસના મેનેજીંગ ડીરેકટરે જણાવ્યું હતું કે જો સ્ટોક ઓછામાં ઓછો ૨૦% વધુ વેચી શકયો હોત. આયાત પર પ્રતિબંધ છે. કંપનીઓ ગેસ ભરેલા એસીની આયાત કરી શકતી નથી. આનો અર્થ એ થયો કે ગેસના યુનિટ દીઠ ચાર્જીંગ પર ૨૦૦૦-૩૦૦૦ રૂપિયા ખર્ચમાં પડશે. કંપનીઓ આ માટે તૈયાર નથી. તે જ સમયે, સ્થાનિક સ્તરે કોન્ટ્રાકટ પર કામ કરતા ઉત્પાદકો આ માંગના પુરવઠાના તફાવતને ભરવા માટે તૈયાર નથી. ઉતરમાં વેચાણમાં વધારો થયો છે અને ઉત્પાદકો ચોકકસ મોડલ્સની અછતનો સામનો કરી રહ્યા છે. જો કે, ભારે ગરમીની સ્થિતિમાં, ગ્રાહકો કોઈપણ ભોગે ખરીદવા માટે તૈયાર છે.

# સ્વાતિ માલીવાલ કેસઃ કેજરીવાલના પીએ બિભવકુમારની સીએમ નિવાસેથી જ ધરપકડ

## વકિલોને પોલીસ સ્ટેશન પ્રવેશ કરતા રોકાયા, જબરી માથાકુટઃ સરકારના ઈશારે કાર્યવાહી થતી હોવાનો આરોપ



નવીદિલ્હી તા.૧૮

આમ આદમી પાર્ટીની રાજયસભા સાંસદ સ્વાતિ માલીવાલની સાથે દુર્વ્યવહારના કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના અંગત સચિવ બિભવ કુમારની પોલીસે સીએમના નિવાસે ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર બિભવ કુમારને સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશને લઈ જવામાં આવ્યા છે. જયાં તેમની પુછપરછ કરવામાં આવશે. પોલીસ પૂછપરછમાં માહિતી મેળવ્યા કે કેસ દાખલ થયા બાદ તે મુખ્યમંત્રીના આવાસમાં જ હતા કે બીજે કયાંય છુપાઈ ગયા હતા.

**બિભવ કુમારના વકીલોની પોલીસ સ્ટેશનમાં ધકકામુકી**

બિભવ કુમારની ધરપકડ બાદ પોલીસે બિભવ કુમારના વકીલોને પોલીસ સ્ટેશનમાં પ્રવેશવા નહોતા દીધા. આ દરમિયાન વકીલો અને પોલીસ વચ્ચે ધકકામુકકી પણ થઈ હતી. તેમના વડીલ સંજીવે કહ્યું હતું કે પોલીસ અમને અંદર નથી જવા દેતી. પોલીસ કોઈના ઈશારે કામ કરી રહી છે. હજુ સુધી અમને એફઆઈઆરની કોપી આપવામાં નથી આવી કોઈ નોટિસ વિના બિભવની ધરપકડ કરી છે જે ખોટું છે.

બિભવ કુમારના વકીલ કરણ શર્માએ જણાવ્યું હતું કે અમે પોલીસને તપાસમાં સહયોગ કરવા તૈયાર છીએ. દિલ્હી પોલીસ પણ અમારી ફરિયાદને ધ્યાનમાં લે.

**આતિશીએ પોલીસ પર ઉઠાવ્યા સવાલ**

દિલ્હીની મંત્રી આતિશીએ ઘટનાઓને લઈને પોલીસ પર સવાલ ઉઠાવ્યા છે. તેણે કહ્યું હતું કે બિભવ કુમારજીએ ૨૪ કલાક પહેલા દિલ્હી પોલીસમાં ફરિયાદ કરી હતી, પણ હજુ સુધી દિલ્હી પોલીસે એફઆઈઆર નથી નોંધી. માલીવાલ મામલે પોલીસ તુરત સક્રિય થઈ જાય છે. જયારે સીએમની સુરક્ષા મુદ્દે પોલીસ ચૂપ છે.

# સ્વાતિ માલીવાલના મેડિકલ રિપોર્ટમાં ઈજાનો ખુલાસો

નવી દિલ્હી:

આમ આદમી પાર્ટીના રાજયસભા સાંસદ સ્વાતિ માલીવાલની મારપીટના કેસમાં એમ્સમાં થયેલી તેમના એમએલસી રિપોર્ટમાં મોટો ખુલાસો થયો છે. રિપોર્ટમાં સ્વાતિ માલીવાલને કયાં કયાં ઈજા થયેલી છે તેનો ખુલાસો થયો છે. જે મુજબ માલીવાલના ડાબા પગના સાથળ પર અને જમણી આંખ નીચે ગાલ પર ઈજાના નિશાન જોવા મળ્યા છે.

# ‘આપ’ એ માલીવાલનો વધુ એક વિડીયો પોસ્ટ કરી લખ્યું- આ છે અસલિયત

## વિડીયોમાં સ્વાતિ માલીવાલને એક મહિલા સુરક્ષા કર્મી બહાર લઈ જતી દેખાય છે



નવી દિલ્હી તા.૧૮

આમ આદમી પાર્ટીની રાજયસભા સાંસદ અને દિલ્હી મહિલા આયોગની પુર્વ અધ્યક્ષ સ્વાતિ માલીવાલે સીએમ હાઉસમાં તેની સાથે થયેલા દુર્વ્યવહારના આરોપો લગાવ્યા છે તેમાં અનેક વળાંકો આવી રહ્યા છે. જેને લઈને આમ આદમી પાર્ટીએ પોતાના અધિકૃત એકાઉન્ટ પર વધુ એક નવો વિડીયો જાહેર કર્યો છે, જેમાં સ્વાતિને એક મહિલા સુરક્ષાકર્મી બહાર લઈ જતી જોવા મળે છે. આ વિડીયો સીસીટીવી ફુટેજ છે અને ૧૩ મે નો બનાવવામાં આવી રહ્યો છે. ફુટેજમાં સમય પણ જોઈ શકાય છે. આ વિડીયોમાં જોઈ શકાય છે કે સ્વાતિ માલીવાલનો મહિલા સુરક્ષા કર્મી સીએમ આવાસની બહાર લઈ જઈ રહી છે. આ વિડીયો પોસ્ટ કરીને તેણે લખ્યું છે કે સ્વાતિ માલીવાલના આરોપોની અસલિયત ઉજાગર કરી રહ્યો છે આ વિડીયો.

# હાર્દિક પંડ્યાને બેવડો ફટકોઃ હાર થવા ઉપરાંત એક મેચ માટે સસ્પેન્ડ-૩૦ લાખનો દંડ

## ત્રીજીવાર સ્લો ઓવર રેટમાં દોષિત જાહેરઃ ટીમના અન્ય ખેલાડીઓને પણ ૧૨-૧૨ લાખનો દંડ



મુંબઇ, તા.૧૮

પાંચ વખતની ચેમ્પિયન મુંબઇ ઇન્ડિયન્સને ઇન્ડિયન પ્રિમિયર લીગ (આઇપીએલ) ૨૦૨૪ના અંતિમ દોરના લીગ મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સ સામે ૧૮ રને હાર મળી છે. આ હારની સાથે સાથે ટીમના કેપ્ટન હાર્દિક પંડ્યા પર જાણે પસ્તાળ પડી છે. હાર્દિક પંડ્યા પર ભારેખમ ૩૦ લાખ રૂપિયાનો દંડ ફટકારાયો છે અને તેને આગામી એક મેચ રમવા માટે સસ્પેન્ડ પણ કરાયો છે. હાર્દિક પર આ પસ્તાળ એટલા માટે પડી છે કે આ સીઝનમાં તે સતત ત્રીજીવાર સ્લો ઓવર રેટમાં દોષી જાહેર થયો હતો.

આઇપીએલના નિયમોના ભંગમાં તેમની ટીમનો સીઝનનો આ ત્રીજો મામલો હતો. એટલે હાર્દિક પંડ્યા પર ૩૦ લાખ રૂપિયાનો દંડ ફટકારાયો હતો. અને તેને ટીમિના આગામી મેચમાં રમવા માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. આટલું જ નહીં બ્કી ખેલાડીઓ અને ઇમ્પેક્ટ પ્લેયર પર પણ દંડ લગાડવામાં આવ્યો છે. દરેક ખેલાડી પર ૧૨ લાખનો દંડ લગાવવામાં આવ્યો છે અથવા તો તેમની મેચ ફીના ૫૦ ટકા જે ઓછા હોય તે દંડ લાગશે.

ઉલ્લેખનીય છે કે મુંબઇના વાનખેડે સ્ટેન્ડિયમમાં રમાયેલ આ મેચમાં મુંબઇ ઇન્ડિયન્સને લખનૌ સુપર જાયન્ટ્સ સામે ૧૮ રને આઘાતજનક હાર મળી હતી.

આ રીતે મુંબઇની ટીમની સફર આઇપીએલનો ૧૭મી સીઝનમાં હારની સાથે ખતમ થઇ છે. આ સીઝનમાં મુંબઇ ઇન્ડિયન્સને ૧૪ મેચોમાંથી માત્ર ૪ મેચોમાં જ જીત મળી હતી તે પોઇન્ટ ટેબલમાં અંતિમ સ્થાને હતી. આ સીઝનમાં મુંબઇ પહેલી ટીમ હતી જે પ્લે ઓફ રેસની બહાર થઇ હતી.

# પ્લે-ઓફ માટે બાકીના એક સ્થાન માટે ચેમ્પિયન અને ચેલેન્જર માટે આજે છેલ્લી તક



બેંગ્લુરૂ તા.૧૮

આઈપીએલ ૨૦૨૪ માં પ્લે-ઓફની અંતિમ ૪થી ટીમ માટે આજે બેંગ્લુરૂમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને પાંચ વખતની ચેમ્પીયન ચેન્નાઈ સુપરકીંગ્સ વચ્ચે ખૂબ જ મહત્વપૂર્ણ મેચ રમાશે.જોકે આજનાં મુકાબલામાં વરસાદ વિધ્ન બને તેવો પણ ખતરો તોળાઈ રહ્યો છે.

વર્તમાન ટુર્નામેન્ટમાં ખરાબ શરૂઆત બાદ આરસીબીની ટીમ ફરી ફોર્મમાં આવી ગઈ છે તેણે છેલ્લી પાંચ મેચ જીતી છે હવે તેમને નોકઆઉટમાં પહોંચવા માટે તેમની અંતિમ ગ્રુપ મેચ ચેન્નાઈને હરાવવી પડશે.

ગત શુક્રવારે હૈદરાબાદ અને ગુજરાત ટાઈટન વચ્ચે મેચ ધોવાઈ ગયા બાદ કોલકતા નાઈટ રાઈડર્સ અને રાજસ્થાન પછી સનરાઈઝર્સ પ્લે ઓફમાં પહોંચનારી ત્રીજી ટીમ બની છે.આરસીબી અત્યારે શાનદાર ફોર્મમાં છે. છ મેચની હારનો સીલસીલો તોડયા બાદ તેણે સતત પાંચ જીત નોંધાવી છે.વિરાટ કોહલી શાનદાર ફોર્મમાં છે અને તેને છેલ્લી પાંચ મેચમાં અડધી સદી ફટકારી છે.જોકે મહત્વની વાત એ છે કે કેપ્ટન ડુપ્લીસીસ પાસેથી સારી ઈનીંગ્સની અપેક્ષા આજે રાખવામાં આવશે.કારણ કે છેલ્લી બે મેચમાં ડુપ્લેસીસ ડબલ ફીગર સુધી પહોંચી શકયો નથી.

રજત પાટીદાર અને કેમરૂન ગ્રીન મીડલ ઓર્ડરમાં સારૂ રમી રહ્યા છે.મહિપાલ લોમશેર અને દિનેશ કાર્તિક પણ ચેન્નાસ્વામી સ્ટેડીયમની વિકેટનો લાભ લેવા ઈચ્છે છે.

આરસીબીના બોલર દયાલે આ સીઝનમા સૌથી વધુ વિકેટ લીધી છે.ફર્ગ્યુસન મોહમ્મદ સીરાઝ, ગ્રીન અને સ્વપ્નપીલસિંધને આજે પડકારનો સામનો કરવો પડશે.

**સુપરકીંગનાં ઉતાર-ચઢાવઃ**

સુપરકીંગની ટીમનું આ સીઝનમાં મિશ્ર પ્રદર્શન રહ્યું છે જેને કારણે તેઓ પ્લેઓફમાં પહોંચવા માટે સંઘર્ષ કરી રહ્યા છે કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે આ સીઝનમાં ચેન્નાઈ માટે સૌથી વધુ રન બનાવ્યા છે અને તે આજે જો સારૂ રમશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.ન્યુઝીલેન્ડનાં ઓપનર રચીત રવિન્દ્રે આ સીઝનમાં ખૂબ જ સારી ઈનીંગ્સ રમી છે. છેલ્લી ચાર ઈનીંગ્સમાં નિષ્ફળ રહેલ શીવમ દુબેએ આજે સારૂ પ્રદર્શન કરવાની જરૂર છે.

**આરસીબી માટે કઠીન ચુનૌતીઃ**

સારી રનરેટને કારણે ચેન્નાઈ માટે આ મેચ જીતવાની તક વધુ છે. આ મેદાન ઉપર તેઓ આઠ મેચો રમ્યા છે જેમાં એકજ વાર આરસીબીની હાર થઈ છે.મૌસમ વિભાગે આજે બેંગ્લુરૂમાં વરસાદની ભવિષ્યવાણી કરી છે અને જો વરસાદને કારણે મેચ ન રમાય તો ચેન્નાઈ પ્લે-ઓફમાં આવી શકશે.જયારે આરસીબીને આ મેચ કમ-સે કમ ૧૮ રનથી અને ૧૧ દડા બાકી હોય ત્યારે જીત મેળવવી જરૂરી છે.

આઈપીએલની કારકીર્દીમાં રોયલ ચેલેન્જર્સ અને ચેન્નાઈ સુપરકીંગ્સ વચ્ચે કુલ ૩૨ મેચ રમાયા છે જેમાં આરસીબી ૨૧ અને ચેન્નાઈ સુપરકીંગ્સે ૧૦ મેચ જીત્યા છે જયારે એક મેચનું રીઝલ્ટ આવેલ નથી.

આ સીઝનમાં ધોનીની સ્ટ્રાઈક રેઈટ ૨૨૬.૬૬ રહ્યું છે જેને ૧૩ મેચમાં ૧૩૬ રન બનાવ્યા છે.

### દિલ્હીના નજફગઢમાં ૪૭.૪ ડીગ્રી સાથે દેશનું સર્વાધિક તાપમાન

# ભીષણ ગરમીનો ૧૪ વર્ષનો રેકોર્ડ તૂટયોઃ હજુ પાંચ દિવસ બળબળતો તાપ વરસશે

### હરિયાણાના સિરસામાં ૪૭.૧ ડિગ્રી સેલ્સીયસે ગરમીનો પારો પહોંચ્યોઃ પશ્ચિમ રાજસ્થાનમાં લૂને લઈને રેડ એલર્ટઃ ગુજરાત સહિત હરિયાણા, પંજાબ, દિલ્હી, બિહારમાં ઓરેંજ એલર્ટ જાહેર



નવી દિલ્હી તા.૧૮

ઉતર પશ્ચિમ ભારતના મોટાભાગના વિસ્તારો પ્રચંડ ગરમીની ઝપટમાં આવી ગયા છે. આકાશમાંથી દઝાડી નાખતી આગ વરસી રહી છે. શુક્રવારે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના નઝફગઢમાં અધિકતમ તાપમાન અધધધ ૪૭.૪ ડીગ્રી સેલ્સીયસ નોંધાયુ હતું, જે દેશનું સર્વાધિક તાપમાન હતું.

૧૪ વર્ષ બાદ દિલ્હીમાં ૧૭ મે એ એટલે કે ગઈકાલે રેકોર્ડબ્રેક ગરમી પડી હતી તો હરિયાણાના સિરસામાં પણ ગરમીનો પારો ૪૭.૧ ડીગ્રી સેલ્સીયસ પર પહોંચી ગયું છે. હાલ તો કમ સે કમ પાંચ દિવસ ભીષણ ગરમીથી રાહત મળનાર નથી.

હવામાન વિભાગે ઉતર-પશ્ચિમ ભારતના મેદાની વિસ્તાર અને પુર્વી અને મધ્ય ભારતમાં આગામી પાંચ દિવસ ભીષણ લુનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. એથી ઉલટું દક્ષિણ ભારતના મોટાભાગના વિસ્તારોમાં ૨૩ મે સુધી વાવાઝોડાની સાથે ભારે વરસાદની આશંકા છે. હવામાન વિભાગના અનુસાર રાજસ્થાનમાં ૧૯, હરિયાણામાં ૧૮, દિલ્હીમાં ૮ અને પંજાબમાં બે જગ્યાએ ગરમીનો પારો ૪૫ ડીગ્રીને પાર કરી ગયો છે.

રેડ-ઓરેન્જ એલર્ટઃ હવામાન વિભાગે પશ્ચિમ રાજસ્થાનમાં અતિ ગંભીર લૂને લઈને રેડ એલર્ટ જાહેર કર્યો છે. હરિયાણા, પંજાબ, પુર્વી રાજસ્થાન, દિલ્હી, બિહાર અને ગુજરાતમાં ગંભીર લૂને લઈને ઓરેંજ એલર્ટ પણ જાહેર કરાયો છે. સાથે સાથે જ નવજાત બાળકો, વૃદ્ધો, જૂના રોગોના દર્દીઓ-નબળા લોકોની સારસંભાળની પણ જરૂરિયાત દર્શાવી હતી.

ઉતરપ્રદેશમાં આગ્રા સૌથી ગરમ રહ્યુંઃ ઉતરપ્રદેશમાં આગ્રા સૌથી ગરમ રહ્યુ હતું. જયાં અધિકતમ તાપમાન ૪૬.૯ ડિગ્રી સેલ્સીયસ નોંધાયુ હતું, જમ્મુમાં ૪૧.૩ ડીગ્રી તાપમાન રહ્યુ હતું. કાશ્મીરના અનેક જિલ્લાઓમાં દિવસે ગરમીનો પારો ૩૦ ડીગ્રીએ પહોંચી ગયો હતો. હિમાચલ પ્રદેશના ઉના, ધર્મશાલા, સીમલા અને મનાલીમાં પણ શુક્રવારે સૌથી અધિકતમ તાપમાન નોંધાયું હતું.

ઉના અને હમીરપુરના નેરીમાં તાપમાન ૪૩ ડીગ્રી અને બિલાસપુર અને ધોલાકુઆમાં ૪૧ ડીગ્રી તાપમાન હતું.

મોટાભાગના વિસ્તારો ભઠ્ઠી બન્યાઃ રાજસ્થાનના એક ડઝનથી વધુ જિલ્લા ભઠ્ઠીની જેમ તપતા રહ્યા હતા. બાડમેર અને જેસલમેર જિલ્લામાં શુક્રવારે ૪૭ ડીગ્રી અને ચુરુ જિલ્લામાં ૪૬ ડીગ્રી તાપમાન નોંધાયુ હતું. બિકાનેર, જોધપુર, ગંગાનગર સહિત ૧ ડઝન જિલ્લામાં તાપમાન ૪૫ ડીગ્રી રહ્યું હતું. પંજાબમાં લુધિયાણામાં ભીષણ ગરમીઃ પંજાબના લુધિયાણા સૌથી ગરમ રહેલું. સમરલામાં ૪૬.૩ ડીગ્રી તાપમાન નોંધાયુ હતું.

# પીએમ મોદી અંગે વિવાદાસ્પદ નિવેદન કરવા બદલ કોંગ્રેસના ઉમેદવાર અજય રાયને નોટિસ ફટકારતું ચૂંટણી પંચ



વારાણસી : વારાણસી લોકસભા સીટના ઉમેદવાર અને કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અજય રાયને ચૂંટણી કાર્યાલય તરફથી નફરતભર્યા અને ઉશ્કેરણીજનક ભાષણ આપવા બદલ નોટિસ જારી કરવામાં આવી છે. તેમના પર વારાણસીમાં રસી વિરુદ્ધ પ્રેસ કોન્ફરન્સ યોજીને અભદ્ર ટિપ્પણી કરવાનો આરોપ છે.

### વારાણસી લોકસભા બેઠક પરથી ઈન્ડી ગઠબંધનના ઉમેદવાર અને કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અજય રાયને ચૂંટણી પંચ તરફથી ઉશ્કેરણીજનક નિવેદન આપવા બદલ નોટિસ આપવામાં આવી છે : અજય રાયે પ્રેસ કોન્ફરન્સમાં પીએમ વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરી હતી, ફરિયાદ દાખલ કરવામાં આવી

કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અજય રાય વિરુદ્ધ આદર્શ આચાર સંહિતા દરમિયાન અપમાનજનક નિવેદનો કરીને નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. જણાવવામાં આવ્યું હતું કે ૩૦ એપ્રિલે ચેતગંજ વિસ્તારમાં તેમના નિવાસસ્થાને પ્રેસ કોન્ફરન્સ કરતી વખતે કોંગ્રેસના નેતા અજય રાયે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર અભદ્ર ટિપ્પણી કરી હતી. વાંધાજનક શબ્દોનો ઉપયોગ કરીને પીએમ વિરુદ્ધ નફરતભર્યું ભાષણ આપવામાં આવ્યુ હતું. કોઈપણ પુરાવા વગર વડાપ્રધાન પર અભદ્ર ટિપ્પણી કરવી એ આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન છે. આવી સ્થિતિમાં અજય રાય વિરુદ્ધ આદર્શ આચારસંહિતાના ઉલ્લંઘનની ફરિયાદ કરવામાં આવી હતી. ચૂંટણી કાર્યાલયે આ મામલે નોટિસ આપીને ૨૭મી મે સુધીનો સમય આપ્યો છે.

# ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત-પાક.ના મેચની ટીકીટનો ભાવ બે લાખને પાર




### અમેરિકામાં પણ ક્રિકેટ ક્રેઝ : તા.૯ જુનના રોજ મહામુકાબલો

નવી દિલ્હી, તા. ૧૮

ક્રિકેટ જગતમાં ટીમ ઇન્ડિયાનો માત્ર દબદબો નથી પરંતુ ભારતના મેચ જોવા પણ પડાપડી થાય છે. તેમાં પણ જો ભારત-પાકિસ્તાનના મેચની વાત હોય તો તમામ રેકોર્ડ તુટે છે. આ જ કારણ છે કે ટી-૨૦ વર્લ્ડ કપના ભારત-પાક. મેચની ટીકીટનો ભાવ રૂા. બે લાખને પાર થઇ ગયો છે.

તા.૨ જુનથી ટી-૨૦ વર્લ્ડ કપ અમેરિકા અને વેસ્ટ ઇન્ડિઝમાં શરૂ થવાનો છે. તેમાં ન્યુયોર્કમાં ભારત-પાકિસ્તાન વચ્ચે ૯ જુને મુકાબલો છે. ક્રેઝનો અંદાજ એ વાત પરથી આવે છે કે પૂરા વર્લ્ડકપમાં સૌથી મોંઘી ટીકીટ આ મેચની છે. જેનો ભાવ ૨૭૫૦ ડોલર એટલે કે રૂા. ૨.૨૯ લાખ છે. આ ટીકીટ કલબ કોર્નર સ્ટેન્ડની છે. સસ્તી ટીકીટ ૩૦૦ ડોલર એટલે કે ૨૫ હજારમાં મળે છે. ભારતના આ મેચની ટીકીટ લોકોને મળવી મુશ્કેલ થઇ ગઇ છે.

આટલી મોંઘી ટીકીટ હોવા છતાં ૯૦ ટકા ટીકીટ વેંચાઇ ગઇ છે. સ્ટેડીયમમાં ૩૪ હજાર દર્શકો બેસી શકે છે. ભારતના કોઇ મેચનો સૌથી સસ્તી ટીકીટનો ભાવ રૂા.૭૫૧૫થી ઓછો નથી. ઓમાન-સ્કોટલેન્ડ મેચની ટીકીટનો ભાવ સૌથી સસ્તો ૬ ડોલર એટલે કે રૂા. ૩૩૩ છે.

### આધુનિક જમાનામાં અંધશ્રદ્ધાનો કહેર

# ૩ માસની માસુમ બાળકીને ભુવાએ અગરબત્તીના ડામ દીધા

### માસુમ બાળા રાજકોટની ઝનાના હોસ્પિટલમાં ગંભીર હાલતમાં દાખલ, બાળકી બીમાર પડતા હોસ્પિટલના બદલે પરિવાર ભુવા પાસે લઈ ગયો હતો






### રાજકોટ ઝનાના હોસ્પિટલના તબીબોએ બાળકીની હાલત જોઈ પોલીસને જાણ કરી, સુરેન્દ્રનગરના જોરાવરનગરની ઘટના હોય, પોલીસ રાજકોટ આવવા રવાના

રાજકોટ, તા.૧૮

આધુનિક જમાનામાં અંધશ્રદ્ધાનો કહેર જોવા મળતો રહે છે. શ્રદ્ધામાં રહેલો માણસ ક્યારેક અંધશ્રદ્ધામાં ડૂબી જાય છે. તે તેને પણ જાણ હોતી નથી. આવુ જ કંઈક સુરેન્દ્રનગરના જોરાવરનગરમાં રહેતા પરિવાર સાથે થયું છે. આ પરિવાર બાળકી બીમાર પડતા શ્રદ્ધા સાથે ભુવા પાસે ગયેલ પણ ભુવાએ માસૂમના શરીર પર અગરબત્તીના ડામ આપ્યા હતા.

પ્રાપ્ત વિગત મુજબ જોરાવરનગરમાં રહેતો પરિવાર ખેત મજૂરી કરે છે. અહીં એક ફાટક પાસે ઝૂંપડપટ્ટીમાં રહે છે. બાળકીનો પરિવાર માતાજી અને ભગવાનમાં પૂર્ણ શ્રદ્ધા રાખે છે. અહીં ઝૂંપડપટ્ટીમાં એક ભુવા હોય તેના સંપર્કમાં પણ આ પરિવાર રહેતો હતો. દરમિયાન બાળકી બીમાર પડી હતી. તાવ, શરદી રહેતા હતા. પરિવારે પ્રાથમિક સારવાર કરાવી હશે. પણ પરિવારને શું સુજ્યું કે, ૩ માસની બાળાને ભુવા પાસે લઈ ગયા અહીં ભુવાને હવાલે બાળકીને કરી દીધી. ભુવાએ માસૂમ પર દયા ખાધા વગર અગરબત્તીન ડામ આપ્યા. પ્રથમ દિવસ જતો રહ્યો પણ બીજા દિવસે બાળકીની તબિયત વધુ ખરાબ થઈ. તેને પ્રથમ સુરેન્દ્રનગરનાની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જયાંથી ડોકટરોએ તપાસતા બાળકીના શરીરે ડામના નિશાન હોય, તબિયત વધુ લથડતી હોય તેવું જણાતા ડોકટરે રાજકોટ રીફર કરવાની સલાહ આપતા, તત્કાલ એમ્બ્યુલન્સ મારફત માસૂમ બાળાને રાજકોટ સિવિલ હોસ્પિટલની ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં દાખલ કરવામાં આવેલ. અહીં ફરજ પરના ડોકટર સ્થિતિ સમજી ગયા અને બાળકીને તત્કાલ સારવારમાં ખસેડી હતી.

ઝનાના હોસ્પિટલના બાળ નિષ્ણાંત ડોકટરે બાળકીની સારવાર શરૂ કરવા સાથે સાથે અહીંના સ્થાનિક પોલીસ સ્ટેશનમાં એમએલસી દાખલ કરાવી પોલીસને સત્તાવાર વિગતો આપી હતી. સ્થાનિક પોલીસે જોરાવરનગર પોલીસ મથકે જાણ કરતા બનાવની હકીકત જાણવા જોરાવરથી રાજકોટ આવવા પોલીસ સ્ટાફ રવાના થઈ ગયો હોવાનું જાણવા મળે છે.

### બાળકીના પિતાને ગંભીર બીમારી હોય જે બાળકીને લાગુ ન પડે તે માટે ભુવા પાસે લઈ ગયાનો તર્ક

પરિવારના જણાવ્યા મુજબ, માસૂમ બાળકી એક ભાઈ એક બહેનમાં નાની છે. તેના પિતાને પણ ગંભીર બીમારી છે.

બાળકી પણ થોડા સમયથી બીમાર હોય, પિતાની બીમારીની અસર થઈ હોય તેવું પરિવારને લાગતા દવા સાથે દુવા પણ કામ લાગે તેવી આશા સાથે ભુવા પાસે ગયા હતા. પણ ભુવાએ માસૂમના શરીર પર ડામ દેતા તબિયત સુધરવાના બદલે વધુ બગડી હતી.



# આપના રાજયસભાનાં સાંસદ રાઘવ ચઢ્ઢા વિદેશથી પરત ફર્યાઃ કેજરીવાલને મળવા ગયા

### આંખની સર્જરી માટે ઘણા માસથી બ્રિટનમાં હતાઃ તેમની ગેરહાજરીમાં પાર્ટીમાં અરાજકતા સર્જાઈ

નવીદિલ્હી,તા.૧૮

આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢા દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલના ઘરે પહોંચ્યા છે. તેઓ ઘણા દિવસોથી બ્રિટનમાં હતા અને ત્યાં તેમની આંખની સર્જરી થઈ હતી.

આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ઘરે પહોંચ્યા હતા. તેઓ સીએમ કેજરીવાલને મળી શકે છે. રાઘવ ચઢ્ઢા છેલ્લા ઘણા મહિનાઓથી બ્રિટનમાં હતા, જ્યાં તેમની આંખ સર્જરી કરાવી હતી. સીએમ કેજરીવાલની ધરપકડ સમયે રાઘવ ચઢ્ઢા પણ હાજર ન હતા. તેમની ગેરહાજરીને લઈને વિપક્ષ આમ આદમી પાર્ટી પર સતત પ્રહારો કરી રહ્યું છે.

રાઘવ ચઢ્ઢા એવા સમયે વિદેશથી પરત ફર્યા છે જ્યારે આમ આદમી પાર્ટીમાં ઉથલપાથલ ચાલી રહી છે. હાલમાં જ રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલે સીએમના પીએ વિભવ કુમાર પર ગંભીર આરોપ લગાવ્યા હતા. તેણે વિભવ કુમાર સામે એફઆઈઆર પણ નોંધાવી હતી. તેણે આરોપ લગાવ્યો કે સીએમ હાઉસમાં તેની સાથે મારપીટ કરવામાં આવી અને ગેરવર્તન કરવામાં આવ્યું. સ્વાતિ માલીવાલના આરોપો પર આમ આદમી પાર્ટીએ વળતો પ્રહાર કરતા કહ્યું કે સ્વાતિ આ બધું ભાજપના ઈશારે કરી રહી છે. તે સીએમની એપોઈન્ટમેન્ટ વગર તેમના નિવાસસ્થાને પહોંચી હતી. આપ નેતા આતિશીએ આરોપ લગાવ્યો કે સ્વાતિ માલીવાલે મુખ્યમંત્રીના સ્ટાફ સાથે ગેરવર્તન કર્યું અને તેમને ધમકી આપી.

# ચૂંટણી પ્રચાર દરમિયાન હાર પહેરાવવાના બહાને કન્હૈયા કુમારને કોઈએ થપ્પડ મારી

### હુમલાખોર નજીક આવ્યો હતો અને થપ્પડ ફટકારી, સમર્થકોએ ધોલાઈ કરી



દિલ્હી : નોર્થ દિલ્હીની બેઠક પર ચૂંટણી પ્રચાર દરમિયાન કોંગ્રેસ અને ઈન્ડિયા ગઠબંધનના ઉમેદવાર કન્હૈયા કુમાર સાથે મારપીટનો મામલો સામે આવ્યો છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, એક વ્યક્તિ કન્હૈયા કુમારને હાર પહેરાવવાના બહાને આવ્યો અને તેને તમાચો ઝીંકી દીધો હતો. તેણે કન્હૈયા પર શાહી પણ ફેંકી હતી.

કન્હૈયાના સમર્થકોએ તરત જ હુમલાખોરને ઝડપી લીધો હતો અને તેની ધોલાઈ કરી હતી. આ દરમિયાન હુમલાખોરને ઘણી ઈજાઓ થઈ હતી.

જો કે કન્હૈયા કુમાર સુરક્ષિત છે. ઘટના દરમિયાન આમ આદમી પાર્ટીની મહિલા કાઉન્સિલર છાયા શર્મા સાથે પણ મારામારી થઈ હતી. આ અંગે છાયાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે.

જ્યારે અમે અઅડ ઓફિસ પહોંચ્યા ત્યારે ઘટના બની

મીડિયા રિપોર્ટ્સ અનુસાર કન્હૈયા કુમાર શુક્રવારે ન્યૂ ઉસ્માનપુરમાં આમ આદમી પાર્ટીની ઓફિસમાં પ્રચાર માટે પહોંચ્યો હતો. બેઠક પૂરી થયા બાદ તેઓ AAP કાઉન્સિલર છાયા સાથે નીચે આવ્યા હતા. આ દરમિયાન ઘણા લોકો નારા લગાવતા કન્હૈયા પાસે પહોંચ્યા હતા. આમાંથી એક વ્યક્તિએ જ્યારે કન્હૈયાને હાર પહેરાવવાના બહાને નજીક આવ્યો અને થપ્પડ મારી દીધી હતી. આ પછી લોકોએ કન્હૈયાને કાળા ઝંડા બતાવ્યા અને ગો બેક-ગો બેકના નારા લગાવ્યા હતા.

કન્હૈયાએ મનોજ તિવારી પર હુમલા માટે ઉશ્કેરવાનો આરોપ લગાવ્યો હતો

આ ઘટના બાદ કન્હૈયા કુમાર કાર પર ચઢી ગયો અને લોકોને પડકારવા લાગ્યો. કન્હૈયાએ ભાજપના ઉમેદવાર મનોજ તિવારી પર ચૂંટણી હારી જવાના ડરથી તેમના પર હુમલો કરવા માટે ગુંડાઓ મોકલવાનો આરોપ લગાવ્યો હતો. કન્હૈયાએ કહ્યું, 'ભાજપ ૪૦૦ને પાર કરવાની તૈયારી નથી કરી રહ્યું, તે લોકતંત્રને ખતમ કરવાની તૈયારી કરી રહ્યું છે. અમને અન્યાય થઈ રહ્યો છે. હું ડરવાનો નથી. કન્હૈયા પર હુમલો કરનાર વ્યક્તિએ એક વીડિયો જાહેર કર્યો અને કહ્યું કે કન્હૈયાએ દેશ વિરુદ્ધ નારા લગાવ્યા હતા, જેના કારણે તે ગુસ્સામાં હતો. તેણે કહ્યું કે કન્હૈયાએ ભારત તેરે ટુકડે હોંગે, અફઝલ, તારો હત્યારો જીવતો છે, જેવા નારા લગાવ્યા હતા. આજે અમે તેમના મોઢા પર તમાચો ઝીંકીને જવાબ આપ્યો છે કે જ્યાં સુધી અમારા જેવા સનાતની સિંહ જીવતા છે ત્યાં સુધી ભારતના કોઈ ટુકડા નહીં કરી શકે.



# સૌપ્રથમવાર આબુમાં એકસાથે ૬ રીંછ દેખાયાં, શકિતપીઠ પર દર્શન કરવા આવનારા ભકતે ઉતાર્યો વિડિયો

ઈતિહાસમાં સૌપ્રથમવાર માઉન્ટ આબુ ખાતે એક સાથે ૬ રીંછ લટાર મારતાં જોવા મળ્યા હતા, જેનો શક્તિપીઠ પર દર્શન કરવા આવનાર એક ભક્તે વીડિયો ઉતાર્યો હતો. આ વિસ્તારમાં બે-ત્રણ દિવસે અમુક રીંછ નજરે પડતા હોય છે. ત્યારે એકસાથે છ રીંછ ભાગ્યે જ જોવા મળતા હોય છે. ત્યારે રીંછ દેખાતા વન વિભાગને જાણ કરાઇ હતી.

# ક્યા ચૂક થઈ? નીતા અંબાણી-રોહિત શર્મા મેચ બાદ ઉંડી ચર્ચામાં ગુંથાયાઃ વિડીયો વાઈરલ



આઈપીએલમાં પાંચ વખતની ચેમ્પીયન ટીમ મુંબઈ ઈન્ડીયન્સનું આ સીઝનનુ પરફોર્મન્સ સૌથી ખરાબ રહ્યુ હતું. પોઈન્ટ ટેબલમાં સૌથી નીચલા સ્થાને રહી હતી. ગઈકાલના અંતિમ લીગ મેચમાં પણ લખનૌ સામે પરાસ્ત થઈ હતી. રોહીત શર્માના સ્થાને હાર્દિક પંડયાને કેપ્ટનશીપ અપાયા વિશે અનેકવિધ ચર્ચા થઈ હતી. ગઈકાલનો મેચ ખત્મ થયા બાદ મુંબઈ ઈન્ડીયન્સના ડ્રેસીંગ રૂમમાં ખાસ ઈવેન્ટ યોજવામાં આવી હતી. ટીમના માલિક નીતા અંબાણી દ્વારા રોહીત શર્માને એવોર્ડ આપીને નવાજયો હતો. આ પુર્વે નીતા અંબાણી તથા રોહિત શર્મા ઉંડી ચર્ચામાં ગુંથાયા હતા. બન્ને વચ્ચેની વાતચીતના ફોટા તથા વિડીયો સોશ્યલ મીડીયામાં વાઈરલ થયા હતા. રોહિત શર્માના ભાવિ વિશે અટકળો વ્યક્ત થવા લાગી હતી. રોહિત શર્મા હવે મુંબઈ ઈન્ડીયન્સની ટીમમાંથી નીકળી જવાનો હોવાની અટકળો ચાલી જ રહી છે.

# ઈન્ટરનેશનલ એરપોર્ટમાં ૪ નવા એરોબ્રીજ તૈયાર થયા

### ન્યુ ટર્મીનલ ફેબ્રીકેશન, ઈલેકટ્રીક, ફર્નિચર સહિતના કામો હાલ શરૂ : કામો પૂર્ણ થયા બાદ એરોબ્રીજ કાર્યરત કરાશે

રાજકોટ, તા. ૧૮

રાજકોટનાં હિરાસર ઇન્ટરનેશનલ એરપોર્ટમાં ઇન્ટરનેશનલ હવાઇ સેવા શરૂ થાય તે માટે એરોબ્રીજ તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં હજુ ઘણુ કામ બાકી હોવાથી આગામી જુન માસ બાદ એરોબ્રીજ કાર્યરત થવાની સંભાવના છે.

ગ્રીન ફિલ્ડ ઇન્ટરનેશનલ એરપોર્ટમાં હાલ કામચલાઉ હાલમાં ડોમેસ્ટીક હવાઇ સેવા શરૂ છે. હાલના દિવસોમાં ડોમેસ્ટીક હવાઇ સેવામાં મુંબઇ, દિલ્હી, પુના, બેંગ્લોર, ગોવાની સીધી ફલાઇટની સેવા ઉપલબ્ધ છે. હાલમાં કામ



ચલાઉ ધોરણે ટર્મીનલમાં જરૂરીયાત મુજબની સુવિધાઓ ઉપલબ્ધ છે.

ઇન્ટરનેશનલ એરપોર્ટમાં નવા ટર્મીનલમાં ૪ નવા એરોબ્રીજ તૈયાર થયા છે. નવા ટર્મીનલમાં ફેબ્રીકેશન, ઇલેકટ્રીક, ફર્નિચર, લાઇટીંગ સહિતના કામો હજુ બાકી હોય તે કામો પુર્ણ કરવા એજન્સીઓ કામે લાગી છે. જુન માસ બાદ મોટા ભાગના બાકી રહેતા કામો પૂર્ણ થયા બાદ ઇન્ટરનેશનલ હવાઇ સેવા માટેની પ્રક્રિયાઓ શરૂ થશે.

ડીજીસીએની ગાઇડલાઇન મુજબ ટર્મીનલ કામો પૂર્ણ થયા બાદ એરપોર્ટ ઓથોરીટીને મંજુરી મળ્યા બાદ એરોબ્રીજ કાર્યરત કરાશે.

# એડવાન્સ વેરાની ૧૪૦ કરોડની આવક : ચેકથી પેમેન્ટમાં વર્ષો બાદ મોટો ઘટાડો

**૨.૨૦ લાખ પૈકી ૧.૫૭ લાખ નાગરિકે ૯૩.૪૦ કરોડનો વેરો ઓનલાઇન જમા કર્યો : રોકડથી ૨૯ કરોડ અને ચેકથી ૧૭ કરોડની આવક : ૧૪.૫૦ કરોડનું વળતર અપાયું**

રાજકોટ, તા. ૧૮

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા નવા નાણાકીય વર્ષના પ્રારંભથી શરૂ કરવામાં આવેલી એડવાન્સ વેરામાં વળતરની યોજનામાં આજ સુધીમાં પ્રમાણિક કરદાતાઓએ ૧૩૯.૧૮ કરોડનો વેરો જમા કરાવ્યો છે. એપ્રિલ અને મે એમ પ્રથમ બે માસમાં વેરો ભરી દેનાર પુરૂષ કરદાતાને ૧૦ ટકા અને મહિલા કરદાતાને ૧૫ ટકા રીબેટનો લાભ મળે છે. હવે આ યોજના ૩૧ મેના રોજ પૂર્ણ થનાર હોય, વધુમાં વધુ કરદાતા સ્કીમનો લાભ લે તેવા પ્રયત્નો મનપા કરી રહી છે.

મ્યુનિ.કોર્પોરેશનની ટેકસ બ્રાંચમાં ૬ લાખ મિલ્કતધારકો પૈકી ૪ લાખ મિલ્કતધારકના મોબાઇલ ફોન નંબર રહેલા છે. આ પૈકી ૩ લાખ જેટલા આસામીને વિભાગે વોટસએપ અને ટેકસ મેસેજ કરીને વેરા વળતર યોજનાનો લાભ લેવા યાદી આપી છે. તો અનેક મોટા આસામીઓને પણ ડિસ્કાઉન્ટ સ્કીમનો લાભ લઇ ટેકસ ચૂકવવા સંપર્ક કર્યા છે.

ચાલુ નાણાકીય વર્ષમાં આજ સુધીમાં ૨૨૦૬૮૦ નાગરિકો ૧૩૯.૧૮ કરોડનો મિલ્કત વેરો ભરી ચૂકયા છે. આ પૈકી ૧૫૭૬૯૩ સ્માર્ટ કરદાતાઓએ ૯૩.૪૦ કરોડનો વેરો ઓનલાઇન ભર્યો છે. એટલે કે મનપા કચેરીએ ધકકો ખાધા વગર મોબાઇલ કે કોમ્પ્યુટરમાંથી વેબસાઇટ મારફત રકમ ચૂકવી છે. આ કરદાતાઓને એડવાન્સ વેરો ભરવા બદલ ૧૪.૫૦ કરોડથી વધુનું વળતર મળ્યું છે. આ પ્રોત્સાહનના કારણે દર વર્ષે મનપાની તિજોરીમાં પ્રથમ બે માસમાં જ નાણાનો ઢગલો થઇ જાય છે. એપ્રિલ-મે બાદ જુન માસમાં પુરૂષ કરદાતાને પાંચ ટકા અને મહિલા કરદાતાને ૧૦ ટકા વળતર મળતું હોય છે.

ડિજીટલ પેમેન્ટ સિવાયની વાત કરીએ તો રોકડથી વેરાની આવક ૨૮.૮૧ કરોડ થઇ છે. જયારે ચેકથી ૧૬.૮૭ કરોડ નાગરિકોએ એડવાન્સ વેરો ભર્યો છે. એટલે કે ચેકથી પેમેન્ટ કરવાનું ચલણ ત્રીજા ક્રમે ઉતર્યુ છે. સૌથી વધુ ચુકવણુ ઓનલાઇન થઇ રહ્યું છે જેનાથી મનપા અને નાગરિકો બંનેનો સમય બચે છે અને સ્ટેશનરીનો પણ ઉપયોગ થતો નથી. કરદાતા ગમે ત્યારે વેબસાઇટ પર પોતાનો મિલ્કત નંબર મુકીને બીલ અને પહોંચ મેળવી શકે છે તો વોટસએપ સેવાનો ઉપયોગ કરનારાને વોટસએપ પર જ પહોંચ મળી જાય છે તે ઉલ્લેખનીય છે.

ગત વર્ષની સરખામણી કરીએ તો આજના દિવસે ૨૦૨૩માં મિલ્કત વેરાની આવક ૧૩૦.૮૯ કરોડ હતી એટલે કે આ વર્ષે વેરાની આવક સાડા આઠ કરોડ જેટલી વધી છે. ગત વર્ષે ૧૮ મે સુધીમાં ૨૧૩૪૦૨ નાગરિકે એડવાન્સ વેરો ભર્યો હતો. તો આ વર્ષે ૨૨૦૬૮૦ નાગરિકો વેરો ભરી ચૂકયા છે. એટલે કે ૭ હજારથી વધુ નાગરિકો નવા આ સ્કીમમાં સામેલ થયા છે. હજુ સોમવારથી આ સ્કીમ પુરી થવાને ૧૨ દિવસ બાકી રહેવાના છે ત્યારે ટેકસ શાખા એડવાન્સ વેરાની આવક વધે તે માટે નિયમિત કરદાતાઓને વેરો ભરવા જાણ કરી રહી છે.

ગત વર્ષ કરતા આ વખતે રીબેટ યોજનામાં વેરાની આવક વધે તે માટે ઓફિસમાં બેઠા થતી આવક સાથે રીકવરીની કામગીરી પણ સમાંતર ચાલુ રાખવાની સૂચના કમિશ્નર દ્વારા આપવામાં આવી છે. પુરા થયેલા નાણાકીય વર્ષમાં આટલા વર્ષોની ટેકસની વિક્રમી આવક થઇ હતી તે પણ ઉલ્લેખનીય છે.

# રાજકોટ જિલ્લામાં પાણીનો બોકાસો: ૧૮ ગામોમાં ટેન્કરો શરૂ

## ૫૦૦૦ લીટરના ૭૫ અને ૧૦,૦૦૦ લીટર પાણીના ૨૧ ટેન્કરોના ફેરાની કલેકટર તંત્ર દ્વારા મંજૂરી



રાજકોટ તા.૧૮

રાજકોટ જીલ્લામાં આકરા ઉનાળામાં આકાશમાંથી સતત અગનવર્ષા વરસી રહી હોય જનજીવન આકુળ વ્યાકુળ બની રહ્યું છે. તેની સાથોસાથ કુવા, ડંકીઓના પાણીના તળ ડુબવા લાગતા અનેક ગામોમાં પાણીની હાડમારી શરૂ થવા પામી છે.

જેમાં જીલ્લાના ૧૮ ગામોમાં પાણીના ટેન્કરો શરૂ કરવા માટે કલેકટર તંત્ર દ્વારા બહાલી અપાતા આ ગામોમાં ટેન્કરો મારફત ગ્રામજનોને પાણી પુરવઠો પુરો પાડવામાં આવી રહ્યો છે. આ ૧૮ ગામોમાં ૫ હજાર લીટરના ૭૫ અને ૧૦ હજાર લીટર પાણીના ૨૧ ટેન્કરોના ફેરા મારફત લોકોને પીવાનું પાણી પુરૂ પાડવામાં આવી રહ્યું છે.

જેમાં રાજકોટ તાલુકાના ૬ ગામોમાં મહીકા, વીરડા વાજડી, ગવરીદડ, કાંગસીયાળી, ખોખડદળ સહિતના ગામોને ટેન્કરો મારફત પીવાનું પાણી પુરૂ પાડવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત વિંછીયાના બે જદણને એક, કોટડાના ત્રણ અને લોધીકાના એક ગામને ટેન્કરો મારફત પીવાનું પાણી પુરૂ પાડવામાં આવી રહ્યું છે.

# રાજકોટ, ઉપલેટા, જેતપુરનાં પાંચ મદ્રેસામાં શિક્ષણાધિકારીની તપાસ

## ટીમો દોડાવી વિદ્યાર્થીઓનો સર્વે, શિક્ષકોના પગાર સહિતની એકત્રિત કરાતી માહિતી: રિપોર્ટ શિક્ષણ વિભાગને મોકલાશે

રાજકોટ, તા.૧૮

રાજકોટ જિલ્લાના પાંચ મદ્રેસામાં શિક્ષણાધિકારી દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. જેમાં વિદ્યાર્થીઓનો સર્વે, શિક્ષકોના પગાર સહિતની વિગતો એકત્રિત કરવામાં આવી છે.

કેન્દ્રીય બાળ અધિકારી સુરક્ષા પંચ દ્વારા મદ્રેસામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અને અન રજિસ્ટર્ડ મદ્રેસાઓની માહિતી માંગવામાં આવતા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આ બાબતે રાજયભરના શિક્ષણાધિકારીઓને પરિપત્ર ઇસ્યુ કરી મદ્રેસાની માહિતી માંગવામાં આવી છે.

જેમાં મદ્રેસામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સંખ્યા શિક્ષકોના પગાર, દાનની માહિતી, વિદ્યાર્થી પાસેથી ફી લેવાય છે કે કેમ? સહિતની બાબતોની માહિતી માંગવામાં આવી છે.

જે અંતર્ગત રાજકોટ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પણ આ બાબતે મદ્રેસામાં ટીમો દોડાવી તપાસ શરૂ કરવામાં આવી છે.

આ અંગે જિલ્લા શિક્ષણાધિકારીનો સંપર્ક કરાતા તેઓએ જણાવ્યું હતું કે રાજકોટ જિલ્લામાં પાંચ જેટલા મદ્રેસા આવેલા છે જેમાં રાજકોટમાં ૨, ઉપલેટામાં ૨ અને જેતપુરમાં ૧ મદ્રેસા આવેલ છે. આ મદ્રેસામાં વિદ્યાર્થીઓને ગુજરાત બોર્ડનું શિક્ષણ અપાય છે કે કેમ? સહિતની બાબતોની સર્વે કામગીરી કરી રાજ્ય સરકારના શિક્ષણ વિભાગને રીપોર્ટ મોકલવામાં આવશે.

# સોમવારે પાંચમા તબક્કામાં ૮ રાજયોની ૪૯ બેઠકો માટે મતદાન, સાંજથી જાહેર પ્રચાર શાંત

## રાહુલ ગાંધી, સ્મૃતિ ઈરાની, ઓમર અબ્દુલ્લાહ, રાજનાથ સિંહ, પિયુષ ગોયલ સહિતના ભાવિ નક્કી થશે : યુપી, મહારાષ્ટ્ર, બંગાળ ઉપરાંત અન્ય ૫ રાજયોમાં કુલ ૬૯૫ ઉમેદવારો મેદાનમાં

ન્યુ દિલ્હી : દેશમાં હાલમાં લોકસભાની ચૂંટણી ચાલી રહી છે. અત્યાર સુધીમાં લોકસભા ચૂંટણીની પ્રક્રિયાના ચાર તબક્કા પૂર્ણ થયા છે. પાંચમા રાઉન્ડ માટે ચૂંટણી પ્રચાર આજે સમાપ્ત થશે. આ તબક્કા માટે ૨૦ મેના રોજ સોમવારે મતદાન છે. આ તબક્કામાં આઠ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૪૯ બેઠકો માટે મતદાન થશે. આ રાજ્યોમાંથી ૬૯૫ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. પાંચમા તબક્કા માટે સંસદીય મતવિસ્તારમાં ચૂંટણી લડનારા ઉમેદવારોની સરેરાશ સંખ્યા ૧૪ છે. જે ઉમેદવારોનું ભાવિ દાવ પર છે તેમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, ભૂતપૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી, કેન્દ્રીય પ્રધાન સ્મૃતિ ઈરાની, ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લા સહિત ઘણા ઉચ્ચ-પ્રોફાઈલ ચહેરાઓનો સમાવેશ થાય છે.

**પાંચમા તબક્કાની ચર્ચામાં આવેલી બેઠકો / ઉમેદવારો :**











**રાજનાથ સિંહ:** ઉત્તર પ્રદેશની લખનૌ લોકસભા સીટ આ ચૂંટણીમાં લોકપ્રિય સીટ બની રહી છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહ બીજેપીમાંથી અહીંથી ચૂંટણી લડી રહ્યા છે. સપાએ બીજેપી નેતા સામે રવિદાસ મેહરોત્રાને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. મંત્રી રહી ચૂકેલા મેહરોત્રા હાલમાં લખનૌ સેન્ટ્રલ એસેમ્બલી સીટ પરથી સપાના ધારાસભ્ય છે. બસપાએ લખનૌમાં સરવર મલિકને પોતાનો ઉમેદવાર બનાવ્યો છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપના રાજનાથ સિંહે આ સીટ જીતી હતી. ૨૦૧૯માં લખનૌ સીટ પર ૫૪.૭૮% મતદાન નોંધાયું હતું.

**રાહુલ ગાંધી:** રાયબરેલી લોકસભા બેઠક ઉત્તર પ્રદેશની સૌથી ચર્ચિત બેઠકોમાંથી એક છે. રાજ્યની આ એકમાત્ર બેઠક છે જ્યાં ૨૦૧૯માં કોંગ્રેસ જીતી હતી. ત્યારે સોનિયા ગાંધી અહીંથી જીતીને લોકસભામાં પહોંચ્યા હતા. સોનિયા હવે રાજ્યસભામાં ચૂંટાઈ આવ્યા છે. લાંબી રાહ જોયા બાદ કોંગ્રેસે રાયબરેલીથી રાહુલ ગાંધીને મેદાનમાં ઉતાર્યા છે. ભાજપે અહીં દિનેશ પ્રતાપ સિંહને પોતાના ઉમેદવાર જાહેર કર્યા છે. MLC દિનેશ પ્રતાપ હાલમાં યોગી સરકારમાં મંત્રી છે. ૨૦૧૯માં કોંગ્રેસના સોનિયા ગાંધીએ રાયબરેલી બેઠક પર ભાજપના દિનેશ પ્રતાપને હરાવ્યા હતા. ગત ચૂંટણીમાં અહીં ૫૪.૦૮% મતદાન થયું હતું.

**સ્મૃતિ ઈરાની:** કેન્દ્રીય મંત્રી અને અમેઠીના વર્તમાન સાંસદ સ્મૃતિ ઈરાની ફરી એકવાર અહીંથી ભાજપની ટિકિટ પર ચૂંટણી લડી રહ્યા છે. નોમિનેશનના છેલ્લા દિવસે કોંગ્રેસે ગાંધી પરિવારના નજીકના કેએલ શર્માને તેના ઉમેદવાર તરીકે નિયુક્ત કર્યા હતા. બસપાએ અહીં નન્હે સિંહ ચૌહાણને પોતાનો ઉમેદવાર બનાવ્યો છે. ૨૦૧૯માં ભાજપના ઉમેદવાર સ્મૃતિ ઈરાનીએ તત્કાલીન કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીને હરાવ્યા હતા. છેલ્લી ચૂંટણીમાં અહીં ૫૪.૦૮% લોકોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

**ચિરાગ પાસવાન:** બિહારની હાજીપુર લોકસભા બેઠક આ ચૂંટણીની લોકપ્રિય બેઠકોમાંથી એક છે. અહીંથી LJP (R) ના ચિરાગ પાસવાન NDA તરફથી ચૂંટણી લડી રહ્યા છે. આરજેડીએ હાજીપુર સીટ પર શિવચંદ્ર રામને ટિકિટ આપી છે. શિવચંદ્ર બિહાર સરકારમાં ધારાસભ્ય અને મંત્રી રહી ચૂક્યા છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં એલજેપીના પશુપતિ પારસે હાજીપુર સીટ પરથી જીત મેળવી હતી. ગત ચૂંટણીમાં અહીં ૫૫.૨૬% મતદાન થયું હતું.

# આપના રાજયસભાનાં સાંસદ રાઘવ ચઢ્ઢા વિદેશથી પરત ફર્યા: કેજરીવાલને મળવા ગયા

## આંખની સર્જરી માટે ઘણા માસથી બ્રિટનમાં હતા: તેમની ગેરહાજરીમાં પાર્ટીમાં અરાજકતા સર્જાઈ

નવીદિલ્હી,તા.૧૮

આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢા દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલના ઘરે પહોંચ્યા છે. તેઓ ઘણા દિવસોથી બ્રિટનમાં હતા અને ત્યાં તેમની આંખની સર્જરી થઈ હતી.





આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ઘરે પહોંચ્યા હતા. તેઓ સીએમ કેજરીવાલને મળી શકે છે. રાઘવ ચઢ્ઢા છેલ્લા ઘણા મહિનાઓથી બ્રિટનમાં હતા, જ્યાં તેમની આંખની સર્જરી કરાવી હતી. સીએમ કેજરીવાલની ધરપકડ સમયે રાઘવ ચઢ્ઢા પણ હાજર ન હતા. તેમની ગેરહાજરીને લઈને વિપક્ષ આમ આદમી પાર્ટી પર સતત પ્રહારો કરી રહ્યું છે.


રાઘવ ચઢ્ઢા એવા સમયે વિદેશથી પરત ફર્યા છે જ્યારે આમ આદમી પાર્ટીમાં ઉથલપાથલ ચાલી રહી છે. હાલમાં જ રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલે સીએમના પીએ વિભવ કુમાર પર ગંભીર આરોપ લગાવ્યા હતા. તેણે વિભવ કુમાર સામે એફઆઈઆર પણ નોંધાવી હતી. તેણે આરોપ લગાવ્યો કે સીએમ હાઉસમાં તેની સાથે મારપીટ કરવામાં આવી અને ગેરવર્તન કરવામાં આવ્યું. સ્વાતિ માલીવાલના આરોપો પર આમ આદમી પાર્ટીએ વળતો પ્રહાર કરતા કહ્યું કે સ્વાતિ આ બધું ભાજપના ઈશારે કરી રહી છે. તે સીએમની એપોઈન્ટમેન્ટ વગર તેમના નિવાસસ્થાને પહોંચી હતી. આપ નેતા આતિશીએ આરોપ લગાવ્યો કે સ્વાતિ માલીવાલે મુખ્યમંત્રીના સ્ટાફ સાથે ગેરવર્તન કર્યું અને તેમને ધમકી આપી.

## મહારાષ્ટ્રના વિખ્યાત પ્રવાસન સ્થળ પાસેનુ ગામ જમીન વેચાણથી ચર્ચામાં

# ગુજરાતના GST કમિશ્નરે મહાબળેશ્વર નજીક આખા ગામની જમીન ખરીદી લીધી

## અમદાવાદના ચીફ જીએસટી કમિશ્નર ચંદ્રકાંત માળવીએ પરિવાર- સગાસંબંધીના નામે ૬૨૦ એકર જમીન મેળવ્યાનો ધડાકો

## સરકાર જમીન સંપાદન કરી લેવાની છે તેવો ગ્રામજનોમાં ગભરાટ સર્જીને વ્યવહાર થતો હોવાનો આરોપ



મહાબળેશ્વર તા.૧૮

મહારાષ્ટ્રના વિખ્યાત પ્રવાસન સ્થળ મહાબળેશ્વર નજીકનુ એક ગામ અચાનક ચર્ચાના કેન્દ્રમાં આવ્યું છે. ગુજરાત સ્થિત જીએસટી કમિશ્નરના પરિવારે ગામની ૬૨૦ એકર જમીન ખરીદી લેતા અનેકવિધ ચર્ચા થવા લાગી છે.

મહાબળેશ્વર વિસ્તારમાં પ્રવાસન વધુ વિકસાવવા માટે મહારાષ્ટ્ર સરકારે પહેલ કરી છે તેવા સમયે ગામની જમીનોનું ધડાધડ વેચાણ થતા અને સરકારી અધિકારી તથા તેના પરિવાર દ્વારા જ વ્યવહાર થયાની ચર્ચા ચકડોળે ચડી છે. મીડીયા રિપોર્ટમાં એમ જણાવાયુ છે કે નંદુરબારના વતની તથા હાલ અમદાવાદમાં ચીફ જીએસટી કમિશ્નર તરીકે ફરજ બજાવતા ચંદ્રકાંત વાળવી તથા તેના પરિવાર અને સગા-સંબંધીઓએ મહાબળેશ્વર પાસેના ઝાડણી ગામની તમામ ૬૨૦ એકર જમીન ખરીદી લીધી હતી. જંગી માત્રામાં આ જમીન ખરીદીનો આ કેસ ચર્ચાસ્પદ બન્યો છે. કારણ કે પર્યાવરણ સુરક્ષાધારા વન્ય સંરક્ષણ કાયદા તથા વન્યજીવ સુરક્ષા કાયદા વગેરેના નિયમોના નિયમિત રીતે ભંગ થતો હોય છે. કાયદાના ભંગથી પર્યાવરણ તથા કુદરતી સ્ત્રોત પર ગંભીર જોખમ ઉભુ થતુ હોય છે. વાયુ-જળ પ્રદુષણ ઉપરાંત કલાયમેટ ચેન્જમાં અસર થતી હોય છે.

એવી ચર્ચા છે કે મહાબળેશ્વર આસપાસના અંતરિયાળ ભાગોમાં બેફામ ગેરકાયદે બાંધકામ-ખનન, વૃક્ષછેદન, બારોબાર નિર્માણ પામતા માર્ગો તથા જંગલના બોર્ડર વિસ્તારમાંથી મેળવાતા વિજ પુરવઠાને કારણે પર્યાવરણને મોટુ નુકશાન થઈ જ રહ્યુ છે. છેલ્લા ત્રણ વર્ષથી ગેરકાયદે બાંધકામ તથા ખનન પ્રકૃતિ મોટાપ્રમાણમાં થઈ રહી છે છતાં સરકાર કે વહીવટીતંત્ર કોઈ નકકર કદમ ઉઠાવતી નથી. કોઈ ચેકીંગ માટે પણ આવતુ નથી. સ્થાનિક સામાજીક કાર્યકર સુશાંત મોરેએ એમ કહ્યું કે સરકાર જમીન સંપાદન કરી લેવાની છે તેવું જીએસટી કમિશ્નર ગામ લોકોને કહી રહ્યા છે. આવુ કહીને લોકોને ભરમાવી જમીન મેળવી લેતા હોવાની શંકા છે.

# સાયબર ક્રાઈમમાં સામેલ ૨૮,૨૦૦ મોબાઈલ ફોન બંધ કરવાનો સરકારે ટેલીકોમ કંપનીઓને નિર્દેશ કર્યો

## સરકારના રડારમાં ૨૦ લાખ મોબાઈલ નંબરો: તાત્કાલીક અસરથી મોબાઈલ કનેકશનનું ફરીથી વેરિફિકેશન કરવા આદેશ

નવીદિલ્હી,તા.૧૮

કેન્દ્ર સરકાર દ્વારા એક એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલય, ટેલિકોમ્યુનિકેશન વિભાગ અને રાજ્યોની પોલીસને સામેલ કરીને એક એક્શન ફોર્સ તૈયાર કરવામાં આવી છે. જે છેતરપિંડી કરનારા યુઝર્સની ઓળખ કરી રહ્યું છે. સરકાર કડક મૂડમાં હોય તેવું લાગી રહ્યું છે. સરકારે કેટલાક મોબાઈલ યુઝર્સની ઓળખ કરી છે જેમના મોબાઈલ ફોન

બ્લેકલિસ્ટ થઈ શકે છે. મતલબ કે તમે તમારા ફોનનો ફરીથી ઉપયોગ કરી શકશો નહીં. ટેલિકોમ વિભાગ (DoT) એ આ મામલે રિલાયન્સ જિયો, ભારતી એરટેલ, વોડાફોન-આઈડિયા અને અન્ય ટેલિકોમ ઓપરેટર્સને ૨૮૨૦૦ મોબાઈલ ફોન બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે.

સરકારે સાયબર ક્રાઈમમાં સામેલ લગભગ ૨૮,૨૦૦ મોબાઈલ ફોન બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે. ઉપરાંત, સરકારે ટેલિકોમ કંપનીઓને તાત્કાલિક અસરથી ૨૦ લાખ મોબાઇલ કનેક્શનને ફરીથી વેરિફિકેશન કરવાનો નિર્દેશ આપ્યો છે.

ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ (DoT), કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને રાજ્ય પોલીસે મોબાઈલ સાયબર ક્રાઈમ અને ઓનલાઈન બેંકિંગ છેતરપિંડી રોકવા માટે સંયુક્ત એક્શન ટીમની રચના કરી છે. છેતરપિંડી કરનારાઓના નેટવર્કને નષ્ટ કરવા માટે આ ટીમની રચના કરવામાં આવી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને રાજ્ય પોલીસે ૨૮,૨૦૦ મોબાઈલ હેન્ડસેટની ઓળખ કરી છે જે સાયબર ક્રાઈમમાં સામેલ છે અને તેમને બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ ઉપરાંત ૨૦ લાખ શંકાસ્પદ મોબાઈલ ફોનની ફરી તપાસ કરવાની સૂચના આપવામાં આવી છે. ટેલિકોમ વિભાગ દ્વારા મોબાઈલ નંબર ૧૦.૮૩૪ને લઈને રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

ટેલિકોમ્યુનિકેશન વિભાગે સાયબર ક્રાઇમ અને નાણાકીય છેતરપિંડી અથવા બનાવટી અથવા બનાવટી દસ્તાવેજો પર લીધેલા મોબાઇલ કનેક્શન્સની ઓળખ કરી છે અને તે પછી લગભગ ૧.૫૮ લાખ IMEI આધારિત મોબાઇલ ઉપકરણોને અવરોધિત કરવામાં આવ્યા છે. આ વર્ષે ૩૦ એપ્રિલ સુધી, ઉજ્ઞઝ એ ૧.૬૬ કરોડ મોબાઈલ કનેકશન કાપી નાખ્યા છે. ડેટા અનુસાર, યૂઝર્સ તરફથી મળેલા ફીડબેકના આધારે ૩૦.૧૪ લાખ કનેકશન ડિસ્કનેક્ટ કરવામાં આવ્યા છે, જ્યારે ૫૩.૭૮ લાખ સિંગ કાર્ડ્સ ચોક્કસ મર્યાદા ઓળંગવા બદલ ડિસ્કનેક્ટ કરવામાં આવ્યા છે.

# રાજકોટ લોકસભા બેઠકના બે ઝોનલ સામે શિસ્તભંગના તોળાતા પગલાં

## ટંકારાના બંન્ને ઝોનલને કારણદર્શક નોટીસ ફટકારાયા બાદ ખુલાસો ગ્રાહ્ય ન રખાયો:ખાતાકીય પગલા લેવા કલેકટરને દરખાસ્ત

મોરબી ,તા.૧૮

રાજકોટ લોકસભા બેઠકના ટંકારા મત વિસ્તારના બે ઝોનલ ઓફિસર સામે તાલીમમાં ગેરહાજરી અને શિસ્તભંગ બદલ પગલાં તોળાઈ રહ્યા છે. મદદનીશ ચૂંટણી અધિકારી દ્વારા બન્ને અધિકારીઓ સામે ખાતાકીય પગલાં લેવા માટે જિલ્લા કલેકટરને દરખાસ્ત કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર મોરબીની એલઇ કોલેજના આસિ.પ્રોફેસર રાજેન્દ્ર બી.પરમાર અને એન.એન.ગરવાળીયાને આ અંગે ૧૦ રાજકોટ સંસદીય મત વિસ્તારના ટંકારા વિધાનસભા ક્ષેત્ર હેઠળ ઝોનલ ઓફિસની ચૂંટણી ફરજ સોંપવામાં આવી હતી. બન્ને તાલીમમાં ગેરહાજર રહ્યા હોય ઉપરાંત શિસ્તભંગ પણ કર્યો હોય મદદનીશ ચૂંટણી અધિકારી એસ.પી.દુદકીયા દ્વારા બન્નેને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી હતી. જેનો ખુલાસો બન્નેએ કરતા આ ખુલાસો મદદનીશ ચૂંટણી અધિકારી દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવ્યો નથી. તેઓ દ્વારા જણાવાયુ છે કે ચૂંટણી સમયની કામગીરી દરમિયાન તાત્કાલિક કરવાની થતી કામગીરીઓમાં ગેરહાજર રહીને ચૂંટણી પ્રક્રિયાના સુચારું સંચાલનમાં જાણી જોઈને વહીવટી તંત્રને હેરાન કરવાની વૃત્તિથી અડચણ ઊભી કરવામાં આવી હોય સાથે આપનો ખુલાસો ગ્રાહ્ય રાખવામાં આવતો નથી. આ સાથે મદદનીશ ચૂંટણી અધિકારી દ્વારા બન્ને ઝોનલ સામે ખાતાકીય પગલાં લેવા જિલ્લા કલેકટરને દરખાસ્ત કરવામાં આવી છે.

## રાજકોટ જિલ્લા ફરિયાદ સંકલન સમિતિની મે માસની બેઠક મોકુફ

રાજકોટ,તા.૧૮

દર માસના ત્રીજા શનિવારે યોજાતી રાજકોટ જિલ્લાની ફરીયાદ સહ સંકલન સમિતિની મે-૨૦૨૪ની બેઠક લોકસભા સામાન્ય ચૂંટણીની આદર્શ આચારસંહિતાને ધ્યાને લઇ હાલ મોકુફ રાખવામાં આવી છે. જેની જિલ્લા ફરીયાદ સહ સંકલન સમિતિના તમામ સભ્યોએ નોંધ લેવા કલેકટર કચેરીની યાદીમાં જણાવાયું છે.

# શેરબજારમાં ખાસ ટ્રેડીંગમાં તેજી: સેન્સેકસ ૮૮ પોઈન્ટ વધીને ૭૪૦૦૦ પર બંધ

મુંબઈ તા.૧૮

મુંબઈ શેરબજારમાં આજે તેજીનો દોર જારી રહ્યો હતો. શનિવાર હોવા છતાં બે સ્પેશ્યલ સેશનમાં ટ્રેડીંગ યોજાયુ હતું. સેન્સેક્સ ૮૮ પોઈન્ટ વધીને ૭૪૦૦૦ની સપાટી કુદાવીને બંધ આવ્યો હતો.

શેરબજારમાં આજે શરૂઆત તેજીના ટોને જ થઈ હતી. વિશ્વબજારોના પ્રોત્સાહક અહેવાલો, ભારતીય અર્થતંત્રનો વિકાસદર ધારણાથી પણ વધુ રહેવાનો આશાવાદ, લોકસભા ચૂંટણીમાં ફરી મોદી સરકારને બહુમતી મળવાનો આશાવાદ જેવા કારણોની સારી અસર હતી. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે બે ટ્રેડીંગ સેશનમાં બે કલાકના વેપાર હતા. સોમવારે મુંબઈમાં ચુંટણી હોવાના કારણોસર માર્કેટ બંધ રહેવાનું છે.

શેરબજારમાં આજે ટાઈટન, બજાજ ફાઈનાન્સ, ભારતી એરટેલ, હિન્દ લીવર, ઈન્ડુસઈન્ડ બેંક, લાર્સન, પાવરગ્રીડ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ, નેસલે, હિન્દાલ્કો, ભેલ, ભારત ઈલેકટ્રોનીક્સ વગેરેનો ઉછાળો હતો. અલ્ટ્રાટેક સિમેન્ટ, જેએસડબલ્યુ સિમેન્ટ, મહીન્દ્ર, મારૂતી, રીલાયન્સ વગેરેમાં ઘટાડો હતો.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૮૮ પોઈન્ટના સુધારાથી ૭૪૦૦૦ હતો તે ઉંચામાં ૭૪૧૬૨ તથા નીચામાં ૭૩૯૨૦ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૩૫ પોઈન્ટ વધીને ૨૨૫૦૨ હતો તે ઉંચામાં ૨૨૫૨૦ તથા નીચામાં ૨૨૪૭૦ હતો.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૪૫-૨૫૯૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૪૯૦-૨૫૪૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૭૦૦-૧૭૩૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૫૦-૧૬૮૦ |
| પામોલીયન તેલ | ૧૪૮૦-૧૪૮૫ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૫૦-૧૬૮૦ |
| સનફલાવર તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| મકાઇ તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| વનસ્પતિ ઘી | ૧૬૬૦-૧૭૦૦ |
| કોપરેલ | ૨૪૨૦-૨૪૭૦ |
| દિવેલ | ૨૦૦૦-૨૦૨૦ |



**સોનુ-ચાંદી**

સોનુ (૧૦ ગ્રામ) ૭૬૫૦૦(+૮૨૦)

ચાંદી ૯૩૫૦૦(+૪૩૫૦)

## મોસ્ટ્રા ગેલેરીના સુહાની શાહ દ્વારા આયોજિત

# બે દિવસીય 'મોસ્ટ્રા ફલી'નો આજથી સીઝન હોટેલમાં શુભારંભઃ ૭૦થી વધુ આકર્ષિત સ્ટોલ

રાજકોટ, તા.૧૮

હાલ રાજયભરમાં બાળકોનું વેકેશન ચાલી રહ્યું છે. આ વેકેશન દરમ્યાન દરેક લોકો દ્વારા કંઇક અવનવી પ્રવૃત્તિઓ કરવામાં આવતી હોય છે. તેમજ વાલીઓ પોતાના બાળકોમાં અભ્યાસ સિવાયની પ્રવૃત્તિમાં વધારો થાય નહીં તે માટે સમર કેમ્પમાં ભાગ લેવડાવતા હોય છે. આ બાળકોના વેકેશન દરમ્યાન વાલીઓ પોતાના માટે સમય કાઢી શકતા નથી અને આખો દિવસ બાળકોની સાર સંભાળ કરવામાં જ પસાર થઇ જતો હોય છે. પરિણામે આ રોજિંદા જીવનની પ્રવૃત્તિથી કેટલાક અંશે અણગમો થઇ જતો હોય છે.

આ રોજિંદી પ્રવૃત્તિમાં થોડાક અંશે બદલાવ લાવવા માટે સૌરાષ્ટ્ર અને તેમાં પણ રાજકોટમાં સૌ પ્રથમ વખત સૌથી વિશાળ ફલી માર્કેટ યોજવા જઇ રહ્યો છે. રંગીલા રાજકોટના રંગીલા લોકોને ધ્યાનમાં રાખીને મોસ્ટ્રા ગેલેરીના સુહાની શાહ અને તેની ટીમ દ્વારા 'સાંજ સમાચાર'ના સહયોગથી સીઝન હોટેલ ખાતે 'મોસ્ટ્રા ફલી'નું આજ તા.૧૮ અને તા.૧૯ સુધી સાંજે ૫ થી ૧૧ કલાક દરમ્યાન ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

'સાંજ સમાચાર'ની મુલાકાતે આવેલા મોસ્ટ્રા ગેલેરીના સુહાની શાહ દ્વારા આયોજિત 'મોસ્ટ્રા ફલી' વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, રંગીલા રાજકોટના લોકો ખૂબ જ અતરંગી અને મોજીલા સ્વભાવવાળા છે. તો આવા જ અતરંગી સ્વભાવના લોકો માટે મોસ્ટ્રા ગેલેરી દ્વારા વિશાળ 'મોસ્ટ્રા ફલી'નું સૌ પ્રથમ વખત સૌરાષ્ટ્રભરમાંથી રાજકોટમાં આયોજન કરવામાં આવ્યું છે. આ મોસ્ટ્રા ફલીમાં ભારતભરમાંથી ૧૦૦થી વધુ ડિઝાઇનર લોકો ભાગ લઇ રહ્યા છે. આ ડિઝાઇનરો દિલ્હી, મુંબઇ જેવા વિવિધ રાજ્યોમાંથી આવી આ મોસ્ટ્રા ફલીમાં ભાગ લઇ રહ્યા છે. આ મોસ્ટ્રા ફલીમાં ૭૦ જેટલા સ્ટોલનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં શોપિંગ સ્ટોલ, સીઝન્સ સ્ટ્રીટ ફૂડ ફેસ્ટિવલ, લાઇવ ડીજે અને બેન્ડ પરફોર્મન્સ, એટ્રેકટીવ વર્કશોપ, કિડ્સ એશિયા, ડાન્સ પર્ફોમન્સ, હસ્તકલા ઝોન, સેલ્ફી બૂથ, ગેમ ઝોન સહિત વિવિધ સ્ટોલ બનાવવામાં આવ્યા છે. આ ફલી માર્કેટમાં બાળકોથી લઇને વૃધ્ધ સુધીના દરેક લોકો માટે એક અદભૂત નજરાણું ઉભું કરી દેશે.

મોસ્ટ્રા ફલીમાં બાળકો અને મોટેરા માટે જુદા-જુદા સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. જેમાં ખાસ કરીને મહિલાઓ માટે સૌથી વધુ શોપિંગ સ્ટોલ બનાવવામાં આવ્યા છે. જેમાં ડિઝાઇનર કપડા, અવનવી જવેલરી સહિતના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. આ મોસ્ટ્રા ફલીમાં જોડાવવા માટે રૂા.૧૦૦ એન્ટ્રી ફી છે જેમાંથી રૂા.૫૦ ફૂડ ઝોનમાં રિડિમેબલ થઇ જશે.

વધુમાં સુહાની શાહએ જણાવ્યું હતું કે, આ ૭૦ સ્ટોલ પોતાનામાં એક અલગ જ આકર્ષણ જમાવે છે. તેમ છતાં સૌથી વધુ આકર્ષિત સ્ટોલમાં બાળકો માટે અલગથી એક પ્લે એરિયામાં મુકીને શાંતિપૂર્વક ખરીદી પર ધ્યાન આપી શકશે તેમજ ૨૦ પ્રકારના વિવિધ વર્કશોપ પણ યોજવામાં આવશે. જેમાં બાળકોની સાથોસાથ મોટેરાઓ પણ ભાગ લઇ શકશે. તદ્પરાંત ઓપન માઇક, ડાન્સ, લાઇવ ડીજે સહિતના સ્ટોલ પણ આકર્ષણ જમાવશે. આ સાથોસાથ ક્રિકેટ રસિકો સ્ક્રીન પર આઇપીએલ મેચનું લાઇવ પ્રસારણ પણ નિહાળી શકશે.

આ 'મોસ્ટ્રી ફલી'નું સફળ આયોજન મોસ્ટ્રા ગેલેરીના સુહાની શાહ અને તેની ટીમના ઉર્વશી જોશી, આર્યા રાજન, આધ્યાશ્રી રાજન, માનીત પરમાર, ભવ્ય સિંઘરાણી અને જાનવી રાઠોડ દ્વારા કરવામાં આવ્યું છે.



'સાંજ સમાચાર'ની મુલાકાતે મોસ્ટ્રા ગેલેરીના ઓનર સુહાની શાહ તેમજ તેની ટીમના ઉર્વશી જોશી, આર્યા રાજન, આધ્યાશ્રી રાજન, માનીત પરમાર, ભવ્ય સિંઘરાણી અને જાનવી રાઠોડ આવ્યા હતા.

### સીઝન્સ સ્ટ્રીટ ફડ, લાઇવ ડીજે, કિડ્સ પ્લે એરિયા, ઓપન માઇક, હસ્તકલા ઝોન સહિતના સ્ટોલનો અદ્ભૂત ખજાનોઃ 'સાંજ સમાચાર' મીડિયા પાર્ટનર

### મોસ્ટ્રા ફલીમાં બાળકો માટે આકર્ષિત પ્લે એરિયા બનાવાયો

ખરીદીના સમયે બાળકોને સાથે રાખી ખરીદી કરવામાં કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. બાળકો પર ધ્યાન આપવામાં એટલો સમય પસાર થઇ જતો હોય છે કે ખરીદી પર પૂરતા પ્રમાણમાં ધ્યાન આપવામાં આવતું હોતું નથી.

ત્યારે મોસ્ટ્રા ગેલેરી દ્વારા આયોજિત મોસ્ટ્રા ફલીમાં બાળકો માટે એક અલગથી પ્લે એરિયા બનાવવામાં આવ્યો છે. જેમાં મુલાકાતીઓ પોતાના બાળકોને મોસ્ટ્રા ગેલેરીના ટીમ સભ્યો પાસે પ્લે એરીયામાં મુકીને શાંતિપૂર્વક શોપીંગ કરી શકશે. આ પ્લે એરીયામાં વોટર પ્લે, માટીની રમતો, રીડિંગ કોર્નર, લેબ સહિતની વિવિધ પ્રવૃત્તિઓનો સમાવેશ થયેલ છે. આ પ્લે એરિયામાં ટીમના સભ્યો દ્વારા બાળકોની સારસંભાળ કરવામાં આવશે જેથી બાળકોના વાલીઓ આ મોસ્ટ્રી ફલીનો મનમુકીને આનંદ લઇ શકશે.

### રંગીલા રાજકોટના સ્વાદના માણીગરો માટે સીઝન્સ ફડ ફેસ્ટિવલમાં ચટાકેદાર વાનગીઓ

રંગીલા રાજકોટના સ્વાદના માણીગરોને ધ્યાનમાં રાખીને મોસ્ટ્રા ફલીમાં સીઝન્સ સ્ટ્રીટ ફૂડ ફેસ્ટિવલનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ સીઝન્સ સ્ટ્રીટ ફૂડ ફેસ્ટિવલમાં કોર્ન સ્ટેશન, મેગી સ્ટેશન, વડાપાંઉ, ચાટ સ્ટેશન, પોટેટો મસ્ટી, ચાઇનીઝ સ્ટેશન, બેવરેજીસ સ્ટેશન, આઇસ્ક્રીમ સ્ટેશન, ગાંઠીયા સ્ટેશન અને ગોલા કાઉન્ટર બનાવવામાં આવ્યા છે. આ દરેક ફૂડ સ્ટોલ પર વિવિધ પ્રકારના ફુડ મળી રહેશે. આ મોસ્ટ્રા ફલીમાં આ સીઝન્સ ફૂડ ફેસ્ટિવલ સૌથી વધુ આકર્ષણ જમાવે તેવું છે.

### ૨૦ પ્રકારના અલગ અલગ વર્કશોપ બનશે આકર્ષણનું કેન્દ્ર

મોસ્ટ્રા ગેલેરી દ્વારા આયોજીત 'મોસ્ટ્રા ફલી'માં વિવિધ સ્ટોલ બનાવવામાં આવ્યા છે. જેમાં ફૂડ, શોપીંગ સ્ટોલ, કિડ્સ એરિયા સહિતના સ્ટોલ જોવા મળશે. આ સાથે ૨૦ પ્રકારના અલગ અલગ વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપમાં બાળકોથી લઈને વૃધ્ધ સુધીના દરેક લોકો ભાગ લઈ શકશે. આ વર્કશોપમાં ફેસ પેઈન્ટીંગ, પોટરી, કેરિકેચર, ગ્લાસ પેઈન્ટીંગ, ક્રોશેટ, ફ્લુઈડ આર્ટ, વચાતા ડાન્સ, નેઈલ આર્ટ, હેર બ્રેડિંગ, પરફ્યુમ મિશ્રણ, રમતો સહિતના વિવિધ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપમાં આકર્ષિત વર્કશોપની વિગત જોઈએ તો.

**ફેસ પેઈન્ટીંગ**

આ ફેસમાં પેઈન્ટીંગ વર્કશોપમાં કલાકારો દ્વારા લોકોના ચહેરામાં આકર્ષિત જુદી જુદી ડિઝાઈન બનાવી આપવામાં આવશે.

**કેરિકેચર**

આ કેરિકેચર વર્કશોપમાં લોકોની પોતાની આબેહુબ તસ્વીર કલાકારો દ્વારા બનાવી આપવામાં આવશે.

**ફ્લુઈડ આર્ટ**

આ ફ્લુઈડ આર્ટમાં જુદા જુદા વિવિધ રંગોનું મિશ્રણ કરીને ચિત્રો બનાવવામાં આવશે.

**નેઈલ આર્ટ**

આ નેઈલ આર્ટ વર્કશોપમાં મહિલાના નખ પર જુદી જુદી આકર્ષિત કરતી અવનવી ડિઝાઈન બનાવવામાં આવશે.

**પરફ્યુમ મિકિસંગ**

આ પરફ્યુમ મિકિસંગ વર્કશોપમાં લોકોની પોતાની મનપસંદ સુગંધના પરફ્યુમ ત્યાં જ તરત જ બનાવી આપવામાં આવશે.

**ગ્લાસ પેઈન્ટીંગ**

આ ગ્લાસ પેઈન્ટીંગ વર્કશોપમાં ગ્લાસ પર અવનવી ડિઝાઈન સાથે વિવિધ રંગો વડે ગ્લાસ પેઈન્ટીંગ કરવામાં આવશે.

આ સાથે બીજા પણ કેટલાક વર્કશોપ આ મોસ્ટ્રા ફલીમાં આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

### મોસ્ટ્રા ફલીમાં ૨૦થી વધુ વર્કશોપ યોજાશેઃ બાળકોથી લઇને વૃધ્ધો લઇ શકશે ભાગ



## અંગદાતા વેદ ઝીંઝુવાડીયાની સ્મૃતિમાં રકતતુલા-રકતદાન કેમ્પ યોજાશે

### એકત્ર થનાર રકત સિવિલ બ્લડ બેંકમાં જમા કરાશે

રાજકોટ,તા.૧૮

શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનનાં સહયોગથી અંગદાતા વેદ ઝીંઝુવાડીયાની સ્મૃતિમાં ભાઈ વિસ્તાનની રકતતુલા નિમિતે તા.૧૯ને રવિવારે સાંજે ૬ થી ૮.૩૦ કલાક સુધી રકતદાન કેમ્પ પાવન ફાર્મ ધ વન વર્લ્ડની સામે, શીતલપાર્ક રાજકોટ ખાતે આયોજન કરવામાં આવેલ છે.શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશન, ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન, સમસ્ત પ્રજાપતિ જ્ઞાતિ તેમજ ભાવેશભાઈ ઝીંઝુવાડીયા વિભૂતિબેન ઝીંઝુવાડીયાના સહયોગથી યોજાનાર રકતદાન કેમ્પમાં વિનય જસાણી, ડો.પ્રતિક અમલાણી, ડો. દિવ્યેશ વિરોજા, ડો.તેજશ કરમટા, મિતલ ખેતાણી, ડો.સંકલ્પ વણજારા, ડો.પૂનિત ત્રિવેદીની ઉપસ્થિતિમાં સિવિલ હોસ્પિટલ બ્લડ બેંકનાં તબીબો-ટીમ માનદ સેવા આપશે એકત્ર થનાર રકત સિવિલ હોસ્પિટલના દર્દીઓનાં લાભાર્થે જમા કરાવાશે આ કેમ્પ પૂર્વે સાંજ સમાચાર કાર્યાલયની પ્રજાપતિ જ્ઞાતિના મનસુખભાઈ તલસાણીયા, નિતિનભાઈ ઘાટલીયા, ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશનના ભાવનાબેન મંડળી, ભાવેશભાઈ, વિપુલભાઈ, વિનય જસાણી, યજ્ઞેશ વારીયાએ મુલાકાત લઈ જાણકારી આપી હતી.

## આગામી ચોમાસુ કેવું જશે? વરતારો

**શાસ્ત્રી રાજદીપ જોષી (વેદાંત રત્ન)**

રાજકોટ તા.૧૮

આ વર્ષે વરૂણ નામનો મેઘ છે આથી પવન સાથે બધે જ સારો વરસાદ થાય ઘણી જગ્યાએ અતિશય વરસાદથી પાકને નુકશાન થઈ શકે છે.

ખાસ કરીને ચોમાસાની શરૂઆત જુન મહિનાના પહેલા અઠવાડીયાથી થઈ શકે છે અને ખાસ કરીને ચોમાસુ જયારે ૨૧ જુનની આસપાસ આર્કા નક્ષત્ર બેસે ત્યારે ચોમાસુ શરૂ થાય છે.

નક્ષત્ર પ્રમાણે વરસાદની યાદી

તા.૮/૬થી ૨૧/૬ સુધીમાં સૂર્ય મૃગશીર્ષ નક્ષત્રમાં વાહન શિયાળનું વરસાદની શરૂઆત થાય. વંટોળ ફુંકાય, બફારો રહે.

૨૧/૬થી ૫/૭ સુધીમાં સૂર્ય આદ્રા નક્ષત્રમાં વાહન મોરનુ પવન સાથે સારો વરસાદ પડે.

૫/૭થી ૧૯/૭ સુધીમાં સૂર્ય પુનર્વસુ નક્ષત્રમાં વાહન હાથીનું વંટોળ અને પવન ફુંકાશે. મધ્યમ વરસાદ રહે.

તા.૧૯/૭થી ૨/૮ સુધી સૂર્ય પુષ્ય નક્ષત્રમાં રહે વાહન દેડકો બધે જ સારો વરસાદ થાય.

તા.૨/૮થી ૧૬/૮ સુધીમાં સૂર્ય આશ્લેષા નક્ષત્રમાં રહે. વાહન ગધેડાનું નહિવત વરસાદ રહે.

તા.૧૬/૮થી ૩૦/૮ સુધીમાં સૂર્ય મઘા નક્ષત્રમાં રહેશે. વાહન શિયાળનું છે કયાક સામાન્ય વરસાદ પડે. પવન રહે.

તા.૩૦/૮થી ૧૩/૯ સુધી સૂર્ય પૂર્વા ફાલ્ગુની નક્ષત્રમાં રહેશે. વાહન ઉંદરનું છુટોછવાયો વરસાદ થાય.

તા.૨૭/૯થી ૧૦/૧૦ સુધીમાં સૂર્ય હસ્ત નક્ષત્રમાં રહેશે. (હાથીયો કહેવાય છે) વાહન મોરનું, છુટોછવાયો વરસાદ થાય, કયાક વાવાઝોડા સાથે વરસાદ થાય.

તા.૧૦/૧૦થી ૨૩/૧૦ સૂર્ય ચિત્રા નક્ષત્રમાં રહેશે. વાહન ભેંસનું, સારો એવો વરસાદ થવાની શકયતા છે.

૨૪/૧૦થી ૬/૧૧ સૂર્ય સ્વાતી નક્ષત્રમાં વાહન શિયાળનું કયાંક સામાન્ય વરસાદ થાય.

આ વર્ષે વરસાદ સારો થાય. આદ્રા નક્ષત્ર પ્રમાણે મેઘરાજા મોર ઉપર બેસી અને પધારશે. આશરે ૮૦%થી ૯૦% સારૂ વર્ષ જાય. ૧૪ આની વર્ષ રહેવાની શકયતા છે.





## બાલાજી હનુમાનજી મહારાજને પુષ્પોનો શણગારઃ મારૂતિ યજ્ઞ

લક્ષ્મીનારાયણ દેવ ટેમ્પલ બોર્ડ વડતાલ ધામ સંચાલિત વડતાલ દ્વિ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે રાજકોટની પાવન ધરામાં બિરાજમાન દુઃખ ભંજન, મારુતિ નંદન શ્રી બાલાજી હનુમાનજી મહારાજને આજના શનિવારના પવિત્ર દિવસે કળશ સાથે રંગબેરંગી પુષ્પોનો અલૌકિક અને દિવ્ય શણગાર કરાયો છે, આ દિવ્ય શણગાર આકર્ષણનું કેન્દ્ર બન્યા છે સાથે આજે મંદિરના મહંત પૂ.વિવેકસાગર દાસજી સ્વામી, કોઠારી પૂ.મુનિવત્સલ દાસજી સ્વામીની પાવન ઉપસ્થિતિમાં સંગીતમય મારુતિ યજ્ઞ પણ યોજાયો હતો જેમાં પણ બહોળી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યાં હતાં અને યજ્ઞનો લાભ લીધો હતો, આજના શનિવારના પવિત્ર દિવસે હજારો ભક્તો મહાપ્રતાપી બાલાજી દાદાના દર્શને પધારશે અને ધન્યતાની અનુભૂતિ કરશે.



## અમદાવાદમાં સરગમ નર્તન એકેડેમીની ત્રણ વિદ્યાર્થીનીઓનું આરંગેત્રમ યોજાયું

રાજકોટ,તા.૧૮

અમદાવાદમાં તા.૧૨મીના રવિવારે નહેરુ ફાઉન્ડેશન ના ઓડિટોરીયમ માં સરગમ નર્તન એકેડમી ના નૃત્યના છેલ્લા વર્ષના નૃત્ય સાધકો દ્વારા આરંગેત્રમનું ભવ્ય અને સુંદર આયોજન કરવામાં આવ્યું હતુ. કુ. પ્રાર્થી જ્યોતિર્મય બુચ, કુ. કાવ્યા પટેલ અને વૃક્ષા બલર દ્વારા આરંગેત્રમની સુંદર રજૂઆત કરાઇ હતી અને ભારત નાટ્યમની માર્ગમ ની તમામ કૃતિઓ રજૂ કરી હતી.આ નૃત્ય સાધકોએ ૭ વર્ષની નૃત્ય સાધના કલાગુરૂ તથા સરગમ નર્તન એકેડમી ના ડાયરેકટર શ્રીમતી કાશ્મિરા બ્હેન ત્રિવેદી ના શિષ્ય કલાગુર નેહાબહેન દાણી તથા વૃંદાબહેન પાસે કરેલ છે.કાર્યક્રમના અંતે દિક્ષાંત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મૂખ્ય અતિથિ પદ્મશ્રી જોરાવર સિંહ જાદવ સાહેબ ના હસ્તે વિદ્યાર્થીઓ ને આરંગેત્રમનું પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

## આજે રાત્રે 'વોઈઝ ઓફ લેઝન્ડસ'ના બેનર હેઠળ મહાનગાયક કિશોરકુમારના યાદગાર ગીતોનો કાર્યક્રમ



રાજકોટ તા.૧૮

આગામી તા.૧૮ના શનિવારે રાત્રે ૯-૧૫ કલાકે હેમુ ગઢવી હોલ ખાતે 'વોઈસ ઓફ લેજન્ડસ'ના બેનર હેઠળ હિન્દી ફિલ્મ સંગીત જગતના મહાન ગાયક કિશોરકુમારના યાદગાર ગીતોનો જાજરમાન કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

ઉપરોકત સંગીત મઢયા કાર્યક્રમમાં રાજકોટના ખ્યાતનામ કલાકાર સુનીલ ગઢીયા કે જેઓ ભારતભરમાં છેલ્લા ૪૦ વર્ષથી કિશોરકુમારના હિન્દી તેમજ બંગાળી ગીતોના કાર્યક્રમ આપી રહ્યા છે. સંગીત તજજ્ઞોના મતે તેમનો સ્તર કિશોરકુમારથી અત્યંત નજીક છે. આ કાર્યક્રમમાં તેઓને સાથ આપશે વડોદરાના ખ્યાતનામ સ્વર કિન્નરી હેતલ મુનસી પંડયા કે જેઓ છેલ્લા ૩૫ વર્ષથી સંગીતની દુનિયામાં સ્ટેજ પ્રોગ્રામ તેમજ ગુજરાતી ફિલ્મોમાં ઉપરાંત ઘણીબધી જાહેરાતોમાં પોતાનો અવાજ આપેલ છે. ભારતીય ફીલ્મના પ્લેબેક સીંગરો જેવા કે ઉદીત નારાયણ, સોનુ નિગમ, કુમાર સાનુ, મહમદ અઝીઝ, શબ્બીર કુમાર, વિનોદ રાઠોડ, અનવર જેવા નામાંકિત કલાકારો સાથે સ્ટેજ પ્રોગ્રામ આપેલ છે.

આ ઉપરાંત લગભગ ૨૫થી વધારે ફિલ્મોમાં પ્લેબેક આપેલ છે. વડોદરા ખાતે વિશ્વવિખ્યાત ગઝલ સમ્રાટ ગુલામઅલી ખાન સાહેબની સાથે ગુજરાતમાંથી એક માત્ર લેડી સીંગરને સ્ટેજ પર પરફોર્મ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયેલ છે.

ઉપરાંત જામનગરના ગાયીકા રીના ગજજર પણ તેમના સુરીલા કંઠના કામણ પાથરશે. મહેમાન કલાકાર તરીકે મોહીત બુચ, શ્રીકાંત નાયર અને સુનિલ ગઢીયાના પુત્ર ગીત ગઢીયા પણ પોતાની આગવી કલા અનોખા ગીતો સાથે રજૂ કરશે. આ સમગ્ર કાર્યક્રમના આયોજનમાં 'વાઈસ ઓફ લેજન્ડ' ગ્રુપના ફાઉન્ડર કેતનભાઈ મહેતા, સુનિલભાઈ લાખાણી, અરૂણભાઈ શિશાંગીયા, મીત ગઢીયા તથા બિરેન બુચ જહેમત ઉઠાવી રહ્યા છે.


## કાલે મોહિની એકાદશીઃ મહત્વ

રાજકોટ,તા.૧૮

વૈશાખ શુદ અગીયારશ ને સોમવારે તા.૧૯-૫-૨૦૨૩/૪ નાં દિવસે મોહિની એકાદશી છે. રવિવારે સવારે વહેલા ઉઠી ન્હાવાની પાણીની ડોલમાં ગંગાજળ નાખી સ્નાન કરવું.ત્યાર બાદ શ્રી કૃષ્ણ ભગવાનનું પૂજન કરવું ભગવાનને છાશ અને દહીં ખાસ ધરાવવા શ્રી કૃષ્ણ શરણમ મમ એક અથવા ત્રણ માળા કરવી અને કથા વાંચવી અથવા શાંભળવી. મોહિની એકાદશીનાં દિવસે ઘર મા ગૌમુત્ર અથવા ગંગાજળ છાટવું ઉત્તમ ગણાય છે. મોહિની એકાદશી એટલે મોહ પમાડનાર નહીં પરંતુ મોહ માથી મુકિત આપનાર એકાદશી છે. જીવનમાં કોઈપણ વસ્તુનો મોહ જાગે એટલે જીવનમાં જ્ઞાન તથા વિવેક રહેતા નથી અને પતન થાય છે. આથી જ શાસ્ત્રોમાં પુરાણોમાં કહેલું છે કે કામ,ક્રોધ, મોહનો ત્યાગ કરો.

એકાદશીની કથાનો બોધઃ જીવનમાં કોઈપણ વસ્તુનો અને વ્યકિતનો મોહ રાખવો જોઈએ નહીં. જે મળે તેમાં સંતોષ માનવો જોઈએ તો જ જીવન સુખી થશે.વ્યકિતનાં જીવનમાં ગમે તેટલી સંપતી હોય બધુ જ હોય પરંતુ સંતોષ ના હોય તો બધુ જ નકામુ છે. આથી ખોટો મોહ છોડી અને સંતોષ પૂર્વક જીવન જીવવું જોઈએ.શાસ્ત્રી રાજદીપ જોશીરવિવારે મોહિની એકાદશી નું મહત્વ અને પૂજન જીવનના બંધનો માંથી મુક્તિ અપાવનાર એકાદશી આ એકાદશીના દિવસે ઘર મા ગૌમુત્ર અથવા તો ગંગાજળ છાટવુ


વૈશાખ શુદ અગીયારશ ને સોમવારે તા.૧૯-૫-૨૦૨૩/૪ નાં દિવસે મોહિની એકાદશી છે.




રવિવારે સવારે વહેલા ઉઠી ન્હાવાની પાણીની ડોલમાં ગંગાજળ નાખી સ્નાન કરવું.ત્યાર બાદ શ્રી કૃષ્ણ ભગવાનનું પૂજન કરવું ભગવાનને છાશ અને દહીં ખાસ ધરાવવા શ્રી કૃષ્ણ શરણમ મમ એક અથવા ત્રણ માળા કરવી અને કથા વાંચવી અથવા શાંભળવી. મોહિની એકાદશીનાં દિવસે ઘર મા ગૌમુત્ર અથવા ગંગાજળ છાટવું ઉત્તમ ગણાય છે. મોહિની એકાદશી એટલે મોહ પમાડનાર નહીં પરંતુ મોહ માથી મુકિત આપનાર એકાદશી છે. જીવનમાં કોઈપણ વસ્તુનો મોહ જાગે એટલે જીવનમાં જ્ઞાન તથા વિવેક રહેતા નથી અને પતન થાય છે. આથી જ શાસ્ત્રોમાં પુરાણોમાં કહેલું છે કે કામ,ક્રોધ, મોહનો ત્યાગ કરો.એકાદશીની કથાનો બોધઃ જીવનમાં કોઈપણ વસ્તુનો અને વ્યકિતનો મોહ રાખવો જોઈએ નહીં. જે મળે તેમાં સંતોષ માનવો જોઈએ તો જ જીવન સુખી થશે.વ્યકિતનાં જીવનમાં ગમે તેટલી સંપતી હોય બધુ જ હોય પરંતુ સંતોષ ના હોય તો બધુ જ નકામુ છે. આથી ખોટો મોહ છોડી અને સંતોષ પૂર્વક જીવન જીવવું જોઈએ.

(શાસ્ત્રી રાજદીપ જોશી)

## આવતીકાલે જિનશાસનનો ૨૫૮૦મો સ્થાપના દિનઃ જૈન ધ્વજમાં આધ્યાત્મિકતાનો સંદેશ





આવતીકાલ તા.૧૯મીના રવિવારે જિન શાસનનો ૨૫૮૦મો સ્થાપના દિન છે. જિન શાસનનો ધ્વજ આધ્યાત્મિકતા સાથે સંબંધિત છે.

જૈન ધર્મના ધ્વજમાં પાંચ રંગ છે. સફેદ, લાલ, પીળો, લીલો અને કાળો રંગ, આ પાંચ રંગ પંચ પરમેષ્ઠાનું પ્રતિનિધિત્વ કરે છે. આ જૈન ધર્મના પાંચ પ્રમુખ વ્રતોનું પણ પ્રતિનિધિત્વ કરે છે.

**સફેદ રંગઃ** અરિહંતો, આત્માઓનું પ્રતિનિધિત્વ કરે છે. જેમણે ક્રોધ, મોહ અને ધૃણા સહિત સંસારના સુખો પર વિજય પ્રાપ્ત કર્યો છે. અને આત્મ સાક્ષાત્કારના માધ્યમથી સર્વજ્ઞતા અને શાશ્વત આનંદ પ્રાપ્ત કર્યો છે. આ રંગે શાંતિ અને અહિંસાનો પણ સંદેશ આપે છે.

**લાલ રંગઃ** આ રંગે સિદધ આત્માઓનું પ્રતિનિધિત્વ કરે છે. જેમણે મોક્ષ અને સત્ય મેળવી લીધું છે. આ સત્યનું પ્રતિનિધિત્વ કરે છે.

**પીળો રંગઃ** આચાર્ય, નિપુણોના પરા સ્નાતકનું પ્રતિનિધિત્વ કરે છે. આ રંગ ચોરી ન કરવા (અચૌર્ય)નું પણ પ્રતીક છે.

**લીલો રંગઃ** ઉપાધ્યાયનું પ્રતિનિધિત્વ કરે છે. જે સાધુઓને શાસ્ત્રજ્ઞાન આપે છે. આ શુદ્ધતા (બ્રહ્મચર્ય)નું પણ પ્રતીક છે.

**કાળો રંગઃ** આ રંગ સાધુ-સાધ્વીજીઓનું પ્રતિનિધિત્વ કરે છે. આ અપરિગ્રહનું પ્રતીક છે.

એવું માનવામાં આવે છે કે ૨૪ તીર્થંકર ભગવંતોના રંગ આ પાંચ રંગોમાંથી એક હતો. જેમ કે શ્રી ચંદ્રપ્રભ સ્વામી તથા પુષ્પદંતનો રંગ સફેદ, શ્રી મુનિસુવ્રત સ્વામી તથા શ્રી નેમિનાથ સ્વામીનો ગહેરા રંગના હતા. શ્રી પદ્મપ્રભ સ્વામી તથા શ્રી વાસુપૂજય સ્વામી લાલ હતા, સુપાર્શ્વનાથ તથા પાર્શ્વનાથ લીલા રંગના તથા બાકીના અન્ય પીળા રંગના હતા.

ધ્વજની મધ્યમાં સ્થિત સ્વસ્તિક આત્માના અસ્તિત્વની ચાર અવસ્થાઓનું પ્રતિનિધિત્વ કરે છે. દેવતા, મનુષ્ય, પશુ-પંખી, કીડી, વૃક્ષો તથા નરકપ્રાણી. જે એ દર્શાવે છે કે કર્મના કારણે આત્મા આમાંથી કોઈપણ રૂપને ધારણ કરી શકે છે.

આત્માનો ઉદ્દેશ્ય સ્વયંને આ ચરણોથી મુકત કરવાનો છે છેવટે અરિહંત કે સિધ્ધ થવાનું છે.

સ્વસ્તિક ઉપરના ત્રણ બિંદુ જૈન જૈન ધર્મના રત્નત્રય (ત્રણ રત્નો)નું પ્રતિનિધિત્વ કરે છે. સમ્યગ દર્શન, સભ્યગ જ્ઞાન તથા સમ્યગ ચારિત્ર. જેમાં ખુદને કર્મ અને પુનર્જન્મના ચક્ર અને સંસારમાંથી મુકિતનો સંદેશ આપે છે. અને સિધ્ધશિલા સંપાદન કરવા ત્રણ બિંદુઓ ઉપરનું ચક્ર સિધ્ધશિલાને દર્શાવે છે. જે બ્રહ્માંડના ઉચ્ચતમ ક્ષેત્રોમાં એક સ્થાન છે.

## કાલે સંત પુનિત મહારાજના જન્મ દિવસની ઉજવણી

સંત પુનિત મહારાજના જન્મ દિવસની ઉજવણી નિમિત્તે પુનિત સદગુરુ ભજન મંડળ દ્વારા કાલે સવારે ૯ થી ૧૨ રામજીભાઇ માપાણીના નિવવાસ્થાને 'રામદિપ' ૨૯-બ્લોક, શાંતિ નિકેતન સોસાયટી, કોટેચા ચોક, કાલાવડ રોડ ખાતે રાત્રે ૯-૩૦ કલાકે મથુરાદાસ પ્રભુદાસ મહેતા 'માતંગી' ૧૧- જંકશન પ્લોટ ખાતે સંત પુનિતના ભજનો તેમજ ચરણ પાદુકાનું પૂજન કરવામાં આવશે.

## યુનિ.રોડ જૈન સંઘમાં કાલેવીર શાસનનો સ્થાપના દિન ઉજવાશે

### કાલે સવારે શાસન ધ્વજ સ્નાત્ર પૂજન, આરતી-મંગળદીપો સહિતના અનુષ્ઠાનો ઉજવાશે

રાજકોટ,તા.૧૮

યુનિ રોડ જૈન સંઘ શ્રી સુમતિનાથ જિનાલયે આવતીકાલ તા.૧૯ના રવિવારે વીરશાસનનો ૨૫૮૦નો સ્થાપના દિન ઉજવાશે સવારે ૭.૩૦ કલાકે શાસન ધ્વજ સ્થાપના સવારે નવ વાગ્યે બહેનો દ્વારા સમૂહ સ્નાત્ર, સાંજે પરમાત્માની ભવ્ય આંગી સાંજે ૭.૧૫ કલાકે સમૂહ આરતી તથા મંગળ દીપો યોજાશે.આ પ્રસંગે શ્રી સંઘના સભ્યો ઉપરાંત જૈન સોશ્યલ ગ્રુપ રોયલના કમીટી મેમ્બરો ઉપસ્થિત રહેશે.તેમ જણાવાયું છે.

## કાલે શહેર ભાજપ મહિલા પ્રમુખ કિરણબેન માકડીયાનો જન્મદિવસ



રાજકોટ, તા.૧૮

શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયાનો કાલે જન્મ દિવસ છે. પોતાના યશસ્વી જીવનના ૫૪ વર્ષ પૂર્ણ કરી ૫૫માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. ત્યારે વર્ષોથી ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય વિચારધારા સાથે શહેર ભાજપના પૂર્વ ઉપપ્રમુખ, મહિલા મોરચાના પૂર્વ મહામંત્રી અને શિક્ષણ સમિતિના પૂર્વ સદસ્ય તરીકે જવાબદારી સંભાળેલ છે ત્યારે વિધાનસભાની ચૂંટણીમાં મધ્ય પ્રદેશમાં ભોપાલના ઉદયપુરા વિધાનસભામાં મહિલા આગેવાન અને વિસ્તાર તરીકે મહિલા સંમેલનો યોજી ભાજપના ઉમેદવારને ભવ્ય વિજય અપાવ્યો હતો. શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ તરીકે સતત ત્રીજી ટર્મથી જવાબદારી સંભાળી રહ્યા છે. આવતાકીલે કિરણબેન માકડીયાને તેમના જન્મ દિવસે (મો. નં. ૯૪૨૭૫ ૬૫૦૧૯) ઉપર ભાજપ અગ્રણીઓ, તમામ શ્રેણીના કાર્યકર્તાઓ, મહિલા મોરચાના બહેનો, શુભેચ્છકો, પરિવારજનો તરફથી શુભેચ્છાઓ પાઠવશે.

## આઈનોકસ-આર વર્લ્ડ સિનેમાનાં મેનેજર રિદ્ધી દવેનો હેપ્પી બર્થ ડે



આઈનોસ અને આર વર્લ્ડ સિનેમાનાં મેનેજર રિદ્ધીબેન દવેનો આજે જન્મદિવસ છે. મેડીકલ એસોના તબીબ સંજય જીવરાજાની ડો.અમી જીવરાજાની, સામાજિક કાર્યકર યોગેશ માખેચા દિનેશ ચંદ્ર દવે, દેવીકાબેન દવે, પ્રીતિ દવે, વિવાન દવેએ શુભકામના પાઠવી છે.

# જનરલ બોર્ડમાં ૧૪ કોર્પોરેટર ગેરહાજર : ફરી કોંગ્રેસમાં સામેલ થયેલા બંને સભ્યોને એન્ટ્રી મળી

રાજકોટ, તા. ૧૮

રાજકોટ મહાપાલિકાનું દ્વિમાસિક જનરલ બોર્ડ આજે મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષ સ્થાને મળ્યું હતું. આચારસંહિતાના કારણે કોઈ કાર્યવાહી વગર સભા મુલત્વી રાખવામાં આવી હતી. કુલ ૭૨ પૈકી ૧૪ નગરસેવકો બોર્ડમાં ગેરહાજર રહ્યા હતા.

લોકસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ ઘણા ચૂંટાયેલા લોકો અને નેતાઓ ચૂંટણી પ્રચારમાં અન્ય રાજ્યમાં કે વેકેશન માં ફરવાના સ્થળે પહોંચ્યા છે. તે કારણે આજે ભાજપના ૧૨ અને કોંગ્રેસના બે કોર્પોરેટર સભામાં હાજર ન હતા. કોંગ્રેસમાંથી આપમાં જવાના કારણે ગેરલાયક ઠરેલા પૂર્વ વિપક્ષી નેતા વશરામભાઈ સાગઠીયા અને કોમલબેન ભારાઇ આજે તેમનું સભ્યપદ બહાલ થયા બાદ લાંબા સમયે જનરલ બોર્ડમાં આવી શકયા હતા. ભાજપ-કોંગ્રેસના સભ્યોએ હળવાશની પળોમાં હવે બોર્ડમાં 'મજા આવશે' એવી વાતો કરી હતી. જોકે કોઈ કાર્યવાહી થઈ ન હતી અને એજન્ડા પરની તમામ પાંચ દરખાસ્ત મોકુફ રાખવામાં આવી હતી.

હવે બોર્ડમાં કુલ ૭૨ સભ્ય ફરી થયા છે. વિપક્ષી નેતા ભાનુબેન સોરાણી અને મકબુલભાઈ દાઉદાણી બોર્ડમાં ગેરહાજર હતા. કોર્પોરેટર અને કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા તથા પૂર્વ મેયર ડો.પ્રદીપ ડવ પણ ગેરહાજર હતા.

બોર્ડના કુલ ૧૦ સભ્યોએ રજા રીપોર્ટ મોકલાવ્યો હતો. તેમાં આવાસ યોજનાના પ્રકરણના કારણે ભાજપમાંથી સસ્પેન્ડ થયેલા અને હવે અપક્ષ તરીકે રેકોર્ડ પર રહેલા વજીબેન ગોલતર અને દેવુબેન જાદવના રજા રીપોર્ટ આવ્યા હતા. આ સિવાય સ્ટે. ચેરમેન જયમીન ઠાકર, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, કુસુમબેન ટેકવાણી, બિપીનભાઈ બેરા, કેતનભાઈ પટેલ, ભારતીબેન પાડલીયા, અનિતાબેન ગૌસ્વામી, વિનુભાઇ ઘવાના પણ રજા રીપોર્ટ આવ્યા હતા.

એકંદરે લોકસભા ચૂંટણી બાદનો થાક ઉતારવા, અન્ય રાજયમાં પ્રવાસ કરવા કે વેકેશનમાં ફરવા જવાના કારણે આજે બોર્ડમાં પણ પાંખી હાજરી હતી. તા.૪ના રોજ મત ગણતરી છે અને તા.૬ સુધી આચારસંહિતા અમલમાં છે. તે બાદ જ મનપામાં સમિતિઓ અને સભાની કાર્યવાહી શરૂ થશે. આ બાદ મનપા ધમધમતી થશે તેવું લાગે છે.

આજની મીટીંગમાં શ્રમિક બસેરા, જમીન વેંચાણ રદ કરવા, ભરતી અંગે છઠ્ઠા પગાર પંચની વિસંગતતા દુર કરવા, દબાણ હટાવ ઈન્સ.ની જગ્યા કાયમી કરવા, રામનગરમાં પાણીની સુવિધા સહિતની દરખાસ્તો અંગે હવે આગામી બોર્ડમાં નિર્ણય લેવામાં આવશે.આમ તો મતદાન બાદ મનપામાં મેયર નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસક નેતા લીલુબેન જાદવ, દંડક મનીષ રાડીયા, અમુક કોર્પોરેટરો અવરજવર કરે છે. જોકે સત્તાવાર રીતે તમામ પદાધિકારીઓ ૬ જુન બાદ જ કામગીરી કરી શકશે. સ્ટે. કમીટીમાં પણ કોઈ કાર્યવાહી બે બેઠકથી થઈ શકતી નથી તે ઉલ્લેખનીય છે.



મ્યુનિ. કોર્પોરેશનનું દ્વિમાસિક જનરલ બોર્ડ આજે ચૂંટણી આચારસંહિતા વચ્ચે મળ્યું હતું. જેમાં કોઇ કાર્યવાહી થઇ શકી ન હતી અને તમામ દરખાસ્તો મેયરે પેન્ડીંગ રાખી હતી. લાંબા સમય બાદ કોંગ્રેસના બે કોર્પોરેટર સભાગૃહમાં આવતા ભાજપના કોર્પોરેટરો સાથે હળવાશની પળોમાં પણ દેખાયા હતા. (તસ્વીર : પંકજ શીશાંગીયા)

### 'હવે મજા આવશે'-ભાજપ-વિપક્ષના સભ્યો વચ્ચે હળવી ચર્ચાઃ આચારસંહિતાના કારણે કાર્યવાહી મુલત્વીઃ ભાનુબેન, દર્શિતાબેન, જયમીનભાઇ, પ્રદીપભાઇ સહિતના સભ્યો અનઉપસ્થિત



# સતત બીજા દિ'એ પણ બહુમાળી ભવન દોડી જતા પ્રાંત અધિકારીઃ ૩૮૮ દાખલાના ફોર્મની ચકાસણી પૂર્ણ

### અરજદારો માટે પાણી -છાંયડાની વ્યવસ્થા કરવા તાકીદઃ નોન ક્રિમીલેયર સર્ટી માટે પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ મામલતદાર કચેરી ખાતે પણ સુવિધા

રાજકોટ,તા.૧૮

રાજકોટ ગ્રામ્યના પ્રાંત અધિકારી વિમલ ચક્રવર્તીએ આજે સતત બીજા દિવસે પણ બહુમાળી ભવન ખાતે દોડી જઈ જિલ્લા નાયબ નિયામક વિકસતિ જાતિની કચેરી ખાતે દાખલા અંગેની કામગીરી તપાસી હતી નોન ક્રિમીલેયર સહિતના ભારે હાડમારી પડી રહ્યાની ફરિયાદો ઉઠતા ગઈકાલે પ્રાંત અધિકારી વિમલ ચક્રવર્તીએ બહુમાળી ભવન પહોચી દાખલા અરજદારોને ઝડપથી મળે તે માટે બારીઓ પર વધારાના બે -બે ટેબલ અને કોમ્પ્યુટર મૂકાવી કામગીરીને વેગ વાન કરી હતી.

આ અંગે વધુ માહિતી આપતાં રાજકોટ ગ્રામ્યના પ્રાંત અધિકારી વિમલ ચક્રવર્તીએ જણાવ્યું હતું કે, જુદી-જુદી સરકારી નોકરીની ભરતી તથા શૈક્ષણિક સત્ર પૂર્ણ થતાં જરૂર પડતા વિવિધ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના દાખલા, આર્થિક રીતે પછાત વર્ગના દાખલા, લઘુમતી જાતિના દાખલા, વિચરતી-વિમુકત જાતિના દાખલા, નોન-ક્રિમી લેયર અંગેના પ્રમાણપત્રો (ગુજરાત સરકાર માટે) અને એડમિશનની પ્રક્રિયામાં જરૂરી વિકસતિ જાતિ અંગેના પ્રમાણપત્રો આપવાની હાલ કામગીરી ચાલી રહી છે. આ પ્રમાણપત્રો મેળવવા માટે વિદ્યાર્થીઓ તેમજ વાલીઓનો ધસારો હોવાથી આ પ્રકારની તમામ અરજીઓના સત્વરે નિકાલ માટે સવારે ૦૯-૩૦ વાગ્યાથી ટોકન વિતરણ વ્યવસ્થા લાગુ કરવામાં આવેલ છે. તેમજ વધુ બે કોમ્પ્યુટર સીસ્ટમ તથા કોમ્પ્યુટર ઓપરેટર પણ મુકવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૧૭/૦૫/૨૦૨૪ના બપોર સુધીમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના પ્રમાણપત્રો-૧૪૦, ધાર્મિક લઘુમતીના પ્રમાણપત્રો-૧, નોન-ક્રિમી-લેયર અંગેના પ્રમાણપત્રો (ગુજરાત સરકાર માટે)-૧૪૮, વિચરતી -વિમુકત જાતિ માટેના પ્રમાણપત્રો-૮, બિન અનામત વર્ગો માટેના પ્રમાણપત્રો (આવક વિના)-૪૧ આમ મળીને કુલ-૩૮૮ પ્રમાણપત્રોની અરજીઓની ચકાસણી બપોર સુધીમાં પૂર્ણ કરવામાં આવેલ છે.

શ્રી ચક્રવર્તીએ ઉમેર્યું હતું કે અરજદારઓને વધુ સગવડ મળી રહે તથા અરજીઓનો ઝડપથી નિકાલ થાય, તે માટે જનસેવા કેન્દ્ર, બહુમાળી ભવન (જિલ્લા સેવા સદન-૨)માં આવેલ ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ તથા શરાફી સહકારી મંડળીની જગ્યામાં અરજીઓની ચકાસણી માટે અલગથી કાઉન્ટર આવતી કાલથી કાર્યરત કરવામાં આવશે. જેના માટે અલગથી છાંયડાની વ્યવસ્થા તેમજ અરજદારો અને તેમના અભિભાવકો માટે પાણી તથા છાશની વ્યવસ્થા પણ અલગથી કરવામાં આવનાર છે. ઉપરાંત, શહેરી વિસ્તારના નાગરિકો માટે નોન-ક્રિમી લેયર અંગેના પ્રમાણપત્રો (ગુજરાત સરકાર માટે) મેળવવાની સુવિધા સબંધિત મામલતદાર કચેરી, રાજકોટ શહેર-પૂર્વ, પશ્ચિમ તથા દક્ષિણ ખાતે પણ ઉપલબ્ધ છે.


# રાજકોટનાં જીવાપરમાં ખેડૂતની વાડીમાં દિપડાનું મારણઃ પાંજરૂ ગોઠવાયું





રાજકોટ નજીકનાં બામણબોરવિસ્તારમાં છેલ્લા કેટલાંક સમયથી દિપડાનો ફફડાટ વધી ગયો છે ત્યારે, રાજકોટ તાલુકાનાં જીવાપર ગામનાં ખેડૂત પરબતભાઈ ચુડાસમા, અને દિલીપભાઈ ચુડાસમાની વાડીમાં આજે વ્હેલી સવારે દિપડાએ વાછરડીનું મારણ કરતા ફફડાટ ફેલાઈ ગયો હતો.દરમ્યાન આ અંગે ખેડૂતે ફોરેસ્ટ વિભાગને જાણ કરતા ફેરેસ્ટ અધિકારી વિશાલ, ડાંગર અને તેનાં સ્ટાફે દિપડાને પાંજરે પૂરવા માટે અત્રે પાંજરૂ ગોઠવી દિધું છે. (તસ્વીરઃ બાબુભાઈ ડાભી-બામણબોર)

## કાલે માજી સાંસદ રામજીભાઈ માવાણીનો જન્મદિવસઃ ૮૩મા વર્ષમાં પ્રવેશ



રાજકોટ, તા.૧૮

માજી સાંસદ રામજીભાઈ માવાણીનો કાલે ૮૨મો જન્મ દિવસ છે. કૃષિ, રાજકીય, વકીલાત ક્ષેત્રે મહત્વનું યોગદાન આપનાર રામજીભાઈ ૮૨ વર્ષ પૂર્ણ કરી ૮૩માં વર્ષમાં પ્રવેશી રહ્યા છે.

રામજીભાઈ પોતાના જન્મ દિનની વૃધ્ધાશ્રમના વડીલોને ભોજન કરાવી આશિર્વાદ મેળવશે. રામજીભાઈ માવાણી મો. ૯૪૨૬૨ ૦૧૬૧૧.

## દિવ્યાંગ માટે ડિસેબલ આઈટીઆઈમાં પ્રવેશ

રાજકોટ તા.૧૮

સરકારી ઔદ્યોગીક તાલીમ સંસ્થા ડિસેબલ રાજકોટ ખાતે વ્યવસાયલક્ષી કોર્ષ માટે ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ છે.

દિવ્યાંગ ભાઈ-બહેનો માટે કોમ્પ્યુટર ઓપરેટર, ડેસ્કટોપ પબ્લીશીંગ ઓપરેટર, કટીંગ એન્ડ સુઈંગ, હેટ એન્ડ સ્કીનકેર, એન્વેલોપ મેકીંગ, ડોમેસ્ટીક ડેપ એન્ટ્રી ઓપરેટરમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ છે. પ્રવેશ પ્રક્રિયા સંબંધી જાણકારી માટે કચેરીના સમય દરમિયાન સંસ્થાનો સંપર્ક કરવો.

# લેન્ડગ્રેબીંગના ૧૦૦માંથી માત્ર બે કેસમાં FIR દાખલ કરવા આદેશ

### કલેકટર કચેરી ખાતે મળેલી બેઠકમાં ૩૧માં સમાધાનઃ ૬૫ ડ્રોપ કરાયા, બે પેન્ડીંગઃ હાઈકોર્ટનો સ્ટે દુર થતા ૫૦ કેસમાં તપાસની કાર્યવાહી આગળ ચલાવવા કલેકટરની અધિકારીઓને તાકીદ



રાજકોટ તા.૧૮

રાજકોટ જીલ્લા કલેકટર કચેરી ખાતે ગઈકાલે લેન્ડગ્રેબીંગ કમિટીની જીલ્લા કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને આયોજીત કરાયેલ બેઠકમાં ૧૦૦માંથી માત્ર બે કેસમાં જ પોલીસ ફરિયાદ (એફઆઈઆર) દાખલ કરવા આદેશ કરવામાં આવેલ હતો.

લેન્ડગ્રેબીંગની આ બેઠકમાં ૧૦૦ કેસ સુનાવણીમાં મૂકવામાં આવેલ હતા. જેમાંથી ૩૧ કેસોમાં સમાધાન થવા પામેલ હતું. જયારે ૬૫ કેસ ડ્રોપ કરવામાં આવેલ હતા. જયારે ૨ કેસ પેન્ડીંગ રાખવામાં આવેલ હતા.

દોઢ માસના લાંબા સમયગાળા બાદ મળેલી આ બેઠકમાં માત્ર બે કેસમાં જ પોલીસ ફરિયાદ દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. આ ઉપરાંત ગુજરાત હાઈકોર્ટ દ્વારા જે કેસોમાં સ્ટે આપવામાં આવેલ છ તેવા રાજકોટ જીલ્લાના ૫૦ જેટલા કેસો હતા આ કેસોમાં હવે હાઈકોર્ટ દ્વારા સ્ટે દુર કરવામાં આવેલ હોય આવા તમામ કેસોમાં તપાસની કાર્યવાહી આગળ ચલાવવા તમામ તપાસ અધિકારીઓને કલેકટર પ્રભવ જોશી દ્વારા તાકીદ કરવામાં આવી હતી.

# વાવડી, માધાપર, ઘંટેશ્વર અને કણકોટમાં સરકારી જમીનો ઉપર ખડકાઇ ગયેલા દબાણોનો સર્વે શરૂ કરાયો

### રાજકોટ તાલુકા મામલતદારની ટીમો મેદાનમાં ઉતરીઃ આગામી સપ્તાહથી નોટીસો ફટકારી અને દબાણો હટાવી દેવાશે

રાજકોટ, તા.૧૮

ચાલુ સપ્તાહમાં જ રાજકોટ જિલ્લા કલેક્ટર દ્વારા જિલ્લાના દરેક મામલતદારોને તેના વિસ્તારોમાં આવેલી સરકારી જમીનો ઉપરના દબાણોનો સર્વે કરી તાત્કાલીક આવા દબાણો હટાવવા માટે આદેશ આપવામાં આવેલ છે.

આ આદેશના પગલે રાજકોટ જિલ્લાના દરેક મામલતદારો સક્રિય બન્યા છે અને તેના વિસ્તારોમાં આવેલ સરકારી જમીન ઉપરના દબાણોનો સર્વે શરૂ કરી દેવામાં આવ્યો છે. દરમ્યાન જિલ્લા કલેકટરની સુચનાના પગલે રાજકોટ તાલુકા મામલતદાર દ્વારા પણ સરકારી જમીનો ઉપરના દબાણોનો સર્વે શરુ કરી દેવામાં આવ્યો છે અને જુદા જુદા વિસ્તારોમાં ટીમો ઉતારી દેવામાં આવી છે.

દરમ્યાન રાજકોટ તાલુકા મામલતદાર કચેરીના સુત્રોમાંથી મળતી વિગતો મુજબ રાજકોટ તાલુકા મામલતદાર તેમજ તેની ટીમો દ્વારા ખાસ કરીને રૈયા, વાવડી, માધાપર, ઘંટેશ્વર અને કણકોટ વિસ્તારમાં આવેલી સરકારી જમીનો ઉપર ખડકાઇ ગયેલા ગેરકાયદેસર દબાણોનો સર્વે હાલમાં ચાલી રહ્યો છે. મામલતદાર કચેરીના સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ ઉપરોક્ત વિસ્તારોમાં મામલતદાર તંત્રની ટીમો દ્વારા ફરીથી કંઇ કંઇ જગ્યાએ દબાણો થઇ ગયા છે તેની ખાસ નોંધ કરવામાં આવી રહી છે.

કચેરીના સુત્રોના જણાવ્યા મુજબ આગામી સપ્તાહ દરમ્યાન સર્વે પૂર્ણ થઇ જશે એટલે તુર્ત જ દબાણકર્તાઓને દબાણ હટાવવા માટેની નોટીસો ફટકારવામાં આવશે અને નિયત સમયમાં દબાણો નહીં હટાવાય તો આવા દબાણો ઉપર બુલડોઝર ફેરવી દેવામાં આવશે.

# જયુબીલી ગાર્ડનના ગેટ પર ગંદકી ઉભરાતા ભકતોને ત્રાસ



શહેરની મધ્યમાં આવેલા જયુબીલી ગાર્ડનમાં પ્રવેશદ્વાર પર આજે સવારે ગંદુ પાણી ઉભરાતા શનિવારે નવ ગ્રહ મંદિર અને શનિદેવ મંદિર આવતા ભકતોને મુશ્કેલી થઇ હતી. જયુબીલી ચોકના પ્રવેશદ્વાર સામેના મુખ્ય ગેટમાં જ આવી હાલત સવારમાં થઇ હતી. વાહન ચાલકોએ ગંદા પાણીમાંથી પસાર થઇને મંદિરે અવરજવર કરવી પડી હતી. જે તસ્વીરમાં જોવા મળે છે. (તસ્વીર : દેવેન અમરેલીયા)

# ચા-પાનની દુકાનો, પાણીપુરીની રેંકડીઓમાંથી પણ પ્લાસ્ટીક જપ્ત

### મનપાએ વધુ ૬૦ આસામીઓ પાસેથી ઝબલા પકડી ૧૪ હજારનો દંડ કર્યો




રાજકોટ, તા. ૧૮

મનપા દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાં પ્રતિબંધિત પ્લાસ્ટીકનો ઉપયોગ કરનારાને દંડવાની ચાલતી કાર્યવાહી વચ્ચે ખાણીપીણીના ધંધાર્થીઓ, ચા-પાનના ગલ્લા, નાસ્તાની દુકાનો, પાણીપુરીની રેંકડીઓ સહિતના સ્થળે ચેકીંગ ચાલુ છે. ગઈકાલે ૬૦ આસામી પાસેથી સાડા છ કિલો પ્લાસ્ટીક જપ્ત કરાયું હતું.

તંત્ર દ્વારા ત્રણેય ઝોનમાંથી કુલ ૬૦ આસામીઓ પાસેથી ૬.૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૩૭૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. સેન્ટ્રલ ઝોનના જંકશન પ્લોટ, જયુબીલી માર્કેટ રોડ પર ૨૩ આસામીઓ પાસેથી ૩.૬ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૫૦૦૦નો વહીવટી ચાર્જ લેવાયો છે જયારે વેસ્ટ ઝોનના રાજનગર રોડ,વાવડી રોડ પરના ૨૩ આસામીઓ પાસેથી ૨.૧૫ કિલો પ્લાસ્ટીક જપ્ત કરી ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૫૬૦૦નો વહીવટી ચાર્જ વસુલાયો હતો.

ઈસ્ટ ઝોનના રામપાર્ક રોડ, કુવાડવા રોડ પરના ૧૪ આસામીઓ પાસેથી પોણો કિલો પ્લાસ્ટીક પકડી ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૩૧૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

આ કામગીરી કમિશનર આનંદ પટેલની સુચનાથી પર્યાવરણ વિભાગ પૂરા શહેરમાં ચલાવી રહ્યો છે.

# રામરતનધન પાયો: ગોંડલમાં બપોરથી પૂ.મોરારીબાપુની રામકથાનો પ્રારંભ: દેશ-વિદેશથી ભાવિકો ઉમટયા

## આયોજકો દ્વારા તૈયારીઓ પૂર્ણ: બપોરે વિરાટપોથી યાત્રા: વ્યવસ્થા જાળવવા ૫૦૦ સ્વયંસેવકો ખડેપગે: વાતાનુકુલિત ડોમ ઉભો કરાયો






ગોંડલ,તા.૧૮

ગોંડલ માં ૪૩ વર્ષ બાદ મોરારીબાપુ ની કથાનું આયોજન કરાયું હોય શહેરભર માં અનેરો ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે.તા.૧૮ થી રામકથા નો પ્રારંભ થનાર હોય તા.૧૭ શનીવાર નાં બપોરે પોથીયાત્રા નિકળશે.ત્યારે દાસીજીવણ પાર્ટીપ્લોટ ખાતે રામકથા સમીતી દ્વારા આયોજન ને આખરી ઓપ અપાયો છે.ગોંડલ નાં ભગવતપરા માં આવેલી ૫૦૦ વર્ષ પુરાતન જગ્યા લોહલંગધામ દ્વારા મહંત મહામંડલેશ્વર ૧૦૦૮ પુ.સીતારામ બાપુ ની અધ્યક્ષતા માં રામકથાનુ આયોજન કરાયું છે.જે માટે વિરપુર જલારામ મંદિર ની જગ્યા નાં ગાદીપતિ રઘુરામબાપા નાં લઘુબંધુ ભરતભાઈ ની મધ્યસ્થી દ્વારા મુખ્ય મનોરથી યુગાન્ડા નાં ચેતનભાઈ સાંગાણી નાં સહયોગ દ્વારા રામકથાનું આયોજન કરાયું છે.

દાસીજીવણ પાર્ટીપ્લોટ ખાતે કથા માટે એસીહજાર સ્કવેર ફુટ માં વાતાનુકુલિત મુખ્ય ડોમ ઉભો કરાયો છે.ડોમ માં ચાર એલીડી સ્ક્રીન મુકાયા છે.

સખત ઉનાળા ને કારણે છાસ,સરબત,ઠંડાપીણા નાં સ્ટોલ ઉભા કરાયા છે.કથા માં દેશ વિદેશ થી હજારો ભકતો ઉમટવા નાં હોય સરકારી હોસ્પિટલ ઉપરાંત ખાનગી હોસ્પિટલ ની મેડીકલ ટીમ સાથે એમ્બ્યુલન્સ તહેનાત કરાઇ છે.ચાર કરોડનું મેડીકલ વિમા કવચ પણ ઉતારાયું છે.કથા સ્થળ પર દરરોજ રકતદાન કેમ્પ નું આયોજન પણ કરાયુ છે.

કથા સમીતી નાં મુખ્ય કાર્યકર અશોકભાઈ પીપળીયાએ જણાવ્યું કે કથા શ્રવણ માટે દેશ વિદેશ થી ભક્ત સમુદાય ગોંડલ આવી રહ્યો હોય વિવિધ જ્ઞાતિઓ ની વાડીઓ,સ્કુલો,હોટેલો માં ઉતારાની વ્યવસ્થા કરાઇ છે.કથા દરમિયાન રોજીંદા પચ્ચીસ થી ત્રીસ હજાર લોકો કથારસપાન અને ભોજન પ્રસાદ લેવાનાં હોય ૫૦૦ જેટલા સ્વયંમસેવકો સેવા આપશે. કથા પ્રારંભ તા.૧૮ નાં કથા સ્થળે સવારે સો ફુટ ની ઉંચાઇ એ રાષ્ટ્રધ્વજ લહેરાવી ધ્વજવંદન કરાશે.

આજે તા.૧૭ શનીવાર બપોરે એક કલાકે ભગવતપરા લોહલંગધામ થી પોથીયાત્રા પ્રસ્થાન થઈ વિવિધ રાજમાર્ગોપર ફરી દાસીજીવણ પાર્ટીપ્લોટ ખાતે પંહોચશે.સાંજે ચાર કલાકે મોરારીબાપુ કથાનો પ્રારંભ કરાવશે.કાલે તા.૧૮ થી સવારે ૯:૩૦ થી બપોર નાં ૧:૩૦ દરમિયાન રામકથા નો પ્રારંભ થનાર છે.

# સિંહણ ખેડૂતની છાતી પર બેસી ગઇ: બાથ ભીડી

## કોડીનારના નવાગામની આંબાવાડીમાં ઘટના: યુવાન હોસ્પિટલમાં દાખલ: વન વિભાગ દોડયો

**(દિનેશ જોષી)**
**કોડીનાર, તા.૧૮**

કોડીનાર તાલુકા નાં નવાગામ ખાતે તકિયા ના પા તરીકે ઓળખાતા વાડી વિસ્તાર માં આવેલ માતૃશ્રી ફાર્મ ખાતે ગઇકાલે સવારે નવ કલાકે આંબાવાડી માં કેરી ઉતારવા જતી વખતે સિંહણે યુવાન પર હુમલો કરી ગંભીર ઈજાઓ પોહચડતા યુવાન ને ઘાયલ હાલત માં કોડીનાર રા.ના.વાળા હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયો હતો.

કોડીનાર તાલુકાનાં નવાગામ ગામે ૫ સિંહોનાં ધામાથી ખેડૂતો માં દહેસત ફેલાઈ છે ત્યારે આજે વહેલી સવારે નવાગામ ખાતે તકિયા ના પા તરીકે ઓળખાતા વાડી વિસ્તારમાં આવેલ પ્રભાતસિંહ રાજપુત ના માતૃશ્રી ફાર્મ ખાતે આંબાવાડીના ઇજારદાર દિનેશભાઈ પરમાર બગીચામાં માં કેરી ઉતારવા જતી વખતે સિંહણ અચાનક આવી તેમની છાતી પર બેસી હતી દિનેશભાઈ એ બહાદુર પૂર્વક બાથ ભીડી હટાવી જીવ બચાવ્યો ખેડૂત ની રાડારાડ સાંભળી અન્ય લોકો તેમજ વાડી માલિક બગીચામાં થી આવી ઇજાગ્રસ્ત યુવાન ને તાત્કાલિક



કોડીનાર ની રા ના વાળા હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડ્યા હતા.વન વિભાગ દ્વારા હોસ્પિટલ અને ઘટના સ્થળે પોહચી હુમલો કરેલા સિંહ પરિવારને શોધવાની અને રેસ્ક્યુ કરી જંગલ માં લઇ જવા કવાયત શરુ કરાઇ છે.

સામાન્ય રીતે સિંહ જંગલ માંજ જોવા મળે છે પરંતુ છેલા થોડા વર્ષ થી સિંહો જંગલ છોડી રેવન્યુ વિસ્તાર તરફ આકર્ષાયા છે.વર્તમાન સમયમાં ઉનાળો તેનું અસલી સ્વરૂપ દર્શાવી રહ્યો છે.ભારે ગરમી અને ઉકળાટથી વન્ય પ્રાણીઓ પણ ત્રાહિમામ પોકારી ગયા હોય તેવું લાગી રહ્યું છે. સિંહ પરિવાર તુરંત પાંજરે પૂરાય તેવું ગામજનો ઇચ્છે છે.

### લોભીયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે

# ધ્રોલની મહિલાએ કરોડપતિ બનવાની લાલચમાં ૬ લાખ ગુમાવ્યા

## સુરતના ત્રણ શખ્સોએ પાંચ વર્ષમાં ૫ કરોડ કરી આપવાનું કહી રૂા.૬ લાખ પડાવી લીધા

જામનગર તા.૧૮

વધુ રોકાણની લ્હાયમાં અનેક લોકોએ પોતાની મરણ મૂડી ગુમાવી હોવાના કિસ્સાઓ હજરા હજુર છે. તેવામાં જામનગર જિલ્લાના ધ્રોલમાં વધુ એક મહિલાએ જંગી વળતરની લાલચમાં છ લાખ રૂપિયા ગુમાવ્યા હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સુરતના ત્રણ ભેજાબાજા શખ્સોએ વળતરના નામે આંબા-આંબલી બતાવી છ લાખના પાંચ વર્ષના પાંચ કરોડ કરી આપવાની વાત કરી હતી. જેને લઇને મહિલાએ રૂપિયા આપ્યા બાદ આરોપીએ ઉંચા હાથ ધરી દેતાં મહિલાના પગતળેથી જમીન સરકી ગઈ છે અને આ મામલો પોલીસ દફતરે પહોંચ્યો છે.

જાણવા મળતી વિગત અનુસાર ધ્રોલની મહિલાનું ત્રણ શખ્સોએ છ લાખનું ફૂલેકું ફેરવી દીધું છે. આ અંગે ધ્રોલના વાળંદ શેરી, દેરાસરની સામે રહેતાં હેતલબેન લવકુમાર વૈષ્ણવ નામના મહિલાએ આરોપી ઉપેન્દ્રભાઇ ધિરજભાઈ નિરંજન (રહે.સરથાણા, જકાતનાકા, સુરત), રાકેશકુમાર ચુનીલાલ પટેલ (રહે.સુરત) અને નિશાંત પ્રજાપતિ (રહે.સુરત) નામના શખ્સો સામે ફરિયાદ નોંધીવી હતી. જેમાં જણાવાયા અનુસાર મહિલાએ ઠગ ટોળકીનો ભેટો થયો હતો. આજથી પાંચેક માસ અગાઉ એટલે કે ૮-૧૨-૨૦૨૩ના રોજ આરોપીઓએ મહિલાને વધુ વળતરની લાલચ આપી હતી. પ્રાઈવેટ બેન્ક એકાઉન્ટમાં છ લાખ રોકાણ કરશો તો તમને પાંચ વર્ષથી પાંચ કરોડ જેટલી જંગી રકમ વળતર પેટે મળશે. આ લાલચમાં હેતલબેન આવી જતાં તેઓએ છ લાખ રૂપિયા આરોપીઓના કહેવા મુજબ ટ્રાન્સફર કરી આપ્યા હતાં. રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા બાદ આરોપીઓએ કોઈપણ પ્રકારનું વળતર ન આપી મહિલા સાથે છેતરપિંડી કરી હતી. જેને લઈને આ મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. મહિલાની ફરિયાદના આધારે પોલીસે ઉપેન્દ્રભાઈ ધિરજભાઈ નિરંજન (રહે.સરથાણા, જકાતનાકા, સુરત), રાકેશકુમાર ચુનીલાલ પટેલ (રહે.સુરત) અને નિશાંત પ્રજાપતિ સામે કલમ નંબર ૪૦૬, ૪૨૦ અને ૧૧૪ મુજબ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. હાલ આ પ્રકરણની ધ્રોલ પોલીસ હેડ કોન્સ્ટેબલ આર.એ.મકવાણા વધુ તપાસ ચલાવી રહ્યાં છે.

# મોરબીના ઉદ્યોગપતિએ દેશનો પ્રથમ બાયો સીએનજી પ્લાન્ટ કાર્યરત કર્યો

## ધ્રાંગધ્રાના દુદાપર ગામે ૧૨૫ કરોડના ખર્ચે નિર્માણ: ગાંડા બાવળ, ગોબર અને ખેતરના કચરામાંથી ગેસ ઉત્પન્ન કરશે

(જીગ્નેશ ભટ્ટ) મોરબી તા.૧૮

મોરબીના યુવા ઉદ્યોગપતિ દ્વારા ન માત્ર ગુજરાત પરંતુ ભારતનો સૌ પ્રથમ બાયો સીએનજી પ્લાન્ટ કાર્યરત કરવામાં આવેલ છે અને સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રાના દુદાપુર ખાતે ૧૨૫ કરોડના ખર્ચે આ પ્લાન્ટ શરૂ કરવામાં આવેલ છે જેમાં ગાંડા બાવળ, ગોબર અને ખેતીમાં બિન ઉપયોગી કચરાનો ઉપયોગી કરીને તેમાંથી સીએનજી ગેસનું ઉત્પાદન કરવામાં આવશે.

ધાંગધ્રાના દુદાપુર ખાતે ભારત તથા ગુજરાતનો સૌપ્રથમ બાયો સીએનજી પ્લાન્ટ નેપિયર ગ્રાસ તથા ગાયના છાણ આધારિત બાયોગેસ પ્લાન્ટની શરૂઆત કરવામાં આવી છે અને ભારતમાં નેપિયર ગ્રાસનો ઉપયોગ કરીને ગ્રાઉન્ડ બ્રેકિંગ બાયોગેસ ટેકનોલોજી અને પ્રોસેસ સિસ્ટમ્સ રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં ક્રાંતિ લાવશે અત્યાધુનિક બાયોગેસ પ્લાન્ટના અનાવરણ સાથે ઐતિહાસિક સિદ્ધિને મેળવેલ છે નેપિયર ગ્રાસને પ્રાથમિક સબસ્ટ્રેટ તરીકે પાયોનિયરીંગ કરીને તેમના બાયો-સીએનજી પ્લાન્ટને ચાલુ કરવામાં આવ્યો છે

ભારતના પ્રથમ બાયો-સીએનજી પ્લાન્ટ તરીકે નેપિયર ગ્રાસ, જે તેની ઝડપી વૃદ્ધિ અને ઉચ્ચ બાયોમાસ માટે જાણીતું છે તે તે બાયોગેસ ઉત્પાદન માટે શ્રેષ્ઠ ફીડસ્ટોક તરીકે ઉભરી આવે છે. આ પ્રોજેક્ટ બાયો ફ્યુઅલ, બાયો કેમિકલ્સ અને બાયો ફર્ટિલાઇઝર્સના ઉત્પાદન દ્વારા વેસ્ટ-ટુ-વેલ્થ કન્વર્ઝન અને પર્યાવરણીય સંરક્ષણ તરફની સફરમાં નોંધપાત્ર સીમાચિહ્ન રૂપ છે. ઇ ઉત્પાદિત બાયો-સીએનજી ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ) ના સહયોગથી કોમ્પ્રેસ્ડ બાયોગેસ વડે વાહનોને ભરવાની સુવિધા આપશે, જેનાથી ભારત સરકારની નીતિને ટેકો મળશે. આ નવીનતા અપ્રતિમ મિથેન વેલ્ડ અને કન્વર્ઝન રેશિયો સાથે વિપુલ પ્રમાણમાં નેપિયર ગ્રાસને બાયોગેસમાં રૂપાંતરિત કરવાની સુવિધા આપે છે. પરિણામી બાયોગેસ એક શક્તિશાળી, સ્વચ્છ અને નવીનીકરણીય ઉર્જા સ્ત્રોત તરીકે સેવા આપે છે.

આ પ્લાન્ટના માધ્યમથી જૈવિક ખાતર સ્થાનિક ખેડૂતોને ઉચ્ચ ગુણવત્તાવાળા ખાતરનો ફાયદો પણ થશે અને પ્લાન્ટના માધ્યમથી ગૌશાળાઓ માટે ગોબર વેચાણ દ્વારા આવકનો સ્ત્રોત પણ ઉભો થશે બાયોગેસ ઉત્પાદન ઉપરાંત ઘન અને પ્રવાહી જૈવિક ખાતર ઉત્પન્ન કરવાથી છોડને પોષણ યુક્ત ખોરાક અને કૃષિનું ટકાઉ પણું ઉપરાંત ગ્રામીણ વિકાસ અને પ્રોત્સાહન મળવાથી ખેડૂતોની આંશિક સ્થિતિમાં પણ સુધારો લાવશે. દુદાપુર ગામે ગુજરાત તેમજ ભારતનો સૌપ્રથમ બાયોગેસ પ્લાન્ટનો પ્રારંભ કરવામાં આવ્યો છે તેવી કેમ પ્રોસેસ સિસ્ટમ ના ડાયરેક્ટર અને મોરબીના યુવા ઉદ્યોગપતિ જિજ્ઞેશભાઈ મેથાણીયાએ જણાવ્યુ હતું.






# મોરબીમાં બુટલેગરોની ફરિયાદ કરતા ભાજપ આગેવાનને ધમકી

## ત્રાસ અંગે પોલીસને જાણ કરતા વોટ્સએપ કોલ: સંજય ચૌહાણ સામે ગુનો

**(જીગ્નેશ ભટ્ટ)**

મોરબી તા.૧૮

મોરબી જિલ્લાના જુદાજુદા વિસ્તારમાં દારૂ વેચાય છે તેમાં શંકાને કોઈ સ્થાન નથી તેવામાં મોરબીના પરસોતમ ચોકમાં લુખ્ખાતત્વોએ અડ્ડો કરેલ છે અને તેનો દિવસને દિવસે ત્રાસ વધી રહ્યો છે ત્યારે દારૂ વેંચતા શખ્સો સામે ભાજપ આગેવાને મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશને જાણ કરી હતી જેથી તે પૈકીનાં એક શખ્સે અડધી રાતે વ્હોટ્સ કોલથી ભાજપના આગેવાનને ધમકી આપ્યાનો કિસ્સો બન્યો છે.

જાણવા મળતી માહિતી મુજબ મોરબીના શક્તિ પ્લોટમાં રહેતા ભાજપ આગેવાન રૂચિર અનિલભાઈ કારીયાએ ગુરુવારે મોરબીના પરસોતમ ચોકમાં દારૂડિયાઓના ત્રાસની ફોન કરીને મોરબી એ ડિવિઝનમાં ફરિયાદ કરી હતી ત્યાર બાદ અડધી રાતે કોઈ અસામાજિક તત્વએ તેના મોબાઈલ ફોન ઉપર વ્હોટ્સ કોલ કર્યો હતો અને ધમકી આપી હતી જેથી કરીને ભાજપના આગેવાને આ અંગેની મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં લેખિતમાં અરજી આપેલ હતી. જેના આધારે મો.નં.૯૬૩૮૯ ૬૨૯૪૫ ના ધારક સંજય ચૌહાણ સામે પોલીસે ગુનો નોંધી તેને પકડવા તજવીજ હાથ ધરી છે.

# જુનાગઢમાં જવેલર્સ પેઢી સાથે મેનેજરની ૯૧ લાખની છેતરપીંડી

## કારીગરને ૧૨૮૨.૭ ગ્રામ કાચુ સોનુ આપ્યાની બોગસ એન્ટ્રી પાડી વિશ્વાસઘાત કર્યાનો ગુનો દાખલ; આરોપીની અટકાયત કરાઈ

જુનાગઢ તા.૧૮

જુનાગઢ છાપાબજારના હેઠણ ફળીયા વિસ્તારમાં એક નામાંકિત સોનીની પેઢી (અક્ષર જવેલર્સ)માં મેનેજરે પેઢીમાંથી રૂા.૧૨૮૨.૭ ગ્રામ સોનુ કિંમત રૂા.૯૧ લાખનું કારીગરોને આપેલ જેની કોટી એન્ટ્રી નાખી રૂા.૯૧ લાખની છેતરપીંડી-વિશ્વાસઘાત કર્યાની ફરીયાદ એ ડીવીઝનમાં નોંધાઈ છે.

જુનાગઢ રાયજીબાગ અક્ષર ઈમ્પીરીયા બ્લોક નં.ડી ૮૦૧માં રહેતા ફરીયાદી સુનીલભાઈ ધીરજલાલ રાજપરા (ઉ.૪૨)એ એ ડીવીઝનમાં ફરીયાદ નોંધાવી છે કે તેમની પેઢીમાં છેલ્લા અઢી વર્ષથી મેનેજર તરીકે નોકરી કરતા કુતિયાણાના (મુળ) હાલ મધુરમ મંગલધામ-૨ અમૃતનગરમાં રહેતદા મયુરભાઈ નાનજીભાઈ વાઘેલા અક્ષર જવેલર્સનું કામ સંભાળતા હોય તેમની આ પેઢીમાં ત્રણ ભાઈઓની સંયુકત રાજપરા પેઢી હોય સોનાના દાગીના બનાવી વહેંચવાનું કામ મોટાપાયે કરતા હોય અક્ષર જવેલર્સમાં ૧૧૫થી વધુ કારીગરો સોનાના દાગીના બનાવવાનું કામ કરે છે. મેનેજર મયુર નાનજી વાઘેલા કારીગરોને કાચો માલ (સોનુ) દાગીના ઘડવા આપતો હોય જે એસજી પ્લસ સોફટવેર આપેલ જેમાં સોનાની આપ અને લેનું કામ તેના માટે હતું. તેની નીચે ચાર કારીગરો કામ કરતા હોય તેને માસિક રૂા.૧૪ હજારનો પગાર આપવામાં આવે છે. જેમાં મેનેજર મયુર વાઘેલાએ ગત તા.૧૦-૨-૨૪થી ૧૬-૫-૨૪ દરમ્યાન ખોટી એન્ટ્રી કરી ૧૨૮૨.૭ ગ્રામ સોનુ કિંમત રૂા.૯૧ લાખનું સ્ટોકમાં ખોટી એન્ટ્રીઓ કરી પેઢીના સ્ટોક મેળમાં સાચી એન્ટ્રીઓ, સ્ટોક બતાવી પેઢીનું કાચુ સોનુ ૧૨૮૨.૭ ગ્રામ કિંમત રૂા.૯૧ લાખની છેતરપીંડી-વિશ્વાસઘાત કર્યાની ફરીયાદ નોંધાવતા એ ડીવીઝન પીઆઈ વી.જે. સાવજે ઈ.પી.કો. કલમ ૪૦૯, ૪૨૦, ૪૬૫, ૫૬૮, ૪૭૧ મુજબ ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા તજવીજ હાથ ધરી આરોપી મયુર નાનજી વાઘેલાને એ ડીવઝન પીઆઈ વી.જે. સાવજ અને સ્ટાફે મોડી રાત્રીના દબોચી લઈ તપાસ હાથ ધરી છે.

# ઉપલેટા પંથકમાં ૧૬ વર્ષની સગીરા પર કૌટુંબિક કાકાએ દુષ્કર્મ આચર્યું

## આરોપીએ ઘર નજીક વંડા પાસે સગીરાને મળવા બોલાવી બદકામ કર્યું: બનાવની જાણ થયા બાદ પિતાએ ઠપકો આપતા સગીરાએ એસિડ પી આપઘાતનો પ્રયાસ કરતાં રાજકોટ સારવારમાં ખસેડાઈ: ભાયાવદર પોલીસે દુષ્કર્મ -પોકસો એકટ હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી

રાજકોટ.તા.૧૮

ઉપલેટા પંથકમાં એક ગામમાં રહેતી સગીરા ઉપર તેના કૌટુંબિક કાકાએ જ દુષ્કર્મ આચર્યનો બનાવ સામે આવતાં ચકચાર મચી ગઈ હતી. જે અંગે જાણ પરિવારજનોને થઈ જતા સગીરાને તેના પિતાએ ઠપકો આપતાં તરુણીને માઠું લાગી આવતાં એસિડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જે અંગે સગીરાની માતાની ફરિયાદ પરથી પોલીસે આરોપી સામે દુષ્કર્મ અને પોકસો એકટની કલમ હેઠળ ગુનો નોંધી તેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે. બનાવને લઇ નરાધમ પ્રત્યે ફીટકારની લાગણી વરસી હતી.

બનાવ અંગે ઉપલેટા પંથકના એક ગામમાં રહેતા મહિલાએ ભાયાવદર પોલીસ સ્ટેશનમાં પોતાની ૧૬ વર્ષની દીકરી પર દુષ્કર્મ થયા અંગે ફરિયાદ નોંધાવી છે. મહિલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમની ૧૬ વર્ષની દીકરીને આરોપી એવા કૌટુંબિક કાકાએ ફોન કરી ઘર પાછળ વંડામાં મળવા માટે બોલાવી હતી. જેથી દીકરી વંડામાં કૌટુંબિક કાકાને મળવા માટે ગઈ હતી. બાદમાં આરોપીએ સગીરાને પોતાની પાસે બેસવા માટે કહ્યું હતું. બાદમાં તેણે સગીરા સાથે જબરજસ્તી કરવાનું શરૂ કર્યું હતું. સગીરા ઇનકાર કરતા તેને પકડી રાખી બળજબરી કરી દુષ્કર્મ આચાર્ય હતું. જેને લઇ સગીરા ભયભીત થઇ ગઈ હતી. બાદમાં આરોપી ત્યાંથી ભાગી જતાં સગીરા પણ પોતાના ઘરે ચાલી ગઈ હતી. સગીરા બહાર ગયા બાદ ઘરે પરત ફરતા વાર લાગી હોય જેથી તેના પિતાએ આ બાબતે પૂછતાં જેથી સગીરાએ પોતાના સાથે બનેલા આ કૃત્ય અંગેની વાત જણાવતા તેના માતા-પિતા ચોંકી ઉઠ્યા હતા અને પગ નીચેથી જમીન શરકી ગઈ હતી. દરમિયાન ગુસ્સામાં આવી જઇ પિતાએ દીકરીને ઠપકો આપ્યો હતો. બાદમાં પિતાએ આપેલો ઠપકો અને સમાજમાં બદનામી થશે તેવા ડરથી સગીરાએ એસિડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેથી તેને પ્રથમ ભાયાવદર બાદમાં ઉપલેટા ત્યાંથી જુનાગઢ અને ત્યારબાદ રાજકોટ સરકારી હોસ્પિટલ સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ બનાવ અંગે સગીરાની માતાની ફરિયાદ પરથી ભાયાવદર પોલીસે આરોપી સામે આઈપીસીની કલમ ૪૭૬(૨),(૧) અને પોકસો એકટની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા ભાયાવદર પોલીસ મથકના પીએસઆઇ આર.વી.ભીમાણીની રાહબરી હેઠળ ટીમે તપાસ હાથ ધરી છે.




# ગોંડલ અક્ષર મંદિરને ૯૦ વર્ષ પૂર્ણ: પાટોત્સવ ઉજવાયો

વિશ્વવિખ્યાત ગોંડલના અક્ષર મંદિરને આજે ૯૦ વર્ષ પૂર્ણ થયા હોવાથી ૯૦ મો પાટોત્સવ ઉજવાયો હતો આ પ્રસંગે રાજમાર્ગો ઉપરથી વિશાળ શોભા યાત્રા નિકળી હતી જેમાં કળશધારી મહિલાઓ બાઇક સવાર યુવાનો,પદયાત્રી હરિભક્તો હાથમાં ફ્લેગ સાથે સંખ્યામાં જોડાયા હતાં.વિવિધ કલાત્મક પચીસ ફ્લોટ સાથે ત્રિકોણ પાસે આવેલા સ્વામિનારાયણ બેઠક સ્થાન પરથી ગોંડલના મુખ્ય રાજમાર્ગો પરથી પસાર થઈ અક્ષર મંદિરે વીરમી હતી. જ્યાં સર્વે સમુહ આરતી અને ત્યારબાદ સમૂહ ભોજનનો લાભ લીધો હતો.આ શોભાયાત્રા ને ગોંડલના ધારાસભ્ય શ્રી ગીતાબા જાડેજાએ ઠાકોરજીનું પૂજન આરતી કરી આરંભ કરાવ્યો હતો.આશરે ૩,૦૦૦ જેટલા ભાવિકો ભક્તો જોડાયા હતાં.

# મોટા સમઢીયાળા સ્વામિનારાયણ ગુરૂકુળના સ્વામીએ છાત્રને બ્રેઇનવોશ કર્યાના મામલે બાળ કલ્યાણ સમિતીનો તપાસનો આદેશ

## જિલ્લા શિક્ષણ અધિકારીની તપાસ પૂર્ણ થાય તે પહેલા જિલ્લા બાળ કલ્યાણ સમિતીએ તપાસમાં ઝુંકાવતા પરિવારને ન્યાય મળશે

ઉના, તા૧૮

ગીર સોમનાથ જિલ્લાનાં ગીરગઢડા તાલુકાના વડલી ગામના એક ખેડૂત અશોકભાઈ રામજીભાઈ શિંગાળાનો પુત્ર ધોરણ ૧૦ માં મોટા સમઢિયાળા સ્વામિનારાયણ ગુરુકુળ માં અભ્યાસ કરતો અને વેકેશન પડ્યા બાદ પણ અશોકભાઈ નો પુત્ર ઘરે આવવાની નાં પડતો હોય અને ઘરે લાવવામા આવે તો ખાવા પીવાનું છોડી દેતો અને સ્વામી જનાર્દન પણ વિદ્યાર્થી સાથે ફોન પર વાત કરી તેમને પરીવાર વિરૂધ્ધ કરી આપવાના ગંભીર આક્ષેપ સાથે વિદ્યાર્થીમાં પિતા એ તેમનાં પુત્ર નું બ્રેઇનવોશ કરવામા આવેલ અને સ્વામીની ઓડિયો ક્લિપ સહિત નાં લેખિત પુરાવા સાથે અખબાર માં અહેવાલ પ્રસિદ્ધ થયા બાદ હડકંપ મચી જવા પામેલ.

બીજી તરફ અખબાર માં અહેવાલ પ્રસિદ્ધ થતા સ્વામી જનાર્દન ભૂગર્ભ માં ઉતરી ગયેલ અને બાદ માં અચાનક મીડિયા સામે પ્રગટ થઈ ને પોતાનો લૂલો બચાવ કરવા લાગેલ આ સમગ્ર પ્રકરણ ની જિલ્લા



સીક્ષણધિકરી દ્વારા તપાસ નાં આદેશ બાદ તપાસ શરૂ હોઈ ત્યાંજ ગીરસોમનાથ જિલ્લા બાળ કલ્યાણ સમિતિ એ પણ તપાસ નાં આદેશ છોડતા આ પ્રકરણ માં આગામી દિવસો માં નવો વળાંક આવે તો નવાઈ કહેવાશે નહિ.બાળ કલ્યાણ સમિતિ દ્વારા તારીખ ૧૭ મે નાં રોજ તપાસ નાં આદેશ કરતા જણાવેલ કે આ બ્રેઈનવોશ પ્રકરણ માં બાળક નાં કાઉનેશલિંગ કરવું અત્યંત જરૂરી હોઈ.વિશેષ માં ગીરસોમનાથ જિલ્લા બાળ કલ્યાણ સમિતિ એ સુવોમોટો લઈ તપાસ નાં આદેશ ચેરમેન જયેશભાઈ પંડ્યા સભ્ય હરિભાઈ વાળા, રસિકભાઈ ચાવડા,અને અમૃતાબેન અખીયા એ નિર્યણ લઈ તાત્કાલિક તપાસ નાં આદેશ બાળ કલ્યાણ સમિતિ એ કરેલ અને તપાસ સમિતિ ની નિમણુક કરી બે દિવસ માં તપાસ અહેવાલ રજૂ કરવા આદેશ કરેલ છે.બાળ કલ્યાણ સમિતિ જૂવેનાઇલ જસ્ટિસ એક્ટ મુજબ રાજ્ય સરકાર દ્વારા સ્થપાયેલી સમિતિ બાળકો ની કાળજી, રક્ષણ, આશ્રય, શિક્ષણ, સુરક્ષા અને સર્વાંગી વિકાસ માટે તેમજ કાળજી અને રક્ષણ ની જરૂરિયાત વાળા બાળકો અને કાયદાનાં સંપર્ક માં આવેલ બાળકો નાં ન્યાય અને નિર્યણ માટે બાળ કલ્યાણ સમિતિ કાર્યરત છે.ત્યારે હવે સ્વામિનારાયણ ગુરૂકલ પ્રકરણ માં ખેડૂત પરીવાર ને ન્યાય મળશે.સ્વામી પણ પોતે કરેલ વાત માં પોતેજ તપાસ કરી રહ્યા છે પણ સાચી વાસ્તવિકતા એ છે કે સ્વામી પોતાનો લૂલો બચાવ કરી રહ્યા છે બીજી તરફ સ્વામી નાં મળતિયા ઓ પણ વિદ્યાર્થીનાં વાલીનાં સંપર્ક માં હોઈ અને એન કેન પ્રકારે આ પ્રકરણ પર પડદો પાડી આપવા કોશિશ કરી રહ્યા છે બીજી એક વાત એવી પણ જાણવા મળી છે કે સ્વામી નાં મળતિયા વિદ્યાર્થીનાં પિતા ને પોલીસ માં નિવેદન આપવા દબાણ કરી રહ્યા છે જ્યારે આ પ્રકરણમાં પોલીસ માં હજુ કોઈ માહિતી પોહચી નહિ તો ત્યાં નિવેદન કઈ બાબત નું નોંધવા જવાનું એ પણ સવાલ ઊભો થવા પામેલ છે.

# સૌરાષ્ટ્ર-ગુજરાત અગનગોળા ! સૂરેન્દ્રનગર, અમદાવાદ, ડિસા, ગાંધીનગર ૪૪ ડિગ્રીને પાર

## રાજકોટમાં પણ ચાલુ સિઝનનું હાઈએસ્ટ ૪૩.૭ ડિગ્રી તાપમાન નોંધાતા નગરજનો ત્રસ્તઃ અમરેલી, ભુજ, અને વલ્લભ વિદ્યાનગરમાં પણ ૪૩ ડિગ્રી ઉપર પારોઃ હજુ પણ હિટવેવની સ્થિતિ રહેશે




રાજકોટ,તા.૧૮

રાજયમાં માવઠા બાદ છેલ્લા બે દિવસથી હિટવેવની અસર હેઠળ ચાલુ સિઝનની હાઈ એસ્ટ ગરમી રાજકોટ સહિત વિવિધ સ્થળોએ પડી રહી છે.અનેક શહેરો અગનગોળા જેવા બની રહ્યા છે. તો ગઈકાલે પણ સુરેન્દ્રનગર, ડિસા, અમદાવાદ, રાજકોટ, અમરેલી સહિતનાં શહેરો અગન ભઠ્ઠી જેવા બની જતા લોકો ત્રાહીમામ પોકારી ગયા હતાં.સુરેન્દ્રનગર, ડિસા, રાજકોટ, અમદાવાદ સહિતનાં સ્થળોએ ગઈકાલે ચાલુ સિઝનનું સૌથી ઉંચુ તાપમાન નોંધાતા લોકો તોબા પોકારી ગયા હતાં.ઉલ્લેખનિય છે કે સુરેન્દ્રનગર ડિસા, અમદાવાદમાં ચાલુ સિઝનની નોંધાઈ હતી, તો રાજકોટમાં પણ ૪૩.૭ ડિગ્રી સાથે ચાલુ સિઝનનું સૌથી ઉંચુ તાપમાન નોંધાયુ હતું.ગુજરાતમાં કાળઝાળ ગરમી પડી રહી છે,તેની વચ્ચે એક મહત્વના સમાચાર છે કે,રાજયમાં હજી પણ ગરમીનો પારો ઉંચકાશે,અગામી ૬ દિવસ ગરમીથી કોઈ રાહત મળશે નહી,તો પોરબંદર,ગીરસોમનાથ,ભાવનગર,કચ્છમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે,છેલ્લા ૨૪ કલાકમાં સુરેન્દ્રનગર અને અમદાવાદમાં સૌથી વધુ તાપમાન નોંધાયું છે.૧૭થી ૨૨ દરમિયાન અમુક વિસ્તારો એવા હશે જયાં અતિશય ગરમીનો માહોલ જોવા મળે અને તેના કારણે કોઇ લોકલ સિસ્ટમ બંધાતા રાજયના બે-પાંચ ગામમાં વરસાદ પડી જાય તે અપવાદ રહેશે

**છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલ તાપમાન**

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાક મુજબ નોંધાયેલ તાપમાનની વાત કરવામાં આવે તો અમદાવાદ ૪૪.૨ ડિગ્રી,ડીસા ૪૪.૪ ડિગ્રી,ગાંધીનગર ૪૪.૦ ડિગ્રી,સુરેન્દ્રનગર ૪૪.૭ ડિગ્રી,વલ્લભ વિદ્યાનગર ૪૩.૧ ડિગ્રી,વડોદરા ૪૨.૨ ડિગ્રી,સુરત ૩૫.૮ ડિગ્રી,વલસાડ ૩૭.૨ ડિગ્રી,ભુજ ૪૩.૮ ડિગ્રી,નલિયા ૩૮.૫ ડિગ્રી,કંડલા ૪૧.૬ ડિગ્રી,અમરેલી ૪૩.૨ ડિગ્રી,ભાવનગર ૩૯.૭ ડિગ્રી,દ્વારકા ૩૩.૬ ડિગ્રી,પોરબંદર ૩૬.૭ ડિગ્રી,રાજકોટ ૪૩.૭ ડિગ્રી,મહુવા ૪૧.૦ ડિગ્રી તાપમાન નોંધાયું છે. ૧૭ મેથી ગરમી વધશે. ૨૪, ૨૫ મે સુધીમાં મધ્ય ગુજરાતમાં ભાગોમા મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રીને પાર કરી જવાની શક્યતા છે. કચ્છના ભાગમાં પણ ગરમી વધશે.

જામનગર શહેરમાં ગઈકાલે તાપમાનનો પારો ૩૯.૮ ડિગ્રી પહોંચ્યા પછી આજે તેમાં ૧.૩ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે.તો વાતાવરણમા ૧૬ ટકાના ઘટાડા સાથે ભેજનું પ્રમાણ ૬૮ ટકા રહ્યું હતું.જયારે પવનની ગતી પ્રતિકલાક ૧૪.૬ કિમિ નોંધાઇ હતી.કૃષિ વિભાગની આગાહી છે કે જામનગર જિલ્લામા આગામી તા.૨૨ મેં સુધી વાતાવરણ સૂકું , ગરમ અને મધ્યમ વાદળછાયુ. રહેશે.


શહેરમાંછેલ્લા ૨૪ કલાકમાં તાપમાનમાં વધઘટ રહેતી હોય વાતાવરણમાં ફેરફારો જોયા મળી રહયા છે.સવારે ઠંડુ રહેતું વાતવરણ બપોરે સૂર્યનારાયણ નો આકરો પ્રભાવ લોકો અનુભવી રહ્યા છે. બપોરે ૧૨ થી સાંજે ૫ વાગ્યા સુધીમાં તો તાપ અને ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠે છે. તો ગરમી સામે રક્ષણ મેળવવા એ.સી.,પંખા,કુલર તથા ઠંડા પીણાનો સહારો લઇ રહ્યાં છે.

જૂનાગઢ કૃષિ વિભાગની આગાહી મુજબ તા. ૨૨ મેં સુધી હવામાન સૂકું અને ગરમ રહેશે.પવનની દિશા વાવ્યય અને પશ્ચિમની રહેશે.

### વિસાવદર પંથકમાં ભારે પવન અને કરા સાથે વરસાદ

વિસાવદર પંથકમાં સતત વધતી ગરમી અને વાતાવરણમાં ભારે બદલાવ પસી આજે વિસાવદર પંથક માં ભારે પવન અને કરા સાથે વરસાદ પડ્યો હતો જેમા પ્રેમપરા, ખાંભા ગીર,પિયાવા ગીર તેમજ મોટી મોણપરી માં વરસાદ ને કારણે કેરી,તલ,અને અન્ય પાકો ને ભારે નુકશાની થઈ હતી.

# મ્યુઝીયમ દિનની ઉજવણી : વોટસન મ્યુઝીયમમાં લાઇવ સ્કેચનું પ્રદર્શન







આંતરરાષ્ટ્રીય મ્યુઝીયમ દિવસની રાજકોટના જયુબીલી બાગ સ્થિત વોટસન મ્યુઝીયમમાં આજથી ઉજવણી શરૂ કરવામાં આવી છે. તા.૧૮થી ૨૦ મે સુધી શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો રાખવામાં આવ્યા છે. આજે સવારે લાઇવ પ્રોટ્રેટ કલબના કલાકારો દ્વારા લાઇવ સ્કેચનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તૈયાર થયેલા સ્કેચ અને અન્ય ચિત્રો બાળકો સહિતના લોકો તા.૨૦ સુધી જોઇ શકશે. મ્યુઝીયમની ડોકયુમેન્ટરી ફિલ્મ પણ દર્શાવવામાં આવશે. આ પ્રદર્શનની મુલાકાત લેતા વિદ્યાર્થીઓ, બાળકો અને લાઇવ ચિત્ર દોરતા કલાકાર નજરે પડે છે.

# મૃતક પતિના એક કરોડ પડાવી લેવા સાસુ-સસરાએ પરિણીતા પર ત્રાસ ગુજાર્યો

## મારા પુત્રના પૈસા મારા જ કહેવાય કહીં સસરાએ પોતાના ખાતામાં કરોડો રૂપિયા ટ્રાન્સફર કરી લીધાં'તાઃ સ્પીડવેલ પાર્ટીપ્લોટ પાસે રહેતી પરિણીતાએ જૂનાગઢ રહેતાં સાસુ-સસરા સામે ફરીયાદ નોંધાવી

રાજકોટ. તા.૧૮

હાલ સ્પીડવેલ પાર્ટીપ્લોટ પાસે રહેતાં કેયુરિબેન રવિભાઈ ડઢાણીયાએ નોંધાવેલ ફરીયાદમાં તેના સસરા ગુલાબદાસ ગોકળદાસ ડઢાણીયા અને સાસુ રમીલાબેન (રહે. જનકપુરી સોસાયટી, જૂનાગઢ) વિરૂધ્ધ મહિલા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેણીના ૨૦૧૪માં લગ્ન થયા હતા. સંતાનમાં હાલ ૬ વર્ષની પુત્રી છે. ૨૦૨૦માં પતિનું કાર અકસ્માતમાં મૃત્યુ થયું હતું. તેના ત્રણેક વર્ષ તેણી સાસરિયામાં રહ્યા હતા. જે દરમિયાન પતિના વીમાના પૈસા આવ્યા તેની બધી પ્રોસીઝર પુરી ન થઈ ત્યાં સુધી સાસુ-સસરાએ સારી રીતે રાખ્યા હતા. પૈસા ખાતામાં આવતા જ સાસુ-સસરાએ માનસિક રીતે હેરાન કરવાનું શરૂ કરી દીધુ હતું.તેણી જો પિયર જવાનું કહે તો, ઘરનું કામકાજ કોણ કરશે, હવે તું મારા ઘરમાં કામવાળી તરીકે છો, તેમ કહી માનસિક ત્રાસ આપતા હતા. ઘરમાં તે કામ કરે છે કે નહીં તે જોવા માટે સીસીટીવી કેમેરા ફીટ કરાવ્યા હતા. આઠેક માસ પહેલાં બંને પરિવારની સમજૂતી મુજબ તે પિતાને ત્યાં રહેવા આવ્યા હતા. તેના થોડા સમય બાદ સગામાં એક વ્યકિત તેને અને તેની માનસિક વિકલાંગ પુત્રીને સ્વીકારવા તૈયાર થતાં આગળ વધવાનું નકકી કર્યુ હતું.ત્યારબાદ પતિના વીમાની રકમ માંગતા સસરાએ અલગ-અલગ બહાના બતાવવાનું શરૂ કર્યું હતું. પતિના વીમાના રૂ.૧ કરોડ આવ્યા હતા, જેમાં વારસદાર તરીકે તેનું નામ હતું. પરંતુ સસરાએ તેને વિશ્વાસમાં લઈ તેના અને પોતાના નામનું સંયુકત ખાતું ખોલાવી તેમાં કરોડ જમા કરાવી દીધા હતા. બીજા બે, રૂ.બે-બે લાખના વીમા અને કાર ડેથ વીમાના રૂ.૧૫ લાખ તેના સસરાના ખાતામાં જમા થયા હતા. પતિ મૃત્યુ પામ્યા ત્યારે તેના ખાતામાં રૂ.૧.૮૦ લાખ હતા. જેમાં વારસદાર તરીકે તે હતા. પરંતુ સસરાએ આ રકમ પણ તેની પાસે ઉપડાવી સંયુકત ખાતામાં નખાવી દીધી હતી. આ રીતે ખાતામાં રૂ. ૧.૫ કરોડ તથા વ્યાજની રકમ હતી.જેના ફકત તે કાયદેસરના વારસ હતા. આમ છતાં સસરાએ કહ્યું કે, તું સ્ત્રીપાત્ર છો, આ બધું તારાથી મેનેજ નહીં થાય, જેથી આપણા બંનેનું સંયુકત ખાતું ખોલાવી લેવાનું કહેતાં તેણે હા પાડતાં સંયુકત ખાતું ખોલાવ્યું હતું. જેમાં કોઈ એકની સહીથી પૈસા ઉપડે તેવી જોગવાઈ હતી. આ ખાતાનો તમામ વહિવટ તેના સસરા કરતા. બાદમાં તેના સસરાએ બે-બે લાખના વીમાની જે રકમ આવી હતી તે સંયુકત ખાતામાંથી પોતાના નામની એફડી કરાવી નાંખી હતી. એટલું જ નહીં સંયુકત ખાતામાંથી પોતાના નામની ૫૦ લાખની એફડી કરાવી હતી. થોડા સમય પછી સાસુના નામની બીજી ૫૦ લાખની એફડી કરાવી નાખી હતી. તેના પતિના ખાતામાં રહેલા ૧.૮૦ લાખ પણ ઉપાડી લઈ સાસુના ખાતામાં જમા કરાવી દીધા હતા.પતિના નામનું અમદાવાદમાં મકાન હતું. જેની લોનના હપ્તા પણ તેના પતિ ભરતા હતા. સસરાએ તેને વિશ્વાસમાં લઈ, ફોસલાવીને તેની પાસેથી દસ્તાવેજ કરાવી સાસુના નામનો દસ્તાવેજ કરાવી નાખ્યો હતો. જેમાંથી તેને ૫.૭૫ લાખ આપ્યા. હતા. જયારે પુત્રીના નામની ૬ લાખની એફડી કરાવી હતી.બાદમાં તેણીને સસરાએ વિશ્વાસ તોડયાની વર્ષ ૨૦૨૩માં જાણ થતાં સસરાને આવુ કેમ કર્યું તેમ પૂછતાં ઉડાવ જવાબ આપી કહ્યું કે, મારા પુત્રના પૈસા મારા જ કહેવાય આ બાબતે વડીલો, કુટુંબીજનોને વાત કરતા બધાએ સમજાવીને સસરાને કહેતાં તેને પણ અહેસાસ થતાં રૂ.૯૧.૧૩ લાખ સંયુકત ખાતામાં જમા કરાવ્યા હતા. આ રીતે તેના પતિના અવસાન બાદ આવેલી બધી રકમમાંથી રૂા.૯૧ લાખ જ સંયુકત ખાતામાં જમા છે, બાકી રહેતી તમામ રકમ સસરા પાસે અને સંયુકત ખાતામાં છે. જે રકમ પોતાની મરજીથી ઉપાડી શકતા નથી. રકમ સેવીંગ ખાતામાં હોવાથી તેની એફડી પણ કરાવી શકતા નથી. પરિણામે વ્યાજની નુકસાની જાય છે. તે રકમનો ઉપયોગ પણ કરી શકતા નથી. લગ્ન વખતે ચડાવેલા અને તેની પુત્રીના દાગીના પણ સસરાના કબજામાં છે. જે પણ સાસરિયાઓ ઓળવી ગયાં છે.

### ક્રિએટ ઇન્ડિયા એડ.ના મોભી ચમનલાલ ધીરજલાલ જોષીનો જન્મદિવસ

ક્રિએટ ઇન્ડિયા એડ.ના મોભી ચમનલાલ ધીરજલાલ જોષી નો આવતીકાલે જન્મદિવસ છે. તેઓએ યશસ્વી જીવનના ૮૦ વર્ષ પૂર્ણ કરી ૮૧ વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. ચમનલાલ જોષીએ અનેકવિધ સેવા કાર્યો કર્યા છે. તેમના જન્મદિવસ નિમિત્તે મિત્ર વર્તુળ, સગા વ્હાલા તેમજ પરિવાર દ્વારા શુભેચ્છા આપવામાં આવી રહી છે.

### ૨૬મીએ રાજકોટ તાલુકા પેન્શનર સમાજના સભ્યોની વાર્ષિક સાધારણસભા

રાજકોટ તાલુકા પેન્શનર સમાજના નોંધાયેલ સભ્યોની વર્ષ ૨૦૨૩-૨૪ માટેની વાર્ષિક સાધારણ સભાનું આગામી તા.૨૬ને રવિવારના રોજ સવારે ૯-૩૦ કલાકે બહુમાળી ભવન, મિટિંગ હોલ, પ્રથમ માળ, રેસકોર્ષ સામે (જિલ્લા સેવા સદન-૨) ખાતે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આ સમાજના નોંધાયેલ સભ્યોએ સમાજ દ્વારા આપવામાં આવેલ ઓળખપત્ર સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે.


## નયન પબ્લીસીટી

સોરઠીયાવાડી ચોક કોર્નર, રાજકોટ

દરેક પ્રકારની ટચૂકડી જા.ખ. માટે મળોઃ
મહેશભાઈ - મો. ૯૮૨૪૫ ૩૧૪૧૭/૯૭૩૭૪૮૦૨૪૮

**લેડીઝ જોઈએ છે**
પેકીંગ કામ માટે ઉમર વર્ષ ૨૨ થી ૩૫ સુધીના ગોકુલનગર કોઠારીયા રોડ, મો. ૯૬૮૭૫ ૧૩૬૯૪

**જાહેરાત માટે મળો**
દરેક છાપામાં ટચુકડી, શ્રધ્ધાંજલી, ડીસ્પ્લે, વગેરે જાહેરાત આપવા માટે મળો. નયન બુક સ્ટોલ એન્ડ પબ્લીસીટી, સોરઠીયા વાડી ચોક (કોર્નર) રાજકોટ મો. ૯૮૨૪૫ ૩૧૪૧૭

**સુચિત મકાન વે. છે**
ગોંડલ ચોકડી ૫૬ વાર, કિં. ૧૨ લાખ, મો. ૯૭૨૬૪ ૪૨૭૩૧

**સુચિત મકાન વે. છે**
૬૦ વાર જગ્યા, કોઠારીયા, રણુજા મંદિર પાસે, ૯૯૨૪૦ ૧૪૪૪૫

**કારીગરની જરૂર છે**
શું આપ બ્લાઉઝના બેસ્ટ કારીગર છો, તો આવો રાજકોટના બેસ્ટ ટેઈલર્સમાં પાર્ટનરશીપમાં મો. ૯૮૨૫૭ ૭૬૭૭૨

**૧ બીએચકે ભાડે દેવાનું**
ઉપરના માળે, કોઠારીયા રોડ, હુડકોમાં નળ, બોર, ગૅસલાઈન, ફર્નિચર ભાડુ ૬૦૦૦/- નાના નોકરીયાત ફેમીલીને મો. ૮૮૪૯૫ ૫૬૩૬૪

**દુકાન વેચવાની છે**
દરેક ધંધાને અનુકુળ વિકસીત એરીયા, ગ્રાઉન્ડ ફલોર, ૧૨૨ ફુટ, શોપ નં. ૬, ટોપલેન્ડ રેસી. પાસે, પાટીદાર ચોક પાસે, ૯૮૨૪૨ ૩૦૫૧૨ / ૬૩૫૧૩ ૬૯૨૪૪

**મકાન વેચવાનું છે**
૫૦ વાર કિ. ૨૭ લોનેબલ કોઠારીયા રોડ, મેહુલનગર-૧, ઉપર નીચે ૨ બીએચકે, ૮૮૪૯૯ ૫૩૯૦૨

**દુકાન વેચવાની છે**
સુચિત શ્રધ્ધા પાર્ક રોડ સા. ૮×૧૦, મો. ૯૭૨૩૧ ૯૨૨૨૯

**જોઈએ છે**
કુર્તિ, લેગીઝ માટે સેલ્સમેન, હેલ્પર, ફુલ ટાઈમ, હાફટાઈમ, લેડીઝ જેન્ટસ, ગુંદાવાડી, રાજકોટ. ૯૯૦૪૨ ૨૮૨૧૩

**માણસો જોઈએ છે**
જેન્ટસવેર માટે અનુભવી મો. ૮૮૬૬૨ ૨૧૧૨૧

**કસમાં મકાન વેચવાનું**
માત્ર ૫૦૦૦ રૂા.માં વાર, જુનુ મોકાનું, ટાઈટલ કલીયર, કોટક શેરી, મેઈન રોડ, ગામ- પડધરીમાં માત્ર રૂા. ૧૫ લાખમાં, મો. ૯૮૯૮૩ ૮૮૩૬૬

**દુકાન ભાડે આપવાની**
દરેક ધંધાને અનુકુળ વિકસીત એરીયા, ગ્રાઉન્ડ ફલોર, ૧૨૨ ફુટ શો નં.-૬, ટોપલેન્ડ રેસી. પાસે, પાટીદાર ચોક પાસે, ૯૮૨૪૨ ૩૦૫૧૨ / ૬૩૫૧૩ ૬૯૨૪૪

**ન્યુ ફલેટ (૩) વેચવાના**
૫ ફલેટના બિલ્ડીંગમાં ૩ ફલેટ વેચવાના, ૧૦૩૦ કાર્પેટ, ૩ બેડ હોલ કિચન સેમી ફર્નિશ્ડ, ગેસ લાઈન, વેસ્ટ ઓપન, એરોડ્રામ પાસે, ગીત ગુર્જરી સોસાયટી મેઈન રોડ, યોગ્ય બદલો ચાલશે. મો. ૯૮૯૮૧ ૮૦૨૦૪

## સાંજ સમાચાર ટચુકડી જાહેર ખબર

## લગ્ન વિષયક

શ્રી વલ્લભભાઈ માધવજીભાઈ સોજીત્રા (વિધુર૧.૫ વર્ષ) ઉ.૫૪, અભ્યાસ એમ.એ., એક બાળક, ઉ.વ.૬, લેઉવા પટેલ, ડેન્ટલ કોલેજ જામનગર, લેઉવા પટેલ, ૩૨ થી ૪૫ વર્ષ અથવા ઉચ્ચ જ્ઞાતિની સંસ્કારી પાત્રએ સંપર્ક કરવો:૯૬૨૪૦ ૭૫૦૫૦ (ગાંધી)

## પિન્ટુ પબ્લીસીટી

આશાપુરા રોડ, ઋતુરાજ સિઝનની બાજુમાં, હરેશભાઈ કટારીયા : ૯૮૯૮૯ ૮૬૭૬૫
વોટસએપ ઉપર જાહેરાત મોકલો
ઓનલાઈન પેમેન્ટ કરો

જોઈએ છે સાડીની દુકાન માટે અનુભવી સેલ્સમેન બીનઅનુભવી માણસો મળો. મનાલી ટેક્ષટાઈલ્સ, દિવાનપરા મે. રોડ, રાજકોટ. મો. ૯૮૭૯૩ ૭૫૮૦૩

**બહેનો જોઈએ છે**
થેપલા બનાવી શકે તેવા, મો. ૯૪૨૬૯ ૬૮૭૩૧

**મીની બંગલો વેચવાનો**
૮૦ વાર બીમ કોલમ નવું બાંધકામ નીચે પાર્કિંગ, ૪ બીએચકે, ડાઈનીંગ, વોશ એરીયા, લોનેબલ (કિંમત ૬૫) ગૌતમનગર, સ્ટર્લિંગ હોસ્પિ. સામે, મો. ૯૪૨૬૯ ૮૬૦૬૫

**જોઈએ છે**
કેરીના શોરૂમમાં વેચાણ કરી શકે તેવા બોયઝ / ગર્લ્સ, પાર્ટટાઈમ / ફુલટાઈમ, આકર્ષક પગાર, મળો. ખુશી મેંગો ફાર્મ, કિશાનપરા ચોકથી આગળ, સાસુજી પંજાબી ધાબા સામે, ૯૮૯૮૯ ૮૬૭૬૫

**ફલેટ વેચવાનો છે**
૩ બીએચકે, ૮૫૦ સ્કે. ફુટ, સેમી ફર્નિચર સાથે, પેલેસ રોડ ટચ, પ્રહલાદ પ્લોટ, આશાપુરા મેઈન રોડ, રાજકોટ. મો. ૯૯૨૪૪ ૮૮૬૬૦

**બહેનોને રૂમ ભાડે**
નોકરી / અભ્યાસ કરતા બહેનોને રૂમ ભાડે રૂા. ૧૫૦૦ પંચવટી સોસા. અમીન માર્ગ, મો. ૯૮૯૮૯૮૬૭૬૫

**૭૦૦૦માં ફલેટ ભાડે**
૧ બીએચકે ફલેટ, ગ્રા.ફલોર, મુંજકા, હરિવંદના કોલેજ પાસે, મે. રોડ, ફેમીલી, ગર્લ્સ, ગર્વ. સર્વન્ટને મો. ૯૮૯૮૯ ૮૬૭૬૫

**કેરી... કેરી... કેરી...**
રત્નાગીરી, દેવગઢ હાફુસ, તાલાલાગીરની કાચી તેમજ તૈયાર કેસર, પ્રીમીયમ કવોલીટી, ખુશી મેંગો ફાર્મ, મહિલા કોલેજ ચોક પાસે, સાસુજી હોટલની સામે, રાજકોટ.

## ભાડે આપવાનું છે

**ગોડાઉન ભાડે આપવાના છે**
(સુટેબલ ફોર ફેકટરી અને વેરહાઉસ)
૪૦૦૦ સ્કે.ફીટના ૨ ગોડાઉન - ૮૦૦૦ સ્કે.ફીટનું ૧ ગોડાઉન - દરેક વાહન માટે સરળ પાર્કિંગ, કાર્ગો લિફટ સિસ્ટમ, કોટા સ્ટોન ફલોરીંગ, દરેક ગોડાઉનમાં રહેવા માટે રૂમ, ૨૪×૭ સિકયુરીટી, સીસીટીવી કેમેરા, ૨૪×૭ પાણીની સુવિધા, એડ્રેસ : અમદાવાદ હાઈવે, સાગર ઈન્ડસ્ટ્રીયલ પાર્કની સામે, રૂડા ટ્રાન્સપોર્ટ નજીક, રાજકોટ. વધારે માહિતી માટે મો. ૯૮૨૪૦ ૧૯૪૦૭, ૬૩૫૨૧ ૪૩૦૯૧ (સૃષ્ટિ)

**ઓફીસ ભાડે આપવાની છે**
પીઓપી, ફર્નિચર સાથે, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, મો. ૯૯૨૫૮ ૭૫૯૧૯ (૬૬૫૪)

**ભાડે આપવાનું છે**
સ્વતંત્ર બંગલા ટાઈપ, મકાન- ફુલ ફર્નિચર, સોલાર રૂફ, ગાડી પાર્કિંગ, બેસ્ટ લોકાલીટી, રેસકોર્સ નજીક એરીયા, ૯૯૯૮૦ ૬૭૨૨૨ (૬૬૮૯)

**ફલેટ, મકાન ભાડે દેવાનુ**
ગુંદાવાડીમાં ૧ બેડ તથા ૨ બેડના ફલેટ, જયરાજ પ્લોટમાં ૩ બેડનો ફલેટ, ગુંદાવાડીમાં ૩ બીએચેકનું મોટુ મકાન, મેહુલનગરમાં ૪ બેડનું કાર પાર્કિંગવાળુ, મોટુ મકાન ભાડેથી બ્રોકર : પ્રમોદભાઈ પંડયા : મો. ૯૮૭૯૦ ૭૮૯૭૧ (૬૬૯૦)






**અભ્યાસ માટે ૧૫ યુનિવર્સિટીના સચોટ માર્ગદર્શનની ઉત્તમ તક**

# આજથી tv9 ગુજરાતી દ્વારા આયોજિત એજ્યુકેશન એક્સપોનો પ્રારંભ

### મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ અને રેન્જ આઈજી અશોકકુમાર યાદવ દ્વારા ખુલ્લો મુકાયો

રાજકોટ, તા.૧૮

ગુજરાતની પ્રતિષ્ઠિત ન્યુઝ ચેનલ tv9 ગુજરાતી દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજકોટમાં એજ્યુકેશન એક્સપોનું આયોજન કરાયું છે. રાજકોટ શહેરના જન કલ્યાણ હોલમાં આયોજિત બે દિવસીય એજ્યુકેશન એક્સપો રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ અને રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ દ્વારા આજે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

તાજેતરમાં જ ધોરણ ૧૦ અને ૧૨ નું પરિણામ આવ્યું છે. વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે બહારના જિલ્લાઓમાં અને ગુજરાતની અલગ અલગ યુનિવર્સિટીઓમાં જવું પડતું હોય છે ત્યારે tv9 ગુજરાતી ન્યૂઝ ચેનલ દ્વારા રાજકોટ સહિત સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓ માટે એક સાથે એક પ્લેટફોર્મ પર ૧૫ થી વધારે યુનિવર્સિટીઓના એક્સપોનું આયોજન કરાયું છે. આ એક્સપોમાં ગુજરાતની ખ્યાતનામ યુનિવર્સિટીઓનું માર્ગદર્શન મળી રહેશે. આ એક્સપોની વિશેષતા એ છે કે, વિદેશમાં અભ્યાસ કરવાની ઉત્તમ તક, વિદેશમાં અભ્યાસ માટે કેટલી અને કયાં પ્રકારની જરૂરિયાત હોય છે તે સહિતની માહિતી મળી રહેશે. આ ઉપરાંત આધુનિક ટેક્નોલોજી અંતર્ગત અનેકવિધ અભ્યાસક્રમોની માહિતી મળી રહેશે.આ એક્સપો આજે તા.૧૮ અને તા.૧૯ બે દિવસ સુધી ચાલનાર છે. જેમાં સવારે ૧૦ વાગ્યાથી રાત્રીના ૮ વાગ્યા સુધી ચાલશે વિદ્યાર્થીઓના ઉચ્ચ અભ્યાસક્રમ માટેની સચોટ અને સટીક માહિતી માટે આ એક્સપો ખૂબ જ જરૂરી છે.

## રિક્ષા ચાલક રમણભાઈ નાયકનું બીમારી સબબ મોત

રાજકોટ તા.૧૮

રિક્ષા ચાલક રમણભાઈ નાયકનું બીમારી સબબ મોત થતાં તેઓનાં પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે એ ડિવિઝન પોલીસને જાણ કરી હતી.

બનાવની વિગત મુજબ રાજકોટમાં રહેતાં રમણભાઈ ભગાભાઈ નાયક (ઉ.વ.૬૨) નામનાં વૃદ્ધ રાજકોટ એસટી બસ સ્ટેશનમાં કોઈ બીમારી સબબ પડેલ હોય જેને ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં આજે ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. તેઓ રિક્ષા ચલાવતાં હતાં. મૃતક એક બહેન અને ચારભાઈમાં નાના હોવાનું મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું.

## સુપ્રિમ કોર્ટના જસ્ટીસ રાજેશ બિંડલ તથા હ્યુમન રાઈટ કમિશનના ઠક્કર રાજકોટમાં

### રાત્રી રોકાણ કરી કાલે ભગવાન સોમનાથના દર્શને જશે

રાજકોટ તા.૧૮

સુપ્રિમ કોર્ટના જસ્ટીસ રાજેશ બિંડલ તેમજ ગુજરાત સ્ટેટ હ્યુમન રાઈટ કમિશનના કે.જે. ઠક્કર આજે રાજકોટ આવી પહોંચેલ છે. આ બન્ને મહાનુભાવો રાજકોટ ખાતે રાત્રી રોકાણ કરનાર છે.

ત્યારબાદ આવતીકાલે તા.૧૯ને સવારના તેઓ સુપ્રસિધ્ધ યાત્રાધામ ભગવાન સોમનાથના દર્શનાર્થે જનાર છે.

સાંજ સમાચાર
ટચુકડી જાહેર-ખબર

શ્રી ®

MODI ESTATE

# મોદી એસ્ટેટ

## શેઠનગર, જામનગર રોડ, રાજકોટ - મો : ૯૫૧૦૧૦૧૦૪૪

### માધાપર-૧૧
દ્વારિકાની સામે, ૧૩૩ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૫૫૦૦૦

**સદગુરૂ પાર્ક**
વાગુદળ-૪૧, ૩૨૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૮૫૦૦/-

### સંસ્કૃતિ ધામ
બાલસર સર્વે નં. ૨૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૭૦૦૦

### મોરબી રોડ
**પંચરત્ન પાર્ક**
કાગદળી સર્વે નં.-૪૪૨, ૨૫૮ વાર, પ્લોટ વેંચવાનો છે. ભાવ-૪૦૦૦/-

### આણંદપર
સર્વે નં.માં નાના તથા મોટા પ્લોટ લે-વેચ માટે મળો.

**યુનિક સ્કુલથી નજીક**
૧૫૦ ફુટ રીંગ રોડ, ૨૬૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૨,૦૦૦/-

### જામનગર રોડ

**દર્શિતા સોસાયટી**
જામનગર રોડ, ૧૨૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૮,૦૦૦/-

**માધાપર-૧૧**
માધાપર ચોકડીથી નજીક, ૧૨૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૬૦,૦૦૦/-

**શાંતિનાથ પાર્ક**
ઘંટેશ્વર-૧૨૯, ૪૦૭ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૨૮,૦૦૦/-

**વર્ધમાનનગર**
ઘંટેશ્વર-૧૪૦, ૨૮૯ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૮,૦૦૦/-

**શાંતિનગર-૩**
જામનગર રોડ, ૧૬૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૩,૦૦૦/-

**શિવસાગર પાર્ક**
માધાપર-૧૧, ૧૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૫,૦૦૦/-

**હંસવાહિની**
માધાપર-૮, ૨૫૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૮,૦૦૦/-

### કાલાવડ રોડ

**જલારામ પાર્ક**
હરિપર-૧૩, ૪૦૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૨૨,૦૦૦/-

**સોપાન**
મટુકી રેસ્ટોરન્ટ પાસે, ૭૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૮૦,૦૦૦/-

**ગ્રીન પાર્ક**
વિરડા-વાજડી-૯૯, ૩૩૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૨૨,૦૦૦/-

**શનેશ્વર પાર્ક**
બાલસર સર્વે નં. ૨૭, ૧૭૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૪૫૦૦/-

**ગ્રીન હિલ પાર્ક**
હરિપર-૫૬, ૨૩૩ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૫૦૦૦/-

**વિર રેસિડેન્સી**
આણંદપર સર્વે નં.-૩૭૬, ૫૦૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૫૦૦૦/-

**રૂબી પાર્ક**
વિરડા વાજડી-૧૨૦, ૪૫૮ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૦,૦૦૦/-

**ચંદ્રરાજ રેસિડેન્સી**
વિરડા વાજડી-૧૧૯, ૧૪૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૫,૦૦૦/-

**અવધ પાર્ક**
હરીપર-૫૬/૧/૬, ૭૮૭ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૫૦,૦૦૦/-

**તિરૂપતિ**
મવડી સર્વે નં. ૨૭ પૈકી, ૧૭૮ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૫,૦૦૦/-

**સનસીટી રેસિડેન્સી**
પિપરડી ગામ સર્વે નં.-૫૬/૧, ૪૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૫૦૦/-

**વ્રજભૂમિ સોસાયટી**
કાંગશીયાળી સર્વે નં. ૩૩ પૈકી, ૪૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૭,૦૦૦/-

**અર્જુન પાર્ક**
ન્યારી રોડ, ૩૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૫૦૦૦/-

**સંસ્કૃતિ ધામ**
બાલસર-૨૫, ૨૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૦૦૦/-

### ઈન્ડસ્ટ્રીયલ

**સાગર ઈન્ડસ્ટ્રીયલ**
અમદાવાદ નેશનલ હાઈવે, ૪૨૦૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૬૦૦૦/-

**પડધરી-૯૧**
૨૫૫૭ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૫૦૦૦/-

**શાપર સર્વે નં. ૫૨૮**
૨૦૯૪ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૪,૫૦૦/-

**જે.કે.ગ્રીન**
લોઠડા સર્વે નં. ૪૭૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૦,૫૦૦/-

**ખેરવા સર્વે નં.**
વાંકાનેર હાઈવે, ૨૦૪૭ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૩૫૦૦/-

**માલિયાસણ સર્વે નં. ૧૯૫**
આયસરના શોરૂમ સામે, ૩૦૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૨૩,૦૦૦/-

**આર.કે.ઈન્ડસ્ટ્રીઝ**
ભોજપરા જીઆઈડીસીમાં ૭૬૫ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૮૫૦૦/-

**પડવલા સર્વે નં.**
૧૨૦૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૪,૫૦૦/-

**શ્રીરામ ઈન્ડસ્ટ્રી**
લોઠડા સર્વે નં. ૮, ૧૦૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૧,૦૦૦/-

**હડાળા સર્વે નં.**
૨૦૪ પૈકી, ફાર્મસી કોલેજ પાછળ, ૧૬૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૭૦૦૦/-

**ગીતા ગોવિંદ પાર્ક**
રતનપર સર્વે નં. ૧૭૧/૧, ૨૩૮ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૪૭૦૦/-

**વલ્લભાચાર્યનગર-૨**
રતનપર સર્વે નં. ૧૮૪ પૈકી, ૨૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૫૦૦૦/-

**શ્રીનાથજી પાર્ક**
હડાળા, ૨૮૮ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૭૫૦/-

### સીટી વિસ્તાર

**જાગૃતિ શ્રમજીવી સોસાયટી**
ભોમેશ્વર મંદિર પાસે, ૪૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૫૦૦૦/-

**શ્યામનગર**
નાનામવા રોડ, ૨૧૪ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૮૦,૦૦૦/-

**માસ્તર સોસાયટી**
વાણિયાવાડી પાસે, ૩૫૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૨, ૦૦૦/-

**રાધાનગર-એ**
લક્ષ્મીનગર મેઈન રોડ, ૧૩૧ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૯૫૦૦૦/-

**આર.એમ.સી.નગર**
એરપોર્ટ ફાટક પાસે, ૧૦૭ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૦,૦૦૦/-

**પત્રકાર સોસાયટી**
એરપોર્ટ રોડ, ૨૧૯ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૮૦,૦૦૦/-

**વિષ્ણુ વિહાર**
યુનિવર્સિટી રોડ, ૩૭૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૬૫૦૦૦/-

**ત્રિવેદીનગર**
દોશી હોસ્પિટલ પાસે, ૧૫૮ વાર, પ્લોટ વેચવાનો છે. કિંમત : ૬૫ લાખ/-

**પંચાયતનગર**
યુનિવર્સિટી રોડ, ૧૫૩ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૮૫,૦૦૦/-

**કિશાન પાર્ક**
ઉમિયા ચોક પાસે, ૧૫૭ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧ લાખ (વાર)

**સિંચાઈ નગર**
એરપોર્ટ રોડ, ૧૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. કિંમત- ૭૫ લાખ

**ગુલાબનગર**
આમ્રપાલી ટોકીઝ પાસે, ૧૨૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-કિંમત-૯૨ લાખ

**શાસ્ત્રી સોસાયટી**
મવડી પ્લોટ, ૨૨૯ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૦,૦૦૦/-

**ગોવિંદ પાર્ક**
નાનામવા સર્કલ પાસે, ૧૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૫૫,૦૦૦/-

### જમીન

**રાજકોટ-તા**
૧૧.૫૦ વિઘા, જમીન વેચવાની છે. ભાવ-૮૦ લાખ (એકર)

**બામણબોર**
૪ એકર, જમીન વેચવાની છે. ભાવ-૨૫ લાખ (એકર)

**ત્રાકુડા**
તા. ગોંડલ, ૧૩.૬૦ વિઘા, જમીન વેચવાની છે. ભાવ- ૨૭ લાખ (વિઘા)

**બેડી (વાચ્છપર)**
મોરબી રોડ, ૩.૨ એકર જમીન વેચવાની છે. ભાવ-૧.૨૫ કરોડ (એકર)

**હૈયાળા**
તા. ધ્રોલ, ૬ એકર જમીન વેચવાની છે. ભાવ-૧.૧૫ કરોડ (એકર)

**ખીરસરા**
તા. લોધિકા, ૧૦ એકર, જમીન વેચવાની છે. ભાવ-૩.૫૦ કરોડ (એકર)

## ફાસ્ટ પેમેન્ટથી પ્લોટ વેચવા માટે મળો

## મતદાનની ફાઈનલ ટકાવારીમાં શંકાસ્પદ વધારાના ઉહાપોહ વચ્ચે ચોંકાવતો રિપોર્ટ

# ૪ તબકકામાં રિવાઈઝ મતદાનમાં ૧.૦૭ કરોડ મતો ઉમેરાયા

### આંધ્રપ્રદેશ, આસામ, કર્ણાટક, મહારાષ્ટ્ર જેવા રાજયોમાં વધુ માત્રામાં મતોનો વધારો, હિન્દી બેલ્ટના રાજયોમાં સંખ્યા પ્રમાણમાં ઓછી વધી

નવી દિલ્હી તા.૧૮

લોકસભા ચૂંટણી મતદાનના આંકડામાં પંચ દ્વારા બે-ત્રણ દિવસે કરાતા ફેરફાર મામલે શંકા, વિવાદ અને ઉહાપોહ ચાલી જ રહ્યો છે ત્યારે પ્રથમ ચાર તબકકાની ચૂંટણીમાં મતદાન પુર્ણ થયા પછી રાત્રે જાહેર કરાયેલા આંકડા પછીના રિવાઈઝડ આંકડામાં ૧.૧૦ કરોડ મતોનો ઉમેરો થયો હોવાનું બહાર આવ્યુ છે. અત્યાર સુધીમાં ૩૭૯ બેઠકો પર ચુંટણી પુર્ણ થઈ ગઈ છે. દરેક બેઠક પર સરેરાશ ૨૮૦૦૦ મતનો ઉમેરો થયો છે.

ચુંટણીપંચ દ્વારા મતદાનના 'રીયલ ટાઈમ' અર્થાત પળેપળના આંકડા દર્શાવતી એપ રાખવામાં આવી છે અને તેમાં નિયમિત રીતે મતદાનના આંકડા અપડેટ થતા રહે છે. મતદાનના દિવસે રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં ફાઈનલ ટકાવારી રજુ કરવામાં આવતા હોય છે. પરંતુ આ વખતે બે-ચાર દિવસ પછી પણ ટકાવારીમાં બદલાવ થતો રહ્યો હતો તેને કારણે વિપક્ષો તથા અમુક સંસ્થાઓએ શંકા સાથે સવાલ ઉઠાવતા વિવાદ સર્જાયો છે.

સામાન્ય રીતે મતદાનના દિવસની રાત્રે રજુ થતા મતદાનના આંકડા તથા ત્યારપછીની ફાઈનલ હાજરીમાં મામુલી ફેરફાર રહેતો હોય છે પરંતુ આ વખતે શંકા ઉભી થાય તેવો વધારો થયો છે.

દેશમાં અત્યાર સુધીમાં મતદાનના ચાર તબકકા પૂર્ણ થઈ ગયા છે. પ્રથમ તબકકાની ચૂંટણી બાદ મતદાનની રાત્રે જાહેર થયેલા મતના આંકડાની સરખામણીએ ફાઈનલ ટકાવારીમાં ૧૮.૬ લાખ મત વધી ગયા હતા. બીજા તબકકામાં ૩૨.૨ લાખ, ત્રીજા તબકકામાં ૨૨.૧ લાખ તથા ચોથા તબકકામાં ૩૩.૯ લાખ મત વધી ગયા હતા. અર્થાત મતદાનની રાત્રે જાહેર થયેલા મતના કુલ આંકડા કરતા ફાઈનલ આંકડામાં ૧.૦૭ કરોડ મતોનો થયો છે.



સૌથી મોટો બદલાવ આંધ્રપ્રદેશમાં થયો છે જયાં ફાઈનલ ટકાવારીમાં ૪.૨ ટકા મતદાન વધી ગયુ હતું. મતની સંખ્યામાં ૧૭.૨ લાખનો વધારો હતો. આ જ રીતે મહારાષ્ટ્રમાં ૧૬.૭ મત ઉમેરાયા હતા અને ટકાવારી ૨.૪ ટકા વધી હતી. કેરળમાં ૧૦.૪ લાખ મત વધ્યા હતા જે ટકાવારીની દ્રષ્ટિએ ૪.૧ ટકા થવા જાય છે. આસામમાં ૧૦.૩ લાખ મત વધ્યા હતા. ટકાવારીમાં ૪.૨ ટકા થવા જાય છે.

મતદાનના ફાઈનલ આંકડામાં આ બદલાવને લક્ષ્યમાં લેવામાં આવે તો આસામમાં દરેક બેઠક દીઠ ૭૩૦૦૦ મત ઉમેરાયા હતા. આંધ્રપ્રદેશમાં ૬૯૦૦૦, કર્ણાટકમાં ૫૧૦૦૦ તથા મહારાષ્ટ્રમાં ૪૮૦૦૦ મતનો ઉમેરો થયો હતો.

મહત્વની વાત એ છે કે હિન્દી બેલ્ટના રાજયોમાં ફાઈનલ મતદાનની ટકાવારીમાં વધારો પ્રમાણમાં ઓછો હતો.

### મતદાન પછી ટકાવારીમાં મોટો વધારો કેમ? ચુંટણીપંચ પાસે જવાબ માંગતી સુપ્રિમ

નવી દિલ્હી તા.૧૮

લોકસભાની ચૂંટણીના મતદાન બાદના બે-ત્રણ દિવસ પછીના ફાઈનલ આંકડામાં મતોની ટકાવારીમાં મોટા ફેરફારને પગલે શંકા-સવાલો ઉઠવા લાગ્યા છે ત્યારે આ મામલે સર્વોચ્ચ અદાલતે પણ ચુંટણીપંચનો જવાબ માંગ્યો છે. બીન સરકારી સંગઠન એસોસીએશન ફોર ડેમોક્રેટીક રીફોર્મ દ્વારા આ મામલે સર્વોચ્ચ અદાલતમાં અરજી કરી હતી. મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય.ચંદ્રચૂડ, જસ્ટીસ જે.બી.પારડીવાલા તથા જસ્ટીસ મનોજ મિશ્રાની બેંચે આ મામલે ૨૪મી મે સુધીમાં જવાબ આપવાનો આદેશ કર્યો છે. વેકેશન બેંચમાં કેસ ચાલશે. મતદાન ખત્મ થયાના ૪૮ કલાકમાં જ મતદાનના આખરી આંકડા જાહેર કરવા સંગઠને માંગ કરી છે. આ પુર્વે સર્વોચ્ચ અદાલતે ચુંટણી મતદાન બેલેટ પેપરથી કરવાની માંગ ફગાવી હતી. જો કે, સંગઠનની મતદાનના આંકડા સંબંધી અરજી સ્વીકારી હતી. ચુંટણીપંચના વકિલે એવી દલીલ કરી હતી કે સંગઠને ઉઠાવેલા તમામ સવાલોના જવાબ પંચે આપેલ જ છે ત્યારે આ પ્રકારની અરજી દાખલ ન કરવી જોઈએ.

#### મતદાનની રાત્રે જાહેર થયેલી ટકાવારી અને બાદમાં ફાઈનલ આંકડા

| રાજય | મતદાર (લાખમાં) | ફાઇનલ | મતદાનની રાત્રે જાહેરાત | તફાવત | ફાઇનલ ટકાવારીમાં મત | મતદાનની રાત્રીના મત | તફાવત |
|---|---|---|---|---|---|---|---|
| આંધ્ર | ૪૧૩.૩ | ૮૦.૭ | ૭૬.૫ | ૪.૨ | ૩૩૩.૪ | ૩૧૬.૨ | ૧૭.૨ |
| મહારાષ્ટ્ર | ૬૮૨.૭ | ૬૨.૯ | ૬૦.૫ | ૨.૪ | ૪૨૯.૭ | ૪૧૩ | ૧૬.૭ |
| કેરળ | ૨૭૭.૫ | ૭૧.૩ | ૬૭.૨ | ૪.૧ | ૧૯૭.૮ | ૧૮૬.૩ | ૧૧.૪ |
| આસામ | ૨૪૫.૧ | ૮૧.૬ | ૭૭.૪ | ૪.૨ | ૧૯૯.૯ | ૧૮૯.૬ | ૧૦.૩ |
| વેસ્ટ બંગાળ | ૩૨૬.૧ | ૭૯.૩ | ૭૬.૯ | ૨.૪ | ૨૫૮.૭ | ૨૫૦.૯ | ૭.૮ |
| કર્ણાટક | ૫૪૨.૩ | ૭૦.૬ | ૬૯.૩ | ૧.૩ | ૩૮૬.૬ | ૩૭૯.૫ | ૭.૧ |
| ગુજરાત | ૪૭૯.૮ | ૬૦.૧ | ૫૯ | ૧.૨ | ૨૮૮.૫ | ૨૮૩ | ૫.૫ |
| બિહાર | ૩૬૪.૪ | ૫૬.૯ | ૫૬.૭ | ૧.૩ | ૨૦૭.૪ | ૨૦૨.૮ | ૪.૬ |
| મધ્યપ્રદેશ | ૫૬.૬ | ૬૬.૯ | ૬૬.૧ | ૦.૮ | ૩૭૮.૫ | ૩૭૪.૨ | ૪.૩ |
| તામીલનાડુ | ૬૨૩.૩ | ૬૯.૭ | ૬૯.૧ | ૦.૬ | ૪૩૪.૬ | ૪૩૦.૭ | ૩.૯ |
| રાજસ્થાન | ૫૩૩.૭ | ૬૧.૫ | ૧૦.૮ | ૦.૭ | ૩૨૮.૪ | ૩૨૪.૫ | ૩.૮ |
| તેલંગણા | ૩૩૨.૨ | ૬૫.૭ | ૬૪.૭ | ૦.૯ | ૨૧૮.૧ | ૨૧૫ | ૩.૧ |
| ઉત્તરપ્રદેશ | ૭૪૮.૪ | ૫૭.૯ | ૫૭.૬ | ૦.૪ | ૪૩૩.૫ | ૪૩૦.૮ | ૨.૭ |
| છત્તીસગઢ | ૨૦૬.૬ | ૭૨.૮ | ૭૧.૬ | ૧.૨ | ૧૫૦.૪ | ૧૪૮ | ૨.૪ |
| ઉત્તરાખંડ | ૮૩.૪ | ૫૭.૨ | ૫૫.૮ | ૧.૪ | ૪૭.૭ | ૪૬.૫ | ૧.૨ |
| મણીપુર | ૨૦.૩ | ૭૮.૨ | ૭૨.૫ | ૫.૭ | ૧૫.૯ | ૧૪.૭ | ૧.૨ |
| ઓડિસા | ૬૨.૯ | ૭૫.૭ | ૭૪ | ૧.૭ | ૪૭.૬ | ૪૬.૫ | ૧.૧ |
| કુલ | ૬૭૪૫ | ૬૬.૯ | ૬૫.૪ | ૧.૬ | ૪૫૧૬ | ૪૪૦૯ | ૧૦૭ |

## મસ્કનો મોટો નિર્ણયઃ ટ્વિટરને પૂરેપુરું ખતમ કર્યુંઃ ટ્વિટરથી હટીને એકસ યુઆરએલ કર્યું

### હવે એકસ પર કયાંય ટ્વિટર નહીં જોવા મળેઃ યુઆરએલની શરૂઆત એકસ ડોટ કોમથી થશે





ન્યુયોર્ક (અમેરિકા) તા.૧૮

એકસ (પુર્વ ટવીટર)ને લઈને એલન મસ્કે એક મોટો નિર્ણય લીધો છે. તેમાં તે મોટો ફેરફાર કરી રહ્યા છે. હવે તેણે ટવીટરથી હટીને એકસ યુઆરએલ કરી દીધું છે. મતલબ કે એક પ્રકારે પુરું ડોમેન્ટ જ બદલી નાખ્યું છે, જે એક મોટો નિર્ણય છે.

જો આપ ટવીટરના યુઆરએલ તરફ જશો તો એ સીધું એકસ પર ટ્રાન્સફર કરી દેશે. વેબ વર્ઝન પર તે ઓપન કરવા પર પણ એવું જ જોવા મળશે. આ એક મોટો ફેસલો લેવામાં આવ્યો છે અને કંપનીએ પોતાના યુઆરએલને પુરી રીતે ટ્રાન્સફર કરી દીધો છે. આ સિવાય એલન મસ્ક એપમાં ઘણા બધા ફેરફાર કરવા પર પણ વિચાર કરી રહ્યા છે. જે મુજબ સ્માર્ટ ફોનમાં મળનારી એપને મસ્ક તરફથી સુપર એપ બનાવવાનો વિચાર કરવામાં આવી રહ્યો છે. ખરેખર તો તેની મદદથી તે ઈચ્છે છે કે કોઈ પેમેન્ટ પણ કરી શકે છે. સાથેસાથે ત્યાં યુઝર્સને અન્ય સુવિધાઓ પણ મળી શકે છે, જેની મદદથી લોકો ટ્રેન, વિમાન ટિકીટનું બુકીંગ ઝડપથી મેળવી શકશે.

ગેમીંગ સર્વિસની શરૂઆત પણ ખૂબ જ જલદી શરૂ થશે. યુટીલીટી બેઝડ સર્વિસને લઈને પણ આમ જ કરવામાં આવી શકે છે.




### સાઉદી અરેબિયામાં પ્રથમવાર સ્વીમવીયર ફેશન શો

રૂઢીચુસ્ત ગણાતા સાઉદી અરેબિયામાં પ્રથમ વખત સ્વીમવીયર ફેશન શો યોજવામાં આવ્યો હતો. એક આલીશાન રીસોર્ટમાં આ યોજાયેલા ફેશન શોમાં સ્વીમશુટ પહેરેલી યુવતીઓ રેમ્પ પર ઉતરી હતી. રીયલ એસ્ટેટ કંપની રેડ-સી ગ્લોબલનો આ રીસોર્ટ સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બીન સલમાનનો છે.

## સ્માર્ટ ફોન યુગના અંતની શરૂઆત

પરિવર્તન એ માત્ર કુદરતનો જ નહીં પણ ટેકનોલોજીની દુનિયાનો પણ નિયમ છે. જયારે કેલ્કયુલેટરે આંગળીઓ વડે ગણવાનું બંધ કર્યું ત્યારે કોમ્પ્યુટરએ કેલ્કયુલેટર બંધ કરી દીધું. જયારે મોબાઈલ ફોન્સે ડાયલ ફોન બંધ કરી દીધા હતા, ત્યારે સ્માર્ટફોને જૂના મોબાઈલ ફોનની જગ્યા લીધી હતી. હવે જયારે AI આવી ગયું છે, એવું કહેવામાં આવી રહ્યું છે કે સ્માર્ટફોનની દુનિયા ફલકસના સમયમાં છે. ચાલો સમજીએ કે AI સ્માર્ટફોનને કેવી રીતે રિપ્લેસ કરશે.



પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિએ કૃષિમાં ઉત્પાદનમાં વધારો કર્યો. બીજાએ ફેક્ટરીઓ સ્થાપીને માલનું ઉત્પાદન કર્યું અને ત્રીજાએ માહિતીનું ઉત્પાદન કર્યું. AI એ આગામી ઔદ્યોગિક ક્રાંતિ છે, જે બુધ્ધિમતા પેદા કરશે.

–જેન્સન હુઆંગ,CEO, Nvidia



મને લાગે છે કે, ભવિષ્યમાં આપણે ફોન લઈ જવાનું બંધ કરી દઈશું. અને અમે ખરેખર ફોન પર વાત કરીશું નહીં. અમે એવા ઉપકરણો પર આધાર રાખીશું જ્યાં વોઇસ નોંધ લખવાનું સરળ છે.

– આયાહ,બડેર, લિટલબિટ્સ



મને લાગે છે કે એપ સ્ટોર તૂટી જશે. સ્ટોર્સ પર ગૂગલ અને એપલનો એકાધિકાર સમાપ્ત થશે.

–કાયલ વિન્સ, iFixit

#### ફોન વૉર

- સ્માર્ટફોન પોતાની એપ્સ, બુદ્ધિમત્તા અને પેમેન્ટ સિસ્ટમ સાથે માનવી ના જીવનનો એક ભાગ બની ગયો છે.
- સોફ્ટવેર પર ગૂગલ-એપલનો એકાધિકાર
- હાર્ડવેર પર એપલ, સેમસંગ, ચીનનું શાસન
- GenA! આ સામ્રાજ્યનો નાશ કરશે
- ટચસ્ક્રીન, એપ્સ અથવા શોધ વિના ચાલતા AI ફોન



#### આવી રીતે કરે છે કામ

- આદેશ પર ચાલે છે, એપ્લિકેશન્સ, સર્ચ અને કમેન્ટ કરે છે
- સોફ્ટવેર વિના, જરૂરિયાત મુજબ 'એજન્ટ' બનાવે છે
- સ્કીનને બદલે અવાજ દ્વારા આદેશો આપવા
- Android અથવા Apple જેવી ઑપરેટિંગ સિસ્ટમ્સને બદલે એલએલએમ

#### AI માર્કેટ

૨૦૨૩માં ૪% જેનરિક AI સ્માર્ટફોન માર્કેટ શેર નો હિસ્સો

૨૦૩૦ સુધીમાં ૨૮.૬૫% વૃદ્ધિની અપેક્ષા

એશિયા-પેસિફિક ક્ષેત્રમાં સૌથી વધુ વૃદ્ધિ;

AI ફોન્સ ૨૦૨૬ સુધીમાં બજારમાં દેખાવાનું શરૂ કરશે



#### ફ્યૂચર મોડલ

- આ વર્ષે આવનાર iPhone AI કલાઉડને બદલે ડિવાઈસ પર ચાલશે
- Gen AI માટે Google અને Open AI સાથે વાતચીત
- ઓપનએઆઈના સીઈઓ સેમ ઓલ્ટમેન 'આઈફોન ઓફ ધ એઆઈ વર્લ્ડ' બનાવી રહ્યા છે
- ગૂગલ અને સેમસંગે સ્માર્ટફોનમાં AI ફીચર્સ આપ્યા છે
- Deutsche Telekom પણ Brain.ai સાથે આવો ફોન લાવી રહ્યું છે

## એર ઈન્ડિયાની માઠી : સતત બીજા દિવસે વિમાનનુ ઈમરજન્સી લેન્ડીંગ

### બેંગ્લોર જતી ફલાઈટના એ.સી. યુનિટમાં આગ માલુમ પડતા તત્કાલ ઈમરજન્સી ઉતરાણ કરાવાયું



નવી દિલ્હી, તા. ૧૮

દિલ્હીથી બેંગ્લોર જતી એર ઇન્ડિયાની ફલાઇટમાં એરકંડીશન યુનિટમાં આગ માલુમ પડતા તાત્કાલીક પાટનગરમાં ઇમરજન્સી લેન્ડીંગ કરાવવામાં આવ્યું હતું જેને પગલે વિમાનમાં પ્રવાસ કરી રહેલા ૧૭૫ મુસાફરોના શ્વાસ અધ્ધર થયા હતા જોકે તમામને સુરક્ષીત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા હતા.

દિલ્હીના ઇન્દીરા ગાંધી ઇન્ટરનેશનલ એરપોર્ટથી ૧૭૫ પ્રવાસીઓ સાથેની એરઇન્ડિયાની ફલાઈટે સાંજે ૬ વાગ્યે ઉડાન ભર્યુ હતું. અધવચ્ચે એરકંડીશન યુનિટમાં આગ માલુમ પડતા તાત્કાલીક વિમાનને પરત વાળવામાં આવ્યું હતું અને દિલ્હીમાં ઇમરજન્સી લેન્ડીંગ કરાવવામાં આવ્યું હતું. આ ઘટનામાં કોઇને ઇજા કે નુકસાન થયું નથી. માત્ર ૩૮ મીનીટના ગાળામાં જ વિમાન પાછુ આવી ગયું હતું અને દિલ્હીમાં ઇમરજન્સી ઉતરાણ કરાવવામાં આવ્યું હતું.

એર ઇન્ડિયાની માઠી હોય તેમ સતત બે દિવસથી વિમાનોને નુકસાન થઇ રહ્યું છે. ગુરૂવારે દિલ્હી આવતુ વિમાન પુના એરપોર્ટ પર ટગ ટ્રક સાથે ટકરાઇ ગયું હતું. આ વખતે પણ વિમાનમાં ૧૮૦ પ્રવાસીઓ મુસાફરી કરી રહ્યા અને તેમાં પણ સદનસીબે કોઇને ઇજા થઇ ન હતી. એરપોર્ટના અધિકારીએ જણાવ્યું હતું કે ટકકરના કારણે વિમાનના આગળના ભાગ અને લેન્ડીંગ ગીયર પાસેના ટાયરને નુકસાન થયું હતું. પ્રવાસીઓ તથા ક્રુ સભ્યો સુરક્ષીત હતા.

## અભિનેતા 'રોશનસિંહ સોઢી' ૨૫ દિવસ પછી ઘરે પરત ફર્યા

### દુનિયાભરની ધાર્મિક યાત્રા પર ગયા હોવાનો ગુરૂચરણ સિંહનો ખુલાસો



નવી દિલ્હી, તા.૧૮

લોકપ્રિય સિટકોમ સિરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં રોશન સિંહ સોઢીની ભૂમિકા ભજવનાર ગુરૂચરણ સિંહ વિશે સારા સમાચાર આવ્યા છે. ૨૫ દિવસ સુધી ગુમ થયા બાદ તે ઘરે પરત ફર્યો છે.

અભિનેતા ગુરૂચરણ સિંહ ગત તા. ૨૨ એપ્રિલથી ગુમ હતા. તેના ગુમ થયાની ફરિયાદ પણ નોંધાવવામાં આવી હતી. ઘણા દિવસો સુધી ગુમ રહ્યા બાદ તે જાતે જ ઘરે પરત ફર્યા હતા. પરત ફરતાં પોલીસે ગુરૂચરણની પૂછપરછ કરી હતી. તેણે કહ્યું કે, તે ઘર છોડીને દુનિયાભરની ધાર્મિક યાત્રા પર ગયા હતા. ગુરૂચરણ સિંહે જણાવ્યું કે, તેઓ અમૃતસર, લુધિયાણા જેવા ઘણા શહેરોમાં ગુરુદ્વારામાં રોકાયા હતા. ઘણા દિવસો સુધી ત્યાં રહ્યા પછી તેને સમજાયું કે હવે તેણે ઘરે પાછા ફરવું જોઈએ. તેથી તે ઘરે પરત ફર્યો. ગુરૂચરણ સિંહ ગત તા. ૨૨ એપ્રિલના રોજ દિલ્હીમાં પોતાના ઘરેથી મુંબઈ જવા નીકળ્યા હતા. પરંતુ તે પોતે એરપોર્ટ પર પહોંચ્યો ન હતો. ગત તા.૨૬ એપ્રિલના રોજ તેના ગુમ થવાનો ખુલાસો થયો હતો.

ગુરૂચરણ સિંહ વિરૂદ્ધ પાલમ પોલીસ સ્ટેશનમાં આઈપીસીની કલમ ૩૬૫ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, ગુરૂચરણ સિંહનો મોબાઈલ ફોન ગત તા.૨૨ એપ્રિલે રાત્રે ૯:૨૨ કલાકે બંધ હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ગુરૂચરણ સિંહે ઘણા રોકડ વ્યવહારો કર્યા હોવાનું પણ બહાર આવ્યું છે. તેણે ૭૦૦૦ રૂપિયાનું ટ્રાન્ઝેકશન કર્યું હતું તેમજ બહુવિધ વ્યવહારો કર્યા હોવાની માહિતી પણ બહાર આવી હતી.

# દુનિયામાં ૧૦૦ અબજ ડોલરની સંપત્તિ ધરાવતા 'સુપર રીચ'ની સંખ્યા ૧૫ પર પહોંચી

## પ્રથમ વખત એક સાથે ૧૫ લોકો 'સુપર રીચ' કલબમાં સામેલ: લોરીયલ-ડેલ ટેકનોલોજી-મેક્સિકન અબજોપતિ લિસ્ટમાં સામેલ થયા

ન્યુયોર્ક, તા.૧૮

ભારત સહિત વિશ્વના દેશોમાં વધતી સમૃદ્ધિ વચ્ચે અમીરોની સંખ્યામાં સતત વધારો થઇ રહ્યો છે. ૧૦૦ અબજ ડોલરથી વધુની સંપત્તિ ધરાવતા 'સુપર રીચ કલબ'માં સંખ્યા ૧૫ની થઇ છે. એક વર્ષમાં સુપર રીચ કલબમાં સામેલ અમીર લોકોની સંપત્તિ ૧૩ ટકા વધીને ૨.૨ ટ્રીલીયન ડોલર થઇ છે.

બ્લુમબર્ગ બીલીયોનર ઇન્ડેક્સમાં એવું સુચવાયું છે કે શેરબજાર તથા મોંઘવારી કરતાં પણ સુપર રીચ ધનવાનોની સંપત્તિમાં વધુ ઝડપી વધારો થઇ રહ્યો છે. વિશ્વમાં સૌથી વધુ ૫૦૦ ધનવાનોની કુલ સંપત્તિમાં સુપર રીચનો હિસ્સો ૨૫ ટકા જેવો ધરખમ છે. સુપર રીચ કલબમાં ૧૫ લોકો સામેલ થયા છે અને અત્યાર સુધીનો આ સૌથી મોટો આંકડો છે.

૧૦૦ અબજ ડોલરની સંપત્તિ ધરાવતા અમીરોનો આંકડો અગાઉ પણ ૧૫ પર પહોંચ્યો હતો પરંતુ આ વખતે પ્રથમવાર એવું બન્યું છે કે તમામની સંપત્તિ નોંધપાત્ર વધી છે. લોરીયલના મેયર્સ, ડેલ ટેકનોલોજીના માયકલ ડેલ તથા મેક્સીકન અબજોપતિ કારલોસ સ્લીમ છેલ્લા પાંચ મહિના દરમ્યાન આ કલબમાં પહોંચ્યા હતા પરંતુ ત્યારબાદ તેઓની સંપત્તિમાં ચડ-ઉતર થતી રહી હતી. કોસ્મેટીક કંપની લોરીયલની મહિલા સી.ઇ.ઓ. આ કલબમાં સામેલ થનારી પ્રથમ મહિલા બની છે. ૧૦૧ અબજ ડોલરની સંપત્તિ સાથે ધનવાનોમાં ૧૪મુ સ્થાન ધરાવે છે.



### ૧૫ સુપર રીચની સંપત્તિ ૧૩ ટકા વધીને ૨.૨ ટ્રીલીયન ડોલરે પહોંચી

૫૯ વર્ષીય માઇકલ ડેલની સંપત્તિ પણ ૧૦૦ અબજ ડોલરને વધારી ગઇ છે. આર્ટીફીસીયલ

## દુનિયાના સૌથી વધુ ૫૦૦ ધનિકોમાંથી ૨૫ ટકા સંપત્તિ 'સુપર રીચ' કલબના અમીરો પાસે

ઇન્ટેલીજન્સના વધતા ટ્રેન્ડમાં કંપનીના ઇકવીપમેન્ટની ડીમાન્ડ વધવાના આશાવાદ હેઠળ ડેલ ટેકનોલોજીના શેરમાં જોરદાર ઉછાળો નોંધાયો હતો અને શેરબજારનો રેકોર્ડ બ્રેક ઉંચાઇએ પહોંચી ગયો હતો. બ્લુમબર્ગ ઇન્ડેકસમાં ૧૧૩ અબજ ડોલરની સંપત્તિ સાથે ૧૧મું સ્થાન ધરાવે છે. સુપર રીચ કલબમાં સામેલ થયેલા મેકસીકન અબજોપતિ સ્લીમ ૧૦૬ અબજ ડોલરની સંપતિ સાથે સૌથી વધુ ધનવાનોના લીસ્ટમાં ૧૩માં ક્રમમાં છે. લેટીન અમેરિકામાં સૌથી વધુ અમીર એવા આ ઉદ્યોગપતિની સંપત્તિ ૨૦૨૩માં એક જ વર્ષમાં ૨૮ અબજ ડોલર વધી છે. કન્ટ્રકશનથી માંડીને રેસ્ટોરન્ટ, મોલ સુધીના વ્યાપાર ધરાવે છે. કેટલાક જુના નામો પણ આ કલબમાં ફરી વખત દાખલ થયા છે. ભારતના ગૌત્તમ અદાણી ફરી વખત કલબમાં સામેલ થયા છે. ૨૦૨૩ના અમેરિકી રીસર્ચ કંપનીના રીપોર્ટ બાદ તેની સંપત્તિમાં મોટુ ગાબડુ પડયું હતું હવે તે ફરી અમીરોના લીસ્ટમાં સામેલ થઇ ગયા છે. આ સિવાય લકઝરી ગુડ્સ મેકર બર્નાલ્ડ આર્નોલ્ટ ૨૨૨ અબજ ડોલરની સંપત્તિ સાથે ટોચ પર રહ્યા છે. એમેઝોનના સ્થાપક જેફ બેઝોસ ૨૦૮ અબજ ડોલરની સંપત્તિ સાથે બીજા ક્રમે છે. ટેસ્લાના એલોનમસ્ક ૧૮૭ અબજ ડોલરની સંપત્તિ સાથે ત્રીજા ક્રમે છે. ચાલુ વર્ષે જો કે તેમની સંપત્તિમાં ૪૦ અબજ ડોલરનો ઘટાડો થયો છે.

## એક સાથે પાંચ વાઘ...



ગુજરાત સહિત દેશનો મોટાભાગનો વિસ્તાર આકાશી અગનજવાળાનો સામનો કરી રહ્યો છે. અનેક સ્થળોએ તાપમાન ૪૫ ડીગ્રીને વટાવી ગયુ છે. માત્ર માનવીઓ જ નહીં, પશુ-પક્ષી પણ પરેશાન છે ત્યારે કુમાઉમા બાજપુરમાં બરહૈની જંગલમાં જળકુંડમાંથી પાણી પી રહેલા એક સાથે પાંચ વાઘ કેમેરામાં કલીક થઈ ગયા હતા. પશુઓ માટે જળકુંડમાં રોજ પાણી ભરવામાં આવે છે. વ્હેલી સવારે જંગલની ટીમ પાણી ભરવા પહોંચી ત્યારે એક સાથે પાંચ વાઘ નજરે ચડયા હતા. આવા દ્રશ્ય જવલ્લે જ જોવા મળતા હોય છે.

**ચૂંટણી પરિણામ બાદ લાગી શકે છે એક ઝટકો**

# અન્ય બેન્કના એટીએમનો ઉપયોગ કરવા પર ચાર્જ વધી જશે



## વધુ રોકડ કાઢવા પર પણ વિશેષ સુવિધા ચાર્જ લાગી શકે છે

નવી દિલ્હી તા.૧૮

શું આપ આપની બેન્ક સિવાય કોઈ બીજી બેન્કના એટીએમનો ઉપયોગ કરો છો તો આપને બતાવી દઈએ કે તેનો ચાર્જ વધારવાની તૈયારી થઈ ચુકી છે.સુત્રો અનુસાર, એટીએમ પર આવતા ખર્ચ પર નવેસરથી વિચાર કરવામાં આવી રહ્યો છે. નવી સરકારના શપથ ગ્રહણ બાદ આ ચાર્જમાં ફેરફાર થઈ શકે છે.

જાણકારોના જણાવ્યા મુજબ બીજી બેન્કનાં એટીએમમાંથી રકમ કાઢવા અને લેવડ દેવડ કરવા પર ચાર્જ (ઈન્ટચેન્જ ચાર્જ) વધારીને ૨૦ થી ૨૩ રૂપિયા સુધી કરવામાં આવી શકે છે અને વધુ રોકડ કાઢવા પર વધારાનો સુવિધા ચાર્જ પણ વસુલી શકાય છે.

જે વિસ્તારોમાં બેન્કો ઓછી છે કે એટીએમ ઓછા છે ત્યાં સુધી આ ચાર્જ ઓછો રાખવા પર પણ વિચાર કરવામાં આવી રહ્યો છે.જેથી પ્રત્યક્ષ લાભ ટ્રાન્સફર એટલે કે ડાયરેકટ બેન્ક ટ્રાન્સફર (ડીબીટ) ના લાભાર્થી એટીએમમાંથી આરામથી રકમ કાઢી શકે.

### હવે વધુ ભરવા પડી રહ્યા છે એટીએમ:

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ભાડા અને ઈંધણનો ખર્ચ રોકડ ભરવાનો ચાર્જ અને ગૃહમંત્રાલયની શરતોનો પાલન કરવાનો ખર્ચ ઘણો વધી ગયો છે. કેસેટ બદલવાના ખર્ચની ભરપાઈ કરવા તેને વધારીને ૨૩ રૂપિયા કરી શકાય છે.

### નવા એટીએમ લગાવવાના ઓર્ડર અપાયા

એ જાણકારી પણ બહાર આવી છે કે સપ્ટેમ્બર ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪ સુધીમાં ૪૫૦૦૦ નવા એટીએમ અને કેશ રિસાઈકલીંગ મશીનોમાં ઓર્ડર દેવામાં આવ્યા છે.


### જયાં ઓછી બેન્ક છે ત્યાં લાગશે એટીએમ

એટીએમ એકસચેંજ ચાર્જ વ્યવસ્થાની સમીક્ષા માટે રચાયેલ સમિતિનો રીપોર્ટ ફરી એકવાર ખબરમાં આવ્યા છે. જયાં ઓછી બેન્કો છે ત્યાં એટીએમ લગાવવાનું કામ ઝડપથી થશે:

### શું છે ઈન્ટરચેન્જ ચાર્જ:

જયારે આપ અન્ય બેન્કના એટીએમ પર જઈને લેવડદેવડ કરો છો તો આ ચાર્જ આપની બેન્કમાંથી વસુલવામાં આવે છે. પહેલા આ ચાર્જ ૧૫ રૂપિયા દર લેવડ-દેવડે હતો જે ૧ ઓગસ્ટથી વધારીને ૧૫ રૂપિયા દર લેવડ દેવડે કરાઈ હતી જેને વધારીને ૧ ઓગસ્ટ ૨૦૨૧ થી ૧૭ રૂપિયા કરી દેવાયો હતો.

## આવા અંતની અપેક્ષા ન હતી: શુભમન ગિલની ઈમોશનલ પોસ્ટ



ગુરુવારે સનરાઈઝર્સ હૈદરાબાદ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચેની મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી. ગુજરાતની આ સીઝનની આ છેલ્લી મેચ હતી. તે આ વખતે પ્લેઓફમાં જગ્યા બનાવી શકી નથી. હૈદરાબાદ સામેની મેચ બાદ ગુજરાતના કેપ્ટન શુભમન ગીલે ઈન્સ્ટાગ્રામ પર એક ઈમોશનલ પોસ્ટ કરી હતી. તેણે લખ્યું. અમને આ પ્રકારના અંતની અપેક્ષા નહોતી, પરંતુ તે સત્ર શીખવાની અને મહાન યાદોથી ભરેલું હતું. હું ત્રણ વર્ષથી આ સુંદર પરિવારનો ભાગ છું. તે એક પ્રવાસ છે જે હું કયારેય ભુલીશ નહીં.

# ક્રિકેટનો ઉત્ક્રાંતિવાદ






**ક્રિકેટ કલાસિકસ**
**પ્રકાશ ભટ્ટ**



ચાર્લ્સ ડાર્વીનના ઉત્ક્રાંતિના સિધ્ધાંત પ્રમાણે જીવનના સંઘર્ષમાં ફકત એજ પ્રજાતી બચી જાય છે જે સમય સાથે અને કુદરત સાથે તાદાત્મ્ય સાધીને જરૂરી ફેરફાર કરી શકે છે. 'Surviral of the fittest' (શ્રેષ્ઠતમની ચિરંજીવીતા) સુત્ર આજ થીયરી પર પ્રકાશ ફેંકે છે. જે જીવ સમય અને કુદરત સાથે અનુકુલન સ્થાપી નથી શકતા એ કાળક્રમે નાશ પામે છે. જીવ વિજ્ઞાન આ મુળભુત નિયમો જીવનના દરેક ક્ષેત્રમાં લાગુ પડે છે અને એટલે જ રમત-જગતમાં પણ આ સુત્ર એટલું જ પ્રસ્તુત છે. ૧૯૫૦ના દશક સુધી પુરેપુરી માનવ જાત એવું માનતી હતી કે એક માઇલનું અંતર માણસ ૪ મીનીટથી ઓછા સમયમાં દોડી (Running)ને પુરૂ કરી જ ન શકે અને વૈજ્ઞાનિકો પણ એવું માનતા કે જો ૪ મીનીટથી ઓછા સમયમાં એક માઇલ દોડવા પ્રયત્ન કરે તો માણસના ફેફસા જ ફાટી જાય. પરંતુ રોજર બેરીસ્ટર નામના મેડીકલ ના વિદ્યાર્થીએ ૨૫ વર્ષની ઉંમરે ૧૯૫૪માં ૩ મીનીટ અને ૫૯ સેકન્ડમાં એક માઇલ દોડીને આ થીયરીને ઘરમૂળમાંથી ખોટી પાડી દીધી. અને એ પછી ૭૦ વર્ષમાં આ રેકોર્ડ બીજી ૧૬ સેકન્ડ નીચે આવી ગયો છે અને બે હજાર ઉપરાંત લોકો એક માઇલનું અંતર ૪ મીનીટ પુરતા ઓછા સમયમાં દોડી ગયા છે.

આ આખી પૂર્વ ભૂમિકાનો ઉપયોગ આજે ક્રિકેટના સંદર્ભમાં કરવો છે. ક્રિકેટની શરૂઆત ૧૬મી સદીમાં થઇ હોવાનું માનવામાં આવે છે. પરંતુ એક 'પ્રમાણીત સ્પોર્ટસ' તરીકે ક્રિકેટને ૧૮મી સદીમાં માન્યતા મળી. ઇંગ્લેન્ડમાં શરૂ થયેલી આ રમત અંગ્રેજો વિશ્વભરમાં લઇ ગયા અને સર્વપ્રથમ ટેસ્ટ મેચ ૧૮૭૭માં ઇંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલીયા વચ્ચે રમાઇ. ભારત દેશ તેની સર્વપ્રથમ ટેસ્ટ મેચ ૧૯૩૨માં ઇંગ્લેન્ડની ટીમ સામે રમેલી અને સર્વપ્રથમ વન-ડે મેચ ૧૯૭૧માં ઇંગ્લેન્ડ વિરૂધ્ધ ઓસ્ટ્રેલીયા જ રમેલી અને ૧૯૭૪માં ભારતીય ટીમ.

૧૯૭૫માં સર્વપ્રથમ વન ડે વિશ્વકપનું આયોજન થયું અને ત્યારે ઇંગ્લેન્ડમાં વન ડે મેચ ૬૦ ઓવર્સની

### દોઢસો વર્ષમાં રમત કેટલી બદલાઇ ?

રમવામાં આવતી હતી. ૬૦ ઓવર્સની મેચ રમવા માટે લગભગ સાડા આઠ કલાક જેવો સમય લાગતો જે ઇંગ્લેન્ડના ઉનાળામાં જ શકય હતું. વિવિધ દેશમાં આવું થઇ શકવું શકય ન હોવાથી વન ડે ૫૦ ઓવર્સની થઇ ગઇ ફલડ લાઇટસ આવવાથી વન-ડે મેચ ડે નાઇટ મેચથી ઓળખાવા લાગ્યા. આ બધા જ ફેરફાર સમય સાથે અનુકુલન સાધવા અને રમતને આધુનિક બનાવવાના હેતુસર થતા ગયા. એક સમયે વન ડે ક્રિકેટ આ રમતનું સર્વોપરી ફોર્મેટ બની રહ્યું હતું. લોકોએ પણ જગતભરમાં આ ફોર્મેટને ખુબ પસંદ કર્યુ અને માણ્યું. લગભગ ૮૦ના દશક સુધી ૫૦ ઓવરની મેચમાં ૨૦૦-૨૨૦ રનએ વિનીંગ સ્કોર ગણવામાં આવતો. પરંતુ ૧૯૯૨ અને ૧૯૯૬ સુધીમાં તો પહેલી ૧૫ ઓવરના 'ફિલ્ડ રીસ્ટ્રીકશન'નો ફાયદો ઉઠાવી બેટસમેનો લોફ્ટેડ શોટ રમવા લાગ્યા અને ૫૦ ઓવરમાં ૩૦૦ રન બનાવવા જાણે સહેલા થઇ ગયા. જયાં સુધી રેડ બોલથી વન ડે ક્રિકેટ રમાતુ ત્યાં સુધી જો કે ૩૦૦ રન ડીફેન્ડ કરી શકવા શકય હતા અને એનું કારણ હતું કે ૩૫-૩૭ ઓવર પછી બોલ જુનો થઇ જવાથી રીવર્સ સ્વીંગ થવો શરૂ થઇ જતો હતો અને એવા બોલમાં મોટા ફટકા મારવા ખુબ જ કપરૂ કામ હતું.

સફેદ બોલ આવવાથી અને પછી પાછા બંને છેડા પરથી અલગ અલગ નવા બોલ આવવાથી રીવર્સ સ્વીંગનો જાદુ જ ગાયબ થઇ ગયો. બોલર માટે જાણે ધીમે ધીમે બધા જ એડવાટેજ ખતમ થઇ રહ્યા હતા.

અને ૨૦૦૩માં નવી પેઢીના ક્રિકેટ તરીકે ટી-૨૦નું સાવ અનેરૂ ફોર્મેટ આવી ગયું. ભારતીય ટીમે પણ ૨૦૦૬માં આ નવા ફોર્મેટમાં પદાર્પણ કરી લીધુ. પહેલાના અમુક વર્ષો સુધી ટી૨૦માં ૧૫૦-૧૬૦ રન ખુબ સારો સ્કોર ગણાતો. સૌપ્રથમ ટી-૨૦ વિશ્વકપ ફાઇનલમાં ભારતે પાકિસ્તાન સામે ૧૪૦ જેટલા રન બનાવી ટ્રોફી જીતી હતી.

લોકોને મોટા ફટકાઓ અને ચોગ્ગા-છગ્ગાની લ્હાણી જોવામાં વધુ રસ પડતો હોવાથી ટી-૨૦ મેચમાં સાવ બેટીંગ પીચ જ જોવા મળે છે. નવો સફેદ બોલ ફકત ૨-૩ ઓવર જ થોડો ઘણો સ્વીંગ થતો હોય છે અને એ પણ અનુકુળ પીચ અને વાતાવરણમાં જ આ કારણે ફલેટ બેટીંગ પીચ પર તો જાણે 'બેઝબોલ'માં બોલને ફટકારવાનો જ હોય એવુ બનતું ગયુ, સાથોસાથ બેટસમેન પણ નિતનવા સ્ટ્રેકસ રમીને રમતને વધુ રોમાંચીત બનાવતા ગયા. સ્વીપ હીટ, સ્કુપ શોટ અપર કટ અને ૩૬૦ ડિગ્રી જેવા શબ્દો લોકોના માનસમાં સ્થિર થતા ગયા. ૨૦ ઓવરમાં ૨૦૦ રન સામાન્ય બની ગયા. છેલ્લી ત્રણ-ચાર ઓવરમાં ૫૦-૬૦ રન કરવા માનસિક રીતે સ્વીકાર્ય પણ બની ગયું. હમણા જ એક પોડકાસ્ટમાં એક ચર્ચા થઇ કે ૨૦ ઓવરમાં ૩૦૦ રન શકય છે ? જે રીતે આ વર્ષની આઇપીએલમાં ફટકાબાજી થઇ રહી છે. ૩૦૦ રન બનવા હવે ખાસ દુર નથી. સમય અને રમત જે રીતે evolve થઇ છે. એ જ રીતે ખેલાડીઓ પણ અનુકુલન સાધી રમતને સાવ નવી જ ઉંચાઇએ લઇ રહ્યા છે. એ દિવસ પણ દુર નથી. જયારે વન ડે મેચમાં ૫૦૦ રન બનવા જોઇ શકાય છે. આવા માહોલમાં બોલર્સને પણ નવી ટેકનીક, ટેકનીક અને મેજીક બોલની શોધ કરીને આવવુ પડશે અને તો જ બેટ અને બોલ વચ્ચેનો સંઘર્ષ મેદાન પર દ્રશ્યમાન થશે.



## વોટસએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ સહિતની ઓટીટી સેવાઓ પર સરકારના નિયંત્રણ આવશે

નવી દિલ્હી, તા. ૧૮

ડિજીટલ યુગમાં સોશ્યલ મીડિયા પ્લેટફોર્મની બોલબાલા છે તેવા સમયે સરકાર દ્વારા વોટસએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, એકસ (ટવીટર) સહિતના તમામ પ્લેટફોર્મની નિયંત્રણ હેઠળ આવરી લેવાની તૈયારી શરૂ કરવામાં આવી છે. ટેલીકોમ રેગ્યુલેટર ટ્રાઇ હેઠળ આ તમામને અંકુશમાં મુકવામાં આવશે. અત્યાર સુધી તમામ ઓટીટી પ્લેટફોર્મ સરકારના નિયંત્રણની બહાર હતા. નવા ટેલીકોમ કાયદામાં પણ અંકુશ મુકવાની કોઇ દરખાસ્ત કરવામાં આવી ન હતી.

ટ્રાઇના ચેરમેન અનિલકુમાર લાહોટીએ જણાવ્યું હતું કે ઓટીટી સેવામાં નિયંત્રણો મુકવા માટે નિયમન હળવા ઓપન હાઉસ ચર્ચા કરવામાં આવશે. આવતા ત્રણ મહિનામાં આ પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવશે. સંસદીય સમિતિ દ્વારા ઓટીટી સેવાને નિયંત્રણ હેઠળ લેવાની ભલામણ કરવામાં આવી હતી અને તેના આધારે સરકાર આ દિશામાં આગળ વધી છે. હવે ઓપન હાઉસ ચર્ચાના આધારે ટ્રાઇ દ્વારા પણ અભિપ્રાય સાથેની ભલામણ સૂચવવામાં આવશે. ટેલીકોમ કાયદાથી માંડી કયા વિભાગ હસ્તક નિયંત્રણ રાખવું સહિતના મુદ્દે હવે નિર્ણયો થશે.

કેન્દ્ર સરકારે તાજેતરમાં સંસદમાં પસાર કરાયેલા નવા ટેલીકોમ કાયદામાં ઓટીટી સેવાને બાકાત રાખી હતી. અગાઉ કંપનીઓને લાયસન્સ ફરજીયાત કરવાની વિચારણા કરવામાં આવી હતી પરંતુ નવા કાયદામાં એ લાગુ કરાઇ ન હતી.




## ભારત બાંગ્લાદેશ સામેની પ્રેકિટસ મેચથી શરૂઆત કરશે

દુબઇ: ભારતીય ટીમ ૧ જુને અમેરિકામાં બાંગ્લાદેશ સામે ટી-૨૦ વલર્ડકપ પ્રેકટીસ મેચ રમશે. આઇસીસી એ શુક્રવારે જાહેરાત કરી હતી. મેચનું સ્થળ અને સમય હજુ નક્કી કરવામાં આવ્યો નથી. વર્લ્ડ કપમાં ભાગ લેનાર ૨૦ માંથ ૧૭ ટીમો ૨૭ મેથી ૧ જૂન સુધી અમેરિકા અને ત્રિનિદાદ અને ટોવૈગોમાં પ્રેકટીસ મેચ રમશે. દક્ષિણ આફ્રિકાની ટીમ ૨૯ મેના રોજ ટીમ ફલોરીડામાં ફલોરીડા ટીમ સાથે પ્રેકટીસ મેચ રમશે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ઇંગ્લેન્ડ અને રનર-અપ પાકિસ્તાન સિવાય સેમિ ફાઇનલમાં પહોંચેલી ન્યુઝિલેન્ડ કોઇ પ્રેકટીસ મેચ રમશે નહીં. કીવી ટીમ ૮ જૂને અફઘાનિસ્તાન સામે વર્લ્ડ કપની પ્રથમ મેચ રમશે. પ્રેકટીસ મેચોને ટી૨૦ સ્ટેટસ હોતું નથી. તેથી ટીમો તમામ ૧૫ ખેલાડીઓને મેદાનમાં ઉતારી શકે છે.

## અમેરિકામાં ભારતીયો પાસેથી ખંડણી ઉઘરાવવાના કેસ વધ્યા: FBIની ચેતવણી

અમદાવાદ તા.૧૮

અમેરિકામાં છેલ્લા કેટલાક સમયથી લોકોને ઠગવાનું તેમજ ડરાવી-ધમકાવીને પૈસા પડાવવાનું ચલણ એટલું બધું વધી ગયું છે કે હવે એફબીઆઈ એ આ મામલે એક વોર્નિંગ ઈશ્યુ કરવી પડી છે. એફબીઆઈની સેક્રામેન્ટો ફિલ્ડ ઓફિસે ઈન્ડીયન કોમ્યુનીટીને વોર્નિંગ આપતા જણાવ્યું છે કે જો તેમનું ઈન્ડિયા સાથે કોઈ કૌટુંબિક કે પછી વ્યાપારિક કનેકશન હોય તો તેમને સાવધાન રહેવું, કારણ કે તેમની સાથે કેટલાક તત્વો દ્વારા ગમે ત્યારે ફ્રોડ થઈ શકે છે અથવા તેમને ડરાવી ધમકાવીને ખંડણી પણ વસુલવામાં આવી શકે છે.

એફબીઆઈની આ ફિલ્ડ ઓફીસની હદમાં આવતા એરિયામાં હાલમાં ભારતીયો પાસેથી ખંડણી ઉઘરાવવામાં આવી હોય તેવા અનેક કેસ સામે આવ્યા છે. ગત તા.૭ મે ના રોજ ઈશ્યુ કરાયેલી પ્રેસ રિલીઝ અનુસાર ઈન્ડીયન કોમ્યુનીટી પાસેથી પૈસા પડાવવાના મામલામાં લોકો પોલીસ કે એફબીઆઈને રિપોર્ટ કરવા પણ આગળ નથી આવતા. આથી હવે એફબીઆઈએ લોકોને આ પ્રકારના ગુન્હાના રિપોર્ટ કરવા માટે અપીલ કરેલ છે, જેનાથી ગુનેગારો સુધી પહોંચી તેમના વિરૂદ્ધ કાર્યવાહી કરી શકાય. રિપોર્ટ અનુસાર, અસામાજીક તત્વો દ્વારા લોકોને ટાર્ગેટ બનાવી તેમની પાસેથી પૈસા પડાવવા તેમને ફોન પર ધમકી આપવામાં આવી રહી છે. કેટલાક વિકિટમને તો તેમના ઘર અથવા વાહન પર ફાયરીંગ કરીને પણ ડરાવવામાં આવે છે તેમ એફબીઆઈનું કહેવું છે.

એફબીઆઈની સાક્રામેન્ટો ઓફિસના સ્પેશ્યલ એજન્ટ ઈન્ચાર્જ સીડ પટેલના જણાવ્યા અનુસાર, અત્યાર સુધી લોકોને અરેસ્ટનો ડર બતાવી તેમની સાથે બીજી કોઈ રીતે ફ્રોડ કરીને પૈસા પડાવવામાં આવતા હતા પરંતુ એક નવો જ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. જેમાં ટાર્ગેટ લોકોને સીધી જાનથી મારી નાખવાની ધમકી આપીને તેને પ્રોટેકશન મની આપવા માટે મજબૂર કરવામાં આવે છે. આ કોઈ ફ્રોડ નહીં, પણ એકસટોર્શન રેકેટ છે.

અત્યાર સુધી કેટલા લોકોને ટાર્ગેટ કર્યા છે તેની માહિતી એફબીઆઈ એ જાહેર કરી નથી. પરંતુ સીડ પટેલનું કહેવું છે કે ખંડણી ઉઘરાવનારા તત્વો મોટેભાગે બિઝનેસ ઓનર્સ સમાજમાં આગળ પડતા લોકો કે પછી જેની પાસે સારો એવો પૈસો હોવાની શકયતા હોય તેવા લોકોને ટાર્ગેટ કરવામાં આવે છે. છેલ્લા એક મહિનામાં આ ટ્રેન્ડ વધી રહ્યો છે. તેમાંય કેલિફોર્નિયાના સેક્રોમેન્ટોમાં સૌથી વધુ કેસ બન્યા હોવાની આશંકા છે.

# સુરતના અબ્રામા ખાતે દાદા ભગવાન ફાઉન્ડેશન દ્વારા સાત વીઘા જમીન પર નિર્માણ પામશે ભવ્ય ત્રિમંદિર

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મંદિર નિર્માણ માટે ખાતમુહૂર્ત કર્યુ: ત્રિમંદિરમાં ભગવાન શિવ, સીમંધર સ્વામી, કૃષ્ણ, ગણેશજી સહિતની અન્ય મૂર્તિઓની પ્રતિષ્ઠા થશે

સુરત,તા.૧૮

સુરતના અબ્રામાં ખાતે નિર્માણ પામનાર પૂજય દાદા ભગવાન પ્રેરિત ત્રિમંદિરનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.મોટાવરાછાના દુ:ખિયાના દરબારની આગળ, કેનાલ રોડ, અબ્રામા ખાતે દાદા ભગવાન ફાઉન્ડેશન દ્વારા અંદાજે સાત વીઘા જેટલી વિશાળ જગ્યા પર ત્રિમંદિરનું નિર્માણ કરવામાં આવશે.જેમાં ભગવાન શિવ, સીમંધર સ્વામી, શ્રી કૃષ્ણ ગણેશજી, ખોડિયાર માતાજી, અંબા માતાજી તેમજ સાઈબાબાની મૂર્તિઓ બિરાજશે.

દાદા ભગવાન ફાઉન્ડેશન સંચાલિત અડાલજ, મુંબઈ, બરોડા, રાજકોટ, ગોધરા, ભુજ, સહિત અન્ય શહેરોના કુલ ૧૮ ત્રિમંદિરોમાં હજારો અનુયાયીઓ દર્શનનો લાભ લઈ રહ્યા છે.જયારે મુંબઈના થાણે, પૂણે અને વેરાવળ (ગીર સોમનાથ)માં વધુ ત્રણ મંદિરો નિર્માણાધિન છે.ઉપરાંત સુરતના અબ્રામામાં પણ વધુ એક ત્રિમંદિર નિર્માણ પામશે.આજના આ પ્રસંગે સુરત લોકસભા બેઠકના બિનહરીફ સાંસદ મુકેશ દલાલ, ધારાસભ્ય કુમાર કાનાણી, કાંતિ બલર, મેયર દક્ષેશ માવાણી, રાજયના પુર્વ મંત્રી નરોત્તમ પટેલ સહીતના મહાનુભવો તેમજ મોટી સંખ્યામાં અનુયાયીઓ ઉપસ્થિત રહ્યા હતાં. ઉપરાંત દાદા ભગવાનનાં શ્રધ્ધાળુઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.





### વિશ્વ બજારમાં ગઈકાલે જબરદસ્ત તેજી થઇ : સોનુ ૨૪૧૩ ડોલર તથા ચાંદી ૩૧.૭૭ ડોલરના સ્તરે

# ચાંદીમાં 'ચાંદી'.. બેફામ તેજી : ભાવ પ્રથમવાર ૯૩,૫૦૦ને પાર : સોનુ પણ ઉછળ્યું

## એક જ દિવસમાં ચાંદીમાં ૪૦૦૦થી વધુનો ભાવ વધારો : સોનામાં પણ ૮૦૦ રૂપિયા વધી ગયા : ઝવેરી બજાર સ્તબ્ધ



રાજકોટ, તા. ૧૮

સોના-ચાંદીના ભાવોમાં રેકોર્ડબ્રેક તેજી સર્જાયા બાદ થોડા દિવસ સ્થિર બન્યા હતા પરંતુ હવે એકાએક ફરી વખત ઉથલો માર્યો હોય એમ અભુતપૂર્વ તેજી નોંધાઇ હતી. ચાંદીનો ભાવ ૯૩,૫૦૦ની સપાટી કૂદાવી ગયો હતો જયારે સોનુ ૭૬,૦૦૦ને પાર થઇ ગયું હતું.

રાજકોટમાં સોનાનો ભાવ ૭૬૫૦૦ના સ્તરે પહોંચી ગયો હતો. ગઇકાલે એક જ દિવસમાં ૭૦૦થી વધુ રૂપિયાનો ઉછાળો નોંધાયો હતો. વિશ્વસ્તરે જબરદસ્ત તેજી થઇ હતી. આંતરરાષ્ટ્રીય ભાવ ૨૪૦૦ ડોલરને વટાવીને ૨૪૧૩ ડોલર સાંપડયો હતો. રાજકોટમાં હાજર ચાંદી ૯૨૫૦૦ થઇ હતી. ગઇકાલે બપોરે ૮૯૦૦૦નો ભાવ હતો. બપોર બાદ એકાએક મોટી તેજી થઇ હતી. એક જ દિવસમાં ૪૦૦૦ રૂપિયાથી વધુનો ભાવ વધારો થયો હતો. વિશ્વબજારમાં ચાંદી ૩૧.૭૭ ડોલર થઇ હતી. કોમોડીટી એકસચેંજમાં સોનાનો ભાવ ૭૩૭૫૦ તથા ચાંદીનો ભાવ ૯૧૧૫૦ સાંપડયો હતો.

ઝવેરી બજારમાં વેપારીઓના કહેવા પ્રમાણે સોનામાં તો અગાઉ પણ મોટી તેજી જોવા મળી હતી. પરંતુ ચાંદીની આ અભુતપૂર્વ તેજીથી માર્કેટમાં પણ સ્તબ્ધતા છવાઇ ગઇ હતી. ચાંદીમાં જંગી વેપાર થતા હોય છે અને મીનીટે મીનીટે ભાવમાં મોટો બદલાવ થતો હોવાના કારણે વેપાર પણ અટકી ગયા હોય તેવી હાલત સર્જાઇ હતી. પ્રથમ વખત ચાંદીનો ભાવ ૯૦૦૦૦ની સપાટીને પાર કરી ગયો છે. આ તેજી પાછળ અનેક કારણો દર્શાવવામાં આવી રહ્યા છે. ઇલેકટ્રીક વ્હીકલ તથા સોલાર પેનલના યુગમાં ચાંદીનો ઔદ્યોગિક વપરાશ વધી ગયો છે. આ બંને ક્ષેત્રમાં ચાંદીનો નોંધપાત્ર વપરાશ થતો હોય છે. આવતો સમય ઇલેકટ્રીક વાહનોનો ગણાય છે. તે સંજોગોમાં ચાંદીની ડિમાન્ડ વધતી રહેવાના આશાવાદથી જોરદાર તેજી થઇ છે. આ સિવાય વૈશ્વિક કારણો પણ જવાબદાર રહ્યા છે. અમેરિકામાં મોંઘવારી ધીમી પડતા આવતા દિવસોમાં વ્યાજદર ઘટવાની ગણતરી વ્યકત થઇ રહી છે તેના કારણે ભાવ વધારો થવા લાગ્યો છે.

બુલીયન માર્કેટના નિષ્ણાંતો ઘણા લાંબા વખતથી સોના-ચાંદીમાં મોટી તેજી થવાની અપેક્ષા રાખી જ રહ્યા હતા. સોનાની તેજી પાછળ અમેરિકાનો વ્યાજદર ઘટાડો ઉપરાંત ભારત સહિતના દેશોની સેન્ટ્રલ બેંકો દ્વારા લાંબા વખત થઇ રહેલી જંગી ખરીદી પણ જવાબદાર ગણવામાં આવી રહી છે. રીઝર્વ બેંકના તાજેતરના રીપોર્ટમાં એમ દર્શાવવામાં આવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષમાં રીઝર્વ

(અનુસંધાન છઠ્ઠા પાને)

### કાળઝાળ ગરમીએ એક વર્ષનો રેકોર્ડ તોડયો : ૨૦૨૩માં સૌથી ઉંચુ તાપમાન ૪૩.૯ ડિગ્રી નોંધાયું હતું

# અબ કી બાર..૪૪ કે પાર : રાજકોટ ભઠ્ઠીમાં ફેરવાયું



## શહેરમાં બપોરે ૨.૩૦ વાગ્યે હાઈએસ્ટ તાપમાન નોંધાતા રસ્તાઓ સુમસામ : ૨૪ કિ.મી.ની ઝડપે પવન ફુંકાતા લુ વરસી : હજુ પાંચ દિવસ ધગધગતા રહેવાની હવામાન વિભાગની આગાહી



રાજકોટ, તા. ૧૮

સમગ્ર રાજયની સાથોસાથ રાજકોટવાસીઓ પણ છેલ્લા બે-ત્રણ દિવસથી અગનગોળા સમાન ગરમીથી ત્રસ્ત બની ગયા છે. ખાસ કરીને છેલ્લા બે દિવસથી રાજકોટમાં રેકોર્ડબ્રેક ૪૩ ડિગ્રી ઉપરનું તાપમાન નોંધાઇ રહ્યું હોય જનજીવન ઉપર ભારે માઠી અસર થઇ રહી છે.

બપોરે ભયાનક તાપના કારણે શહેરનાં રાજમાર્ગો અને બજારોમાં સ્વયંભુ કર્ફયુ છવાઇ જાય છે. મોડી સાંજ સુધી લોકો ઘર કે ઓફીસની બહાર નીકળવાનું પસંદ કરતા નથી અને મોટા ભાગે એ.સી. તથા પંખાના સહારે બેસી રહે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગઇકાલે રાજકોટમાં ચાલુ સિઝનનું હાઇએસ્ટ ૪૩.૭ ડિગ્રી તાપમાન નોંધાતા નગરજનો આકુળ-વ્યાકુળ બની ગયા હતા. ગઇકાલે મોડી સાંજ સુધી શહેર ગરમાગરમ રહેતા લોકો ત્રસ્ત થઇ ગયા હતા.

દરમ્યાન આજરોજ સવારે ૮.૩૦ કલાકથી જ નગરજનો આકરા તાપથી અકળાવા લાગ્યા હતા અને સખ્ત ગરમીનો અનુભવ કરવા લાગ્યા હતા અને જેમ જેમ દિવસ ચડતો ગયો તેમ તેમ તાપમાનનો પારો વધવા લાગ્યો હતો.

દરમ્યાન આજે તો રાજકોટમાં ગરમીએ ગત વર્ષનો રેકોર્ડ તોડી દીધો હતો. ગત વર્ષે ૨૦૨૩માં તા.૧૦ મેના રોજ રાજકોટનું મહતમ તાપમાન ૪૩.૯ ડિગ્રી નોંધાયુ હતું. જયારે આજરોજ બપોરે અઢી કલાકે જ શહેરનું તાપમાન ૪૪ ડિગ્રી સુધી પહોંચી જતા ગરમીનો ગત વર્ષનો રેકોર્ડ આજે તુટી ગયો હતો.

(અનુસંધાન છઠ્ઠા પાને)

### હજારો ડોલર ચૂકવીને બનાવટી લુંટારા ઉભા કરીને નાટક કરાવ્યુ

# અમેરિકાનાં 'યૂ-વિઝા' મેળવવા લુંટનું તરકટ રચ્યુ: ચાર ગુજરાતીઓ સામે ગુનો

## ભીખા-નિલેષ-રજની અને રવિનાબેન પટેલ સામે કેસ

નવી દિલ્હી તા.૧૮

અમેરિકામાં વસવાટ માટે ગુજરાતી સહિતના ભારતીયો નીતનવા નૂસ્ખા અજમાવતા હોવાના કિસ્સા બહાર આવતા જ રહે છે ત્યારે આવા જ એક કિસ્સામાં ચાર ગુજરાતીઓએ લુંટનો શિકાર બન્યાનુ તરકટ રચતા ભાંડો ફુટી ગયો હતો અને ચારેય સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

શિકાગો ફેડરલ કોર્ટ દ્વારા ચાર ગુજરાતી સહિત છ લોકોને 'યૂ-વિઝા' મેળવવા માટે લુંટનું તરકટ રચવા બદલ દોષિત કરાવ્યા હતા. રિપોર્ટમાં જણાવાયા પ્રમાણે ભીખાભાઈ પટેલ, નિલેષ પટેલ, રવિનાબેન પટેલ તથા રજનીકુમાર પટેલે પાર્થ નેગી તથા ગેંગ યંગ સાથે જ મળીને લુંટનું કાવતરુ ઘડયુ હતું. તેઓ લુંટનો ભોગ બન્યાનું જણાવીને 'યૂ-વિઝા' મેળવવાનો પ્રયાસ કર્યો હતો. લુંટ જેવા ગુનાનો શિકાર બને અથવા માનસિક કે શારીરિક અત્યાચારનો ભંગ બને તે સરકારી એજન્સીઓને કોઈ કિસ્સામાં મદદ કરે તો તે તેવા કિસ્સામાં અમેરિકા દ્વારા યૂ-નોનઈમીગ્રેશન સ્ટેટસ ધરાવતા વિઝા આપવામાં આવતા હોય છે.

આ પ્રકારના યુ-વિઝા મેળવવા માટે ચારેય ગુજરાતીઓએ પાર્થ નેગી સાથે ષડયંત્ર રચ્યું હતું. લુંટના નાટક કરવા માટે પાર્થને હજારો ડોલર ચૂકવવામાં આવ્યા હતા. લુંટના તરકટ વખતે બનાવટી લુંટારાઓએ હથિયારો દેખાડયા હતા અને નકલી અસરગ્રસ્તો પાસેથી નાણાં અને ઘરેણા વગેરે આપી દેવા ધમકાવ્યા હતા.

આ ઘટના બાદ નકલી અસરગ્રસ્તોએ સ્થાનિક તંત્રમાં લુંટનો શિકાર બન્યાનું અને તપાસમાં સહકાર આપવાની બાંહેધરી આપતુ ફોર્મ ભર્યુ હતું. લોકલ તંત્ર પાસેથી સર્ટીફીકેટના આધારે અમેરિકી સીટીઝનશીપ એન્ડ ઈમીગ્રેશન સર્વિસ સમક્ષ યૂ-વિઝા મેળવવા માટે અરજી કરી હતી પરંતુ તેમાં ભાંડો ફુટી ગયો હતો.

અમેરિકી તંત્ર દ્વારા ૨૬ વર્ષીય પાર્થ નેગી ઉપરાંત વોન્ગ યંગ (ઉ.વ.૩૧), ભીખાભાઈ પટેલ (ઉ.વ.૫૧), નિલેષ પટેલ (ઉ.વ.૩૨), રવિનાબેન પટેલ (ઉ.વ.૨૩) તથા રજનીકુમાર પટેલ (ઉ.વ.૩૨) સામે વિઝા મેળવવા માટે કૌભાંડ આચર્યાનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

રવિનાબેન પટેલ સામે અરજીમાં ખોટુ નિવેદનનો કેસ દાખલ કરાયો છે. જેમાં મહતમ પાંચ વર્ષની જેલ સજાની જોગવાઈ છે. અન્યો સામેના ગુનામાં ૧૦ વર્ષની જેલ સજાની જોગવાઈ છે.

# પોલીસ કોન્સ્ટેબલે 'ટોપી' ન પહેરી, શિસ્તભંગ ગણીને રૂા.૧૦નો દંડ ફટકારાયો

## અમદાવાદમાં એસીપીની 'શિસ્ત કાર્યવાહી'ની ઘટના સોશ્યલ મીડિયામાં વાયરલ



અમદાવાદ: તા.૧૮

પોલીસ દ્વારા નાગરિકો જો નિયમ ભંગ કરે તો દંડ વસૂલાય છે. પરંતુ જ્યારે પોલીસ કોન્સ્ટેબલ કે અન્ય કર્મચારી ભૂલ કરે ત્યારે શું? આવા એક કિસ્સામાં સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એક કોન્સ્ટેબલને એસીપીએ યૂનિફોર્મ ડિસિપ્લિનનો પાઠ ભણાવવા માટે ૧૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. ઉલ્લેખનીય છે કે પોલીસ કોન્સ્ટેબલે સીનિયર અધિકારીની સામે કેપ નહોતી પહેરી જેના પરિણામે એસીપીએ તેને દંડ ફટકાર્યો હતો. આ ઘટના અત્યારે ઘણીવાયરલ થઈ રહી છે અને યૂનિફોર્મ કોડને લઈને કેટલું સ્ટ્રિક્ટ એક્શન પોલીસ કર્મીઓ પર પણ લેવાઈ શકે છે એ પણ દર્શાવાઈ રહ્યું છે.

આ ઘટના સરખેજ પોલીસ સ્ટેશનની છે, તેમના ડ્યુટીના સમયગાળા દરમિયાન એક પોલીસ કોન્સ્ટેબલ અંદર સ્ટેશનમાં કેપ પહેર્યા વિના જ આવ્યો હતો. હવે આ સમયે ઓફિસર હતા તેમને યૂનિફોર્મ ડિસિપ્લિનનું ઉદાહરણ સ્થાપવું હતું. જેથી કરીને તેમણે દંડ ફટકારવાનું વિચાર્યું. અમદાવાદ મિરરના અહેવાલ પ્રમાણે કોન્સ્ટેબલને ઘણી ગરમી લાગતી હતી અને તેના કારણે હાથમાં કેપ રાખીને ઊભો હતો. તેને થોડી ઠંડક જોઈતી હતી.

સરખેજ પોલીસ સ્ટેશનમાં કાર્યરત પોલીસ કોન્સ્ટેબલ ઈકબાલ હુસેન ઈસ્માઈલ કામાર્થ ખ ડિવિઝન પોલીસ સ્ટેશનની ઓફીસે ગયો હતો. અહીં એસીપી અતુલ વાળંદ સામે આ ઘટના ઉજાગર થઈ હતી. જોકે તેણે કેપ કેમ કાઢી એ અંગે સાહેબની પાસે જઈને સ્પષ્ટતા પણ કરી હતી જોકે એસીપીને આ બહાનું લાગ્યું અને તેમને શિસ્તભંગ સમજીને જે જુનિયર લેવલના અધિકારીઓ હતા તેમને આની સામે એક્શન લેવા માટે જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે સોશિયલ મીડિયા પર આ ઘટના વાયરલ થતા મિશ્ર પ્રતિસાદ મળી રહ્યા છે. એટલું જ નહીં ઘણા પોલીસ અધિકારીઓ આનાથી પણ મોટી મોટી ભૂલો કરી શિસ્ત ભંગ કરતા હોય છે. તેવા કટાક્ષ થઇ રહ્યા છે બીજી બાજુ કેટલાક લોકો આને તાનાશાહી ઘટના તરીકે પણ કહી રહ્યા છે


REQUIRED
Vacancies in CA Firm
OFFICE ASSISTANT 1
For Office Correspondence, should be well versed with English Language
D. K. Patel & Associates
(Chartered Accountants)
"VARUN", 3/5 Gulab Watika, B/h. Pyramid Towers, Amin Marg, Rajkot. Phone : 0281-2575880

અદભુત 3BHK ફ્લેટ
1300 સ્કે.ફુટ ફ્લેટ + 1500 સ્કે. ફુટ ટેરેસ
બ્રાન્ડ ન્યુ ફર્નીચર સાથે
ઓસ્કાર સીટી, બીજો માળ, સાધુવાસવાણી મેઈન રોડ, રાજકોટ
યશભાઈ-9722406029

Godrej Europa
અલ્ટ્રા લોક ચાવી
૫ મિનિટમાં
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, રાજકોટ.
ફોન : ૨૨૩૩૦૧૨, ૨૨૩૯૭૫૪

રાજકોટના પોશ એરીયામાં ફલેટ તાત્કાલીક
વેંચવાનો છે
તક્ષશીલા સોસાયટી-૨, ફુલછાબ ચોક પાસે, ૯મો માળ, મોટા કારપેટ સાથે ૨-બેડરૂમ હોલ, કિચન સાથેનો, સુંદર હવા ઉજાસ સાથેનો ફલેટ
સંપર્ક : ૯૪૯૯૬ ૩૨૫૬૮ દલાલ આવકાર્ય

તત્કાલ કસમાં
ફ્લેટ વેચવાનો છે
રંગોલી પાર્ક હાઉસીંગ બોર્ડમાં K વિંગ, ફ્લેટ 701, 900 ફુટ કાર્પેટ કિંમત ૩૮ લાખ, ૧૦૦% દસ્તાવેજ લાઇફ ટાઇમ મેઇન્ટેનન્સ સાથે બે લીફ્ટ વેસ્ટ ઓપન, નવો રીંગ રોડ, કટારીયા ચોકડી પાસે
96879 88862

ડબલ હાઈટ શોરૂમ
લોન્ગલીઝ/વેચાણથી આપવાની છે 1700 SQFT
ઓફીસ વેચવાની છે
230 SQFT, રોડ ફેસીંગ
આઈકોન, સન સીટી ની સામે, સાધુ વાસવાણી રોડ, રાજકોટ
9722406029

KRISHNA WATER PARK & RESORT
FUN UNLIMITED





SKY LIGHT PACKAGE 3.30 PM to 8.00 PM
ગરમીમાં ઠંડકની લહેર !
54 Thrilling Slides
ALL NEW RIDES & ATTRACTION
આજે જ ઑનલાઇન બુકિંગ કરો અને 10% ડિસ્કાઉન્ટ મેળવો!
વોટર પાર્ક ટાઈમ : સવારે ૧૦ થી રાત્રે ૮
કુવાડવા રોડ, રાજકોટ 90330 51513 | www.krishnawaterpark.in

પ્રવેશ પ્રક્રિયા શરૂ છે
સમય : સવારે ૯:૦૦ થી બપોરે ૧૨:૦૦ કલાકે
પટેલ પાર્ક, શેરી નં. ૧, રામઘણ બંગ્લોઝની પાછળ, રાજકોટ
Mo. 95100 99686, 82000 07672
લિટલ હેવન પ્રી સ્કુલ
શિવમ વિદ્યાલય
ગુજરાતી માધ્યમ
Play House Nursery L.K.G. H.K.G.
મવડી પ્લોટ વિસ્તારની મોટામાં મોટી પ્રી સ્કુલ કે જ્યાં બાળકોને જ્ઞાન સાથે ગમત અને બેસ્ટ એજ્યુકેશન આપતી પ્રિ-સ્કુલ
અમારી ખાસીયતો
- આપના બાળકોના પાયાનું સર્વશ્રેષ્ઠ ઘડતર એટલે લીટલ હેવન પ્રી સ્કુલ.
- આનંદપૂર્ણ હવા ઉજાસવાળુ પાંચ માળનું વિશાળ બિલ્ડીંગ.
- બાળકોના સર્વાંગી વિકાસ માટે રમત-ગમતનું વિશાળ ગ્રાઉન્ડ.
- સ્કુલનો પ્રાઈવેટ સ્વીમીંગ પુલ.
- બાળકોને રમત-ગમત સાથે જ્ઞાન મળે તેવી વ્યવસ્થા.
-સમયાંતરે વાલી મીટીંગ.
- દર અઠવાડિયે વિકલી ટેસ્ટ.
- દર છ માસના અંતે બાળકોને અપાતો પ્રોગ્રેસ રીપોર્ટ.
-અનુભવી નિષ્ણાંત શિક્ષકો દ્વારા અપાતુ શિક્ષણ.
- શનિવારના દિવસે બાલસભા, કસરત, અવનવી પ્રવૃતિઓનું આયોજન.
- દરેક વર્ગમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવાનો હોવાથી વહેલાસર પ્રવેશ મેળવી લેવો.


૧૧મી વાર્ષિક પુણ્યતિથી



સ્વ. પ્રવિણચંદ્ર એમ. દોશી


(એડવોકેટ) - મેનેજીંગ ટ્રસ્ટી / સ્વ. તા. ૧૯-૫-૨૦૧૩ રવિવાર

આપે આપના જીવન દરમ્યાન કરેલ સેવાના તથા પરોપકારના કાર્યો તેમજ આપનો ઉદાર, દયાળુ અને પ્રેમાળ સ્વભાવ હર-હંમેશા અમો બધાને યાદ રહેશે. ઈશ્વર આપના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

લી.

રાજકોટ દશાશ્રીમાળી વણિક મહાજન ટ્રસ્ટ જનરલ હોસ્પીટલ


શું આપ એક નયનરમ્ય શાંતિપૂર્ણ વિકએન્ડ વિલાની શોધમાં છો ?
Extraordinary Lifestyles


70 વિકએન્ડ વિલા
રાજકોટના હાર્દ સમા કાલાવડ રોડ થી... તદ્દન નજીક
Palm Paradise
જીમનેશ્યમ
સ્વીમીંગપુલ
ચિલ્ડ્રન પ્લે એરીયા
કલબ હાઉસ
ઈન્ડોર ગેઈમ
થિએટર
રેસ્ટોરન્ટ
સાથે ઘણું બધું
Booking Contact : 99 090 76 000
કાલાવડ રોડ, બાલાજી વેફર્સની સામે
Developers: Crystal Enterprise
Project By: PALM GROUP

BIGGEST EXHIBITION OF THE YEAR





151+ Designers ACROSS INDIA
SINCE 2007 FASHION MANTRA
FASHION | STYLE | LUXURY | DECOR
1LAKH+ PRODUCTS
SUMMER & WEDDING SPECIAL
EXHIBITION
DESIGNER DRESSES | BRIDAL COUTURE | SAREE I WESTERN OUTFITS
DESIGNER JEWELLERY | WEDDING COLLECTION | BAGS | MANY MORE...
17 18 19 MAY-2024 | 10AM-9PM RACE COURSE GROUND Race Course, Ring Road, Sadar RAJKOT
20 21 MAY-2024 | 10AM-9PM HOTEL SAYAJI Shreeji, Indira Gandhi Rd, Ambar Crossing JAMNAGAR
FREE ENTRY FOR 2 PERSON WITH THIS NEWSPAPER ADS / 9228221711 / 9824970170